
# રાતાળ રત્નો



પ.પૂ.પં. પુંડરીકવિજયજી મ.સા.

# સમર્પણ

સંસારી પિતા



નેમચંદભાઈ

સંસારી માતા



ચંદનબેન

જે ઘૂઘર વડલાની શિતળ છાંયડી મારા તન-મન અને
જીવનમાં અવિરત એક નવી તાજગી બક્ષી રહી હતી.
જેમની અમીદ્રષ્ટિ અવિરત વાત્સલ્ય જે
સંયમ જીવન આપવામાં પ્રેરણાદાયી બની.
જેમના જીવનનો મુખ્ય ગુણ પ્રમાણિકતા અને
સહનશીલતા હતા.
તેમને સાદર સમર્પણ.

# શ્રુત જ્ઞાનના અભીલાષી

| | |
|---|---|
| શ્રી ગીતાંજલિ શ્વે. મૂ. જૈન સંઘ<br>(સાઈ બાબા નગર, બોરીવલી - વેસ્ટ) | ગીતાંજલિ નગર |
| ૧. હિંમતલાલ એન. શાહ | હેપ્પીહોમ સોસાઈટી (દહિસર) |
| ૨. અમરીશભાઈ એમ. શાહ | હેપ્પીહોમ સોસાઈટી (દહિસર) |
| ૩. દક્ષાબેન એચ. શાહ | હેપ્પીહોમ સોસાઈટી (દહિસર) |
| ૪. હસુમતીબેન વી. શાહ | હેપ્પીહોમ સોસાઈટી (દહિસર) |
| ૫. આશાબેન એમ. લાખાણી | હેપ્પીહોમ સોસાઈટી (દહિસર) |
| ૬. પુખરાજ શીવલાલ | હેપ્પીહોમ સોસાઈટી (દહિસર) |
| ૭. મીનાક્ષીબેન એ. શાહ | હેપ્પીહોમ સોસાઈટી (દહિસર) |
| ૮. નેમીદાસ છેડા | હેપ્પીહોમ સોસાઈટી (દહિસર) |

।। શ્રી ઋષભદેવસ્વામિ ને નમઃ ।।

# શાસન રત્નો

✣ દિવ્ય આશિષ ✣

ગચ્છાધિપતિ, પરમ સૌમ્યમૂર્તિ
પૂજ્યપાદ આ.ભ. શ્રી વિજયદેવસૂરીશ્વરજી મ.સા.

✣ મંગલ આશિષ ✣

પરમકૃપાનિધિ પૂજ્યપાદ આ. ભ.
શ્રી વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મ. સા.

✣ લેખક ✣

પ.પૂ.મુનિરાજ શ્રી દર્શન વિજયજી મ.સા.ના શિષ્યરત્ન
પ.પૂ. પંન્યાસ પ્રવર શ્રી પુંડરીક વિજયજી મ.સા.

પ્રકાશન - પ્રાપ્તિ સ્થાન

નિશીથભાઈ શાંતિલાલ શાહ
એ-૫૦૧, શ્રી મંગલ સોસાયટી, રામ નગર જૈન દેરાસરની સામે,
બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૯૨.
ફોન : (ઘર) ૨૮૦૬૧૭૮૪ / (ઓ) : ૨૮૦૮૭૯૨૦

પ્રદીપ આર. સંઘવી
રમણીકલાલ એન્ડ સન્સ
૧૧, નારાયણ ધ્રુવ ક્રોસ લેન, રૂમ નં. ૪૦-એ,
દાગા ચેમ્બર, મુંબઈ - ૪૦૦ ૦૦૩.
ફોન : (ઘર) : ૨૮૯૧૦૭૪૦ / (ઓ) : ૨૩૪૩૨૭૭૫

# શાસન રત્નો

✤ પ્રથમ આવૃત્તિ ✤

સંવત ૨૦૬૫ અક્ષય તૃતીયા, ૨૭.૪.૨૦૦૯
પહેલી આવૃત્તિ - નકલ ૫૦૦૦

શ્રી બોરીવલી ગીતાંજલિ શ્વે. મૂ. પૂ. જૈન સંઘમાં થયેલ
ઐતિહાસિક ૯૫૪ સામુહિક વર્ષીતપ પારણા નિમીત્તે

✤ સહાયક ✤

મિલન શાંતિલાલ શાહ
એ-૨, જયદીપ એપાર્ટમેન્ટ, એસ.વી. રોડ,
બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૯૨.
ફોન : ૨૮૯૮ ૪૩૫૯ મોબાઈલ : ૯૮૨૧૧ ૬૬૧૨૫

✤ ડીટીપી - ટાઈપ સેટીંગ ✤

સિધ્ધીવિનાયક આર્ટસ્
શોપ નં. ૩, રાજ ક્રીસ્ટલ, રોયલ કોમ્પલેક્સ,
એક્સર રોડ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૯૧.
ફોન : ૨૮૯૩ ૨૩૩૧ / ૨૮૯૧ ૩૦૫૧

"પુરો વચન."

નમો = શાંતિ છે. અરિહંતાણં શંકર છે. એક બીજા વિના ઘડી પણ ન ચાલે. તેમ અરિહંતભાવ ભગવાન સિવાય મન કોઈને આપવું નથી. "અરિહંત જિણંદશું પ્રીતડી, મને ન ગમે હો બીજાનો સંગ." તેથી વિષયો મનને આકર્ષી શકતા નથી. એનું ગજરાપડી ક્યાંય ન ભમ્યા.

અનંતકાળથી મનની અંદર વાસના ભરેલી છે. પુદ્ગલ પ્રેમ છે. તે વાસનાનું મૂળ અવિદ્યા છે. તો વિદ્યા શું છે? "સા વિદ્યા યા વિમુક્તયે" પરહિત ચિંતા મૈત્રી. તેમાંથી જે ભાવ જાગે તે વિદ્યા. સહુ સુખી થાઓ, સહુ દુઃખમાંથી મુક્ત થાઓ. આ ભાવનું નામ છે વિદ્યા.

જે કોઈ આત્મા કોઈના જીવનપથમાં આવતા કાંટા દૂર કરશે, તેના આત્મપથ-માં કોઈ ફૂલ બિછાવશે. વાસનાને દૂર કરવાના બે ઉપાય છે. ૧ વાત્સલ્ય, ૨ ઉપાસના.

૧ વાસના વાત્સલ્યમાં પરિણમે ત્યારે વાસનાનો નાશ થાય છે. તૃષ્ણા જાય અને તૃપ્તિની પ્રાપ્તિ થાય છે. જેમકે નવી વહુને ઘણાં ઘણાં શોખ હોય છે: નવા નવા કપડા પહેરવા, નવી નવી

વાનગી ખાવી, હરવા ફરવાનું ગમે, નવા નવા આભૂષણો પહેરવાનું મન થાય.

પણ જ્યાં ભાવક થાય ને પછી બધા સુખોને ભોગવવા જેવા છે, એવો અનુભવ જ નહિ થાય. મેં સુખનો ત્યાગ કર્યો છે તેજ નહી દેખાય. પોઝીટીવ ભાવમાં આવે એટલે તુરત નેગેટીવ ભાવમાંથી છૂટી જાય. પેલા સુખ કરતાં અનેકગણું સુખ હવે ભાવકમાં દેખાય છે. બહુજ પોતા માટેનું સુખ છૂટી ગયું. કારણ? એક ભાવક પુત્રોનો વાત્સલ્ય ભાવ. બસ. વાત્સલ્ય આવતા સ્વ વાસના છૂટી ગઈ. આ પહેલો ઉપાય.

૨ વાસના ઉપાસનાથી ટળે છે. સહુ સુખી થાઓ, સહુ દુઃખમાંથી મુક્ત થાઓ. આ ઉપાસના છે. ઉપાસનાથી 'સ્વ'નું ધ્યાન છૂટી જાય, સહુનું ધ્યાન શરૂ થાય.

સમ્યગ્ દર્શનમાં પાંચ લક્ષણ છે.

૧ સહુ મારા છે આ ભાવનું નામ <u>શમ</u> છે. ૨ સહુના સુખે સુખી થવું તેનું નામ <u>સંવેગ</u> છે. ૩ સહુનું દુઃખ તે મારું દુઃખ છે. તેનું નામ <u>અનુકંપા</u> છે. પોતાના સુખ દુઃખ ભૂલી જવા તેનું નામ છે, <u>નિર્વેદ</u>. જીવનો જીવ તરીકે સ્વીકાર તેનું નામ છે આસ્તિક્યતા.

શાસન રત્નો સુશ્રાવકોમાં આ ભાવ ઉત્પન્ન થયેલો જોવાય છે. ઉદારતા ગુણ જ શાસન પ્રભાવના કરી શકે છે. શાસન રત્નો શ્રી મોતીશા શેઠ, કસ્તૂરભાઈ શેઠ, અને શ્રી હર્ષદભાઈના જીવનમાંથી આ બાબત જ વાત મળી આવશે. વાત્સલ્યભાવ શું છે - શું કરે છે તે તેમનું જીવન જ કહે છે.

પછી સહજભાવે દાન થઈ જાય છે. દાન લેનારની વાત કરીએ તો એને દાનનાં માધ્યમે સંપત્તિની - સામગ્રીની - સુવિધાનો લાભ થાય છે. દાન આપવાના કારણે પ્રચંડ પુણ્યોપાર્જન થાય છે. તેનો તાત્કાલિક લાભ દાન આપનારને અપાર્થિવ આનંદ થાય છે. દાન આપનારનો એક જ અભિગમ હોય છે કે મારા સુખમાં સહુ ભાગ પડાવે.

એવા ઉદારદિલો જગતે વિરલા મળશે છે કે કોઈ એના સુખમાં ભાગ પડાવનાર આવે તો એ વ્યક્તિ સામે પગલે અન્યોને સહુભાગી બનાવવા નીકળી પડે છે. અને ઘરમાં અપાર્થિવ આનંદનો ભરપૂર ખજાનો મેળવે છે. હર્ષદભાઈનું દૃષ્ટાંત આપણી સામે જ છે.

સામાન્યરીતે જે લોખંડ સમુદ્રમાં ડૂબાડનાર પરિબળ બની જાય છે. તે જ લોખંડ સ્ટીમરનું રૂપ-સ્વરૂપ પામે તો તારનાર પરિબળ બની જાય છે.

બસ, એજ રીતે સામાન્યપણે સંપત્તિ સંસારમાં ડૂબાડનાર પરિબળ બની રહે છે. એજ સંપત્તિ જો સત્કાર્યમાં પ્રયોજાઈને સુકૃત લક્ષ્મીનું રૂપ-સ્વરૂપ પામે તો તારનાર પરિબળ બની જાય છે.

આ ત્રિપુટી શાસન રત્નોનો સંદેશ છે કે સંપત્તિને સુકૃત લક્ષ્મી બનાવીને તારનાર પરિબળ બનાવજો.

ઝીલશું આપણે આ સંદેશ!

પં. પુંડરીકવિજય

તા. ૨૦-૪-૨૦૦૯ ગીતાંજલી બોરીવલી (વેસ્ટ)

# પૂજય શ્રીના પત્રો

નમો નમ: શ્રી ગુરુનેમિસૂરયે

વિજય હેમચન્દ્રસૂરિ

કાંદીવલી (ઈસ્ટ) ચૈત્ર સુદ - ૧૧ સં ૨૦૬૫

તત્ર શ્રી દેવગુરુભક્તિ કારક ઔદર્યાદિગુણાલંકૃત સુશ્રાવક હર્ષદરાય પુનમચંદ દોશી. જોગ ધર્મલાભ

ત્યાં ચૈત્રી શાશ્વતી ઓળીના આરાધના ૫૪૦૦ આરાધકો કરી રહ્યા છે તેની ભૂરિ ભૂરિ અનુમોદના

ગુણાનુમોદનાપત્ર

**हस्तौ दानविधौ मनो जिनमते वाच: सदा सूनृते, प्राणा: सर्वजनो पकारकरणे वित्तानि चैत्योत्सवे ;**

**इत्येवं विनियोजितानि शतश: विश्वत्रयीमण्डनं, धन्य: कोऽपि स विष्टपैकतिलक: काले कलौ श्रावक : ।।**

આ સુભાષિતમાં એવા ગુણસંપન્ન શ્રાવકને ધન્યવાદ આપવામાં આવ્યાં છે. તથા તે ત્રણ જગતની શોભારૂપ તથા જગતમાં અદ્વિતીય તિલક રૂપ છે. એમ જણાવેલ છે.

જેણે પોતાના બે હાથોને દાન કરવાના ઉપયોગમાં લીધા છે. મનને જિનદર્શનની વિચારણા કરવામાં જોડયું છે. તથા વાણીને હંમેશા સત્ય બોલવામાં વાપરી છે. પોતાના પ્રાણો / શક્તિ સર્વ મનુષ્યોના ઉપકાર કરવામાં કામે લગાડયા છે. તેમજ પોતાના અઢળક સંપત્તિને પરમાત્માની ભક્તિ આદિ ઉત્સવરૂપ કાર્યોમાં તથા સાધર્મિક ભક્તિ, સંઘના યાત્રિકોની ભક્તિ તથા સંઘપતિઓના બહુમાન આદિમાં તથા ઓળીની સામૂહિક આરાધના આદિ કાર્યોમાં સદ્વ્યય કરી રહ્યા છે

એવા શ્રાવક આ કલિકાલમાં પણ ખરેખર ધન્યાવાદને પાત્ર છે.

આ સુભાષિતમાં જણાવવામાં આવેલ અપૂર્વગુણો તમે તમારા જીવનની અંદર કેળવ્યા છે / આદર્યા છે / અને આચર્યા છે. ઘણાં ઘણાં સુકૃતો તમે જીવનમાં કર્યા છે અને વર્તમાનમાં પણ કરી રહ્યા છો વળી વિશેષ અનુમોદનીય તો એ છે કે.

તમે ગમે તે પ્રસંગોમાં ગમે તેટલા રૂપીયા વાપરો છો છતાં તેનો અંશમાત્રભાર તમે રાખતા નથી. તેમજ રૂપીયા વાપરો છો છતાં તેને યાદ કરાવવામાં આવે ત્યારે જ તમને યાદ આવે છે . તમે કરેલા અનેક કાર્યોમાં વલભીપુરની તળેટીનું કાર્ય સર્વોપરિ છે.

જૈનશાસનમાં કોઈ પણ જગ્યાએ થતાં મહાન કાર્યો સામૂહિક વરસીતપ હોય કે ધર્મચક્રતપ હોય કે વર્ષીતપના પારણા હોય અથવા અંજન શલાકા, પ્રતિષ્ઠા મહોત્સવ હોય કે આચાર્યપદ પ્રદાન મહોત્સવ હોય કે, પૂર પીડીતોને સહાય કરવાનું હોય તેમાં તમે ઉદારતા પૂર્વક દાન આપ્યું ન હોય એવું કદી બન્યું નથી. એટલે કે તમે બધી જ જગ્યાએ થતાં કાર્યોમાં મન મૂકીને વરસ્યા જ છો. ટુંકાણમાં - તમારા આંગણે આવેલો નાનો/ મોટો કોઈ માણસ કે કોઈ પણ સંઘના ભાઈઓ પોતાની ઈચ્છા પૂરી કર્યા સિવાય પાછો ગયો નથી. એટલે આ કાળના

<u>દાનવીર ભામાશા</u>

તરીકે તમને બિરદાવવામાં આવે છે તે ખરેખર યથાર્થ છે કેટલાક સ્થાયી કાર્યોમાં તમે ઉદારતા પૂર્વક લાભ લીધો છે તે પણ અનુમોદનીય છે.

અત્યારે જે ૫૪૦૦ /- પાંચ હજાર ચારસો આરાધકોને તમે ઓળી કરાવી રહ્યા છો તેની તો જેટલી અનુમોદના કરીયે તેટલી ઓછી છે. બીજા કોઈ માણસને જે વિચારવાનું મુશ્કેલ લાગે એવું કાર્ય તમે કરી બતાવ્યું છે.

આવા મહાન કાર્યો કરીને તમે તમારી જન્મભૂમિ વલભીપુરને

તથા માતુશ્રી વિમળાબેન પુનમચંદ વીઠ્ઠલદાસ દોશી પરિવારને યશસ્વી બનાવેલ છે.

તમારા બધા કાર્યોમાં તમારા વડિલ બન્ધુઓ શા. જીતુભાઈ, શરદભાઈ તથા બનેવી કીર્તિભાઈ સાથે ને સાથે જ હોય છે. એ અનુમોદનીય છે. તમારા ધર્મપત્નિ અ.સૌ. મધુબેન તમારા સર્વકાર્યોમાં સર્વરીતે સહભાગી બની રહ્યા છે તે ખરેખર અનુમોદનીય છે.

પંન્યાસ શ્રી ચન્દ્રકીર્તિવિજયજી ગણિ, મુનિ જગચ્ચન્દ્રવિજયજી એ તમોને ધર્મલાભ જણાવ્યા છે તથા અનુમોદના કરી છે. તમે આવાંને આવાં કાર્યો સદાય કરતા રહો તથા. જૈન શાસનનો વિજયધ્વજ દિગદિગંતમાં ફરકાવતા રહો એજ અમારા અન્તરના આશીર્વાદ છે.

મુનિરાજ શ્રી તત્ત્વદર્શનવિજયજીને અનુવન્દના / વન્દના / સુખશાતા જણાવશો. તેઓ પણ ખરેખર પુણ્યશાળી ગણાય કે તેઓની શુભનિશ્રામાં આવું મહાન ઐતિહાસિક કાર્ય થઈ રહ્યું છે.

વિજય હેમચન્દ્રસૂરિ -



અહંકાર કાળમીંઢ પત્થર છે.
તો પ્રેમ ખળખળ વહેતું ઝરણું છે.

## ચુતર્વિધ શ્રી સંઘના શ્રમણોપાસકો

જિનેશ્વર પરમાત્માને ચતુર્વિધ શ્રી સંઘ જગત્શ્રેષ્ઠ આરાધના માટે ખૂબ ખ્યાતનામ છે. પરમાત્મા પણ જ્ઞાનબળે જાણે છે કે તીર્થંકર બનતાં પૂર્વે તેમણે પણ કોઈક જન્મનાં ધર્મની પા-પા પગલી કરવા શ્રાવકપણું પાળેલ પણ હોઈ શકે. ચતુર્વિધ શ્રી સંઘના કોઈ પણ તીર્થંકર ભગવાનના શાસનમાં તેઓ એક આરાધક રૂપે જન્મ્યા પણ હોય પરન્તુ ચારિત્ર મોહનીય કર્મોએ તેમને પણ શ્રમણના બદલે ફક્ત શ્રમણોપાસક રૂપે પ્રગતિ કરવા દીધી હોય. છતાંય ગૃહસ્થ જીવનમાં પણ વ્રત-નિયમ, તપ-ત્યાગ અને તિતિક્ષાના મૂળભૂત આધારો સાથે સંયમલક્ષી શ્રાવકપણું પાળતા તે જ સંઘના ઉપકારથી તેઓ પણ પોતે તીર્થંકર - પદને પામી ગયા હોય એવું સંભવી શકે છે.

કરૂણામૂર્તિ તીર્થંકરો બાળ જીવોને પણ બુદ્ધ બનાવવા સહુને પણ જિનાશાસનના રાગી-અનુરાગી બનાવવા તેમના જીવનગુણોને સ્પર્શવા સફળ પ્રયાસ કર્યો છે. અનેક લેખો રચતાં પૂજ્યશ્રીની આંખમાં હર્ષાશ્રુ અને ક્યારેક દુ:ખાશ્રુ પણ ઊભરાયાં છે. જેઓ આવા શ્રાવકોની સત્ય ઘટનાઓ પહેલી જ વાર વાંચનારા હશે તેમને શ્રાવકધર્મની ગૌરવતાને પરિચય થયા વગર નહીં રહે.

આજ શ્રમણોપાસકોમાંથી પ્રભુ પાર્શ્વનાથના જીવ મરુભૂતિની જેમ તીર્થંકર-પદ, પ્રભુ વીરના દસ ધનાઢ્ય શ્રાવકોની જેમ રાજા શ્રેણિક કે વાસુદેવ શ્રીકૃષ્ણની જેમ તીર્થંકર પદના આરાધકો તો દર્શનપટ ઉપર આવશે જ, સાથે પ્રભાવકો રૂપે વસ્તુપાલ - તેજપાલ, પેથડશાહ, શાન્તનુ મંત્રી કે વિમલ મંત્રીને પણ મસ્તક ઝુકાવવાની ભાવના જાગશે. દાન-શીલ-તપ અને ભાવધર્મના અલગ અલગ

રુચિવાળા કોઈ ચેડા રાજા જેવા વૈરાગી તો કોઈ ધનપાલ કવિ જેવા શાસનપ્રેમી દેખાશે. અપવાદે ગૃહસ્થવેશમાં જે કૂર્માપુત્રની જેમ કેવળી બની જનારા કે અવધિજ્ઞાની મહાશતકની પણ કથાવાર્તા જોવા મળશે.

દ્રવ્યથી ગૃહસ્થપણું, પણ ભાવથી સાધુપણું કહી શકાય તેવા રાગી વૈરાગી શિવકુમારથી લઈ બુદ્ધિનિધાન અભયકુમાર જેવા મહારાથીઓને પણ નવાજી લેવા મન લલચાશે. વ્યાવહારિક જીવનમાં વકીલ, એન્જિનિયર, ડ્રાઈવર કે ડોક્ટરની ડિગ્રી લઈ નામ કાઢનાર ગૃહસ્થોની જેમ જ વિવિધ ક્ષેત્રે વિધવિધ પ્રતિભાનાં દર્શન કરાવતાં આવા શીલ-સદાચારી શ્રાવકોમાં પણ ભાવિ સાધુપણાનાં બીજ જણાશે.

છતાંય ફક્ત જીવનની અનુમોદના એક સાધુ સીધી રીતે તો ન કરી શકે, કારણ કે ગમે તેમ તોય સંસારી એટલે આરંભ -સમારંભથી ભરપૂર, ફક્ત સવાવસા દયા-પાલન કરી શકનાર અને બહુ બહુ તો સાધના-બળે સ્વર્ગલોક સુધી જઈ શકનાર, છતાંય આરાધનાની આધ્યાત્મિક ઊંચાઈએ ઉડાન કરવા શ્રાવક ધર્મ તે તો વિમાનના રનવે જેવો જીવન-પટ્ટો છે. તેવા શ્રમણોપાસકની સાધના પૂરી કર્યા વગર સાચી સાધુતા પણ પ્રગટવી દુર્લભ છે. તેથી જ તો શ્રમણો પણ પ્રભુજીના ચતુર્વિધ શ્રી સંઘના શ્રાવકોને પણ સ્તવન-સ્તુતિ - સજ્ઝાયના માધ્યમે નવાજી લે છે.

- પાટણમાં કુબેરદત્ત નામે દરિયાઈ વ્યાપારી હતો, તેના ઘરે રત્નજડિત જિનાલય હતું, જેનું ભોંયતળિયું રત્નોથી જડેલું હતું અને ચંદ્રકાન્તમણિની જિનપ્રતિમા હતી.
- એક સમયે ચંદ્રાવતી નગરીના ૩૬૦ કરોડપતિઓ વારાફરતી આબુજી ઉપર જિનાલયોમાં ઠાઠમાઠથી પૂજા ભણાવતા.

- વંથલીના નગરશેઠ ભીમા સાથરિયાએ ગિરનાર પર શ્રી નેમનાથ ભગવાનને મહા કિંમતી ઝવેરાતનો હાર પહેરાવેલો અને ગિરનારના જીર્ણોદ્ધાર માટે ૭૨ લાખ દ્રવ્ય આપવાનું વચન આપેલ.
- આચાર્ય ધર્મઘોષસૂરિજીનો ઉપદેશ સાંભળી હરિષેણ ચક્રીએ પોતાના ધનભંડારમાંથી દરેક ગામે જિનાલયો બંધાવા આજ્ઞા કરી, ઠાઠથી પ્રતિષ્ઠા કરાવી અને અંતે તેઓ રાજ્ય છોડી સંયમ લઈ કેવળી બની મોક્ષે ગયેલ.
- મહાપદ્મ નામના નવમા ચક્રવર્તીએ ભરતક્ષેત્રમાં કરોડો જિનાલયો બનાવેલાં તથા ૩૨૦૦૦ રાજાઓને જૈન બનાવ્યા.
- મહારાણા સર ફતેસિંહરાવે શ્રી કેસરિયાજી તીર્થના પ્રતિમાજી માટે સવાલાખની આંગી અર્પણ કરેલ.
- પદ્મ નામના ચક્રવર્તી પોતાની માતાની ઈચ્છા પૂર્ણ કરવા દરરોજ એક જિનાલયનું નિર્માણ કરતા.
- પાટણના સિધાવા નામના શરાફે સં. ૧૪૨૮માં આઠ જૈનમંદિરો બંધાવેલાં.
- થરાદના આભૂ સંઘવીએ ૧૫૧૦ નવી પ્રતિમાઓ ભરાવેલ તથા સાડાત્રણ કરોડ સોનારૂપાનાં ફૂલો વડે શત્રુંજય તીર્થને વધાવેલ.
- સંઘવી દયાલશાહે ૧ કરોડ રૂપિયા ખર્ચીને નવ માળનું જિનાલય બનાવેલ જે હાલ દયાલશા કિલ્લા નામે પ્રસિદ્ધ છે.
- દોશી રત્નાશાહે ચિત્તોડના કિલ્લામાં ભવ્ય જિનાલય બનાવેલ.
- હેમચન્દ્રસૂરિજીના ઉપદેશથી મંત્રી આંબડે ઉદાવસહિમાં ૨૪ દેરીઓ બંધાવી અને ઉદયનવિહાર નામ આપ્યું. ધોળકાના શેઠ ધવળના પુત્રે તથા શેઠ વૈરસિંહે તે જિનાલય ઉપર સોનાના કળશો

ચડાવેલ.

- મંત્રી આંબડે ભરૂચના શકુનિકાવિહારમાં બે કરોડ દ્રવ્ય ખર્ચી જીર્ણોદ્ધાર કરાવેલ.
- આભડ વસાહે ત્રણ લાખ સોનામહોર સુધીનું પરિગ્રહ પરિમાણવ્રત લીધેલ દ્રવ્ય વધી જતાં ૨૪ ભગવાનનાં ૨૪ જિનાલયો અને ૮૪ પૌષધશાળા બંધાવેલ તથા સાતેય ક્ષેત્રમાં ૯૦ લાખ સોનામહોર વાપરેલ.
- શ્રેણિક મહારાજા દરરોજ મહાવીરપ્રભુ જે દિશામાં વિચરે તે દિશામાં સાત આઠ ડગલાં આગળ જઈ ૧૦૮ સોનાના જવથી સ્વસ્તિક કરતા.
- જ્યારે આબુ ઉપર જિનાલયો બંધાતા તે વખતે કારીગરો ધીરે ધીરે કામ કરતા ત્યારે અનુપમાદેવીએ કહ્યું કે આરસ ઘડતાં જેટલો ભૂકો પડશે તેની ભારોભાર સોનું આપવામાં આવશે.
- કુંડકોલી નગરના સોમદેવ રાજાએ ૫૦૦ સોનાનાં અને ૧૭૦૦ લાકડાનાં જિનાલયો બંધાવેલાં અનએ કરોડો મનુષ્યો સાથે શત્રુંજય ઉપર આદિનાથની સ્તુતિ કરેલ.
- બાહડ મંત્રીએ ૬૩ લાખ સોનામહોર ખર્ચીને ગિરનારજી તીર્થના પગથિયાં બંધાવી રસ્તો સુગમ બનાવ્યો અને શત્રુંજય જિનાલયો માટે ૨૪ ગામ અને ૨૪ બગીચા ભેટ આપેલાં.
- રાજિયા વાજિયા શેઠ ગંધારથી ખંભાત આવીને વસ્યા વ્યાપારમાં ધનસંપન્ન થવાથી ખંભાતમાં ૧૨ થાંભલાવાળું છ દરવાજાવાળું ભવ્ય જિનાલય બનાવ્યું. આ શેઠે ખંભાતમાં આવીને એક જ વર્ષમાં ૨૩ લાખ રૂપિયા ખર્ચીને ઘણાને સહાય કરેલી તેથી કહેવાયા છે કે ગંધારના રાજિયા વાજિયા, ખંભાતમાં ગાજીયા.

- જ્યારે વસ્તુપાલમંત્રી સંઘ લઈ ગિરનાર જાય છે તે વખતે અનુપમાદેવી ભાવવિભોર બનતાં પોતાના ગળામાં રહેલા ૩૨ લાખ દાગીના પ્રભુને પહેરાવી દે છે. પછી એક કરોડ પુષ્પો વડે પૂજા કરે છે. ગિરનારથી શત્રુંજય જતાં લલિતાદેવીએ ૩૨ લાખના દાગીના આદિનાથને પહેરાવી દીધા.
- દાનવીર જગડુશાહે ૧૦૮ જિનાલયો બંધાવ્યા, શત્રુંજયના ત્રણ સંઘ કાઢ્યા, ભદ્રેશ્વરનો જીર્ણોદ્ધાર કરાવ્યો.
- ધર્મનંદન રાજાએ શત્રુંજય ઉપર યક્ષે આપેલી રસકૂપિકાથી કોટિભાર પ્રમાણ સોનું બનાવી ૧૦ ભારપ્રમાણ સોનાનાં ૧૦૦ જિનબિંબો, ચાંદીનાં એક લાખ જિનબિંબો, પિત્તળનાં નવ લાખ જિનબિંબો અને પાષણનાં ૯૦ લાખ જિનબિંબો ભરાવીને શાસનપ્રભાવના કરી.
- માંડવગઢનો જાવડશાહ જે લઘુશાલિભદ્ર કહેવાતો તેણે પાંચ જિનાલયો બંધાવ્યાં તેમાં ૧૧ શેર સોનાની, ૨૨ શેર ચાંદીની એમ બે પ્રતિમા બનાવેલ, પ્રતિષ્ઠામાં ૧૧ લાખ દ્રવ્યનો ખર્ચ કરેલ.
- ગંધારના ઈન્દ્રજી પોરવેલ હીરસૂરિજીના ઉપદેશ ૩૬ જિનાલયે બંધાવેલાં.
- કૃષ્ણમહારાજાએ ગિરનારજી ઉપર સોનારૂપા અને મણિનાં મંદિરો બંધાવેલાં.
- દશાર્ણભદ્ર રાજાએ વીર પ્રભુ પધાર્યા એવી વધામણી આપવનાર વ્યક્તિને સાડાબાર લાખ ચાંદીના દ્રમક અને પોતાના અંગ ઉપરનાં બધાં જ આભૂષણો ભેટ આપેલ.
- વઢવાણના રત્નાશેઠે વસ્તુપાલના સંઘના ૭ લાખ માણસોની સંઘપૂજા અને સાધાર્મિકભક્તિ કરેલ તથા સંઘવીને દક્ષિણાવર્ત

શંખ અર્પણ કરેલ.

- સંપ્રતિ મહારાજાએ ભરતક્ષેત્રના ત્રણે ખંડમાં, દરેક ગામમાં સાધર્મિક વાત્સલ્ય કરેલ, અને ૭૦૦ દાનશાળા ખોલેલ.
- ગોવિંદચંદ્ર રાજાના પુત્ર જયન્તચંદ્રે ૧૮ લાખ સોનામહોર દીનદુ:ખી જનો પાછળ ખર્ચેલ.
- મહારાજા અશોકે વટેમાર્ગુઓ માટે અડધા ગાઉના અંતરે પાણીની પરબો ખોલેલી અને તેની અન્નશાળામાં ૬૦૦૦૦ બ્રાહ્મણો દરરોજ ભોજન લેતા.
- દોલતાબાદના કરોડપતિ શેઠ જગતસિંહે ૭૦૦ વસ્ત્રો, ૭૦૦ સોનામહોરો, શ્રેષ્ઠ તાંબુલની સાથે સાધર્મિકોને આપેલ.
- પુત્ર સંપ્રતિએ કુલ સવા લાખ જિનમંદિરો બંધાવેલાં તથા છત્રીશહજાર જીર્ણોદ્ધાર કરાવેલાં.
- આમં રાજાએ ગોવર્ધન પર્વત ઉપર સાડાત્રણ કરોડ સોનામહોર ખર્ચીને જિનાલય બનાવ્યું હતું. તેના મૂળ મંડપમાં સવાલાખ સોનામહોર તથા રંગમંડપમાં ૨૧ લાખ સોનામહોર વાપરી હતી.
- પેથમંત્રીએ સાત કરોડ સોનામહોર, વસ્તુપાલ અઢાર કરોડ સોનામહોર અને થરાદના આભૂ સંઘવીએ ત્રણ કરોડ સોનામહોર ખર્ચી શાસ્ત્રગ્રંથો લખાવ્યા હતા.
- સારંગ શેઠ સુવર્ણટંકોની ઝોળી ભરીને ફરતા, રસ્તે ચાલતાં, દુકાનમાં કે કોઈપણ ઠેકાણે જે નવકાર મંત્ર બોલે તેને એક સુવર્ણટંક આપતા હતા.
- જગડુશાહે કુલ આઠ અબજ અને સાડા છ કરોડ મણ અનાજ દુષ્કાળમાં આપ્યું હતું. જ્યારે આ દાનવીર મૃત્યુ પામ્યા ત્યારે દિલ્હીના શાહે ભરસભામાં મુગટ ઉતાર્યો હતો, સિંધપતિએ બે

દિવસ અન્નપાણીનો ત્યાગ કર્યો હતો અને રાજા અર્જુનદેવ ચોધાર રડ્યા હતા.

- રાજા વિક્રમે એક કરોડ સોનામહોરથી આ સિદ્ધસેન દિવાકરસૂરિજીનું ગુરુપૂજન કરેલું.
- ચોરાશી હજાર સોનામહોર વાપરીને તૈયાર કરાવેલો નવો મહેલ પૂ. વાદિદેવસૂરિજીના ઉપદેશથી શાન્તનૂ મંત્રીએ ઉપાશ્રય તરીકે જાહેર કર્યો હતો.
- પેથડમંત્રીનાં ધર્મપત્ની જિનમંદિરે જતી વખતે રોજ સવાશેર સુવર્ણનું દાન આપતાં હતાં ત્યારે યાચકોની ભીડ જામતી હતી.
- ભરૂચમાં મુનિસુવ્રસ્વામી સન્મુખ આરતી-દીવો ઉતાર્યા પછી આમ્રદેવે ૩૨ લાખ દ્રવ્ય દીનદુ:ખિયાઓને આપેલું.
- મથુરાનગરીમાં પદ્માશાહે સવાલાખ સોનૈયા ખર્ચીને ભગવતીસૂત્રનો મહામહોત્સવ કરેલ અને ગોયમાં શબ્દ પાછળ એક એક સુવર્ણમુદ્રાથી પૂજા કરેલ.
- ભીનમાલના સોમદેવ શ્રાવકે ગુરુભગવંતના પ્રવેશ વખતે સાચા મોતીની ગહુંલી ઉપર ૫૦૦ સોનામહોર મૂકેલ.
- આમ રાજાએ સવાકરોડ સોનામહોરથી બપ્પટ્ટસૂરિજીનું ગુરુપૂજન કર્યું હતું. અને તેની આચાર્યપદવીમાં એક કરોડ સોનામહોર ખર્ચી હતી.
- તેજપાલ સોનીએ આચાર્ય હીરસૂરિજીના ઉપદેશથી સં. ૧૯૫૦માં શત્રુંજય ઉપર ઘણાં જિનમંદિરોનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો.
- વસ્તુપાલ મંત્રી દરરોજ ૫૦૦ મુનિઓની ભક્તિનો લાભ લેતા તદુપરાંત ૧૦૦૦ યાચકોને ભોજન કરાવતા હતા.
- લંકેશ્વર રાવણને ત્યાં જૈન ગૃહમંદિર હતું. જેમાં નીલરત્નોની

બનેલી ભગવાન મુનિસુવ્રતસ્વામીની પ્રતિમા હતી. તેની રોજ ભક્તિ કરતો. રાજા રાવણે અષ્ટાપદ પર્વત ઉપર જિનની ભક્તિ કરતાં કરતાં તીર્થંકર નામકર્મ બાંધ્યું હતું.

- શ્રી હેમચન્દ્રાચાર્યની કુમારાપાળ ૧૦૮ સુવર્ણકમળો દ્વારા નિત્ય પૂજા કરતા હતા.
- દયાના અવતાર ધનપાલ : એમના પિતાએ પુત્ર માટે ૩૬ હજાર ચરુ દાટી રાખ્યા હતા, પણ ધનપાલ કવિએ ગરીબોની આગળ બધા ચરુઓ ખાલી કરી દીધા વળી ભોજરાજાએ ચાર લાખ સોનામહોર ભેટ આપી તે પણ ટોળે વળેલા ગરીબોને ભેટ આપી દીધી હતો.
- આચાર્ય તુલસીજી (તેરાપંથી) એ શત્રુંજયગિરિની પ્રશંસા કરી તેથી તેમના એક ભક્તે દાદાનાં ચરણમાં મહામૂલ્યવાન એક મણિની ભેટ ધરી, જે આજે પણ પેઢીમાં વિદ્યામાન છે.
- જ્યારે હેમચન્દ્રાચાર્યનો અગ્નિસંસ્કાર થયો ત્યારે હજારો લોકો એકત્રિત થયા અને રાખ લેવા માટે એટલી મોટી પડાપડી થઈ કે જ્યાંથી લોકો માટી ઉઠાવવઆ માંડયા - ત્યાં મોટો ખાડો પડી ગયેલ, જેનું નામ હેમખાડ પડી ગયું.
- મુંબઈ - મલબાર હિલ ઉપર વાલકેશ્વમાં આવેલું શ્રી આદિનાથપ્રભુનું ભવ્ય મંદિર બાબુ અમીચંદ પન્નાલાલ બંધાવેલ છે. જૈન, જૈનેત્તર અને વિદેશીઓ પણ ખાસ દર્શનાર્થે આવે છે.
- મુંબઈ નગરીના પ્રવેશદ્વાર સમા અગાસીનું મુનિસુવ્રતસ્વામીનું મંદિર શેઠ મોતીશાહે સં. ૧૮૯૨માં બંધાવેલ છે. મુંબઈ-ભાયખલાનું ભવ્ય મંદિર પણ મોતીશાહ શેઠની ભક્તિનું પ્રતીક છે શત્રુંજયાવતાર જેવું આ તીર્થરૂપ બન્યું છે.

- મુબઈ પાસે થાણાનું હજારો વર્ષ જૂનું પ્રાચીન-મુનિસુવ્રતસ્વામીનું જિનાલય શ્રી નવલપદજીના અનન્ય ઉપાસક શ્રીપાલ મહારાજની સ્મૃતિ કરાવે છે. શ્રીપાલ-મયણાના જીવનપ્રસંગો તાજા થાય છે. સુરત ગોપીપુરામાં આવેલા હાથીવાળા દેરાસરમાં સં.૧૬૭૮માં શ્રી રત્નચંદ્રગણિએ પ્રાણપ્રતિષ્ઠા કરાવેલી. અમદાવાદના નગરશેઠના પૂર્વજ શાંતિદાસ શેઠે ચિંતામણિ મંત્રની આરાધના અત્રે કરી હતી.
- નર્મદા નદીના કાંઠે આવેલ પ્રાચીન ભૃગુકચ્છ (ભરૂચ) જયાં આર્ય-કાલકસૂરિ, આર્ય ખપુટાચાર્ય વગેરે આચાર્યો વગેરેએ આવી. આ ભૂમિને પાવન કરી છે. શાંતુ મહેતા અને અંબડ મંત્રીનો શકુનિકા વિહારમાં ઉલ્લેખ મળે છે. ધવલ શેઠનો પણ અત્રે ભેટો થયો હતો. શ્રીપાલ રાજા આ ભરૂચ નગરીમાં આવ્યાનો ઉલ્લેખ મળે છે.
- ભરૂચ પાસે કાવી તીર્થમાં સાસુવહુની સ્પર્ધાથી બે ભવ્ય જિનમંદિરોનું નિર્માણ થયું. આ સેનસૂરીશ્વરજીએ આ બન્ને દેરાસરની સં.૧૬૪૯ અને ૧૬૫૫ માં પ્રતિષ્ઠા કરી હતી.
- ભરૂચ પંચતીર્થ આવેલ ગંધારની જાહોજલાલી એક સમય પૂરબહારમાં હતી. સં. ૧૮૧૦માં હરકોર શેઠાણીએ આ ક્ષેત્રનો જીર્ણોદ્ધાર કરાવ્યાના ઉલ્લેખો મળે છે.
- સિદ્ધરાજના સમયમાં પ્રાચીન નામ દર્ભાવતી, હાલ ડભોઈ તરીકે પ્રસિદ્ધ છે. વીર ધવલના મંત્રી તેજમાળે ૧૭૦ દેવકુલિકા સહિત અત્રેના મંદિરનો જીર્ણોધ્ધાર કરાવ્યો હતો.
- માંડવગઢ પેથડ શાહે સં. ૧૩૨૦ લગભગમાં શ્રી ચંદ્રપ્રભુજીનું મંદિર બનાવેલ હતું.
- વડોદરાના ઘણાં જિનમંદિરો પૈકી દાદા પાર્શ્વનાથના મંદિરનો

જીર્ણોધ્ધાર વસ્તુપાલે કરાવેલો. સજ્જનમંત્રીએ અહીં મોટી રથયાત્રા કાઢી હોવાના ઉલ્લેખો મળે છે.

- હેમચન્દ્રાચાર્ય અને કુમારપાળનો જયાં ભેટો થયો તે ખંભાતનાં પ્રાચીન મંદિરો પણ યાત્રા કરવા લાયક છે. ઉદયન મંત્રીએ અત્રે ઉદયનસહી નામનું જિનમંદિર બંધાવ્યું હતું.
- જૈનપુરી તરીકે પ્રખ્યાતિ પામેલા અમદાવાદમાં સં ૧૯૦૩માં શેઠ હઠીસીંગે ૮૪ દેરી સહિતનું મંદિર બંધાવ્યું - સરસપુરમાં શેઠ શાંતિદાસે ચિંતામણિ પાર્શ્વનાથનું બાવન જિનાલય મંદિર બંધાવેલું.
- સં.૧૧૧૫માં સજ્જન મંત્રીએ શંખેશ્વરમાં બંધાવેલ મંદિરનાં ખંડિયેરો આજે પણ મોજુદ છે. ફરી સત્તરમા સૈકામાં બંધાયેલું છે. ભાવિકોને વર્તમાનકાલમાં આકર્ષી રહેલ છે તેવા શ્રી પ્રભાવશાળી શંખેશ્વર પાર્શ્વનાથજી છે.
- ચૌદમા સૈકામાં ચારૂપ તીર્થમાં માંડવગઢના પેથડ શાહે મંદિર બંધાવ્યાના ઉલ્લેખો મળે છે.
- પ્રાચીન ભીમપલ્લી ગામ આજનું ભીલડિયા તીર્થ, જયાં સં.૧૩૧૭માં ભુવનપાલે જીર્ણોધ્ધાર કરાવી સોનાના ધ્વજદંડ ચઢાવ્યા હતા. સં. ૧૮૯૨માં ફરી પ્રતિષ્ઠા થઈ.
- શત્રુંજયતીર્થનો છેલ્લો ઉદ્ધાર સં. ૧૫૮૭માંકર્માશાહે કરાવેલ. શાંતિ-સમાધિ અને સમતાનું અપૂર્વ સ્થાન આ સિદ્ધગિરિ તીર્થ છે.
- શત્રુંજી ડેમ પર સં.૨૦૩૦ માં શત્રુંજય પાર્શ્વપ્રાસાદનું નૂતન નિર્માણ થયું. મુંબઈના શા. ખુમચંદ રતનચંદ જોરાજી તથા સોમચંદ ચૂનીભાઈ વગેરેએ પ્રતિષ્ઠાનો લાભ લીધો હતો.
- મહુવાના શેઠ જાવડ શાહે પણ શત્રુંજય તીર્થનો જીર્ણોધ્ધાર

કરાવ્યો હતો.

- અજયપાળ રાજાએ અજયનગર વસાવી શ્રી અજાહરા પાર્શ્વનાથનું મંદિર બંધાવ્યું. પ્રભુના ન્હવણ જળથી રાજાના ૧૦૭ રોગો નાશ પામ્યા હતા. ઉનાથી બે માઈલ દૂર અજારા તીર્થ આવ્યું છે.
- શ્રી ભદ્રેશ્વરજી તીર્થ : જગડુશા દાનવીરની આ જન્મભૂમિ છે. વીર સંવત ૨૩માં દેવચંદ્ર શ્રાવકે પાર્શ્વજિનનો પ્રાસાદ બંધાંવી પ્રતિષ્ઠા કરાવી હતી.
- મેવાડના કુંભારાણાએ સં. ૧૫૦૯માં અચલગઢ બંધાવેલ ફરતો કિલ્લો છે. અત્રે મંદિરો છે. પ્રતિષ્ઠા ડુંગરપુરના રાજા સોમદાસના મંત્રી ઓસવાલ સાદરાએ સં. ૧૫૨૯માં શ્રી લક્ષ્મીસાગરસૂરિજીના હાથે કરાવી હતી.
- શ્રી જીરાવલા પાર્શ્વનાથનો નવો પ્રાસાદ સં. ૧૧૯૧માં શેઠ ધાંધલે કરાવેલો. જીરાવલા મંદિર સં. ૩૨૬માં કોડી નગરના શેઠ અમરાશાહે બનાવેલ હતું.
- શ્રાદ્ધરત્ન ધરણાશાહ પોરવાડની દૃષ્ટિનું દશ્ય ખડું કરનાર ૧૪૪૪. થાંભલાસહિતનં શિલ્પના અવતાર સમું ભવ્ય ધરણવિહાર રાણકપુરમાં આવેલું છે. ૧૯૪૬માં સોમસુંદરસૂરિજીના હાથે પ્રતિષ્ઠા થઈ. પચાસ વર્ષ બંધાતાં લાગેલાં. ધરણાશાહે ૩૨ વર્ષની વયે બ્રહ્મચર્યવ્રત સ્વીકારી નલિનીગુલ્મ વિમાન જેવું બનાવવાનો સંકલ્પ કર્યો. કુંભારાણાના તેઓ મંત્રી હતા.
- રાજસ્થાનમાં કાપરડાજી તીર્થ શ્રી સ્વયંભૂ પાર્શ્વનાથજીનું ચાર મજલાનું ચૌમુખજી જિનમંદિર વિ.સં. ૧૬૭૮માં બંધાતી જેતારણનિવાસી ભાણાજી ભંડારીએ પ્રતિષ્ઠા કરાવી હતી. સં.

૧૯૭૫માં શાસનસમ્રાટ શ્રી નેમિસૂરિજી મહારાજે પુનઃ પ્રતિષ્ઠા કરાવી હતી.

- ચિત્તોડ વીરપુરૂષોની ધરતી ગણાય છે. પ્રતાપ રાણાને સહાય કરનારા ભામાશાહ અહીં થયા. સત્તાવીશ દેરીના નામથી ઓળખાતું બાવન જિનાલય દર્શનીય છે. શ્રાવકોનું અત્રે પણ ઘણું મોટું યોગદાન રહ્યું છે.
- ઉદેપુર : મેવાડની રાજધાની અને શક્તિશાળી રાણાઓની પરંપરા નગરીની વિશિષ્ટતાની સાક્ષી પૂરે છે. મહારાજા શ્રેણિક આવતી ચોવીશીમાં પ્રથમ શ્રી પદ્મનાભ તીર્થંકર થવાના છે. તેની સુંદર પ્રતિમાજી મૂલનાયક તરીકે અત્રે બિરાજમાન છે.
- ડુંગરપુર : ડુંગરપુરના રાજવી શાબાશાહના સમયમાં ગોપીનાથ ને સોમદાસ મંત્રીઓ હતા. તેમણે અહીં તથા બીજા ઘણાં સ્થળે જિનમંદિરો બંધાવ્યાના ઉલ્લેખો મળે છે.
- ભારતની પ્રાચીન ઐતિહાસિક નગરી ઉજ્જૈન જયાં રાજવી ચંડપ્રદ્યોત, સંપ્રતિ, વિક્રમાદિત્ય થયા હતા. ક્ષિપ્રા નદીને કાંઠે આવેલ આ નગરીમાં અવંતી પાર્શ્વનાથજી મૂળનાયક તરીકે બિરાજમાન છે. રાજા ભોજના સમયમાં કવિ ધનપાલ તેમજ શોભનમુનિ આ નગરીનાં રત્નો હતાં. શ્રીપાલ રાજાની નવપદ આરાધનાભૂમિ પણ આજ ભૂમિ છે. અત્રેના મહાકાલમંદિર સાથે આચાર્યશ્રી સિદ્ધસેન દિવાકરજીનું નામ સંકળાયેલું છે.
- માંડવગઢના સંગ્રામ સોની મંત્રીએ છૂટે હાથે લક્ષ્મીનો ઉપયોગ કરી મક્ષી, માંડવગઢ, ધાર, મંદસોર વગેરે સ્થળે ૧૭ જેટલાં જિનમંદિરો બંધાવ્યા હતા.
- ગિરિતીર્થ માંડવગઢમાં મંત્રી પેથડ શાહ, ઝાંઝણ શાહ, સંગ્રામ

સોની વગેરે પ્રભાવક પુરુષો થયા હતા. એક સમયે અત્રે ૩૦૦ જિનમંદિરો હતા. ભોજરાજાએ સંસ્કૃત વિદ્યાલય અહીં સ્થાપ્યું હતું.

- રાજગૃહીનગરી : મગધની રાજધાની જયાં પ્રભુ મહાવીરે બાર ચાતુર્માસ કર્યા ત્યાંના આદર્શ રાજવીઓ અને શ્રેષ્ઠીઓના આદર્શ પરિચયો મળે છે. શ્રેણિક-અભયકુમારથી પ્રતિષ્ઠિત આ ભૂમિ મેતાર્ય મુનિ, શાલીભદ્ર, ધન્ના શેઠ, મેઘકુમાર, નંદિષેણ, અર્જુન માળી, કયવન્ના શેઠ, જંબૂ સ્વામી, પ્રભાસ, શય્યંભવસૂરિ, પુણિયો વગેરે નામાંકિત મહાપુરુષોની જન્મભૂમિ છે. ધન્ય ભૂમિ અને ધન્ય ત્યાંના જિનભક્તો ! જિનમંદિરોમાં શ્રાવકોનું ભારે મોટું યોગદાન છે.
- જગતભરમાં પંકાયેલું કલકત્તાનું બદરીદાસ બાબુનું કાચનું જિનાલય જોવાલાયક છે. સં. ૧૯૨૩માં તેની પ્રતિષ્ઠા થઈ. હીરા-માણેક, પન્ના, રત્ન-મણિથી સુશોભિત આ મંદિર ભારતભરમાં અજોડ અને અનુપમ છે.
- લખનૌ શહેરમાં ભ. મહાવીરસ્વામીનું શિખરબંધી દેરાસર સં. ૧૯૧૨માં ઝવેરી ઈંદરચંદજી ખેમચંદજીએ બંધાવેલ. શિલ્પકલાના ઉત્તમ નમૂના અત્રે જોવા મળે છે.
- હસ્તિનાપુર એ અયોધ્યા જેટલી જ પ્રાચીન નગરી છે. ઋષભદેવ ભગવાનના ૨૧મા પુત્ર હસ્તિકુમારે આ નગરી વસાવી હતી. શ્રેયાંસકુમારને હાથે ઋષભદેવ પ્રભુના વરસીતપનું પારણું અહીં થયું હતું. મલ્લિનાથ ભગવંતે છ રાજાઓને અહીં પ્રતિબોધ કર્યા હતા. અહીં જીર્ણોદ્ધાર પ્રતિષ્ઠા સુરત- રાંદેરના વીરચંદભાઈ ઝવેરીએ કરાવેલ.

- કુમારગિરિ (ડિંડગિરિ) જે દક્ષિણ ભારતની પ્રાચીન નગરી અંતરીક્ષની સમકાલીન ગણાય છે.
- જાલોર શહેરની નજીક સ્વર્ણગિરિ પર્વત ઉપર ઘણાં દેરાસરો આવેલાં છે. કુમારપાળ મહારાજાએ પણ અત્રે દેરાસર નિર્માણ કરાવ્યાનો ઉલ્લેખ છે.
- નાણા, દીયાણ, નાંદિયા આ ત્રણે તીર્થોમાં ભગવાન મહાવીરની જીવિતસ્વામી પ્રતિમાઓ છે.
- વિક્રમ સંવત પૂર્વે ત્રીજી સદીમાં (૨૩૦૦ વર્ષ પહેલાં) નાકોડા - તીર્થે વીરસેન અને નાકોરસેન વીરબંધુઓએ દેરાસરો બંધાવ્યાંના ઉલ્લેખો મળે છે.
- વિક્રમની બારમી સદીમાં નાગોરના પલ્લીવાલ આસધર અને લક્ષ્મીધર બંધુઓએ અને તેમના પુત્રોએ શત્રુંજય, ગિરનાર, આબુ વગેરે અનેક સ્થળે જીર્ણોદ્ધારનાં કાર્યો કર્યાં હતાં.
- મધ્યપ્રદેશમાં ખજૂરાહો તીર્થમાં નવમી અને બારમી સદી વચ્ચે ચંદેલ રાજાઓ દ્વારા ઘણાં જિનમંદિરોનું નિર્માણ થયું હતું.
- દેવગિરિના જિનાલયની વિશિષ્ટતા : દેવગિરિનું જિનાલય માંડવગઢના પેથડ મહામંત્રીએ બનાવેલ. આ જિનાલયની જગ્યા લેવા માટે હેમડ મંત્રીના નામે ત્રણ વર્ષ સુધી દાનશાળા ખોલેલ. તેથી મંત્રીએ ખુશ થઈ રાજાને વાત કરી ને રાજાએ જગ્યા આપી. જે સોમપુરાએ રૂદ્રમહાલય બનાવેલ તેના વંશમાં થયેલ રત્નાકર નામના સલાટે આ જિનાલય બનાવેલ. પેથડ મંત્રીએ કારીગરોના નિભાવ માટે માંડવગઢથી દસ સાંઢો ભરી સુવર્ણ મોકલેલ. આ જિનાલયના નિર્માણ માટે દેવગિરિમાં ૧૦,૦૦૦ ઈંટના નિભાડા રોકેલા. દરેક નિભાડમાં ૧૦,૦૦૦ ઈંટો પકવવામાં આવતી. આ

જિનાલયના પાયા ૩ બંધવાસ છે. જેટલા ઊંડા ખોદેલ અને પાયામાં ૧૫ શેર સીસાનો રસ પૂરેલ. જિનાલયમાં ૨૧ ગજ લાંબી, ૧૦૦૦ પથ્થરની પાટો ગોઠવેલ. પ્રતિષ્ઠા મહોત્સવ વખતે ૧૦૮ બ્રહ્મચારી શ્રાવકો વિધિપૂર્વક સ્નાત્ર કરતા. સર્વ ગચ્છના સાધુઓની ભક્તિ મંત્રીએ વસ્ત્ર દ્વારા કરેલ. ૮૪,૦૦૦ શ્રાવકોને સોનાના વેઢ પહેરાવેલ. આ જિનાલયમાં ૮૩ અંગુલ પ્રમાણવાળી વીરપ્રભુની પ્રતિમા પધરાવેલ. પ્રતિષ્ઠા વખતે પેથડ મંત્રીને પાંચ લાખનો ખર્ચ થયેલ. (સુકૃતસાગર)

- રાણકપુર તીર્થની વિશિષ્ટતા : રાણકપુર મંદિરના સ્થાપક અને કુંભારાણાના મંત્રી ધરણાશાહ પોરવાલે ૩૨ વર્ષની ઉંમરે ૩૨ સંઘોની વચ્ચે શત્રુંજયની ઉપર સોમસુંદર - સૂરિજીના હસ્તે તીર્થમાળા પહેરી બ્રહ્મચર્યવ્રત સ્વીકારેલ. તીર્થમાલા વખતે પ્રતિજ્ઞા લીધેલ કે રાણકપુરમાં નલિનીગુલ્મ વિમાન જેવું જિનાલય બંધાવવું. કુંભારાણા પાસેથી જમીન લઈ સં. ૧૪૪૬માં જિનાલયનું કામ શરૂ કરાવ્યું અને ૧૪૯૬માં પ્રતિષ્ઠા કરાવી.
- દીક્ષાર્થી ગંધાર શ્રાવક દીક્ષા અંગીકાર કરતાં પહેલાં ગુરુઆજ્ઞા પ્રાપ્ત કરીને વૈતાઢયગિરિ પર આવેલી ગુફામાં ગયો હતો. ત્યાં ૨૪ રત્નબિમ્બોનાં દર્શનમાં એવો લીન થઈ ગયો કે આખી રાત વીતી ગઈ.
- આબુ પર્વત પર જિનાલયોની રચના થઈ રહી હતી. એ વખતે કારીગરો ધીમી ગતિએ કામ કરતા હતા. એમનો ઉત્સાહ વધારા માટે સુશ્રાવિકા અનુપમાદેવી એમને કહ્યું કે પથ્થરો ઘડતાં જે ભૂકો પડશે સુવર્ણ ઘડનારને આપવામાં આવશે.
- કુંડકોલી નગરના રાજા સોમદેવે ૫૦૦ સોનાનાં અને ૧૭૦૦

લાકડાનાં જિનમંદિરો બંધાવ્યાં હતાં અને કરોડોની સાથે શંત્રુંજય પર્વત પર જઈને ભગવાન આદિનાથની સ્તુતિ કરી હતી.

- મંદોદરી અષ્ટાપદ પર્વત પર નૃત્ય કરતી હતી ત્યારે અંત:પુરની ૧૬૦૦૦ સ્ત્રીઓ પણ સાથે નૃત્ય કરતી હતી.

વિમલમંત્રી નિત્ય ધ્વજા, સ્નાત્રાદિ પ્રસંગો ઊજવવા માટે મુંડસ્થલાદી ૩૭૦ ગામોમાં પોરવાલોને વસાવી, એમના તમામ કર માફ કરી એમને ધનવાન બનાવી દીધા. તેથી બધાં ગામોના શ્રાવકો પોતાના સ્વદ્રવ્યોથી ભગવાનની પૂજા કરે છે.

દાનવીર જગડુશાહે ૧૦૮ જિનાલયો બંધાવ્યા હતાં. ત્રણ ચાર શંત્રુંજયના સંઘ કાઢયા હતા અને ભદ્રેશ્વર તીર્થનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો.


- સાતવાહન રાજાએ ૩૦૦ ગગનચુંબી જિનાલયો બંધાવ્યાં હતા. જેઓ લઘુ શાલિભદ્ર કહેવાતા હતા તેવા માંડવગઢનાં જાવડશાહે પંચ જિનાલયો બંધાવ્યા હતાં. એ જિનાલયોમાં એક અગિયાર શેર સુવર્ણની અને બીજી બાવીસ શેર ચાંદીની એવી એ પ્રતિમાઓ બનાવરાવી હતી અને એ પ્રતિમાઓની પ્રતિષ્ઠામાં અગિયાર લાખ દ્રવ્યનો ખર્ચ કર્યો હતો.
- ગંધારના ઈન્દુજી પોરવાલે હીરસૂરિજીના સદુપદેશથી ૩૬ જિનાલયોનું નિર્માણ કર્યું હતું.
- કૃષ્ણ મહારાજાએ ગિરનાર તીર્થ ઉપર સોના-રૂપા અને માણેકનાં જિનાલયો બંધાવ્યાં હતાં.
- દંડનાયક સજ્જનમંત્રીએ પાલિતાણાથી ગિરનાર સુધીની ૧૨ જોજન લાંબી ધજા ચઢાવી હતી.
- દશાર્ણભદ્ર રાજાએ વીર પ્રભુ પધાર્યા એવી વધામણી

આપનારાઓને સાડાબાર લાખ રૌપ્ય દ્રવ્ય તથા પોતાના અંગ પરનાં તમામ આભૂષણો ભેટ આપી દીધાં હતાં.

- ભગવાન શ્રી રામચંદ્રજીએ લંકાવિજય પછી અયોધ્યા આવીને બધાં જિનાલયોમાં પૂજા ભણાવી હતી.
- થરાદના આભૂનાક સંઘવીએ ૧૫૧૦માં નવી પ્રતિમાઓનું નિર્માણ કરાવ્યું હતું. વિજયસેનસૂરિજીના વરદ્હસ્તે ચારલાખ જિનબિમ્બોની પ્રતિષ્ઠા કરાવી હતી.

**હરડા આદિ વૃક્ષોની છાયામાં**
**રહેવાથી ઘણી**
**બીમારીઓ જતી રહે છે તેવી જ રીતે**
**મહાપુરુષોની છત્રછાયામાં રહેવાથી**
**કર્મરૂપી રોગ શાંત થઈ જાય છે.**

# પૂજ્ય ગુરૂદેવ



**આચાર્ય ભગવંત**

**શ્રી વિજયદેવ સૂરીશ્વરજી મ. સા.**

મનની કુમળી કળીઓને ખીલવી સુગંધિત પુષ્પો તમે બનાવ્યા.
દીપક અને મલ્હારે ગુંજે હૃદયવીણાના તારો મારાં.
ભીનાં નયનોમાંથી ઝરતી ઓ દાદાજી! યાદ તમારી સદા.
અજ્ઞાની હું અંધકારે ખૂબ ભટક્યો
જ્યારે હાથ પકડી મારો જીવનપંથ ઉજાળ્યો તમે.
જીવન પ્રભાત ખૂલતું તું ને સૂરજ બની
આવ્યા દાદાજી! તમે. યૌવનના ભરમધ્યાહ્નને
જીવન સફળ કર્યું મારું દાદાજી! તમે.

આપનો બાળ પુંડરીક વિજયજી

# અનુક્રમણિકા

મનુષ્ય જેવો વિચાર કરે તેવો તે બની જાય છે. મનુષ્યોના વિચારોની પ્રગતિજ એના ચારિત્રનું નિર્માણ કરે છે. જેવું બીજ તેવું વૃક્ષ એ પ્રમાણે આપણાં પ્રત્યેક કાર્યો આપણા છૂપા રહેલા વિચારોનું ફળ છે.

મનુષ્ય પોતાની ખેતીમાંથી જ ખાટાં મીઠા એવા બે પ્રકારનાં ફળો પ્રાપ્ત કરે છે. અશુભ વિચારોથી દુ:ખ પ્રાપ્ત કરે છે. શુભ વિચારોથી સુખ છાયાની જેમ પાછળ પાછળ આવે છે.

તે માટે વાંચવા પડશે તમારે આ ત્રણ નરરત્નોના જીવન ચરિત્રો.

## શાસન રત્નો


સંસ્કૃતિના રક્ષક અને કર્મવીર

શેઠ શ્રી મોતીશાહ ....................................૧

શ્રમણ સંસ્કૃતિના સંવર્ધક ઉત્તમ શ્રાવક

શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈ ..........................૫૮

એકવીસમી સદીના વીર ભામાશા

શ્રી હર્ષદભાઈ પૂનમચંદ દોશી ..........................૧૨૬

## પૂજ્ય શ્રી દ્વારા લિખીત અગાઉના પુસ્તકો

૧. આવો જિન ભક્તિ કરીએ

૨. મનવા આતમ પંખ પખાળો

૩. પત્ર ગંગા

૪. પ્રેરણા પિયૂષ

૫. પદ્મ પરિમલ

૬. પદ્મ દર્શન

૭. પદ્મ

૮. પદ્મ સરિતા

૯. પ્રભાવક પૂજ્ય પુરુષો

૧૦. તેજસ્વી તારલા

૧૧. પ્રબુદ્ધ પ્રતીભાઓ

૧૨. પદ્મ સૌરભ

# શેઠ મોતીશાહ શેઠ

'બહુરત્ના વસુંધરા' એ ન્યાયે આ ધરતી ઉપર સમયે સમયે પોતપોતાની વૈયક્તિક વિશિષ્ટતા અને નવીનતાવાળાં તેજસ્વી નવરત્નો ઉત્પન્ન થાય છે. જૈન-અજૈન સર્વ લોકોમાં સન્માનનીય બનેલા એવા જૈન પરંપરાનાં સાધુ-મહાત્માઓનાં તો અનેક નામો ઇતિહાસમાંથી સાંપડી રહે છે. ગૃહસ્થ મહાપુરુષોમાં કેટલાયનાં નામ ભૂતકાળમાં વિલીન થઈ ગયાં છે. તેમ છતાં છેલ્લાં હજારેક વર્ષમાં થઈ ગયેલા વિમલ મંત્રી, ઉદયન મંત્રી, કુમારપાળ મહારાજ, વસ્તુપાલ, તેજપાલ, જાવડશા, જગડુશા, પેથડશા, ભામાશા, ધરણાશા વગેરેનાં પુણ્યવંત નામો હજુ નજર સામે તરવરે છે. એવી જ રીતે ઓગણીસમી સદીમાં મુંબઈની ધરતી ઉપર થઈ ગયેલા શેઠ મોતીશાહ નું પુણ્યવંત નામ પણ વિવિધ પ્રેરક પ્રસંગોની સુવાસથી સભર છે. ચોપન વર્ષના ટૂંકા જીવનકાળ દરમિયાન એમણે જીવદયાનાં, માનવતાનાં, સાધર્મિક ભક્તિનાં, ધર્મપ્રિયતાનાં જે કેટલાંક મહાન કાર્યો છે તેની સ્મૃતિ ચિરકાલીન બની રહે એવી છે. મુંબઈના આરંભકાળના ઇતિહાસમાં ધર્મપરાયણ મહાપુરુષ શેઠ મોતીશાહ એમનું ગૌરવવંતુ નામ અવિસ્મરણીય બની ગયું છે.

શત્રુંજય તીર્થ ઉપર કુંતારસની ખીણની જગ્યાએ મોટી ટૂંક (શેઠ મોતીશાહ ની ટૂંક) બંધાવનાર, મુંબઈમાં ભાયખલામાં શત્રુંજયની ટૂંક જેવું દેરાસર બંધાવનાર, કોટમાં શ્રી શાંતિનાથ પ્રભુ, પાયધુની ઉપર શ્રી શાંતિનાથ પ્રભુ, શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ પ્રભુ તથા શ્રી ગોડીજી પાર્શ્વનાથ પ્રભુના દેરાસરના બાંધકામમાં મુખ્ય પ્રેરકબળ બનનાર અને તેમાં મહત્ત્વનું આર્થિક યોગદાન આપનાર, મુંબઈમાં પાંજરાપોળની સ્થાપના કરાવનાર, પાલિતાણામાં અને અન્ય સ્થળે ધર્મશાળાઓ બંધાવનાર, વહાણવટાના વ્યવસાયમાં અઢળક ધન કમાનાર અને તે જ પ્રમાણે અઢળક ધન શુભ કાર્યોમાં વાપરનાર, અવસાન સમયે અનેક વ્યક્તિઓનું દેવું માફ કરનાર એવા શેઠ મોતીશા અત્યંત ઉદારચરિત, તેજસ્વી, ધર્મપરાયણ મહાપુરુષ હતા. એમના જીવનની કેટલીક વિગતો વાંચતાં જ ખરેખર હર્ષ સાથે રોમાંચ અનુભવાય છે.

## યશોજ્જવલ ગાથા

મોતીશાહ નો જન્મ સં. ૧૮૩૮ (ઈ.સ. ૧૭૮૨)માં થયો હતો. સં. ૧૮૯૨ (ઈ.સ. ૧૮૩૬)ના ભાદરવા સુદ ૧ ને રવિવારે પર્યુષણ પર્વ દરમિયાન મહાવીર જન્મવાંચનના દિવસે તેઓ મુંબઈમાં સ્વર્ગવાસ પામ્યા હતા. ચોપન વર્ષના ટૂંકા જીવનકાળમાં એમણે એક સાહસિક વેપારી તરીકે અને એક ધર્મશ્રદ્ધાળુ અગ્રણી તરીકે જે સિદ્ધિઓ મેળવી અને ભગીરથ કાર્યો કર્યા તેની ગાથા યશોજ્જવલ છે.

એમના જમાનામાં કેટલાક પારસી લેખકો એ શેઠ મોતીશાહ નું જે જીવનચરિત્ર લખ્યું છે તેમાંથી તથા પંડિત શ્રી વીરવિજયજી મહારાજે ભાયખલાના જિનમંદિરની પ્રતિષ્ઠા વિશે તથા શત્રુંજય ઉપરની મોતીશાહ ની ટૂંક વિશે જે ઢાળો લખી છે તેમાંથી શેઠ મોતીશાહ ના જીવન વિશે ઘણી વિગતો જાણવા મળે છે. સ્વ. શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડિયાએ શેઠ મોતીશા નામના પોતાના ચરિત્રગ્રંથમાં આ બધા આધારો લઈને સવિસ્તર માહિતી આપી છે. ભગીરથ કાર્યો કર્યા તેની ગાથા યશોજ્જવલ છે.

વિક્રમની ઓગણીસમી શતકમાં શેઠ મોતીશાએ મુંબઈની ધરતી પર જીવન વિતાવ્યું હતું. મુંબઈની એ સમયની અને એની પૂર્વેની સ્થિતિ કેવી હતી તે જાણવાથી એમના જીવનને વધારે સારી રીતે સમજી શકાય છે.

**બીજાના દોષો જોવાથી,**
**આપણાં જ ગુણોની હાનિ થાય છે.**
**(કેવો ખોટનો ધંધો)**

# મુંબઈના વિકાસનો ઇતિહાસ

મુંબઈ શહેરના વિકાસનો ઇતિહાસ અત્યંત રસિક છે. છૂટાછવાયા વસેલા ચારસો-પાંચસો માછીમારોના એક નાના ટાપુમાંથી વિશાળ શહેર અને એક મોટા મહત્ત્વના બંદર તરીકે થયેલા તેના વિકાસને કારણે જગતની મહાનગરીઓમાં અને દુનિયાના નકશામાં મુંબઈએ અવશ્ય ગણનાપાત્ર સ્થાન પ્રાપ્ત કરી લીધું છે. મુંબઈ સતત વૃદ્ધિ-સમૃદ્ધિ પામતું શહેર રહ્યું છે.

વિક્રમના પંદરમા સૈકામાં માછીમારોનો આ નાનો ટાપુ કોઈ એક ઠાકરડા જેવા સરદારની માલિકીનો હતો. વિક્રમના સોળમાં સૈકામાં યુરોપમાંથી પોર્ટુગલ, સ્પેન, ઇંગ્લૅન્ડ, ફ્રાન્સ, હોલૅન્ડ, ડેનમાર્ક વગેરે દેશોના સાહસિક નાવિકો વહાણમાર્ગે આફ્રિકાના દક્ષિણ કિનારે થઈને ભારતના પશ્ચિમ કિનારે આવવા લાગ્યા હતા. આગળ જતાં સમુદ્રના કિનારે કિનારે તેઓ છેક ચીન અને જાપાન સુધી પહોંચ્યા હતા. તેઓ કિનારા પરના નાના ટાપુઓ જીતી લઈને કે વેચાતા લઈને પોતાનાં સલામત થાણાં સ્થાપતા હતા કે જેથી પોતાનાં વહાણોને મુકામ કરવાની, ખલાસીઓને આરામ કરવાની, માલસામાન ચડાવવા-ઉતારવાની તથા તાજાં ખાધાખોરાકી અને પાણી ભરી લેવાની સરળતા રહે અને પોતાનો વેપાર-રોજગાર ઠીક ઠીક ચાલે. તેઓની વેપારી સત્તાની સાથે સાથે રાજદ્વારી સત્તા પણ આવતી ગઈ. આવા ટાપુનાં મથકો પર તેઓ પોતાનો કિલ્લો બાંધી અંદર સુરક્ષિત રહેતા. તેમની પાસે રહેલાં બંદૂક અને તોપ જેવાં ચડિયાતાં શસ્ત્રોને કારણે તથા તેમની ગોરી ચામડીને કારણે સ્થાનિક અભણ, ગરીબ અને આદિવાસી જેવા પછાત લોકો અંજાઈ જતા અને તેમને શરણે રહેતા.

## પોર્ટુગિઝ વસાહત

મુંબઈનો ટાપુ વિ.સં. ૧૫૮૬માં પોર્ટુગિઝ લોકોએ વેચાતો લઈ લીધો હતો. તે પછી તેઓએ તેના પર કિલ્લો બાંધ્યો હતો. સાથે સાથે વહાણોને લાંગરવા માટે ગોદી બાંધી હતી. વહાણો દ્વારા વારંવાર જતાં - આવતાં કેટલાંક પોર્ટુગિઝ કુટુંબોએ મુંબઈના કિલ્લામાં કાયમનો વસવાટ ચાલુ કર્યો હતો. એમની સાથે વેપાર કરવા માટે કેટલાંક પારસી અને મુસલમાન કુટુંબો સુરત, ખંભાત કે કોકણમાંથી આવીને વસ્યાં હતાં. મુંબઈમાં તે વખતે માછીમારો, ભંડારીઓ વગેરે પ્રકારના લોકો વસતા હતા. તેઓનો વ્યવસાય ખેતી, મીઠાના અગરો અને માછલી પકડવાનો હતો. ભંડારી લોકો સ્થાનિક આદિવાસી જેવા હતા. તેઓ ભૂંગળ, ઢોલ, નગારાં વગેરે વગાડવાનો વ્યવસાય પણ કરતા હતા. (ભંડારી લોકો તે સમયે જ્યાં વસતા હતા તે વિસ્તાર ભંડારી મહોલ્લા તરીકે ઓળખાતો હતો. આજે પણ એ વિસ્તારો મુંબઈમાં ચકલા સ્ટ્રીટમાં તથા કુંભારવાડા ભંડારી સ્ટ્રીટ તરીકે ઓળખાય છે.)

મુંબઈમાં આટલી જૂજ વસ્તીમાં તે વખતે એકમાત્ર પ્રાચીન ધાર્મિક સ્થળ તે મમ્બાદેવી માતાજીનું મંદિર હતું. માતા + અંબા અથવા માતા + અંબા અથવા અથવા માતા + અંબા + આઈ જેવા બોલાતા શબ્દ ઉપરથી બોલચાલના શબ્દ તરીકે મમ્બાઈ, મુમ્બાઈ, મુંબઈ જેવા શબ્દો પ્રચલિત બન્યા હશે

સ્થાનિક દેશી લોકોના શબ્દો ઉચ્ચારવાનું પોતાને ન ફાવવાને લીધે વિદેશીઓ ત્યારે કેટલાંક સ્થળોના નામના ઉચ્ચાર જુદા કરતા, એટલે મુંબઈને માટે બૉમ્બે શબ્દ પ્રચલિત બન્યો હશે એમ મનાય છે. વળી એમ પણ કહેવાય છે કે પોર્ટુગિઝોએ આ સ્થળને માટે બૉમ્બે શબ્દ પોતાની ભાષાનો પ્રયોજ્યો હતો. ફ્રેન્ચ અને પોર્ટુગિઝ ભાષામાં બો એટલે સુંદર અને બે એટલે કિનારો. મુંબઈના તે સમયના ચોપાટી,

વરલી, માહિમ, જૂહુ, વર્સોવા વગરેના સરસ સમુદ્ર કિનારાને લીધે પોર્ટુગિઝોએ આ ટાપુનું નામ બોમ્બે પાડયું હતું. આમ, ઘણા જૂના વખતથી મુંબઈ માટે મુંબઈ અને બોમ્બે એમ બે પરસ્પર મળતાં નામ પ્રચલિત બન્યાં હતાં, જે આજ દિવસ સુધી ચાલુ રહ્યાં છે.

મુંબઈના ટાપુ ઉપર પોર્ટુગિઝોએ ૧૩૨ વર્ષ સુધી રાજસત્તા ભોગવી, પરંતુ એટલા સુદીર્ઘ કાળ દરમિયાન મુંબઈની જોઈએ તેટલી પ્રગતિ થઈ નહોતી. મચ્છરોના પુષ્કળ ત્રાસવાળો, માછીમારોની પાંખી ગરીબ વસ્તીવાળો અને મરેલાં માછલાંના કચરાથી દુર્ગંધમય થતા રોગચાળાના ઉપદ્રવવાળો, કચરાની દુર્ગંધમય તથા વારંવાર રોગચાળાના ઉપદ્રવવાળો મુંબઈનો ટાપુ વિકસાવવામાં ફિરંગી લોકોને બહુ રસ નહોતો.

દુઃખમાં સમાધિ રાખવાની ચાવી..
બીજા બધા તો 'નિમિત' માત્ર જ છે.
ભૂતકાળમાં મે બાંધેલા 'કર્મો'
જ મારા દુઃખનું મુખ્ય કારણ છે.
.........

## પોર્ટુગિઝ પછી અંગ્રેજ હકૂમત

એ સમયગાળામાં અંગ્રેજોએ પોતાની કોઠી સુરત બંદરે નાખી હતી. ઈ.સ. ૧૬૬૧માં પોર્ટુગલના રાજાની બહેન ઇન્ફન્ટા કેથેરાઈનનાં લગ્ન ઇંગ્લૅન્ડના રાજા ચાર્લ્સ બીજાની સાથે થયાં. એ વખતે પોર્ટુગલના રાજાએ ઇંગ્લૅન્ડના રાજાને દહેજમાં આ અવિકસિત અને પડતર જેવો મુંબઈનો ટાપુ ભેટ આપ્યો હતો. ત્યારે મુંબઈની કશી જ કિંમત ન હોતી.

૧૩૨ વર્ષ સુધી મુંબઈના ટાપુ પર પોર્ટુગિઝ રાજાની ધજા ફરકતી રહી હતી. ત્યાર પછી ઇંગ્લૅન્ડના રાજ્યનો યુનિયન જેક ધ્વજ ફરકવા લાગ્યો હતો. એ વખતે આ ટાપુ પર બાંધવામાં આવેલા કિલ્લાના કારણે અંગ્રેજો મુંબઈને બૉમ્બે કેસલ ઓળખતા હતા. ઇંગ્લૅન્ડના રાજાએ ઈસ્ટ ઈન્ડિયા કંપનીને આ ટાપુ વાર્ષિક દસ પાઉન્ડના ભાડે વાપરવા માટે આપ્યો, ઇસ્ટ ઈન્ડિયા કંપનીએ ખેતી અને વહાણવટાની દૃષ્ટિએ પોતાની આવક વધારવા માટે આ ટાપુના વિકાસમાં રસ લીધો અને બહારથી લોકોને લાવીને ટાપુના કિલ્લામાં વસાવ્યા. કંપનીએ કિલ્લો વધારે મજબૂત કર્યો અને દરિયામાં ઊંડા કિનારે મોટાં મોટાં વહાણો આવી શકે તે માટે ઊંડી મોટી ગોદી બાંધવાનું કામ પણ ચાલુ કર્યું. વળી પોર્ટુગિઝ લોકોએ માહિમ, વરલી, શિવરી વગેરે સ્થળે આવેલ નાના નાના ટાપુઓ પર જે બીજા નાના કિલ્લાઓ બાંધ્યા હતા એ કિલ્લાઓનું પણ સમારકામ કરાવીને કંપનીએ તેનો ઉપયોગ ચાલુ કર્યો હતો. ક્રમે ક્રમે કિલ્લાઓ વચ્ચેની દરિયાની ખાડીનું પુરાણ કરવાનું કામ પણ ચાલું થયું હતું. આ રીતે મુંબઈ બંદરનો જેમ જેમ વિકાસ થતો ગયો તેમ તેમ વહાણવટાના વેપારની દૃષ્ટિએ મુંબઈ બંદર સમૃદ્ધ થતું ગયું. ક્રમે ક્રમે સિંધ, કચ્છ, સૌરાષ્ટ્ર, ગુજરાત, મહારાષ્ટ્ર, કર્ણાટક વગેરે પ્રદેશોના દરિયાકાંઠાના સાહસિક લોકો વહાણવટા દ્વારા થતા વેપારને નિમિત્તે મુંબઈ આવીને વસવા લાગ્યા હતા.

## ઓગણીસમી સદીનું મુંબઈ

દોઢસો વર્ષ પહેલાં ભારતમાં રેલગાડી નહોતી કે મોટરગાડી કે સાઇકલ પણ નહોતી. જમીન માર્ગે લોકોનો વ્યવહાર પગે ચાલીને અથવા ગાડાં દ્વારા અને જળમાર્ગે નાની નૌકા કે મોટાં સઢવાળાં વહાણોથી થતો હતો. મુંબઈ શહેરમાં ઘોડાગાડી ચાલુ થઈ તે પહેલાં બ્રિટિશ ગોરા ગવર્નરો અને અમલદારો એક બળદની એક્કા ગાડીમાં ફરતા.

ઓગણીસમી સદીની શરૂઆતથી મુંબઈ બંદર ઝડપથી વિકાસ પામતું ગયું. તે સમયે આજે જેને કોટ વિસ્તાર કહેવામાં આવે છે તેટલા વિસ્તારવાળા ટાપુ પર અંગ્રેજોએ પોતાના સંરક્ષણ માટે કિલ્લાને વધુ મજબૂત કર્યો હતો. કિલ્લા પર તોપો ગોઠવાઈ હતી. ત્યારે કોલાબાનો ટાપુ જુદો હતો અને તેના ઉપર ખાસ કંઈ વસાવટ નહોતો. વચમાં ખાડી હતી અને ખડકો હતાં. ભરતીના પાણીમાં બધા ખડકો ડૂબી જતા. કોલાબા જવા માટે ત્યારે મછવામાં બેસવું પડતું. કોટનો વિસ્તાર પાલવાથી ધોબી તળાવ સુધીનો લગભગ હતો. આજનું આઝાદ મેદાન ત્યારે ત્યારે કોટ બહારનું સ્મશાન હતું. બોરા બજાર અને બજારગૅટ સ્ટ્રીટ એ મુંબઈની જૂનામાં જૂની શેરીઓ હતી. જે. જે. હૉસ્પિટલ અને ગિરગામ પાસે દરિયો હતો. બાકીનું અત્યારનું મુંબઈ જંગલ અને વેરાન જેવું હતું.

**જીવનમાં રાખો હંમેશા, પાપ પ્રત્યે ભિતી (ડર) અને પ્રભુ પ્રત્યે પ્રીતી**

# મુંબઈની ભૌગોલિક સ્થિતિ

શેઠ મોતીશાહ ના વખતની મુંબઈની ભૌગોલિક સ્થિતિ આવી હતી. સમય જતાં મોટાં શહેરોમાં કેવાં પરિવર્તનો થાય છે, તેનો ખ્યાલ મુંબઈનાં જૂનાં ચિત્રો પરથી આવી શકે છે. ઈસવીસનના ઓગણીસમા સૈકાની શરૂઆતમાં મુંબઈ શહેર કોટ વિસ્તારમાં અપોલો બંદરથી બોરીબંદર સુધી વિસ્તરેલું હતું. બોરીબંદર શબ્દ સૂચવે છે તે પ્રમાણે ત્યારે ત્યાં આગળ દરિયો હતો.

મુંબઈમાં ત્યારે પાણીના નળ નહોતા, ગટર નહોતી. પીવાનાં પાણી માટે ઠેરઠેર કૂવા ખોદવામાં આવ્યા હતા, ત્યારે વીજળી નહોતી. ગૅસની દીવાઓ પણ નહોતા. રાત્રે માણસો કોટ બહાર બહુ જતા નહિ. જવું પડે તો હાથમાં મશાલ લઈને નીકળતા કોટ બહાર રાત્રે જવામાં લૂંટારુઓનો અને વાઘવરુનો ભય રહેતો. કોટ પર જે તોપ ગોઠવવામાં આવી હતી, તે સવારે અને સાંજે ફોડવામાં આવતી. સાંજે તોપ ફોડ્યા પછી કોટના દરવાજા બંધ થઈ જતા અને સવારે તોયના ધડાકા પછી દરવાજા ખોલવામાં આવતા. મુંબઈની વસ્તી ત્યારે સાઠ હજાર જેટલી હતી. મુંબઈ ટાપુ પર જમીનમાર્ગે મરાઠાઓ અને દરિયાઈ માર્ગે સિંધીઓ લૂંટફાટ કરવા ચડી આવતા. તેઓ કોટની દીવાલ ઉપર ચડીને અંદર ધૂસી ન આવે એટલા માટે મુંબઈના કોટની ચારે બાજુ ઊંડી ખાઈ ખોદવામાં આવી હતી અને તેમાં પાણી રહેતું. નાગરિકોએ પોતાને ખર્ચે બંધાવેલી આ ખાઈ લગભગ સવાસો વર્ષ સુધી રહી હતી. વસ્તી વધતાં કોટ બહાર લોકો વસવા લાગ્યા હતા અને લૂંટારાઓનો જ્યારે ભય નીકળી ગયો હતો ત્યારે કોટની દીવાલ તોડી નાખીને એનાં ઈંટ-માટી વડે ખાઈ પૂરી નાખવામાં આવી હતી.

ત્યારે બોરા બજાર અને બજારગૅટ સ્ટ્રીટમાં મુખ્યત્વે દેશી લોકો રહેતા અને ગોરા લોકો બદર બાજુ રહેતા. ગોરાઓએ પોતાને માટે ત્યાં દેવળ બંધાવ્યું હતું. એથી એ વિસ્તાર દેવળ મહોલ્લા (ચર્ચ સ્ટ્રીટ) તરીકે

ઓળખાતો. પશ્ચિમ બાજુના દરિયાકિનારે કોટમાં દરવાજો હતો એટલે એ વિસ્તાર ચર્ચગેટ તરીકે ઓળખાતો. ત્યાં આગળ વિશાળ મેદાનમાં લોટ દળવા માટે એક ઘંટી હતી. તે પવનથી ચાલતી હતી એટલા માટે તે મેદાનને પવનચક્કી મેદાન (આજનું ઓવલ મેદાન) કહેવામાં આવતું. કોટ બહારના વિસ્તારમાં જ્યાં આજે ઝેવિયર્સ કૉલેજ છે ત્યાં મોટું તળાવ હતું. તે વખતે કોટ બહારના વિસ્તારમાં નાનાંમોટાં પચાસ જેટલાં તળાવ હતાં. એમાં ગોવાળિયા તળાવ, કાવસજી પટેલ તળાવ, ગીલ્ડર તળાવ, મમ્માદેવી તળાવ વગેરે જાણીતાં હતાં. કોટ બહાર વાડીઓ હતી અને ત્યાં જંગલી પશુઓ ફરતાં હતાં. કોટ વિસ્તાર ઉપરાંત મઝગાંવ, શિવરી, વરલી અને માહિમમાં ફિરંગીઓએ બાંધેલા નાના કિલ્લાઓ અંગ્રેજોએ વધુ મજબૂત બનાવ્યા હતા અને વચમાં આવતી દરિયાની ખાડી હોડકામાં બેસીને ઓળંગતા.

**ચેક કરજો, આપણા મનને ! વધુ પ્રિય કોણ ?**
**વધુ કિંમત કોની ? વધુ આકર્ષણ કોનું ?**
**દુરાચારી...વ્યભિચારી, હીરો-હીરોઈનનું**
**કે શુદ્ધ આચારી, સાધુ-સાધ્વી,**
**શ્રાવક-શ્રાવીકાઓનું.**

# મુંબઈની વસ્તી અને અગ્રગણ્ય વેપારીઓ

કોટ બહાર માછીમારો, ખેડૂતો, ભંડારીઓ રહેતા હતા. પાયધુની અને ગિરગામ વિસ્તારમાં નવી વસાહતો ઊભી થવા લાગી હતી અને ધીમે ધીમે વસ્તી વધવા લાગી હતી. પરેલ વિસ્તારને વિકસાવવા માટે ત્યાં કેટલાંક સરકારી મકાનો બાંધવામાં આવ્યાં હતાં. ગવર્નર માટે ત્યાં મહેલ બાંધવામાં આવ્યો હતો, પરંતુ ગોરા અંગ્રેજ ગવર્નરને કોટ વિસ્તાર છોડી ત્યાં વેરાનમાં રહેવા જવું ગમતું નહોતું.

જે. જે હાસ્પિટલ પાસે આવેલા દરિયાના કાદવમાંથી ચાલીને પાયધુની પાસે આવી લોકો પગ ધોતા. માટે એનું નામ પાયધુની પડ્યું હતું. મુમ્બાદેવીના મંદિર પાસે મોટું તળાવ હતું. તે પછીના સમયમાં એ તળાવને પથ્થરથી વ્યવસ્થિત પાકું બાંધવામાં આવ્યું હતું. (હાલ એ તળાવ પુરાઈ ગયું છે.)

મુંબઈની વસ્તી ત્યારે ગોરાઓ સહિત સાઠ હજારની હતી. વેપાર-ધંધાને કારણે દિવસે દિવસે વસ્તી વધતી જતી હતી. ગુજરાત કે કોંકણમાંથી લોકો દરિયામાર્ગે આવતા. એ જમાનામાં મુંબઈ જવું મોટું સાહસ ગણાતું.

એ સમયે લોકોનું જીવન બહુ સાદું અને ધર્મમય હતું. લોકો પ્રામાણિકતાથી વેપાર કરતા. તે સમયના જીવન-ધોરણ અનુસાર લોકોને માસિક રૂપિયા એક કે બે જેટલો પગાર મળતો તે સારો ગણાતો. એટલા ટૂંકા પગારમાં પણ લોકો સંતોષથી જીવન ગુજારતા.

એ જમાનામાં મુંબઈમાં આવીને વસવું એટલું સરળ નહોતું. મુસાફરી કઠિન હતી, પરંતુ જેઓ મુંબઈમાં આવીને વસતા તેઓ જુદા જુદા વ્યવસાય દ્વારા સારું ધન કમાઈ શકતા. કેટલાક લોકો સહકુટુંબ આવતા, તો કેટલાક એકલા આવીને રહેતા અને દેશ માં વારંવાર જઈ આવતા. તેઓ મુંબઈની કેટલીક કમાણી દેશમાં લઈ જતા. એ વખતે

ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાંથી આવતા વેપારીઓમાં અગ્રગણ્ય હતા : (૧) શેઠ અમીચંદ સાકરચંદ (ખંભાત), (૨) શેઠ ઝવેરચંદ આત્મારામ (સુરત), (૩) શેઠ મેઘજી અભેચંદ (રાધણપુર), (૪) શેઠ નાનજી જેકરણ (માંગરોળ), (૫) શેઠ વેલજી માલુ (કચ્છ), (૬) શેઠ વખતચંદ ખુશાલચંદ (અમદાવાદ), (૭) શેઠ કરમચંદ પ્રેમચંદ (અમદાવાદ), (૮) શેઠ હઠીસિંગ કેશરીસિંગ (અમદાવાદ), (૯) શેઠ નરશી કેશવજી (કચ્છ). તે વખતના મુંબઈના વિકાસમાં મુખ્યત્વે ગુજરાતીઓનો જ ફાળો હતો. ગુજરાતીઓમાં જૈનો, હિંદુઓ અને પારસીઓ હતા. જૈનો અને હિંદુઓ શરાફી, રૂ, કાપડ, અનાજ, ઝવેરાત વગેરેના વેપારમાં હતા, પારસી દારૂ બનાવવાના, મકાનો બાંધવાના, વહાણો બાંધવાના, લશ્કર કે સરકારના કૉન્ટ્રેક્ટ લેવાના વગેરે વ્યવસાયોમાં મુખ્યપણે હતા.

**તનને બગડતુ અટકાવવાની દવા**
**બજારમાં મળી શકે,**
**પરંતુ 'મનને' બગડતુ અટકાવવાની દવા**
**ની શોધ જગતમાં થઇ છે ખરી ?**
**.........**

# શેઠ શ્રી અમીચંદ સાકળચંદનું કુટુંબ

મોતીશા ના પિતાશ્રી શેઠ અમીચંદ સાકળચંદ મૂળ સોજિત્રા અને પછી ખંભાતના વતની હતા. તેર વર્ષની કિશોર વયે સં. ૧૮૧૪માં રોટલો રળવા માટે તેઓ ખંભાતથી વહાણમાં બેસીને મુંબઈ આવ્યા હતા. એમનાં પત્નીનું નામ રૂપાબાઈ હતું. તેમને ત્રણ દીકરા અને બે દીકરી એમ પાંચ સંતાનો હતા. દીકરાઓમાં બીજા તે મોતીચંદ, (મોતીશાહ) સૌથી મોટા દીકારનું નામ નેમચંદ હતું. સૌથી નાના દીકરાનું નામ દેવચંદ હતું.

મુંબઈમાં આવી શેઠ અમીચંદે ઝવેરાતનો ધંધો શરૂ કર્યો. એમનો મુખ્ય વેપાર સુરત સાથે રહ્યો હતો. એટલે એમનાં સંતાનોમાં લગ્ન પણ સુરતની કન્યાઓ સાથે થયાં એટલે પોતે ખંભાતના વીસા ઓસવાલ જ્ઞાતિના હોવા છતાં વ્યવહાર અને રહેણીકરણીમાં તેઓ સુરતી તરીકે જ વધુ જાણીતા રહ્યા. એમનો પહેરવેશ પણ સુરતી પાઘડી અને અંગરખાનો રહ્યો હતો.

શેઠ અમીચંદે વેપારમાં ઘણો પુરુષાર્થ કર્યો. તેઓ સારું ધન કમાયા. પરંતુ પછીથી નસીબે બહુ યારી ન આપી. પોતાના ઝવેરાતના ધંધામાં ઘણી ખોટ આવી માથે ઘણું દેવું થઈ ગયું. યુવાન વયે તેમનું અવસાન થતાં કુટુંબનો ભાર મોટા પુત્ર નેમચંદભાઈ ઉપર આવ્યો. એમણે ઝવેરાતનો ધંધો છોડી વહાણવટાના ધંધામાં દલાલીનું કામ ચાલુ કર્યું. તેઓ એ નિમિત્તે હોરમસજી બમનજી વાડિયા નામના પારસી કુટુંબ સાથે નિકટના સંપર્કમાં આવ્યા. પોતાની પ્રામાણિકતાથી એ કુટુંબનો વિશ્વાસ એમણે જીતી લીધો. દુર્ભાગ્યે નેમચંદભાઈનું પણ યુવાન વયે અવસાન થયું અને કુટુંબની સઘળી જવાબદારી ત્રીસ વર્ષની વયે મોતીચંદને માથે આવી પડી. એમણે વાડિયા શેઠના માર્ગદર્શન હેઠળ વહાણવટાના વ્યવસાયમાં બહુ ઝડપથી મોટી પ્રગતિ કરી હતી. તેઓ ક્રમે ક્રમે પોતાની માલિકીનાં વહાણો બાંધી તેના નૂરની આવક મેળવવા લાગ્યા હતા.

# વહાણવટાનો વેપાર

એ જમાનામાં મુંબઈના વહાણવટાનો વેપાર ધમધોકાર ચાલતો હતો. મુંબઈ એ એક વિકસતું જતું બંદર હતું. મુંબઈના બંદરેથી ઊપડેલાં વહાણો એક બાજુ સુરત, ભરૂચ, ખંભાત, ઘોઘા, ઓખા, માંડવી (કચ્છ), બહરીન, ઝાંઝીબાર, માડાગાસ્કર વગેરે બંદરો સુધી, તો બીજી બાજુ કોચીન, સિંહલદ્વીપ (શ્રીલંકા), પિનાંગ, જાવા અને ચીન સુધી જતાં. વહાણોની લાંબી સફર કરવાનું સહેલું નહોતું. સાહસિક વેપારીઓ ખલાસીઓ સાથે દૂર સફર ખેડતા અને હેમખેમ પાછા ફરે ત્યારે તેમનું મોટું સન્માન થતું. સારી ઋતુમાં સુરત, ભરૂચ, મુંબઈ વચ્ચેની સફર આનંદદાયક રહેતી, પણ ઠેઠ ચીન સુધીની સફર પૂરી કરીને પાછા ફરતાં એક વર્ષ કે તેથી વધુ સમય લાગતો.

વહાણવટાના વેપારમાં પોતાનાં વહાણો બાંધીને તેમાં માલની હેરફેરનું નૂર મેળવી સારી કમાણી કરી શકાતી તથા વહાણોમાં પોતાનો જ માલ દેશાવરમાં મોકલીને ત્યાં વેચીને ત્યાંથી નવો માલ ખરીદીને વહાણમાં લાવવામાં આવતો. આ રીતે જતાં અને આવતાં વહાણોના માલની કમાણી થતી. શેઠ મોતીશાહે આ વહાણવટાના વેપારમાં સારી તાલીમ મેળવી લીધી હતી અને પોતાની વેપારબુદ્ધિ, આવડત તથા હોંશિયારીથી ઘણી પ્રગતિ સાધી હતી. તે વખતે ભારતમાં ઘણાં જ મજબૂત અને સારાં વહાણ સુરત, દમણ વગેરે સ્થળે બનતાં હતાં અને એવાં મોટાં મોટાં સઢવાળાં ઘણાં વહાણો શેઠ મોતીશાહ પોતાની માલિકીનાં ધરાવતાં હતાં. એમનાં કેટલાંક વહાણોનાં નામ આ પ્રમાણે છે : (૧) કોન્ટે ડી રીઓ પારડો, (૨) કૉર્ન વૉલિસ, (૩) એડમોસ્ટિન, (૪) સૈયદ ખાન, (૫) મોતીચંદ અમીચંદ, (૬) બૉમ્બે, (૭) લેડી ગ્રાન્ટ, (૮) હોરમસજી બમનજી.

શેઠ મોતીશાહ નો વેપાર બહરીનથી ચીન સુધી ચાલતો હતો. સુરત, ભરૂચ, ઘોઘા વગેરે સ્થળે તેઓ અનેક વાર ગયા હશે, પરંતુ પિનાંગ કે

ચીન સુધી તેઓ ગયા હોય એવી કોઈ નોંધ મળતી નથી.

શેઠ મોતીશા અફીણ, સોનું, રૂપું, મોતી, ઝવેરાત, રેશમ વગેરેના વેપારમાં ઘણી બધી કમાણી કરવા લાગ્યા હતા. વહાણોના નૂર ઉપરાંત વીમાનો ધંધો પણ એમણે ચાલુ કર્યો હતો. થોડાં વર્ષોમાં તેઓ પોતાની પ્રામાણિક્તા, સાહસિકતા અને વેપારી કુનેહથી મુંબઈના અગ્રગણ્ય વેપારી બની ગયા હતા. ભારતનાં બંદરો ઉપરાંત અરબસ્તાન, જાવા, સુમાત્રા, ચીન, લંકા વગેરેનાં બજારોમાં તેમનું નામ મશહૂર બની ગયું હતું. મુંબઈના ગોરા વેપારીઓ અને અમલદારોમાં પણ તેમની પ્રતિષ્ઠા અંકિત થઈ ગઈ હતી.


**આજના માનવી પાસે સુખ સંપતીના**
**સાધનો મર્યાદિત કે ઓછા છે,**
**માટે તે દુઃખી નથી,**
**પરંતુ પોતાના કરતા બીજા પાસે**
**સુખ સંપતિના સાધનો ઘણા અને**
**વધારે છે, તેવી વિચારધારા અને**
**માન્યતા ના કારણે**
**આજનો માનવ દુઃખી દુઃખી છે.**

# પિતાશ્રીનું દેવું ચૂકવ્યું

પોતાની આર્થિક સ્થિતિ સારી થતાં શેઠ મોતીશાહ એ પોતાના પિતાશ્રીને માથે જે દેવું હતું તે બધું ચૂકવવાનું ચાલુ કરી દીધું હતું. અલબત્ત, એ વખતના કાયદા પ્રમાણે પોતાના પિતાનું દેવું ચૂકવવાની કોઈ જવાબદારી તેમની નહોતી તોપણ ઉદારતા અને નીતિમતાની ભાવનાથી તેમણે એ દેવું ચૂકવ્યું હતું. એ માટે કેટલોક વેપાર એમણે પોતાના પિતાશ્રીના નામથી કર્યો હતો અને એમાંથી થયેલો નફો દેવું ચૂકવવામાં વાપર્યો હતો. મુંબઈનો બાહાર નામના પુસ્તકમાં એના લેખક રતનજી ફરામજી વાછા પોતાની પારસી ગુજરાતી ભાષામાં લખે છે કે સકરમી પિતાનો સુપૂત જાણવો હોય તો આ લાયેકીવાલા શેઠ મોતીશાહ કરતાં બીજો ભાએગશાલી (ભાગ્યશાળી) કોઈને કદાચ જ મલી આવશે. આ શરીરમંત (શ્રીમંત) શેઠના બાપ જે કરજ રાખીને મરણ પામેઆ હતા તેની સાથે જો કે અગ્રેજી ધારા મુજબ તેઓને કશું લાગતુંવળગતું નોહતું તોપણ કુદરતથી ઊતરેલા નીતિ કાએદા (કાયદા) મુજબ તે દેવાનો હક અદા કરવાના હેતુથી તે મરહૂમને જુદો વેપાર પોતાના હસ્તકમાં ચાલુ રાખેઓ હતો. જેમાં સાચી દેઆંનતે (દાનતે) સચવાએલી ધારણા જારે રૂડી પેરે પાર ઊતરી તારે તેના વધારામાંથી માગનારાઓને ચૂકવી આપી પોતાના પિતા ઉપર કર્જાથી ચોટેલો દાઘ સફાઈ કીધો અને બાકી બચેલું નાણું ધરમ ખાતામાં વાપરી દીધું.

ઉપલી વાત હમો તો એક કાંહાંની જેવી જાણતા હતા, પણ તે વિશેની ખાતરી મેલવવાનો અંચીતેઓ (ઓચિંતો) અવકાશ જારે મિ. ડોસાભાઈ હોરમજજી ડોલાખાઉ નામના એક પારસી ગરહસથની

(ગૃહસ્થની) ચાકરીમાં રહીને તેમની સાથે હમો ચીન ગએલા તારે તેનાંની (તેમની) આડટે (આડતે) આગલાં વરસો પર આ શેઠીઆના હસ્તકથી તેમના પિતાને નામે રકમબંધ અફીન વેચવા માટે નોંધાઈ આવેલું તેમના જૂનાં દફતરો તપાસવાની જોગવાઈ મળે આ ઉપરથી માલૂમ પડેઊં (પડ્યું) હતું.



ક્ષણ નું સુખ એટલે મણનું પાપ અને ટનનું દુઃખ


## પારસી કુટુંબો સાથે ગાઢ સંબંધ

મોતીશાહ શેઠને પિતાશ્રીના વખતથી મુંબઈમાં પારસી અને યુરોપિયન કુટુંબો સાથે ઘણો ગાઢ સંબંધ હતો. આગળ જતાં પારસી અને યુરોપિયન વેપારીઓ વહાણવટાના ધંધાના મોતીશાહ શેઠની સલાહ લેતા અને શેઠ પણ નિ:સ્વાર્થ ભાવે સાચી સલાહ આપતા.

મોતીશાહ શેઠને શેઠ હોરમસજી બમનજી અને શેઠ જમશેદજી જીજીભાઈના કુટુંબની સાથે ઘરે જવા-આવવાનો ગાઢ વ્યવહાર પણ હતો. જમશેદજી જીજીભાઈએ પોતાની કારકિર્દીની શરૂઆત મોતીશાહને ત્યાં ગાડીવાન તરીકેની નોકરીથી કરી હતી. શેઠે પોતાના પહેલા વહાણનું નામ હોરમસજી રાખ્યું હતું, જે વાડિયા કુટુંબ સાથેના તેમના પ્રેમાદરભર્યા સંબંધને સૂચિત કરે છે. શેઠ હોરમસજી ગુજરી ગયા ત્યારે તેમના દીકરાઓ સગીર વયના હતા. શેઠ હોરમસજીએ મરતી વખતે પોતાના કુટુંબની દેખભાળ રાખવાનું કોઈ પારસી સગા -સંબંધીને નહિ, પણ મોતીશાહ ને સોંપ્યું હતું, અને પોતાના વસિયતનામામાં પણ એ પ્રમાણે લખ્યું હતું. મોતીશાહની વિશ્વસનીયતા કેટલી બધી હતી તેની પ્રતીતિ આ ઘટના કરાવે છે. હોરમસજીના અવસાન પછી મોતીશાહ ફરજ અને નિયમ તરીકે રોજ અચૂક એક વખત હોરમસજીના ઘરે આંટો મારી આવતા, છોકરાઓની સંભાળ લેતા અને તેમને કૌટુમ્બિક તથા ધંધાની બાબતમાં સાચી સલાહ આપતા. પારસી કુટુમ્બો સાથે ગાઢ મૈત્રી મોતીશાહના ઉદાચરિત, પ્રામાણિક, નિ:સ્વાર્થ અને પરગજુ સ્વભાવનો પરિચય કરાવે છે.

મુંબઈનો બાહાર નામના પુસ્તકમાં એના લેખક શેઠ રતનજી ફરામજી વાછા શેઠ મોતીશાહ વિશે લખે છે: હાવી જાહોજલાલીએ પોંહચેઆ તેની અગમજથી જ વાહાડીઆજી શેઠ હોરમજજી બમનજીનું ઘર પરમાણિક દલાલ તરીકે સારી નીતિથી સાચવી રાખેઆન (રાખ્યાના) પરતાપથી આ શેઠે એવી તો હોરમત હાંશેલ કરી લીધેલી

હતી કે મજકુર વાહાડીઆજી સાહેબ જારે સંવત ૧૮૮૨ની સાલમાં બહેસતનશીન થયા ત્યારે તેમના તરણે (ત્રણે) દીકરા નહાની વએના હોએઆને (વયના હોવાને) લીધે કુટુંબમાં બીજા ઘણાક પિતરાઈ ભાઈઓનો વસીલો હાજર છતાં પોતીકા વેપાર ખાતાનો તથા ઘરસંસારનો બોહલો વહીવટ આ મોતીશાહ શેઠના વીસવાસપણામાં નીરભએ (નિર્ભયથી) સોંપી ગયા હતા. જે કામ તેનાએ એવી તો બહાદુરી તથા ઇમાનદારીથી બજાવીંઆ કીધું કે જારે તે વારસો જેમ ઉંમરે પુગેઆ તેમ તેઓનો બાપીકો વહીવટ તેમને સુપરદ કરી મોહોટું માન મેલવેઊં હતું અને તે પછે બી પોતે વઈકુંઠવાસ થયા તાંહાં તુલીક વાદાડીઆજીના ઘેરની દેખરેખ કવચીત ભુલેઆ નહોતા, કેમ કે જારથી તેમના હસ્તકમાં વહીવટ આવેઓ તારથી દરરોજ એક ફેરો તેમને તાંદાં મારવાનો જે પથંગે પોતે પાડેલો હતો તે જ રાખેતો, વહીવટ છોડેઆ હઈઆતીની છેલ્લી ઘડી જારી રાખેઓ.



**શત્રુને નહિ.. શત્રુતાને મારો..**

# ભાયખલામાં શત્રુંજયની ટૂંક

શેઠ મોતીશાહ ના સમયમાં મુંબઈમાં ધર્મક્રિયા માટે કોઈ સગવડો નહોતી. જિનમંદિર પણ નહોતું. જૈનોની વસ્તી પણ ત્યારે થોડી હતી. એમના મોટા ભાઈ નેમચંદે કોટ વિસ્તારમાં શાંતિનાથ ભગવાનનું મંદિર બંધાવ્યું. ત્યાર પછી કોટ બહાર વસ્તી થવા માંડી એટલે એમણે તથા શેઠ મોતીશાહ એ બીજાઓના સહકારથી પાયધુની વિસ્તારમાં શાંતિનાથ ભગવાન, ગોડીજી પાર્શ્વનાથ અને ચિંતામણિ પાર્શ્વનાથનાં મંદિરો બંધાવવામાં મુખ્ય ફાળો આપ્યો. શેઠ મોતીશાહ ને ગોડીજી પાર્શ્વનાથમાં એટલી બધી દઢ શ્રદ્ધા હતી કે પોતાના પ્રત્યેક શુભ કાર્યમાં, હિસાબના ચોપડાઓમાં પહેલાં શ્રી ગોડીજી પારસનાથજી કરપા હોજો અથવા શ્રી ગોડીજી પારશનાથજી સાહેબની મંગલ હોજો લખીને પછી જ કાર્ય ચાલુ કરતા. પોતાના વસિયતનામામાં પણ એ પ્રમાણે જ એમણે આરંભમાં લખેલું હતું.

શેઠ મોતીશાહને શત્રુંજયની યાત્રામાં બહુ શ્રદ્ધા હતી. જ્યારે પોતે વહાણમાં ઘોઘા કે મહુવા જાય ત્યારે ત્યાંથી ગાડામાં બેસી પાલિતાણા જઈને તેઓ શત્રુંજયની યાત્રા કરવા વારંવાર જતા. પોતાને ધંધામાં સફળતા એને લીધે જ મળે છે એમ તેઓ માનતા. એમણે મુંબઈના લોકોને શત્રુંજય તીર્થની યાત્રા જેવો, લાભ મળે એ માટે ભાયખલામાં વિશાળ જગ્યા લઈ આદિશ્વર ભગવાનનું દેરાસર બંધાવ્યું અને સૂરજકુંડ, રાયણ પગલાં વગેરે કરાવી શત્રુંજયની આદિશ્વરની ટૂક જેવી રચના કરાવી હતી.

વિક્રમની ઓગણીસમાં શતકના ઉત્તરાર્ધમાં બનેલી આ ઐતિહાસિક ઘટના વિશે તે સમયે પૂજાની ઢાળોના સુપ્રસિદ્ધ રચયિતા પંડિત શ્રી વીરવિજયજી મહારાજે ભાયખલાનાં ઢાળિયાંની રચના સં. ૧૮૮૮માં ન કરી હોત તો કેટલીક મહત્ત્વની વિગતો ભુલાઈ ગઈ હોત. ભાયખલાના પોતાના બાગમાં દેરાસર કરવા માટે મોતીશાહ શેઠને દેવે સ્વપ્નમાં

આવીને કહ્યું હતું. અને રાજનગર (અમદાવાદ)ના દેરાસરમાંથી ઋષભદેવ ભગવાનનાં પ્રતિમાજી મગાવી તેની અહીં પ્રતિષ્ઠા કરાવો એવું સૂચન કર્યું હતું. એ દિવસોમાં રેલ્વેલાઇન નહોતી. નર્મદા અને તાપી નદી પર પુલ નહોતા. એટલે પ્રતિમા અમદાવાદથી જમીનમાર્ગે ભરૂચ મંગાવીને ત્યાંથી વહાણ દ્વારા સુરત બંદરે થઈ મુંબઈ લાવવામાં આવ્યાં હતાં. એ માટે પ્રતિમાજી રસ્તામાં અપૂજ ન રહે અને આશાતના ન થાય તેની સાવચેતી લેવામાં આવી હતી. પ્રતિમાજી માટે નવી પાલખી કરાવવા ઉપરાંત નવું વહાણ પણ મોતીશાહ શેઠે કરાવ્યું હતું.



**સ્વભાવ સુધરે તોજ માણસ સુધરે**

# ભાયખલાનાં ઢાળિયાં

પંડિત કવિ શ્રી વીરવિજયજી મહારાજ ભાયખલાનાં ઢાળિયાંની બીજી ઢાળમાં લખે છે :

સુણો શેઠ ! કહું એક વાત રે,
તુમે દાન ગુણે વિખ્યાત રે,
ભાગ્યદશા ફલી રે,
ભુઈખલિ કરાવ્યો બાગ રે,
મને પ્રગટ્યો દેખી રાગ રે,
તરુ ચંપક તિલક અશોક રે,
વલિ વેલડીયોના થોક રે.
ધવ તાલ તમાલ અખોડ રે,
જાઈ કેતકીયોના છોડ રે.

.........................................

વન શોભા કેતી વખાણું-
ગયું નંદનવન લજાણું રે.
વાડી ફરતી વાડીયો જૂની રે,
જિન મંદિરિયાં વિના સૂની રે.
જિનમંદિર એક કરાવો રે,
પ્રભુ ઋષભદેવ પધારાવો રે.
અમે રાજનગરમાં રહું છું રે,
તુજ પુણ્ય ઉદયથી કહું છું રે.
ગયો દેવ કહી ઈમ રાગે રે,
શુભવીર મોતીચંદ જાગે રે.

અમદાવાદથી હેમાભાઈ, બાલાભાઈ, ત્રિકમભાઈ વગેરે શ્રેષ્ઠીઓ વહાણમાં બેસી મુંબઈ આવી શકે એટલા માટે મોતીશાહ શેઠે પ્રતિષ્ઠાનું મુહૂર્ત ચોમાસું ઊતર્યા પછી દિવાળી પછી માગસર મહિનામાં રાખ્યું હતું. શ્રી મોતીચંદ કાપડિયા આ પ્રસંગ વર્ણવતાં લખે છે કે '' સં. ૧૮૮૫ના માગસર સુદ છઠ્ઠ, શુક્રવારનું બિંબપ્રવેશનું મુહૂર્ત નક્કી કરવામાં આવ્યું. આ પ્રતિષ્ઠા કરવા માટે મોતીચંદ શેઠના દિલમાં બહુ ઉત્સાહ હતો. એ કાર્ય દ્વારા તેઓ પોતાની ધનપ્રાપ્તિનું અને મનુષ્યજીવનનું સાફલ્ય સમજતા હતા. તે પ્રસંગ માટે અનેક પ્રકારની તૈયારી તેમણે કરી હતી. ખાસ માણસોને અમદાવાદ મોકલવામાં આવ્યા. તેમણે પાલખી તૈયાર કરાવી. શેઠની વતી મૂળનાયક આદિનાથ આદિ પ્રતિમાઓને પાલખીમાં પધરાવી અને કોઈ પણ પ્રકારની આશાતના ન થાય તે રીતે સર્વે વ્યવસ્થા કરીને જમીનમાર્ગે ૧૬ પ્રતિમાજીને ભરુચ લઈ આવ્યા. આખે રસ્તે નહાઈ-ધોઈ, બરાબર સ્વચ્છતા રાખી ખૂબ જયણાપૂર્વક પ્રતિમાજી ભરૂચ પહોંચ્યાં, પછી ત્યાં વહાણ તૈયાર કરાવ્યું. એ વહાણમાં પણ પૂજા તથા ધૂપની બરાબર વ્યવસ્થા કરવામાં આવી હતી. સુરત એ વહાણ રોકાયું અને અનુકૂળ પવને બહુ થોડા વખતમાં મુંબઈ પહોંચ્યું. મોતીશાહ શેઠે અતિભાવપૂર્વક પ્રભુનું સામૈયું કર્યું.''

**શિક્ષણ સુધરે તોજ માણસ સુધરે**

# જલયાત્રાનો વરઘોડો

આ પ્રસંગનું વર્ણન કરતાં પંડિત શ્રી વીરવિજયજી મહારાજે લખ્યું છે.

''પરુણાંગત પ્રભુને પધરાવી મોતીશા નિજ મંદિર આવી
ચિંતે; મુજ ઘર સુરતરુ ફલિયાં, વલી મોં માગ્યા પાસા ઢલીયા.
સવી સંઘ તિહાં ભેલો કરીયો, જિન આણા-તિલક શિરે ધરીયો;
જોશીએ મુહૂરત ઉચરીયો, દેશાવર લખી કંકોતરીયો.
ગામ ગામ તે વાંચી લોક ઘણા પરશંસે મારગ પુણ્ય તણા;
આ કાલે પુણ્યવંત થયો, એની નજરે દાલિદ્ર દૂર ગયો. ''

એ શુભ અવસરે જલયાત્રાને મોટો વરઘોડો ચડાવવામાં આવ્યો હતો. સુહાગણ સ્ત્રીઓએ માથે જળકળશ લીધા હતા. શેઠાણી દિવાળીબાઈએ રામણદીવડો લીધો હતો. હાથી, ઘોડા, રથ, ઘોડવેલ (ઘોડાગાડી), અષ્ટમંગળ, ધૂપ, દીપ, ચામર, છત્ર, ઇન્દ્રધ્વજ, ભેરીભૂંગળ વગેરે વડે આ વરઘોડો એવો તો શોભતો હતો કે વીરવિજયજી મહારાજ કહે છે તેમ ટોપીવાળા અંગ્રેજ હાકેમો પણ તે જોઈને બહુ જ હરખાતા હતા. આ પ્રસંગનું વર્ણન કરતાં પંડિત વીરવિજયજી મહારાજે લખેલી નીચેની પંક્તિઓ આજે પણ સ્નાત્રપૂજા કે પ્રક્ષાલપૂજા વખતે બોલાય છે :

''લાવે લાવે મોતીચંદ શેઠ નવણ જલ લાવે રે ;
નવરાવે મરુદેવીનંદ, પ્રભુ પધરાવે રે.''

આમ, ભાયખલાની પોતાની વાડીમાં મોતીશાહ શેઠે શત્રુંજયની ટૂક જેવું ભવ્ય સરોવર બંધાવ્યું હતું અને તેમાં મૂળનાયક તરીકે આદિશ્વર ભગવાનની પ્રતિમાજીને બિરાજમાન કર્યાં હતાં અને એની બરાબર સામે પુંડરિક સ્વામીનાં પ્રતિમાજી પધરાવવામાં આવ્યાં હતાં. દેરાસરના ઊંચા શિખરની રચના એવી રીતે કરવામાં આવી હતી અને શિખરમાં પણ જિનેશ્વર ભગવાનનાં પ્રતિમાજી એવી રીતે પધરાવવામાં આવ્યાં હતાં કે જેથી પોતાના બંગલામાં બેઠાં બેઠાં શેઠને એ પ્રતિમાજીનાં, શિખરનાં અને ધજાનાં દર્શન રોજ રોજ થયા કરે. દેરાસરના વિશાળ પટાંગણમાં શત્રુંજય તીર્થનો પટ બાંધવાની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

## રામજી સલાટને સોનાનાં ઘરેણાંની ભેટ

શેઠ મોતીશાએ મુંબઈમાં જિનમંદિરો બંધાવવા માટે સૌરાષ્ટ્રમાંથી સલાટોને બોલાવવાનો વિચાર કર્યો હતો. પોતે મહુવા થઈને પાલિતાણા વારંવાર જતા અને મહુવાનું દેરાસર રામજી નામના સલાટે બાંધ્યુ હતું અને એના કામની ખૂબ પ્રશંસા થઈ હતી એથી મોતીશા રામજી સલાટને પોતાની સાથે વહાણમાં મુંબઈ લઈ આવ્યા હતા. ભાયખાલની વાડીમાં દેરાસર બાંધવાનું કામ રામજી સલાટને સોંપાયું હતું. તદ્દુપરાંત ગોડીજી અને અન્ય દેરાસરોનું પણ કેટલુંક કામ રામજી સલાટને સોંપાયું હતું, ભાયખલામાં રામજી અને એના કુટુંબને માટે રહેવાની સગવડ પણ શેઠે કરી આપી હતી.

ભાયખલાના દેરાસરમાં બિંબપ્રવેશ મહોત્સવ-પ્રતિષ્ઠા મહોત્સવ સં. ૧૮૮૫ના માગસર સુદ છઠ્ઠ ના રોજ થયો હતો. રામજી સલાટે એટલું સારું કામ કર્યું હતું કે શેઠે પ્રતિષ્ઠા મહોત્સવના પ્રસંગે જાહેર સભામાં રામજી સલાટને પહેરામણી તરીકે સુંડલી ભરીને સોનાનાં ઘરેણાં આપ્યાં હતાં. શેઠ આ રીતે રામજી સલાટના કાર્યની ભારે પ્રશંસા કરી હતી.

ત્યાર પછી શેઠે રામજી સલાટને શત્રુંજય ઉપર દેરાસર બાંધવા માટેનું કામ પણ સોંપ્યું હતું. એ કામ પણ ધમધોકાર ચાલતું હતું. એ કામ નિમિત્તે રામજી સલાટને વારંવાર મુંબઈ આવવાનું થતું.

રામજી સલાટને પોતાનું મહેનતાણું સારા પ્રમાણમાં મળતું હતું. પરંતુ કેટલાક લોકોને પેસા આવતાં ઉડાવવાની ટેવ પડી જાય અને કરજ લાગી જાય તેવું રામજી સલાટની બાબતમાં પણ બન્યું હતું. એમણે શિહોરના એક સંબંધી પાસેથી ઉધાર લીધેલી એથી મોટી રકમ ચૂકવવાની આવી હતી. એટલે એમણે મોતીશાહે આપેલાં ઘરેણાં વેચવા શેઠનાજ મહેતાજી શ્રી વીરચંદભાઈને આપ્યાં. શેઠને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે એમને થયું કે પોતે ભેટ આપેલાં ઘરેણાં રામજી સલાટ વેચી દે એ બરાબર ન કહેવાય. એટલે એમણે રામજી સલાટને બોલાવી, શિહોરના સંબંધીનો બધો હિસાબ મગાવી, ચૂકતે કરી આપ્યો હતો અને એનાં ઘરેણાં બચાવી આપ્યાં હતાં. શેઠ મોતીશાની કદર કરવાની દૃષ્ટિનો, ઉદારતા અને સહાનુભૂતિનો પરિચય આ પ્રસંગ કરાવી જાય છે.

## ભાયખલાના જિન મંદિરનું માહાત્મ્ય

ભાયખલામાં શત્રુંજયની ટૂક થતાં મુંબઈમાં કાર્તકી અને ચૈત્રી પૂર્ણિમાને દિવસે ભાયખલાની યાત્રાએ જવાનો રિવાજ પડી ગયેલો, જે આજે દોઢ સૈકા પછી પણ ચાલુ રહ્યો છે. તે સમયે કેટલાય લોકો ભાયખલાના જિન મંદિરની નવ્વાણુંમી પગપાળા યાત્રા કરતા. શેઠ મોતીશાને પોતાની ઘોડાગાડીમાં બેસી રોજ ભાયખલા દર્શન કરવા જવાનો નિયમ હતો. જિંદગીનાં છેલ્લાં વર્ષોમાં એમણે ત્યાં બંગલો બંધાવી તેમાં કાયમ રહેવાનું ચાલુ કર્યું હતું.

શેઠ મોતીશાને ધર્મકરણીમાં બહુ શ્રદ્ધા હતી એટલે કેટલીક ધર્મક્રિયાઓ તેઓ નિયમ તરીકે કરતા. મુંબઈમાં હોય કે બહારગામ હોય, તેઓ સવારમાં જિનમંદિરે પૂજા કરવા જવાનું ચૂકતા નહિ. તેઓ મહુવા, ઘોઘા, ખંભાત, ભરૂચ કે સુરત બંદરેથી ઘણી વાર વહાણમાં મુંબઈ આવવા નીકળતા. મુંબઈ પાસે અગાશી બંદરે પહોંચતા સવાર થઈ જતી અથવા રાત પડી જતી અને ત્યાં કોઈ કોઈ વાર રાત્રિમુકામ કરવાની જરૂર પડતી. એટલે પોતાનો જિનપૂજા કરવાનો રોજનો નિયમ બરાબર સચવાય એટલા માટે એમણે અગાશી મંદિરે દેરાસર બંધાવ્યું હતું (ત્યારે અગાશીનો દરિયો આટલો દૂર નહોતો).



**પ્રશંસા સાંભળવી અને પછી ગમે તેનું નામ અહંકાર છે.**

# ગોરાઓ સાથે સંઘર્ષ

મુંબઈમાં ત્યારે કોટ વિસ્તારમાં મુખ્ય વસ્તી ગોરાઓની હતી. બંદરની બાજુ ગોરા સૈનિકોને રહેવા માટે બેરાકો હતી. સુખી, શ્રીમંત જૈન, હિન્દુ, પારસી વગેરે લોકો કોટ વિસ્તારમાં રહેતા હતા. ગરીબ લોકો, ભંડારીઓ, માછીમારો કોટ બહાર છૂટાછવાયાં ઝૂંપડાંમાં રહેતા. કોટમાં ગોરા લોકોના વિસ્તારમાં મોટી આગ લાગી હતી અને ઘણાં ઘરો બળી ગયાં હતાં. તે વખતે ગોરા લોકોએ પોતાની સરકાર સમક્ષ માગણી કરી હતી કે દેશી લોકોને કોટ બહાર કાઢવામાં આવે અને કોટ વિસ્તાર ફક્ત ગોરા લોકો માટે જ રાખવામાં આવે, પરંતુ મોટા મોટા જૈન, હિન્દુ, પારસી વેપારીઓએ તેનો સખત વિરોધ કર્યો હતો અને છેવટે સરકારને નમતું આપવું પડ્યું હતું.

ગોરા અંગ્રેજ લોકોની સરકાર સાથે આ રીતે સંઘર્ષની શરૂઆત થઈ હતી. એવામાં એક બીજી મહત્ત્વની ઘટના સામે દયાળુ જૈનો અને હિન્દુઓને અવાજ ઉઠાવવો પડ્યો હતો. જેમાં પારસીઓ અને મુસલમાનો પણ જોડાયા હતા. છેવટે એ સમસ્યાનું પણ અંગ્રેજોને સમાધાન કરવું પડ્યું હતું.

અંગ્રેજોનું ત્યારે રાજ્ય ચાલતું હતું. મુંબઈની ત્યારે સાઠ હજારની વસ્તી હતી. એ વખતે શેરીઓમાં કૂતરાંઓનો ત્રાસ બહુ વધી ગયો હતો. એકાદ હડકાયા કૂતરાનો બનાવ બન્યો એટલે અંગ્રેજોએ હુકમ છોડ્યો કે મુંબઈનાં બધાં કૂતરાંઓને મારી નાખવામાં આવે. તરત જ કૂતરાંને મારી નાખવાનું કામ ચાલુ થયું. રોજ સંખ્યાબંધ કૂતરાંના શબના ઢગ ખડકાયા. આ દૃશ્ય કંપાવનારું હતું. શેઠ મોતીશાનો જીવ કકળી ઊઠ્યો. એમણે બીજા અગ્રણીઓને વાત કરી. જૈન અને હિન્દુ પ્રજાની લાગણી દુભાઈ હતી એ તો ખરું, પણ પારસીઓનાં દિલ પણ આ હત્યા જોઈને દ્રવી ગયાં હતાં. અંગ્રેજ સરકાર સામે તે સમયે લોકોએ મોટું બંડ પોકાર્યું હતું.

આખા મુંબઈએ હડતાળ પાડી હતી. ઠેરઠેર ભયંકર તોફાનો થયાં હતાં. પ્રજાને અંકુશમાં રાખવા માટે પોલીસ પૂરતી ન પડી એટલે સરકારે લશ્કરને બોલાવ્યુ. બંદૂકની અણીએ લશ્કરે શહેરને શાંત પાડી દીધું હતું. કેટલાક લોકો માર્યા ગયા હતા. કેટલાક ઘવાયા હતા. સેંકડો લોકોની ધરપકડ થઈ હતી. કોર્ટમાં કેસ દાખલ થયા. કેટલાય લોકોને વરસ-બે વરસની કેદની સજા થઈ. કેટલાક પુરાવાના અભાવે કોર્ટમાં નિર્દોષ ઠર્યા, પરંતુ કેસ ચાલ્યો ત્યાં સુધી જામીનના અભાવે ચાર-છ મહિના જેલની હવા ખાધી. કેટલાક જામીન આપીને છૂટી ગયા અને પછી કોર્ટમાં નિર્દોષ ઠર્યા. અંગ્રેજોએ દેશી લોકોને સત્તાના બળે દબાવી દીધા. અંગ્રેજો સામે મુંબઈનો પહેલવહેલો બળવો કૂતરાંહત્યા નિમિત્તે થયો.

પૈસા જેમ તિજોરીમાં હોય .....
તેમ પ્રભુ તો હૃદયમાં જ હોય ....

## પાંજરાપોળની સ્થાપના

આ બાબતમાં કશુંક કરવું જોઈએ એવી ભાવના મુંબઈના અનેક દયાળુ લોકોને સ્ફૂરી. એમાં શેઠ મોતીશાએ આગેવાની લીધી. કૂતરાંને ગામ બહાર પાંજરાપોળ બાંધી તેમાં રાખવામાં આવે અને તેના નિભાવની જવાબદારી મહાજન ઉઠાવે એવી દરખાસ્ત સરકાર સમક્ષ રજૂ કરીને કૂતરાં ન મારવાનું વચન મહાજને અંગ્રેજ સરકાર પાસેથી લીધું.

શેઠ મોતીશાના આ કાર્યમાં જૈનો ઉપરાંત હિન્દુઓ, પારસીઓ, વહોરાઓ વગેરે સૌ સાથે જોડાયા. પેસા વગર આવું કાર્ય થઈ શકે નહિ. કોઈકે તો મોટો ભોગ આપવો પડે. થોડા વખત પહેલાં શેઠ મોતીશાએ કાવસજી પટેલના તળાવ (સી.પી.ટેન્ક)ની પાસે આવેલી કાવસજી શેઠની વિશાળ વાડીમાંની જગ્યામાંથી મોટી જગ્યા રૂા. ૬૦,૦૦૦/- માં પોતાને માટે ખરીદી લીધી હતી. કોટ બહાર પાંજરાપોળ કરવા માટે એ જગ્યા યોગ્ય લાગી. તેમણે પોતાની એ જગ્યામાંથી રૂા. ૧૮૦૦૦/-ની કિંમતની જગ્યા પાંજરાપોળ કરવા માટે ભેટ આપી. ઉપરાંત પાંજરાપોળ બાંધકામ માટે એટલી જ મોટી રકમ આપી. જુદા જુદા શ્રેષ્ઠીઓ પાસે ઉઘરાણું કર્યું અને તેમાં પણ સારી રકમ મળી. પારસી ગૃહસ્થોએ પણ તેમાં ઘણો સારો ફાળો આપ્યો. એમાં સર જમશેદજી જીજીભાઈ અનેશે બમનાજી હોરમસજી વાડિયાએ ઘણી મોટી રકમ નોંધાવી હતી. સૌથી વધુ ફાળો જૈનોનો હતો. તેત્રીસ જેટલા જનગૃહસ્થોએ મળીને લગભગ દોઢ લાખ રૂપિયા એકઠા કર્યા હતા.

પાંજરાપોળનો વિચાર કૂતરાંની રંજાડને લીધે થયો, પણ એમાં ગાય, બળદ, ઘેટાં, બકરાં, ઉંદર, કબૂતર વગેરે જીવો માટે પણ વ્યવસ્થા થઈ. દિવસે દિવસે પાંજરાપોળમાં ઘણાં ઢોર આવતાં ગયાં, નિભાવખર્ચ ઘણું મોટું થઈ ગયું.

દોઢસો વર્ષ પહેલાં મુંબઈમાં કોટમાં શાંતિનાથ ભગવાનનું દેરાસર

બંધાયું હતું. તેમાં પણ સૌથી મોટો ફાળો શેઠ મોતીશાનો હતો. એ દેરાસરની બાજુમાં જ તેમણે પોતાને રહેવા માટે મકાન બાંધ્યું. હતું તે દિવસોમાં મુંબઈના શ્રાવકોને જૈન સાધુઓનો યોગ સાંપડતો નહિ, કારણકે ગુજરાતમાંથી મુંબઈ તરફ આવતાં વચ્ચે વસઈના દરિયાની ખાડી આવતી હોવાથી પગપાળા વિહાર કરીને મુંબઈ સુધી પહોંચવાની સાધુઓને અનુકૂળતા નહોતી. વૈષ્ણવ મંદિરમાં મોટી હવેલીમાં ગોસાંઈજી મહારાજ રહેતા. શહેરના પવિત્ર પુરુષ તરીકે લોકોને તેમના પ્રત્યે અત્યંત પૂજ્યભાવ હતો. લોકોને તેઓ હવેલીના મંદિરમાં ભગવાનનાં દર્શન કરાવતા અને ઉપદેશ આપતા. આવા ધર્મપુરુષ પોતાને ત્યાં પધારે એ બહુ આનંદમય પ્રસંગ ગણાતો. જૈન અને વૈષ્ણવ વચ્ચે ત્યારે ભેદ નહોતો. જૈનો પણ હિન્દુઓ સાથે એકરૂપ બનીને રહેતા. દાનવીર ના બિરુદને શોભાવે એવા ઉદારદિલ શેઠ મોતીશાહ પ્રત્યે તમામ કોમને અત્યંત આદર હતો, કારણકે એમણે બધી કોમ માટે ઘણી મોટી સખાવતો કરી હતી.

**બાળકમાં પોષક તત્વો એ ....**

**માતૃભાષા અને માતૃવાત્સલ્ય ....**

# મોતીશાં અને ગોસાંઈજી મહારાજ

એક દિવસ મોતીશા શેઠના ઘરે હવેલીના ગોસાંઈજી મહારાજની પધરામણી થઈ. મોતીશા શેઠ માટે દિવસ અપરંપાર આનંદનો હતો. ગોસાંઈજી મહારાજની આગતા-સ્વાગતા માટે મોટા પાયા પર બધી તૈયારીઓ થઈ ગઈ. ગોસાંઈજી મહારાજ મોતીશાહ શેઠને ત્યાં પધાર્યા. પરસ્પર ધર્મની ઘણીબધી ચર્ચા થઈ અને મુંબઈના જીવનની પણ વાતો થઈ. મોતીશા શેઠે પધરામણીની ભેટ તરીકે ચાંદીના મોટા થાળમાં અનેક કીમતી રત્નો સાથે રૂપિયા પંદર હજાર ગોસાંઈજી મહારાજને ચરણે ધર્યા અને કહ્યું કે " પોતાને જેમ યોગ્ય લાગે તેમ એ રકમ વાપરે. " જે જમાનામાં સરેરાશ માસિક પગાર એક-બે રૂપિયા જેટલો હતો તે જમાનામાં રૂપિયા પંદર હજારની ભેટની કલ્પના કરવી જ અશક્ય. ગોસાંઈજી મહારાજ તો આશ્ચર્યમુગ્ધ બનીને જોઈ જ રહ્યા. તેમણે કહ્યું, શેઠ આટલા બધા રૂપિયા ન હોય.

શેઠે કહ્યું, " પ્રેમથી આપનાં ચરણોમાં ધર્યા છે અને આપે એ સ્વીકારવાના જ છે. "

ગોસાંઈજી મહારાજ મોતીશા શેઠના પ્રેમનો અસ્વીકાર કરી શક્યા નહિ. તેમણે ગળગળા થઈને કહ્યું , " શેઠ, મારા લાયક કોઈ કામ હોય તો કહેજો."

" અમારે તો શું કામ હોય ? આપને કંઈ મારું કામ હોય તો જરા પણ સંકોચ રાખશો નહિ. "

ગોસાંઈજી મહારાજના મનમાં હતું કે શેઠ મોતીશા માટે કંઈક તો કરી છૂટવું જોઈએ. તેમણે ફરી આગ્રહપૂર્વક કહ્યું," શેઠ, આપ તો ઘણા શ્રીમંત છો. બધું કરી શકો તેમ છો. તેમ છતાં સેવાનું એકાદ કામ મને ચીંધશો તો મારા જીવને આનંદ અને સંતોષ થશે. "

મોતીશા શેઠે કહ્યું, '' અનેક જીવોનું કલ્યાણ થાય એ જ મારી ભાવના છે. મુંબઈમાં અત્યારે મોટો પ્રશ્ન તો મૂંગાં જનાવરોનો છે. ગોરા લોકો તેને નિર્દયતાથી મારી નાખે છે. બિચારા જનાવરોનું કોઈ નથી. મેં પાંજરાપોળનું કામ ઉપાડ્યું છે. એ માટે પુષ્કળ પૈસા આપ્યા છે, પરંતુ એ તો ઘણો મોટો નિભાવ ખર્ચ માગી લે એવું ગંજાવર કામ છે. પેઢીઓ સુધી તે ચલાવવાનું છે. આપને ઠીક લાગે તો તે માટે કોઈ ગૃહસ્થને યથાશક્તિ પ્રેરણા કરશો તો આનંદ થશે. '' એટલું કહેતામાં તો મોતીશા શેઠની આંખો ભીની થઈ ગઈ.

જે દેશની સ્ત્રીઓ વેપારી બને તે .....
દેશની પ્રજા વિકારી બને .....

## ગોસાંઈજી મહારજનું વચન

ગોસાંઈજી મહારાજે કહ્યું, " શેઠજી ગૌમાતા અને બીજા મૂંગા જનાવરો પ્રત્યે આપમે દયા નહિ બતાવીએ તો કોણ બતાવશે ? શેઠજી, તમારું કામ એ આપણા સૌનું કામ છે. આપે નિભાવ ફંડની વાત કરી તો એની જવાબદારી હવે મારા માથે. આવતી કાલે એ થઈ જશે. "

" આવતી કાલે ? એક દિવસમાં તો તે કેવી રીતે થાય ? એમાં તો દર વર્ષે લાખો રૂપિયા જોઈએ. "

" શેઠજી, એ હું જાણું છું, પરંતુ તમે મારામાં વિશ્વાસ રાખો. એ જવાબદારી હવે મારા માથે છે. આવતી કાલે એ થઈ જશે. "

મોતીશા શેઠ ગોસાંઈજી મહારાજનો જવાબ સાંભળી વિચારમાં પડી ગયા. તેમને એમની વાતમાં વિશ્વાસ બેસતો નહોતો. ગોસાંઈજી મહારાજ એકલે હાથે તો કેટલું કામ કરી શકે ?

બીજે દિવસે સવારે વૈષ્ણવ લોકો મંદિરમાં મંગળાનાં દર્શન કરવા માટે એકઠા થયા, પરંતુ મંગળાનાં દર્શન હજુ ખૂલ્યાં નહોતાં. રોજ કરતાં મોડું થયું. લોકો અધીરા થયા. તપાસ કરતાં ખબર પડી કે ગોસાંઈજી મહારાજે પોતે જ તે પ્રમાણે સૂચના આપી છે. લોકો આકળા થયા. ધમાલ મચી ગઈ. આગેવાન વૈષ્ણવો મહારાજ પાસે પહોંચ્યા. ગોસાઈજી મહારાજે સ્પષ્ટ કહ્યું કે " જ્યાં સુધી પાંજરાપોળના નિભાવની ટીપ નહિ થાય ત્યાં સુધી દર્શન ખૂલશે નહિ, અને ત્યાં સુધી હું અન્નપાણી પણ લઈશ નહિ. "

આ સમાચાર વાયુવેગે આખા મુંબઈમાં પ્રસરી ગયા અને હિન્દુ તેમ જ અન્ય સમાજમાં હાહાકાર મચી ગયો. હજારો લોકો કામધંધો પડતો મૂકીને મંદિરમાં એકઠા થઈ ગયા. કેટલાક વૈષ્ણવોને મંગળાનાં દર્શન પછી અન્નપાણી લેવાનો નિયમ હતો. તેઓ ભૂખ્યા થયા. પરંતુ ગોસાંઈજી

મહારાજ પોતાના નિર્ણયમાં મક્કમ હતા. કંઈક માર્ગ કાઢવો જ જોઈએ એમ બધાને લાગ્યુ. મુંબઈના બધા મહાજનોના આગેવાનો તરત એકત્ર થયા, વાટાઘાટો ચાલી. જીવદયાનું કામ મહત્ત્વનું છે એ સૌના હૈયે વસ્યું હતું. એટલે એમાં સહકાર આપવા સૌએ તત્પરતા બતાવી. મુંબઈ બંદર પર તો મોટા પાયે માલની હેરફેર થતી. એના પર લાગો નાખવામાં આવે તો પાંજરપોળના નિભાવ માટે, જીવદયાના કામ માટે આપોઆપ નિયમિત મોટી રકમ મળ્યા કરે અને વખતોવખત ઉઘરાણાં કરવાં ન પડે.



નાની નાની વાતમાં ટોક ટોક કરવાથી
દુર્ભાવ થાય, કલેશ થાય.

# જીવદયા માટે ટીપ

ગોસાંઈજી મહારાજ પ્રત્યે સૌ નગરજનોને બહુ આદર હતો. એમણે કોઈ સ્વાર્થનું નહિ, પણ પરમાર્થનું, મૂંગાં જનાવરો પ્રત્યે દયાનું કામ હાથમાં લીધું હતું. એમાં અંગત કોઈનો સ્વાર્થ નહોતો. એમાં ભારતીય ધર્મપંરપરાની ઊંચી ભાવના હતી. સાડાચારસો જેટલા હિન્દુ, જૈન, પારસી અને વહોરા આગેવાન વેપારીઓએ અને મહાજનના અગ્રણીઓએ તાબડતોબ માંહોમાંહે વાટાઘાટો કરીને સ્વેચ્છાએ હોંશથી અને સર્વાનુમતે નીચે પ્રમાણે લાગો નક્કી કરી લીધો.

| | રૂ.આપ્યા |
|---|---|
| • રૂ પર દર સુરતી ખાંડીએ | ૦-૪-૦ |
| • અફીણની દરેક પેટી પર | ૧-૦-૦ |
| • ખાંડ-દેશાવરથી આવતી ખાંડના દરેક દાગીના પર | ૦-૧-૦ |
| • ખાંડ-મોરસ-દેશાવરથી આવતા દરેક દાગીના પર | ૦-૦-૬ |
| • હૂંડી-મુંબઈથી લખાતી અથવા | |
| • મુંબઈમાં સ્વીકારાતી હૂંડી પર દર સેંકડે | ૦-૦-૩ |
| • મોતીની ખરીદી પર દર સેંકડે | ૦-૪-૦ |

લાગાની આ શરતો નક્કી થઈ ગઈ એટલે બધા મહાજનના અગ્રણીઓ ગોસાંઈજી મહારાજ પાસે પહોંચ્યા. એમના હાથમાં ખરડો આપ્યો. સહીસિક્કા થયાં. ગોસાંઈજીના હર્ષનો પાર રહ્યો નહિ. એમ કરતાં લગભગ બપોર વેળા થઈ ગઈ. ગોસાંઈજી મહારાજે મહાજન સમક્ષ લાગાનો ખરડો વાંચી સંભળાવ્યો ને તે બધાને સ્વેચ્છાએ, હોંશથી કબૂલ-મંજૂર છે એમ પાકુ જાણી લીધું. ત્યાર પછી ભગવાનનાં દર્શન ખુલ્લાં મૂક્યાં. લોકોએ ગોસાંઈજી મહારાજને પારણું કરાવ્યું. જીવદયાનું એક ઉત્તમ કામ થયું, બેથી લોકોના હર્ષનો પાર ન રહ્યો.

મુંબઈની પાંજરપોળ માટે આ લાગાની રકમ વિ.સં. ૧૮૯૧ના નવા કાર્તિકી વર્ષથી લેવાનું નક્કી કરવામાં આવ્યું. લાગાની આ શરત પ્રમાણે

પાંજરપોળને દર વર્ષે લગભગ ત્રણ લાખ રૂપિયા જેટલી ઘણી મોટી રકમ મળવા લાગી. લગભગ દોઢસો વર્ષ પહેલાં દર વર્ષે ત્રણ લાખ રૂપિયા જેટલી આ જંગી રકમ મળતાં ગાય, બળદ, કૂતરાં અને બીજાં મૂંગાં પ્રાણીઓના નિભાવ માટે પાંજરાપોળને કશી જ ચિંતા નહિ રહી હોય. શેઠ મોતીશા અને ગોસાંઈજી મહારાજના પ્રખર પુણ્યની એ પ્રતીતિ કરાવે છે.

સી.પી.ટૅન્ક પાસેની પાંજરાપોળની વિશાળ જગ્યામાં અનેક ઢોર-જનાવરોને રાખવામાં આવતાં હતાં. એમ છતાં વધુ અને વધુ ઢોર-જનાવરો આવવાં લાગ્યાં હતાં. જગ્યા સાંકડી પડવા લાગી. થોડાં વર્ષો પછી એ બધાંને સમાવવાનો પ્રશ્ન ઊભો થયો ત્યારે શેઠ મોતીશાએ એ પરિસ્થિતિ જોઈને તે સમયના મુંબઈની નજીક ચીમડ (ચાંબુડ-ચેમ્બુર) નામના આખા ગામની જમીન પોતાના ખર્ચે વેચાતી લઈ લીધી અને ત્યાં હજારો જાનવરોને રાખવામાં આવ્યાં. દોઢસો વર્ષ પહેલાં શેઠ મોતીશા, ગોસાંઈજી મહારાજ અને પારસી સદ્‌ગૃહસ્થોએ જીવદયાનું કેવું ભગીરથ કાર્ય કર્યું હતું તેનો ખ્યાલ મુંબઈનો જૂનો ઇતિહાસ વાંચતાં આવે છે.

ફીજે તનને, ટી.વી. એ મનને, સહ શિક્ષણે યૌવનને,
અનીતિએ ધનને ભ્રષ્ટ કર્યું.

## પારસીઓનો ફાળો

પારસીઓ માંસાહારી હતા તોપણ શેઠ મોતીશાના સંપર્કમાં આવ્યા પછી જીવદયાના કામમાં હોંશથી લાગી ગયા હતા. એમાં શેઠ જમશેદજી જીજીભાઈ, શેઠ બમનજી હોરમનજી વાડિયા શેઠ ખરદેસજી ફરદુનજી પારેખ વગેરે પારસી આગેવાનોએ મુંબઈની પાંજરાપોળના વિકાસમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. વર્ષો સુધી પાંજરપોળનો વહીવટ અને હિસાબ શેઠ જમશેદજી જીજીભાઈની પેઢીમાં રહેતો.

મુંબઈની પાંજરપોળ નામની આ સંસ્થા આજે પણ એ જ સ્થળે વિદ્યમાન છે. શેઠ મોતીશાના તપના તેજની આપણને એ હજુ પણ યાદ અપાવે છે.

મુંબઈના નાગરિક જીવનની ભવ્ય ગાથારૂપ આ ઐતિહાસિક ઘટના અનેકને માટે પ્રેરણારૂપ બની રહે એવી છે.

શેઠ મોતીશાના પારસીઓ સાથેના અત્યંત ગાઢ સંબંધે પાંજરાપોળની સ્થાપનામાં મહત્ત્વનો હિસ્સો આપ્યો છે. પાંજરપોળની સ્થાપનામાં જમીન વગેરે આપવામાં તથા ખર્ચ પેટે મોટી રકમ આપવામાં મોતીશા સૌથી મોખરે હતા, છતાં તેમની ઉદારતા એટલી બધી હતી કે પાંજરપોળના મુખ્ય વહીવટકર્તા તરીકે એમણે શેઠ જમશેદજી જીજીભાઈ બેરોનેટની નિમણૂક કરાવી હતી. તેઓ બંને વચ્ચે સગા ભાઈ જેટલો પ્રેમ હતો. એમના આ નિખાલસ ગાઢ પ્રેમ વિશે મુંબઈનો બાહાર નામના પુસ્તકમાં એના લેખક શેઠ રતનજી ફરામજી વાછા લખે છે :

મરહૂમ સર જમસેદજી જીજીભાઈ બારોનેટ સાથે આ શેઠને એવી તો પરીતી (પ્રીતિ) જોડાઈ રહી હતી કે તે બેહુ સાહેબો જાણે એક જ જીગરમાંથી ઉતપન થએલા હોય તેવા એખલાસથી વેપારનું મહાભારત કામ એકસરખાં વીચારથી જે સંપુરણ રીતે તેઓ પાર ઉતારી સખતા

હતાં તેનું વરણન જેટલું જણાવીએ તેટલું થોડું જ કહેવાય કેમકે તે વખત ઉપર પારસીઓમાં જેમ મરહુમ બારોનેટ સાહેબ તેમજ હીંદુઓમાં આ મોતીશાહ શેઠ પહેલે વાગેના પરમાણીક વેપાર તથા વહાણાંવટી ગણતા હતાં અને તે સાહેબોના બોહલા વેપારને લીધે હજારો માણસોની રોજી બી ચાલતી હતી. તેમાં નાતજાતનો કશોએ અંતરો જાણે આવે ના. સરવેની સરખી આંખે જોઈને મહેરબાણ દીલથી પાલતાં હતાં. એટલું જ નહિ પણ પરજા (પ્રજા) ઉપયોગીના હરકોઈ કામમાં બી સરવેથી પહેલાં દરજ્જાની આગેવાની તેઓ જ લેતા હતા.

ધર્મનું મૂળ દયા છે. જ્યાં સુધી પ્રાણ છે
ત્યાં સુધી દયા છોડાવી નહી.

# ઉદારતાના પ્રેરક પ્રસંગો

પોતાના પર જાણતાં-અજાણતાં કોઈએ પણ કરેલા નાના-મોટા ઉપકારની ખબર પડે તો તેનો બદલો કેમ વાળવો એની લગની શેઠ મોતીશાને હંમેશાં રહેતી. એક પ્રસંગ યાદગાર છે. તેમને અમદાવાદના શેઠ હઠીસંગ કેસરીસંગ સાથે કૌટુંબિક સંબંધ હતો. શેઠ હઠીસંગે જ્યારે ગિરનારનો સંઘ કાઢ્યો હતો ત્યારે ચોરવાડ ગામે સંઘના અને ગામના માણસો માટે પોતાના તરફથી જમણવાર કર્યો. પરંતુ એ જમણવાર શેઠ મોતીશા તરફથી છે એવું એમણે નોતરું ફેરવ્યું હતું. એ જમણ પેટે એમણે રૂપિયા સાત હજારનો ખર્ચ કર્યો હતો. મોતીશાહને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે શેઠ હઠીસંગની બીજાને જશ આપવાની ઉદારતા અને મોટાઈનો તેમને ખ્યાલ આવ્યો એ ઋણ ચૂકવવાના આશયથી પોતાના વેપારમાં ચીન મોકલાવેલ અફીણની કેટલીક પેટીઓ શેઠ હઠીસંગના નામથી મોકલાવી અને એના નફા પેટે મળેલા રૂપિયા ત્રણ લાખ કોઈ શુભ કાર્યમાં વાપરવા માટે શેઠ હઠીસંગને આગ્રહપૂર્વક મોકલી આપ્યા હતા. રૂપિયા સાત હજારનો બદલો રૂપિયા ત્રણ લાખથી શેઠ મોતીશાએ વાળ્યો હતો.

શેઠ મોતીશાની ઉદારતા, વત્સલતા અને વ્યવહારદક્ષતાનો બીજો એક પ્રસંગ નોંધાયેલો છે. મુંબઈથી તેઓ ચીન માટે અફીણની પેટીઓ ચડાવતા ત્યારે કલકત્તાના બંદરે વહાણ રોકાતાં. એમનાં આડતિયાઓ તેમાં ઘાલમેલ અને ગોટાળા કરતા. કલકત્તા બંદરેથી પોતે નવો માલ ચડાવવા માટે સૂચના આપતા ત્યારે એમાં પણ ત્યાંના વેપારીઓ ગેરરીતિ કરતા. આથી કોઈક વિશ્વાસુ અને નીડર માણસને કલકત્તા મોકલવાની જરૂર હતી. એ દિવસોમાં મુંબઈથી કલકત્તા પગપાળા અને ગાડારસ્તે પહોંચતાં ત્રણ મહિના થતા હતા. રસ્તામાં જોખમ રહેતું. વળી, ત્યાંની બંગાળી ભાષા પણ જુદી એટલે કોઈ જવા તૈયાર થતું નહિ.

એ વખતે માંગરોળથી આવેલા સાધારણ સ્થિતિના શેઠ નાનજી જેકરણને આર્થિક સહાય કરીને મોતીશાહ શેઠે સારું ધન કમાવી આપ્યું હતું એટલે મોતીશા શેઠની ભલામણથી નાનજી જેકરણ કલકત્તા જવા તૈયાર થયા. તેમણે ત્યાં જઈ મોતીશા શેઠના માલમાં થતી ગોલમાલ અટકાવી દીધી હતી.

ત્યાર પછી એક વખત છેક ચીન સુધી જવાની જરૂરી પડી, તો તે માટે પણ નાનજી શેઠે તૈયારી બતાવી. તેઓ ચીન ઊપડ્યા. વહાણમાં અનુકૂળ હવામાન અનુસાર ચીન સુધી જવું અને પાછા આવવું એમાં છથી બાર મહિના લાગતા. ક્યારેક અનુકૂળ હવામાન ન મળે તો બે વર્ષ પણ લાગતાં. નાનજી શેઠ મોતીશા શેઠનું વહાણ અને તેમનો માલ લઈને ચીન જવા માટે ઊપડ્યા, પણ બે વરસ સુધી પાછા ન આવ્યા એટલે ચિંતા થઈ. રખેને વહાણ ડૂબી ગયું હોય, ચાંચિયાઓ ઉપાડી ગયા હોય અથવા ચીનમાં કંઈ ઉપદ્રવ થયો હોય કે બીજી કોઈ ઘટના બની હોય. આથી મોતીશા શેઠે નાનજી શેઠનાં બૈરી-છોકરાના નિભાવની જવાબદારી પોતાના માથે લઈ લીધી. વળી, તેમને માટે એક મોટું મકાન ખરીદીને તેની માલિકી તેઓની કરી આપી કે જેથી એના ભાડાંની આવકમાંથી એ કુટુંબનું કાયમ ગુજરાન ચાલે. વળી,મોતીશા શેઠ જાતે એ કુટુંબની દેખભાળ પણ રાખવા લાગ્યા હતા.

આ વાતને કેટલાંક વર્ષો વીતી ગયાં. નાનજી શેઠ હયાત નથી એમ સૌએ સ્વીકારી લીધું, પરંતુ બાર વર્ષે એક વહાણ મુંબઈના બારામાં આવ્યું. એણે બંદૂકના ધડાકા કર્યા. મુંબઈના લશ્કરને લાગ્યું કે કોઈ આક્રમણ કરવા આવ્યું લાગે છે એટલે લશ્કર સાબદું થઈ ગયું, પણ પછી વહાણ પાસે આવ્યું ત્યારે જણાયું કે આ તો નાનજી શેઠનું વહાણ છે. બાર વર્ષે નાનજી શેઠ પાછા આવ્યા. કુટુંબ સાથે અને મોતીશા શેઠ સાથે મેળાપ થયો. ચીનમાં સારો વેપાર ધંધો થવા લાગ્યો એટલે નાનજી શેઠ ત્યાં વધુ

રોકાઈ ગયા હતા. એમના પાછા આવવાથી બધે હર્ષ છવાઈ ગયો. મોતીશા શેઠે એ વહાણના માલ દ્વારા લાખો રૂપિયાની જે કમાણી થઈ હતી તે બધી કમાણી આટલું બધું કષ્ટ ઉઠાવનાર નાનજી શેઠને આપી દીધી. વળી, પોતાનું એ વહાણ પણ નાનજી શેઠને ભેટ તરીકે આપી દીધું.

મોતીશા શેઠની ઉદારતાની ભારે પ્રશંસા થઈ. ચીનની સફર કરી આવવા બદલ નાનજી શેઠ ચીનાઈ તરીકે ઓળખાવા લાગ્યા. શેઠ નાનજી ચીનાઈએ પણ ત્યાર પછી પોતાની શુભ ભાવના દર્શાવવા શત્રુંજય પર મોતીશાહની ટૂંકમાં એક દેરાસર પોતાના તરફથી બંધાવ્યું હતું.

ધાક અને લાડનો સરવાળો .....
...... એનું જ નામ વડીલ પણુંય

# પાલિતાણામાં ધર્મશાળા

શેઠ મોતીશાએ મુંબઈ ઉપરાંત અન્ય સ્થળોએ જે કેટલાંક મહત્ત્વનાં કાર્યો કરાવ્યાં તેમાં પાલિતાણામાં ધર્મશાળા અને શત્રુંજય તીર્થ પર ટૂક બંધાવી તે કાર્યો ઘણાં જ મહત્ત્વનાં રહ્યાં છે.

શત્રુંજય તીર્થની વારંવાર યાત્રાએ જતાં યાત્રાળુઓને પડતી અગવડનો ખ્યાલ મોતીશાને આવ્યો હતો. પાલિતાણામાં એક મોટી ધર્મશાળાની ઘણી આવશ્યકતા છે એમ વિચારી એ સમયે લગભગ રૂપિયા છયાશી હજારના ખર્ચે એમણે વિશાળ ધર્મશાળા બંધાવી હતી. પાલિતાણામાં એ પ્રથમ વિશાળ ધર્મશાળા બંધાઈ હતી. એનું મહત્ત્વ આજ દિવસ સુધી એટલું બધું રહ્યું છે કે શત્રુંજયની યાત્રાએ જે કોઈ સંઘ આવે તેના સંઘપતિને પ્રવેશતિલક સૌપ્રથમ શેઠ મોતીશાના નામથી કરાય છે.

શેઠ મોતીશાહ પોતાના વેપારમાં દિવસે દિવસે વધુ અને વધુ ધન કમાવા લાગ્યા હતા અને તે પ્રમાણે તેઓ દાનમાં મોટી મોટી રકમ આપવા લાગ્યા હતા. દાનમાં ધર્માદા-કાર્યો માટે આપેલી રકમ ઘણુંખરું તેઓ પોતાના સ્વર્ગસ્થ પિતાશ્રી અમીચંદ સાકરચંદના નામથી લખાવતા.

એ જમાનામાં આવકવેરાના એવા કાયદા નહોતા કે માણસને પરાણે દાન કરવું પડે. મોટાં મોટાં દાન આપવાનો ગુણ, હૃદયની વિશાળતા અને ઉદારતાનો ગુણ એમના લોહીમાં હતો. એમના વહાણવટાના વ્યવસાયમાં જકાતની બાબતમાં રૂપિયા તેર લાખ જેટલી જંગી રકમનો વાંધો અંગ્રેજ સરકાર સાથે પડ્યો હતો. એ મામલામાં પોતે જો જીતી જાય તો સરકાર પાસેથી પાછી મળતી રકમ શત્રુંજય પર્વત પર ટૂક બંધાવવામાં ખર્ચવાનો એમણે શુભ સંકલ્પ કર્યો હતો. મોતીશા પોતાની ધર્મશ્રદ્ધાને બળે વિજયી બનતાં તરત શત્રુંજય પર જિનમંદિર બાંધવાની એમને ભાવના થઈ. એ માટે એમણે અનુકૂલ જગ્યાની તપાસ કરાવી, પરંતુ ડુંગર ઉપર સરખી વિશાળ જગ્યા મળવી મુશ્કેલ હતી. મોતીશાની ભાવના વિશાળ કલાત્મક જિનમંદિર બંધાવવાની હતી. બધી દૃષ્ટિએ વિચાર કરતાં એમ

લાગ્યું કે આદિશ્વર દાદાની ટૂકની બાજુમાં આવેલું કુંતાસર નામનું નાનું તળાવ પૂરી દેવામાં આવે અને ભરણી કરી જમીન ઊંચી અને સમથળ કરવામાં આવે તો ત્યાં વિશાળ દેરાસર થઈ શકે. તળાવ અને એનો લગભગ બસો ફૂટ ઊંડો ખાડો પૂરવામાં ઘણો બધો ખર્ચ થાય, પરંતુ શેઠે ખર્ચની સામે જ જોતાં સ્થળની વિશાળતા અને મંદિરની કલાત્મકતાને વધુ પ્રાધાન્ય આપ્યું. ત્રણ શિખર, ત્રણ ગભારા અને ત્રણ મજલાનું દેવવિમાન જેવું મુખ્ય દેરાસર બાંધવાનું નક્કી થયું. બીજાં પણ દેરાસરોની યોજના થઈ.

એ સમયે જિનમંદિર માટે ડુંગર પર અનુકૂળ જગ્યાની પસંદગી કરવા જ્યારે મુંબઈથી વહાણમાં શેઠ મોતીશા પાલિતાણા ગયા ત્યારે અમદાવાદના નગરશેઠ શેઠ હેમાભાઈ પણ પાલિતાણા આવ્યા હતા. શત્રુંજય પર્વત પર ફરીને યોગ્ય જગ્યાની તપાસ કરવા તેઓ બંને ઇચ્છતા હતા. શેઠ હેમાભાઈને પણ શત્રુંજય પર ટૂક બંધાવવાની ભાવના હતી. એક ટેકરી પર અદ્‌ભુત (અદબદજી દાદા)ની ટૂક હતી. ત્યાં ઊભાં રહીને તેઓ બંને ચારે બાજુ નજર કરી વિચાર કરતા હતા. વચ્ચે કુંતાસરની બસો ફૂટ ઊંડી વિશાળ ખીણ હતી. ઉપરથી ખીણનાં માણસો વેંત જેટલા દેખાતા. ખીણ પૂરવામાં આવે તો વિશાળ સપાટ જગ્યા મળે અને યાત્રિકોને ખીણની ચડઊતર કરવાની તકલીફ ન પડે, પરંતુ આવડી મોટી ખીણ પૂરવાનો વિચાર આવવો એ જ સ્વપ્ન જેવી નવાઈની વાત ગણાય. શેઠ મોતીશાએ જ્યારે એ વિચાર દર્શાવ્યો ત્યારે શેઠ હેમાભાઈ આશ્ચર્યમુગ્ધ બની ગયા હતા. અલબત્ત, શેઠ મોતીશાહની શક્તિની તેમને ખબર હતી. તેમણે કહેલું કે ''શેઠ મોતીશાહ, તમે તો મુંબઈમાં કોલાબાની ખાડી પુરાતી જોઈ છે એટલે પુરાણ કરી જગ્યા મેળવવાનો વિચાર તમને સ્ફૂરે એ સ્વાભાવિક છે. વળી, તમે તો તમારી પોતાની માલ ભરેલી વખારોમાંથી એક વખારનો માલ ઠાલવી દો તોપણ કુંતાસરની ખીણ પુરાઈ જાય. તમારી શક્તિની કંઈ વાત થાય ?''

ખીણ પૂરવાની સ્વપ્ન જેવી વાત શેઠ મોતીશાએ નક્કર હકીકતની જેમ પુરવાર કરી આપી. ખીણ પૂરવાનો નિર્ણય થયો અને ત્યાં બાંધકામ

ચાલુ થયું. શત્રુંજય પર્વત પર વિશાળ પટાંગણ તૈયાર કરી ત્યાં બેનમૂન ભવ્ય ટૂક બાંધવાની શેઠ મોતીશાની ભાવના સાકાર થવા લાગી.

કોઈના પ્રત્યે મનમાં અણગમો થાય
તે ક્રોધની સાબિતી છે.

## ટૂંકનું બાંધકામ અને શેઠની ઉન્નત ભાવના

શત્રુંજય ઉપર ટૂંક બાંધવાનું કાર્ય ચાલુ થતાં શેઠ મોતીશાનો ઉમંગ એકદમ વધી ગયો હતો; બીજી બાજુ આ નિર્ણય થતાં વેપારમાં તેમને ઘણી ફત્તેહ મળવા લાગી હતી. શત્રુંજય ઉપર ટૂંક બાંધવા માટે તેમણે એક આખું વ્યવસ્થાતંત્ર ઊભું કરી દીધું હતું. શિલ્પ અને સ્થાપત્યની બધી જવાબદારી સુપ્રસિદ્ધ મિસ્ત્રી રામજી સલાટને સોંપવામાં આવી હતી. સાત-આઠ વર્ષ સુધી સતત ચાલનાર આ કામને માટે કેટલાક માણસો તો કુટુંબસહિત પાલિતાણામાં આવીને વસ્યા હતા.

પાલિતાણામાં આ કામકાજને માટે રોજેરોજ માણસોની વૃદ્ધિ થવા લાગી હતી. તેમની રહેવાની અને જમવાની વ્યવસ્થા બરાબર કરવામાં આવી હતી. એ દિવસોમાં પાણીના નળ નહોતા એટલે બધાને પાણી બરાબર મળી રહે અને પ્રતિષ્ઠાના દિવસોમાં આવેલા સંઘોના માણસોને ચોવીસ કલાક પાણી મળી રહે એ માટે એક ખાસ મોટી વાવ ખોદાવવામાં આવી હતી. લોકો એને 'મોતીવાવ' કહેતા. કેટલાક લોકો એ વાવમાં ઉતરીને પાણી ભરતા, તદુપરાંત કોશ દ્વારા એમાંથી આખો દિવસ પાણી કાઢવામાં આવતું. (પાલિતાણામાં નળ આવ્યા પછી પડતર રહેલી એ વાવ પુરાઈ ગઈ છે.)

શેઠ મોતીશા જ્યારે જ્યારે મુંબઈથી ઘોઘા-મહુવા જવાના હોય ત્યારે ત્યારે પાલિતાણા જઈ દેરાસરના બાંધકામ પર જાતે દેખરેખ રાખતા. કેટલીક વાર એ માટે જ ખાસ મુંબઈથી પાલિતાણા જતા. એમના જેવા મોટા વેપારીને ઘણા બહોળા વેપારને કારણે મુંબઈમાં સતત હાજર રહેવું અનિવાર્ય થઈ પડતું, તો પણ વચ્ચે વચ્ચે સમય કાઢી તેઓ પાલિતાણા જઈને કામકાજ નિહાળી આવતા. કેટલીક વાર પોતાના માણસોને તે માટે મોકલતા. આ બધા કામની મુખ્ય જવાબદારી એમના મુખ્ય મુનીમ શેઠ અમરચંદ દમણીની રહેતી. તેઓ પણ શેઠની જેમ જ આ બધા કામનો વહીવટ કરવામાં ઘણા કુશળ હતા. મોતીશાએ એ ટૂકમાં પોતાના મુનીમ, આડતિયા વગેરેનાં નામથી પણ મંદિરો-દેરીઓ

બંધાવી આપવાની યોજના કરી હતી.

શેઠે શત્રુંજય પર જિનમંદિર બંધાવવાનો નિર્ણય કર્યો ત્યારે એમની ઉંમર ૪૭ વર્ષની હતી. એમણે અંદાજ મૂકી જોયો હતો કે કુંતારસનો ખાડો પૂરી ત્યાં જિનમંદિર બાંધવું હોય તો તે ઘણાં વર્ષોનું કામ કહેવાય, કારણકે ગાડામાર્ગે આરસ અને બીજા પથ્થરો લાવવા અને ડુંગર પર ચઢાવવા એ ઘણું કપરું કામ હતું, પરંતુ એ કામ શક્ય તેટલાં ઓછાં વર્ષોમાં તેઓ પૂરું કરાવવા માંગતા હતા, કારણકે એ દિવસોમાં માણસનું સરેરાશ આયુષ્ય પણ બહુ લાંબુ નહોતું. શેઠે મંદિર ઝડપથી બંધાવવા માટે શત્રુંજય પર ૧૧૦૦ કારીગરો અને ૩૦૦૦ જેટલા મજૂરોને કામે લગાડ્યા હતા. ખર્ચની સામે શેઠે પાછું વાળીને જોયું નહોતું. કુંતાસરનો ખાડો જો ફક્ત માટીથી પૂરીને તરત એના પર મંદિર બાંધવામાં આવે તો પાયો ઢીલો થઈ જાય એવી દહેશતના કારણે એમણે છેક નીચેથી પથ્થરનું પુરાણ કરાવ્યું અને પાયો પણ એટલો નીચેથી લીધો કે જેથી દેરાસરને સેંકડો વર્ષ સુધી કોઈ આંચ ન આવે. ડુંગર પર બધા પથ્થરો ચડાવવા માટે એ જમાનામાં કુલ એંસી હજાર રૂપિયાનાં તો દોરડાં વપરાયાં હતાં.

આ વિશાળ કાર્ય માટે પથ્થર ઘડનાર સલાટો અને શિલ્પીઓ ધ્રાંગધ્રા, હળવદ, વઢવાણા, ધોરાજી, અમરેલી, ગોંડલ, જૂનાગઢ, રાજકોટ, જામનગરથી અને રાજસ્થાનના મકરાણાથી બોલાવવામાં આવ્યા હતા. મજૂરી માટે તળાજાના મજૂરો આવ્યા હતા. મુંબઈ-કોંકણના ઘાટીઓને પણ ત્યાં લઈ જવામાં આવ્યા હતા. પાસેના ઘેટી અને આદપર ગામના કોળી લોકો પણ સખત મજૂરીનું કામ કરતા. સેંકડો-હજારો મજૂરો અને સલાટોને કારણે પાલિતાણાનું વાતાવરણ સતત ગાજતું થઈ ગયું હતું. પાલિતાણાની વસ્તી કરતાં બહારથી આવીને કામ કરનારાઓની સંખ્યા વધુ હતી. તેઓ દરેકને રોજ અનાજ, ઘી, ગૉળ વગેરે આપવા ઉપરાંત દૈનિક પગાર ચૂકવવામાં આવતો.

આ ભવ્ય ટૂક માટે પાંચ હજારથી વધુ પ્રતિમાઓ ઘડવાનું નક્કી થયું હતું કે જેમાંથી ત્રણ હજાર સુંદર પ્રતિમાઓની પસંદગી થઈ શકે તથા અન્ય સંઘોને પણ આપી શકાય. એ માટે શિલ્પીઓને પાલિતાણામાં

બોલાવી લાવવામાં આવ્યા હતા. શેઠ મોતીશાની ભાવના એટલી ઊંચી હતી કે પથ્થરમાંથી પ્રતિમા ઘડતી વખતે પણ શિલ્પીઓ નાહીધોઈ, પૂજાનાં કપડાં પહેરી, મુખકોશ બાંધી પ્રતિમા ઘડે. મુખમાંથી દુર્ગંધ ન આવે એટલા માટે દરેકને સવારે કેસર, કસ્તૂરીનો મુખવાસ આપવામાં આવતો. શૌચાદિ ક્રિયા ઉપરાંત વાછૂટ થાય તો પણ શિલ્પીઓએ ફરી સ્નાન કરી લેવાનું રહેતું. વળી, રસોડામાં વાનગીઓ પણ એવી બનાવવામાં આવતી કે જેથી બહુ વાયુ ન થાય અને વાછૂટ ન થાય. વળી, પ્રતિમાજીને ઘડતી વખતે ઊંધાં કરવાની કે બે પગ વચ્ચે દબાવવાની પણ મનાઈ હતી.

શેઠ મોતીશાએ શત્રુંજય પર ટૂક બંધાવવાનુ કાર્ય પુરજોશમાં કરાવ્યું, પરંતુ છએક વર્ષ પછી એમની તબિયત લથડવા લાગી. એમની ઉંમર હજુ ત્રેપન વર્ષની હતી. એ દિવસોમાં વૈદકીય તપાસનાં એવાં સાધનો નહોતાં કે બીમારી કેવા પ્રકારની અને કેટલી ગંભીર છે તે તરત પકડી શકાય, પરંતુ તેમનું શરીર દિવસે દિવસે ઘસાતું જતું હતું. પોતે હવે વધુ સમય નહિ કાઢી શકે એમ એમને પોતાને સમજાઈ ગયું હતું એટલે એમણે પોતાની મિલકતનું વસિયતનામું વેળાસર કરાવી લીધું હતું.

મોતીશાનો જીવ ઘણો ઉદાર અને નીતિમય હતો. પોતાની યુવાવસ્થામાં, પિતાના અવસાન પછી થોડું ધન કમાયા કે તરત જ એમણે બધા લેણદારોને બોલાવી પિતાનું દેવું ચૂકતે કરી દીધું હતું. યુવાનીમાં એમણે જેમ આ કામ કર્યું તેમ ઉત્તરાવસ્થામાં પોતાની ગંભીર માંદગીને લીધે અંત સમય પાસે આવી રહ્યો છે એમ જાણીને પોતાના હિન્દુ, જૈન, મુસલમાન, ખ્રિસ્તી વગેરે જે કંઈ કરજદારો હતા અને પૈસા ભરવાને અશક્ત હતા તેઓ દરેકને બોલાવી-બોલાવીને તેમની દેવાની રકમ માંડી વાળી હતી. પેઢીના ચોપડે પણ તે પ્રમાણે લખાવીને તે દરેકના ખાતામાં હિસાબ ચૂકતે કર્યો કે જેથી કરીને પોતાના અવસાન પછી એ દેવાદારોને કોઈ કનડગત કરે નહિ. આ રીતે એમણે કુલ એક લાખ રૂપિયાથી વધુ રકમ દેવાદારો પાસેથી જતી કરી હતી. પોતાના અવસાન પૂર્વે એમણે આ બહુજ મહત્ત્વનું માનવતાનું કાર્ય કર્યું હતું. જ્યાં નાણાં આપવાની અપેક્ષા

નહોતી ત્યાં પોતે નાણાં આપીને ઋણમુક્ત થવું એને જ્યાં નાણાં લેવાની અપેક્ષા છે ત્યાં નાણાં લીધા વગર બીજાઓને ઋણમુક્ત કરવાં એ સરળ વાત નથી. એમાં શેઠની ઉદારતા, ઉદાત્તતા, માનવતા અને દીર્ઘદૃષ્ટિનાં સુભગ દર્શન થાય છે.

શેઠ મોતીશા એ રીતે ચોપડે લખેલી રકમો માંડી વાળી હતી, પરંતુ ચોપડે લખ્યા વગર નાનીમોટી રકમની મદદ તો ઘણા લોકોને એમણે કરી હતી. એ દિવસોમાં ધર્માદામાં એમણે ખર્ચેલી મોટી મોટી રકમોનો સરવાળો અઠ્ઠાવીસ લાખ રૂપિયાથી વધુ થાય છે. પોતાના વસિયતનામામાં પોતાના પુત્રને મળનારી મિલકત તો ત્યારે એમની પાસે પાંત્રીસ લાખ રૂપિયાથી વધુ હતી, જે જમાનામાં મજૂરો અને કારીગરોને આખા દિવસની મજૂરી એક આનો (છ પૈસા) મળતો એ દિવસોમાં શેઠ મોતીશાની સંપત્તિ અને દાનની રકમો આશ્ચર્યમુગ્ધ કરી દે એવી છે. ઐતિહાસિક પુરાવા ન હોય તો લોકો આને કપોળ કલ્પના કહે.

શેઠ મોતીશાને શત્રુંજય પર પ્રતિષ્ઠા કરાવવાની અદમ્ય ભાવના હતી, પરંતુ ભાવિ કંઈક જુદું જ હતું. તેમણે પોતાના પુત્ર ખીમચંદભાઈને ભલામણ કરતાં કહ્યું હતું, મારે પ્રતિષ્ઠા જરૂર કરવી છે, પણ ગોડીજી મહારાજનો હુકમ હશે તેમ થશે. મારું શરીર પડી જાય તો શોક કરવો નહિ, શોક પાળવો નહિ, લીધેલ મૂરત ફેરવવું નહિ અને મારી ખોટ જણાવા દેવી નહિ.

પ્રતિષ્ઠાનું મુહૂર્ત સં. ૧૮૯૩ના મહાવદ બીજનું હતું, પરંતુ સં. ૧૮૯૨ના પર્યુષણ દરમિયાન ભાદરવા સુદ એકમ ને રવિવારના રોજ, મહાવીર-જન્મ-વાંચનને દિવસે મુંબઈમાં શેઠ મોતીશાનો ચોપન વર્ષની વયે સ્વર્ગવાસ થયો. એમના સ્વર્ગવાસના સમાચાર ચારે બાજુ પ્રસરી ગયા. મુંબઈમાં અને બીજાં નગરોમાં બજારો બંધ રહ્યાં. એક મહાન સિતારો આથમી ગયો. કેટલાય લોકોની આંખમાંથી આંસુ વહ્યાં.

## જમશેદજી જીજીભાઈની ઉદારતા

શત્રુંજય પર પ્રતિષ્ઠા થાય તે પૂર્વે જ શેઠ મોતીશાનું અવસાન થયું હતું, પરંતુ એમની ઇચ્છાનુસાર પ્રતિષ્ઠાનો કાર્યક્રમ બંધ રહ્યોનહિ. એમના પુત્ર ખીમચંદભાઈએ પ્રતિષ્ઠાના મહોત્સવ માટે સંઘ કાઢીને પાલિતાણા જવાનું જ્યારે નક્કી કર્યું ત્યારે મુંબઈમાં સંઘનું પ્રયાણ થાય તે વખતે સર શેઠ જમશેદ જીજીભાઈએ એવી ઇચ્છા વ્યક્ત કરી હતી કે શેઠ ખીમચંદભાઈ સંઘ સાથે બંદર પર વહાણમાં બેસવા જતાં પહેલાં રસ્તામાં પોતાના ઘરે પગલાં કરે. એ પ્રસગે ખીમચંદભાઈને એક લાખ રૂપિયા ભેટ-પહેરામણી તરીકે આપવાની શેઠ જમશેદજીની ભાવના હતી. એ માટે એમણે ખીમચંદભાઈને વિધિસર વિનંતી કરી. ખીમચંદભાઈ પોતે જમશેદભાઈને ઘરે જવા માટે ઉત્સુક હતા, પરંતુ કેટલાક અતિશ્રદ્ધાળુ જૈનોએ આગ્રહપૂર્વક એવું કહ્યું કે સંઘ કાઢીને શુભ ધર્મકાર્ય માટે નીકળીએ તે વખતે કોઈ પારસીના ઘરે પગલાં ન થાય. ખીમચંદભાઈએ શેઠ જમશેદજીને જણાવ્યું કે પોતે આવી શકે તેમ નથી અને તે માટે અત્યંત દિલગીરીપૂર્વક ક્ષમા માગી.

સંઘપ્રયાણને દિવસે-પોષ સુદ સાતમ, સં. ૧૯૯૩ના રોજ મુંબઈમાં ભવ્ય વરઘોડો નીકળ્યો હતો. બૅન્ડવાજાં સાથે નીકળેલો એ વરઘોડો દોઢ માઈલ લાંબો હતો. આખું મુંબઈ એ જોવા માટે ઊમટ્યું હતું. શેઠ ખીમચંદભાઈ અને એમનાં ધર્મપત્ની ગુલાબબેહન હાથી પર અંબાડીમાં બેઠાં હતાં. આખા શહેરમાં ફરી સંઘ વહાણોમાં બેસવા માટે બંદર જવાનો હતો. ટોપાવાળા અંગ્રેજો, મોટા અધિકારીઓ સહિત આ વરઘોડો જોઈને આશ્ચર્યમુગ્ધ થયા હતા.

સંઘ સીધો જ્યારે બંદરે ગયો ત્યારે જમશેદજીએ મોટું ઉદાર મન રાખીને અને શેઠ મોતીશાના પોતાના પર થયેલા અનેક ઉપકારોને યાદ કરીને બંદર પર જઈને ખીમચંદભાઈને એક લાખ રૂપિયા ભેટ ધર્યા હતા.

ખીમચંદભાઈએ એ ભેટ-રકમ પ્રેમથી સ્વીકારી હતી.

લગભગ દોઢસો વર્ષ પહેલાં લાખ રૂપિયા એ રકમ નાનીસૂની નહોતી. મોતીશાહે અન્ય કોમના લોકો સાથે પણ કેવા ગાઢ સંબંધો બાંધ્યા હશે અને નિ:સ્વાર્થભાવે અનેક લોક પર કેટલા ઉપકારો કર્યા હશે તે આવી ઘટનાઓ દ્વારા સમજાય છે. એમની સુવાસ કેટલી બધી હશે કે એમના અવસાન પછી માત્ર એ પુણ્યાત્માનાએક માત્ર સ્મરણને લક્ષમાં રાખીને, અનાદર થતો હોય તોપણ થવા દઈને સર જમશેદજી બેરોનેટ જેવી ખ્યાતનામ વ્યક્તિ પોતાના મિત્રના પુત્રને લાખ રૂપિયા જેવી રકમ ભેટ આપવા બંદર પર સામેથી પહોંચી જાય એ ઘટના શેઠ મોતીશા અને શેઠ જમશેદજી બંને કેવા દરિયાવદિલ હતા તેનો પરિચય કરાવે છે.

**આબરૂ પ્રમાણે નહીં, પણ આવક**
**પ્રમાણે જીવશો તો શાંતિ પામશો.**
**નહીં તો, આબરૂ સાચવવામાં**
**દેવાના ડુંગર નીચે દબાણને તમે**
**બેઆબરૂ બની જશો.**

## શત્રુંજય યાત્રા સંઘ

શેઠ મોતીશાના અવસાન પછી એમની અંતિમ સમયની ઇચ્છાને માન આપીને એમનાં પત્ની દિવાળીબહેન તથા પુત્ર ખીમચંદભાઈએ શત્રુંજય પર પોતાના પિતાએ બંધાવેલ નવી ટૂકમાં પ્રતિષ્ઠા કરવાનું નક્કી કર્યું. જે જમાનામાં પાઈ અને પૈસાની પણ ઘણી મોટી કિંમત હતી એ જમાનામાં લાખો રૂપિયા ખર્ચી સરસ સંઘ કાઢવાની અને પ્રતિષ્ઠા કરાવવાની ભાવના મોતીશાનાં પત્ની દિવાળીબહેન અને એમના પુત્ર ખીમચંદભાઈએ કરી હતી.

શેઠ મોતીશાનો ઘણો બહોળો વેપાર ચાલતો હતો, એટલે એમની પેઢીના મુખ્ય સૂત્રધારોની વહીવટશક્તિ ઘણી સારી હોય એ દેખીતું છે. વળી, મોતીશા શેઠની અપાર ઉદારતાને કારણે તેઓ બધા પ્રેમ અને ઉત્સાહથી વહીવટી જવાબદારી ઉપાડી લે એ સ્વાભાવિક છે. એમનાં સલાહ-સૂચનો અને સહકારથી દિવાળીબહેન અને ખીમચંદભાઈએ પ્રતિષ્ઠા-મહોત્સવની તૈયાર કરાવી દીધી હતી. શેઠ મોતીશાના અવસાન પછી એમનાં ધર્મપત્ની દિવાળીબહેન ખૂણો પાળતાં હતાં અને એમની તબિયત જરા પણ સારી રહેતી નહોતી. વળી મુસાફરીનો શ્રમ તેઓ ખમી શકે એમ નહોતાં. તોપણ શેઠ મોતીશાની અંતિમ ઇચ્છાને માન આપી તેઓ પ્રતિષ્ઠાના શુભ કાર્ય માટે પાલિતાણા આવવા તૈયાર થયા હતાં.

એ દિવસોમાં રેલવે નહોતી. ગાડારસ્તે અને પગપાળા માણસો અવરજવર કરતા. રસ્તામાં ચોર-લૂંટારાઓનો ભય રહેતો. જંગલી-હિંસક પ્રાણીઓની પણ બીક રહેતી એટલે સામાન્ય લોકો તો જ્યારે સંઘ નીકળતો હોય ત્યારે જાત્રા કરવા જઈ શકતા.

ખીમચંદભાઈનું સકળ સંઘોને ખુલ્લું જાહેર આમંત્રણ પ્રતિષ્ઠા પ્રસંગે હતું. એટલે ભારતભરમાંથી જુદાં જુદાં ગામોના મળીને હજાર જેટલા સંઘો આવવા તૈયાર થયા હતા. મુંબઈનો સંઘ વહાણોમાં બેસીને

સૌરાષ્ટ્રનાં બંદરે ઊતરીને પાલિતાણા પહોંચ્યો હતો. મુંબઈ અને જુદાં જુદાં ગામોના સંઘના મળીને દોઢ લાખ જેટલા માણસો પાલિતાણામાં એકત્ર થયા હતા. ગામથી તળેટી સુધી અનેક તંબુ-રાવટીઓ ઊભાં કરવામાં આવ્યાં હતાં. શિયાળાના એ દિવસોમાં લોકો માટે બધી સગવડ વ્યવસ્થિત રીતે કરવામાં આવી હતી. તળેટી પાસે પાંચ હજાર જેટલી જિન-પ્રતિમાઓનો અંજનશલાકાનો વિધિ ગોઠવાયો હતો. સાગરગચ્છ, તપગચ્છ અને ખરતરગચ્છ એ ત્રણે ગચ્છના મુખ્ય આચાર્ય વિધિ કરાવવા પ્રતિષ્ઠા-મહોત્સવ પાલિતાણા પધાર્યા હતા.

પ્રતિષ્ઠા પૂર્વે કેટલાક દિવસ અને પ્રતિષ્ઠા પછી કેટલાક દિવસ એમ દોઢ મહિના જેટલા સમય સુધી દોઢ લાખ માણસો પાલિતાણામાં રહ્યા હતા. આ એક ભવ્ય ઉત્સવ હતો. આખા ગામને છેક તળેટી સુધી ધજાપતાકા, કમાનો અને રંગબેરંગી તોરણથી શણગારવામાં આવ્યું હતું. ઢોલ નગારાં વાગતાં હતાં. થોડે થોડે અંતરે પીવાના પાણીની વ્યવસ્થા કરવામાં આવી હતી. જુદા જુદા સંઘોના યાત્રિકોને જુદા જુદા રસોડે જમવાની ગોઠવણ હતી. સવારથી તે સાંજ સુધી રસોડાં ખુલ્લા રહેતા અને સૌકોઈ ઇચ્છા મુજબ જમી શકતાં. દરેક રસોડે બુંદી અને ચુરમાના લાડુના મોટા મોટા ઢગ રહેતા. લોકો એ ખાઈને ધરાઈ ગયા હતા. શેઠ ખીમચંદભાઈએ ગામ વચ્ચે વાંસનો પાંત્રીસ ફૂટ ઊંચો સ્તંભ કરાવ્યો હતો એ ધર્મધ્વજ પર ધજા ફરકાવવામાં આવી હતી. એનો અર્થ એ હતો કે ગામમાં કોઈએ ચૂલો સળગાવવાનો નથી. સૌકોઈને જમવા માટે ખીમચંદભાઈ તરફથી નિમંત્રણ છે. વ્યવસ્થા માટે સ્વયંસેવકો ઉપરાંત મુંબઈથી લશ્કરી પ્લેટૂન લેવામાં આવી હતી તથા અન્ય સ્થળેથી પણ ચોકિયાતો બોલાવવામાં આવ્યા હતા. આમ, બધી જ રીતે વ્યવસ્થા અતિશય સુંદર કરવામાં આવી હતી. શેઠ અમીચંદ દમણી તથા અન્ય શ્રેષ્ઠીઓ અને બીજા કાર્યકર્તાઓએ જે આયોજન કર્યું હતું તે ખરેખર આયોજકો પ્રત્યે બહુમાનની લાગણી ઊપજાવે એવું હતું. ખાવાપીવાની કોઈ ખામી નહોતી. ચીજવસ્તુઓની કોઈ અછત નહોતી. ખર્ચની કોઈ

મર્યાદા નહોતી. કાર્યકર્તાઓની કોઈ ખોટ નહોતી. રાતના વખતે તંબુઓ પાસે મશાલો સળગતી હોય ત્યારે જાણે કોઈ દૈવી વાતાવરણ હોય તેવો દેખાવ લાગતો હતો.

આ પ્રતિષ્ઠા-મહોત્સવું વર્ણન પંડિત શ્રી વીરવિજયજી મહારાજે કુંતાસરની પ્રતિષ્ઠાનાં ઢાળિયાંમાં સાત ઢાળમાં કર્યું છે. તેમાં તેઓ વર્ણવે છે :

સંવત અઢારસે અઠ્ઠાસી માંહે, સિદ્ધગિરિ શિખર વિચાલે જી;
કુંતાસરનો ખાડો મોટો, શેઠજી નયણે નિહાળે જી;
૧. મનનો મોજે જી;
ભવ તરતાં પૂરણને હેતે, ખાતમુહૂર્ત ત્યાં કીધું જી;
સર સરપાવ ઘણા જાચકને, દાન અતુલ્ય ત્યાં દીધું જી; ૨
ચોથે આરે બહુ ધનવંતા, પણ નવી ખાડો પુરાવ્યા જી;
આ કાળે મોતીશા શેઠે, કનક રૂપઈએ ભરાવ્યો જી; ૩
તે ઉપર જબ ટુંક બનાવે, મધ્ય ચૈત્ય વિશાલ જી;
આજુબાજુ ચૈત્ય ઘણાં છે, જંબુ તરુ પરિવાર જી; ૪
રીખવદેવ પુંડરીક પ્રમુખની, પડિમા ત્રણ હજારો જી;
નવી ભરાવી ચિત્ત ઉદારે, વિધિ -શું શાસ્ત્ર પ્રમાણ જી; ૫
અંજનશલાખા પ્રમુખ સામગ્રી, મેળાવતાં ગુરુ સંગે જી;
નવ લાખ ઉપર સંતસેં રૂપઈયા, ખરચાણાં મનરંગેજી ૬

જગતનો મિત્ર, જાતનો પવિત્ર,
ઉંચુ હોય જેનું ચારિત્ર એનું નામ ભકત.
.........

આટલી મોટી સંખ્યામાં વસાહત ઊભી કરવામાં આવી હતી, છતાં શૌચાદિની વ્યવસ્થા અને સફાઈની ચીવટ એટલી બધી રાખવામાં આવી હતી કે ઇતિહાસકારો એમ કહે છે કે એ દોઢ મહિના જેટલા સમયમાં, શિયાળાના એ દિવસોમાં કોઈને શરદી-તાવ થયાં નથી કે ઝાડા-ઊલટી થયાં નથી કે કોઈનું માથું સુધ્ધાં દુખ્યું નથી. વળી, કોઈની કોઈ ચીજ - વસ્તુ ચોરાઈ નથી. લોકો તો એમ જ માનતા હતા કે શેઠ મોતીશાનો જીવ દેવગતિમાં જઈને આ પ્રતિષ્ઠા પ્રસંગે સહાય કરી રહ્યો છે.

પ્રતિષ્ઠાના આ દિવસો દરમિયાન એકમાત્ર માઠી ઘટના બની હોય તો એટલી જ કે મોતીશાના અવસાન પછી એમનાં પત્ની દિવાળીબાઈની તબિયત ઘણી અસ્વસ્થ રહેતી હતી. એવી અત્યંત અસ્વસ્થ તબિયત છતાં તેઓ મુંબઈથી પાલિતાણા આવ્યાં હતાં, પરંતુ પ્રતિષ્ઠાના શુભ દિવસો તેઓ જોશે કે કેમ એની શંકા હતી. પ્રતિષ્ઠા પૂર્વે જ પાલિતાણામાં તેમનું અવસાન થયું, પરંતુ મોતાશાની ભાવના અનુસાર અને શેઠાણી દિવાળીબાઈની ઇચ્છા તથા સૂચના અનુસાર પ્રતિષ્ઠાના ઉત્સવના રંગમાં ક્યાંય ભંગ પડવા દેવામાં આવ્યો નહોતો.

**બાળકને કેમ ઘડવો તે તો મા ના**
**હૈયા અને હાથની વાત છે.**

## પડતીના દિવસોમાં પ્રામાણિકતા

શેઠ મોતીશા પોતાના એકના એક પુત્ર ૩૨ વર્ષની ઉંમરના ખીમચંદભાઈ માટે અઢળક ધન મૂકી ગયા હતા, શ્રીમંતાઈમાં લાડકોડમાં ઊછરેલા ખીમચંદભાઈમાં વેપાર-ધંધો કરવા માટે મોતીશા શેઠ જેટલી સૂઝ, સમજ, કુનેહ, કાર્યદક્ષતા અને દીર્ઘદૃષ્ટિ નહોતાં. ખીમચંદભાઈ સ્વાભાવે ભોળા હતા, પણ પિતાની જેમ ઉદારદિલ, પ્રામાણિક અને ન્યાનનીતિવાળા હતા. તેમનું મન ધર્મ તરફ વળેલું હતું અને મધ્યાન સુધી દેરાસરમાં તેમનો સમય પસાર થતો, સવાર-સાંજ સામાયિક, પ્રતિક્રમણ વગેરે કરવામાં પણ સમય જતો. એટલે વેપાર-ધંધા તરફ એમણે પહેલેથી જ ખાસ લક્ષ આપ્યું નહોતું. મોતીશાના અવસાન પછી એમના મિત્રો અને વડીલોએ ખીમચંદભાઈને સલાહ આપી કે નવો વેપાર-ધંધો ન કરતાં મૂડી જો વ્યાજે મૂકી દેવામાં આવે તોપણ કેટલીય પેઢી સુધી ખૂટે નહિ એટલું ધન એમની પાસે છે, પરંતુ કેટલીક શ્રીમંત વ્યક્તિઓની બાબતમાં જેમ બને છે તેમ ખોટા, લુચ્ચા, સ્વાર્થી, ખુશામતખોર માણસો એમની આસપાસ વીંટળાઈ વળે છે અને પોતાનું વર્ચસ્વ જમાવી દે છે. એવે વખતે સાચી સલાહ ગમતી નથી અથવા સોબતીઓ ગમવા દેતા નથી. ખીમચંદભાઈની બાબતમાં પણ એમ જ બન્યું. મોટા મોટા સોદાઓ કરી પોતાના પિતા કરતાં પણ સવાયા ધનપતિ થવાની લાલચભરી યોજના મિત્રોએ રજૂ કરી અને ખીમચંદભાઈ એમાં લલચાયા અને ફસાયા. કેટલાંક વર્ષ વેપાર સારો ચાલ્યો. પોતે સારું ધન કમાયા એમ કરતાં પંદરેક વર્ષ નીકળી ગયાં.

દરમિયાન બે વાર ચીન જઈ આવેલા કોઈ એક કોંકણી મુસલમાને એમનો એટલો બધો વિશ્વાસ જીતી લીધો કે એના કહેવા પ્રમાણે ખીમચંદભાઈ વેપાર કરવા લાગ્યા હતા. થોડો વખત સારું ચાલ્યું, પણ પછી એના કહેવા પ્રમાણે ખીમચંદભાઈએ એકસામટો લાખો રૂપિયાનો માલ ચીન મોકલાવ્યો. આટલો બધો માલ એકસાથે આવી જતાં ચીની વેપારીઓ લલચાયા. એમની વૃત્તિ બદલાઈ ગઈ. તેમની દાનત ખરાબ

થઈ ગઈ. જો માલ ખરીદવામાં ન આવે તો તે પાછો હિંદ જવાનો નહોતો. એટલે વિલંબ કરીકરીને તેઓ બધો માલ હજમ કરી ગયા. ખીમચંદભાઈને માલના પૈસા મળ્યા નહિ. પરિણામે ન ખમાય એટલી આર્થિક આપત્તિ આવી પડી. લેણદારો તકાદો કરવા લાગ્યા. દેવાળું કાઢવાનો વખત આવ્યો. રહેવા માટેના એક ઘર સિવાય બધી મિલકતો વેચાઈ ગઈ. શેઠ મોતીશાની શરમ અનેક વેપારીઓને નડી. કેટલાકે પોતાના દાવા જતા કર્યા તોપણ બીજા કેટલાકે કોર્ટમાં દાવા કર્યા કેટલાકે સલાહ આપી કે કેટલીક જે ખાનગી મિલકતો છે તે કોર્ટને ન જણાવવી, પરંતુ ખીમચંદભાઈએ પ્રામાણિકપણે પોતાની પાસે જેટલી મિલકતો હતી તે કોર્ટમાં વિગતવાર લિખિત યાદી આપીને જણાવી દીધી. લેણદારોને બે હપ્તે મળીને વીસેક ટકા જેટલી રકમ મળે એવો ચુકાદો ન્યાયાધીશે આપ્યો. કોર્ટમાં કેસ પત્યા પછી બહાર નીકળતાં ખીમચંદભાઈને યાદ આવ્યું કે પોતાના કાને જે વાળી પહેરી છે તે હીરામાણેકની છે અને તે કોર્ટને જણાવવાનું રહી ગયું છે. એટલે તેઓ પાછા કોર્ટમાં દાખલ થયા અને ન્યાયમૂર્તિને પોતાની એ વાળીની પણ જાણ કરી દીધી. આવી આપત્તિ પ્રસંગે પણ અસત્ય ન બોલવું અને ન્યાયનીતિથી જ રહેવું એ પિતાના સંસ્કાર ખીમચંદભાઈએ પણ પોતાના જીવનમાં સાચવી રાખ્યા હતા એ આ હૃદયસ્પર્શી પ્રસંગ પરથી જોઈ શકાય છે.

શેઠ મોતીશાને એક જ સંતાન હતું. એમના પુત્ર તે ખીમચંદભાઈ. શેઠ ખીમચંદભાઈને એક દીકરી હતી, દીકરો નહોતો. તેમની જિંદગીનાં પાછલાં વર્ષો ઘણાં દુ:ખમાં ગયાં. શરીર ઘસાઈ ગયું હતું. આંખે અંધાપો આવી ગયો હતો. મકાનના ભાડાની આવકમાંથી તેમનું ગુજરાન ચાલતું. દુ:ખની વાત તો એ હતી કે જે નાનજી જેકરણ ચીનાઈને મોતીશાહ શેઠે આટલી બધી મદદ કરી હતી એના જ પુત્ર માંગરોળના મકનજી નાનજીએ રૂપિયા એકવીસ હજારની લેણાની રકમ માટે કોર્ટ દ્વારા જપ્તિ લાવી ભાયખલાનો બંગલો પડાવી લીધો હતો. દુ:ખમાં સમાતપૂર્વક શાંતિથી દિવસો વિતાવી વિ.સં. ૧૯૨૫માં ખીમચંદ શેઠ ૬૫ વર્ષની વયે અવસાન પામ્યા.

શેઠ મોતીશાની અદ્ભુત ચડતી અને ત્યાર પછી એમના પુત્ર ખીમચંદભાઈના જીવનમાં આવેલી ભયંકર પડતી જોઈ ને તે સમયના પારસીની લેખક રતનજી વાછાએ નીચે પ્રમાણે ઉદ્‌ગારો કાઢ્યા હતા.

અજબ છે આ ફરતા જમાનાની ચાલ,
ભલા લોક પર નાખે છે મહાતમની જાલ

..............................................

આવે આંચ તે અંતે તો જવાને કાજ,
સરીમંત કાલે તો દુખીઆરો આજ.
પણ ધરમીની રહેવી તો જોઈએ નીસાણ,
વસીલાથી જગમાં જણાવાં પીછાંણ,
જાંહાં કુદરતથી ઊતરે છે ગેબીમના,
તાંહાંથી દોલત ને નામો બી થાએ છે ફના;
તેહવો હાલ સઉની સનમુખે થયો,
મોતીશાના વઊંસમાં કોઈ ન રહેઓ.
જેને ઘેર દોલત ને જુહુલતાંતાં વહાણ,
તે સાથે જગમાં મેલવેલું માન.
વલી ધરમીપણામાં ગણાએલા પુરા,
દયાદાનમાં કવચીત નોહતા અધૂરા,
તેવા નરને તાંહા નહિ એકે ચેરાગ ;
જમાનાનો એ તો કેવો વેરાગ ?
ગયા તારે દોલત ને બેટો મૂકી,
જમાનાની ગીરદેસે દીધો ફૂંકી.
વઊંસમાં હવે કોઈ રહેઊં નહિ,
કીરતી જ તેનાંની દીપતી રહી.
સખાવતનાં કામો જે કરતો રહેશે,
મરણ પછે સઉં તેને વાહુવા કહેશે.

## મહાકાવ્યના નાયક સમા શેઠ મોતીશા

એ જમાનામાં શેઠ મોતીશા કમાણીનાં પચીસેક વર્ષોમાં પાંજરાપોળ અને જીવદાયા મંડળી, ચિંતામણિ પાર્શ્વનાથ, ગોડીજી પાર્શ્વનાથ, પાયધુની શાંતિનાથનું અને આદિશ્વર તેમ જ કોટનું શાંતિનાથનું દેરાસર અને ભાયખલાનું દેરાસર, પાલિતાણામાં ધર્મશાળા, શત્રુંજય પર મોતી વસહીની ટૂક વગેરે કાર્યો માટે અઠ્ઠાવીસ લાખથી વધુ રૂપિયા ખર્ચ્યા હતા. આ ઉપરાંત ગામ-પરગામનાં નાના-મોટાં જિનમંદિર બંધાવવા માટેની અને અનેક વ્યક્તિઓને કરેલી અંગત મદદની રકમો તો જુદી . અનેક લોકોનાં દેવાં માફ કરેલાં તે રકમ પણ જુદી. આજથી દોઢસો વર્ષ પૂર્વે કરેલું આવું સખાવતી કાર્ય એ જમાનાની દૃષ્ટિએ અજોડ છે.

માત્ર પૈસાની સખાવતો જ નહિ, વેપારની કુનેહ, કાર્યદક્ષતા, ત્વરિત નિર્ણય લઈ તરત અમલમાં મૂકવાની આવડત, કુટુંબ-પરિવારના સભ્યો અને નોકરચાકરો પ્રત્યે પ્રેમભર્યો વર્તાવ, અન્યનાં દુ:ખ કે સંકટના પ્રસંગે ઊભા રહેવાની તત્પરતા, ઋણમુક્ત થવાની ભાવના, ગરીબો પ્રત્યે હમદર્દી, બધી જ કોમાનાં માણસો પ્રત્યે સદ્ભાવભર્યા સંબંધો, અનેકના વિશ્વાસ અને પ્રીતિના પાત્ર, અત્યંત સૌજન્યશીલ વિનમ્ર સ્વભાવ, પ્રામાણિકતા અને નીતિમતા, પારસીઓ અને વિદેશી ગોરા લોકોમાં પણ પોતાની સુવાસ પ્રસરાવનાર શેઠ મોતીશાનું જીવન એક રસિક પ્રેરક દંતકથા જેવું બની ગયું હતું. વિવિધ પૂજાઓના રચયિતા પંડિત 'વીરવિજયજી' મહારાજે ભાયખલામાં અને શત્રુંજયની મોતીશાની ટૂકમાં ચોઢાળિયાં લખ્યાં અને લોકવર્ણમાં મોતીશા માટે ગીતો અને રાસડા ગવાવાં લાગ્યાં એ સર્વ એમની આદરયુક્ત લોકપ્રિયતાનાં દ્યોતક છે. કોઈ મહાકાવ્યના નાયક જેવું એમનું ભવ્ય જીવન અનેકને માટે પ્રેરક અને અનુકરણીય છે.

ભારતની અનોખી વિશેષતા એની ધર્મભાવના.

ભારતના ધર્મનાયકોએ ધર્મતીર્થો પ્રવર્તાવ્યાં. ધર્મના આરે દુખિયા જીવોને આશ્વાસન મળ્યું, સુખિયાનો અહંભાવ ઓછો થયો, જનસમૂહને જીવનને નિર્મળ બનાવવાની પ્રેરણા મળી. ધર્મભાવના એ દુનિયાની અમર સંપત્તિ બની ગઈ.

એ ધર્મભાવનામાં તીર્થંકરોના ધર્મે અનોખી ભાત પાડી. એ ભાત હતી, અહિંસાની, કરુણાની, સમભાવની અને આત્માને પરમાત્મા બનાવવાના પુરુષાર્થની. એના બળે પોતાના કલ્યાણનો પોતે જ ઘડવૈયો છે, એવો આત્મવિશ્વાસ માનવીમાં પ્રગટ્યો.

જૈન ધર્મની સુકુમાર ભાવનાને ઝીલીને માનવીનું અંતર કરુણા અને માનવતાની કૂણી લાગણીથી નીતરતું બન્યું. પરપીડાને એ આત્મપીડા સમજવા લાગ્યો; જગકલ્યાણમાં એને નિજકલ્યાણનાં દર્શન થયાં.

તીર્થંકરોના આ ધર્મવારસાને શ્રમણશ્રેષ્ઠોએ સાચવ્યો, શોભાવ્યો અને સમૃદ્ધ બનાવ્યો. ધર્મના આરાને નિર્મળ અને સુરક્ષિત રાખવાનું કર્તવ્ય શ્રાવકશ્રેષ્ઠોએ બજાવ્યું. જૈન ધર્મની સર્વમંગલકારી પરંપરા અખંડ ધારાએ વહેતી રહી : સંસારની એ ખુશનસીબી.

જૈન પરંપરામાં સમયે સમયે આવા શ્રાવકશ્રેષ્ઠો આવતા જ રહ્યા. મહામંત્રી અભયકુમાર, શત્રુંજયોદ્ધારક જાવડશા, દંડનાયક, વિમળશા, મંત્રીવર ઉદયન, મહામંત્રી વસ્તુપાળ, માંડવગઢના મંત્રી પેથડકુમાર. શ્રેષ્ઠિરત્ન જગડુશા અને દેશભક્ત ભામશા એ પરંપરાના મંત્રી આભૂષણરૂપ થઈ ગયા અને ધર્મસેવા અને જનસેવાનાં કાર્યોથી પોતાનાં જીવન અને ધનને કૃતાર્થ બનાવી ગયા. આ જ ઉજ્જવળ પરંપરાના વિક્રમની વીસમી અને એકવીસમી સદીના પ્રતાપી પુરુષ છે શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈ : ગુજરાતના શ્રેષ્ઠ મહાજન, ભારતના વિખ્યાત

ઉદ્યોગપતિ અને જૈન સંઘના મુખ્ય અગ્રણી.

જેમ એક ઉદ્યોગપતિ તરીકે એમની કારકિર્દી સતત પ્રવૃત્તિથી સભર છે તેમ એક જાહેર જીવનને વરેલ વ્યક્તિ તરીકે એમનું જીવન સંખ્યાબંધ સેવાકાર્યો અને સખાવતોથી સુરભિત બનેલું છે. એક ઉદ્યોગપતિ તરીકે કે એક જાહેર વ્યક્તિ તરીકે એમની કામગીરીનું મૂલ્યાંકન કરીએ તો તેઓની એકેએક પ્રવૃત્તિમાં મહાજનનું મુરબ્બીપણું, ઉદ્યોગપતિની ઝીણવટ અને સુકાનીની દીર્ઘદૃષ્ટિ જોવા મળે જ મળે.

ત્રણ પચીસી જેટલા સુદીર્ઘ જીવન દરમિયાન લગભગ છ દાયકા સુધી અવિરતપણે ચાલુ રહેલી એમની ઉજ્જવળ અને યશનામી કારકિર્દીને કંઈક આ રીતે વહેંચી શકાય: દેશના કુશળ અને બાહોશ ઉદ્યોગપતિરૂપે જૈન સંઘના મુખ્ય સુકાનીરૂપે; ગુજરાતના શ્રેષ્ઠ મહાજન તરીકે; કેળવણીના સમર્થ હિમાયતી તરીકે વિશિષ્ટ રાષ્ટ્રીય વ્યક્તિ તરીકે; અને બાંધકામ તથા જીર્ણોદ્ધારના નિષ્ણાત તરીકે.

આ કામગીરીનું વિશ્લેષણ કરીએ તો ઉદ્યોગપતિ તરીકે તેઓ અર્થોપાર્જનની જે કંઈ પ્રવૃત્તિ કરે છે તેને બાદ કરતાં બાકીની બધી પ્રવૃત્તિઓ એક યા બીજી રીતે લોકકલ્યાણ કે રાષ્ટ્રઉત્થાન સાથે સંકળાયેલી રહી છે એમ જણાઈ આવ્યા વગર નહીં રહે. તેઓનાં સમય, શક્તિ, બુદ્ધિ અને ધન દેશ, સમાજ કે ધર્મના હિતમાં કેટલાં બધાં વપરાયાં છે એની કંઈક ઝાંખી આ પરથી પણ થઈ શકે એમ છે અને એક ઉદ્યોગપતિ તરીકેની તેઓની પ્રવૃત્તિ પણ દેશની સંપત્તિ અને શાનમાં કંઈક ને કંઈક પણ વધારો કરનારી જ નીવડે છે. એમ લાગે છે કે વ્યક્તિગત જીવન અને જાહેર જીવનની ફૂલગૂંથણી શેઠશ્રી કસ્તુરભાઈમાં ઊગતી ઉંમરે જ થઈ હતી અને એ જીવનની કૃતાર્થતા તરફ દોરી ગઈ હતી.

## પ્રતાપી પૂર્વજો

શ્રી કસ્તુરભાઈની આવી સફળતાની પાછળ એમની ગુણસંપત્તિ, કાર્યશક્તિ, કુશાગ્રબુદ્ધિ અને પુરુષાર્થ પરાયણતા ઉપરાંત પ્રતાપી પૂર્વજોની દસ-દસ પેઢીનો અખંડ અને ઉજ્જવળ સંસ્કારવારસો પણ રહેલો છે. એમના અનેક પૂર્વજોએ અણીને વખતે ધર્મનું ગુજરાતના પાટનગર અમદાવાદનું અને ગુજરાતનું રક્ષણ કરીને પોતાના નગરશેઠના બિરુદને અને શ્રેષ્ઠી કે મહાજન તરીકેના નામને સાર્થક કર્યું હતું.

ગુજરાત ભારતનું જ એક અંગ છતાં એની સંસ્કૃતિ અનેરી છે. પોતાની સંસ્કારિતા, ધાર્મિકતા, ઉદારતા અને મહાજનની સંસ્થાને લીધે ગુજરાત હંમેશાં શીલ અને સમન્વયની ભાવનાનો આદર કરતું રહ્યું છે. તેમાં વળી જૈન સંઘની દૃષ્ટિએ અમદાવાદનું સ્થાન બહુ વિશિષ્ટ છે; એને જૈન ધર્મનો ગઢ જ કહી શકાય. તેથી જ અમદાવાદ રાજનગર અને જૈનપુરી તરીકે વિશેષ વિખ્યાત બન્યું છે. ગુજરાતના અને અમદાવાદના રાજમાન્ય અને પ્રજામાન્ય મહાજનો રાજસત્તા અને પ્રજા વચ્ચે સુમેળ સાધવા અન્યાય અને કલેશને કાબૂમાં રાખવા અને વેપાર અને વ્યવહાર શાંતિ અને સમાધાનપૂર્વક ચાલુ રહે એવું એખલાસનું વાતાવરણ સાચવી રાખવા હંમેશાં પ્રયત્નશીલ રહેતા: માથાભારે લોકોનો કે વખત આવે રાજસત્તાનો પણ સમાનો કરવામાં પાછા ન પડવું, એવું એનું ખમીર. શેઠશ્રી કસ્તુરભાઈના પૂર્વજો આવા જ સાહસી, ખમીરવંત, પરગજુ અને પ્રભાવશાળી હતા એની ઇતિહાસ સાક્ષી પૂરે છે. ધર્મભાવના એમના રોમરોમમાં ધબકતી હતી.

શ્રી કસ્તુરભાઈની દસમી પેઢીએ શ્રી શાંતિદાસ શેષકરણ ઝવેરી થઈ ગયા. જેવા નામાંકિત એવા જ પ્રતાપી અને એવા જ ધર્મપરાયણ. પ્રારબ્ધ અને પુરુષાર્થના બળે એમણે પોતાનું ભાગ્ય ખીલવ્યું હતું અને બુદ્ધિ, ચતુરાઈ અને શાણપણને લીધે દિલ્હીની મોગલ સલ્તનતની સાથે મીઠો સંબંધ કેળવ્યો હતો. અકબર, જહાંગીર, શાહજહાં અને ઔરંગઝેબ એ ચારે શહેનશાહોના એ સમકાલીન હતા; એ ચારે

બાદશાહઓએ એમને શત્રુંજય વગેરે તીર્થોનાં ફરમાન તાજાં કરી આપ્યાં હતાં. સમ્રાટ અકબરની બેગમને ભીડ પડી તો એણે આ શ્રેષ્ઠિનો આશ્રય લીધો હતો; તેથી જ બાદશાહ જહાંગીર એમને મામા કહીને સંબોધતો. આ રાજવીએ જ શ્રી શાંતિદાસ શેઠને નગરશેઠની પદવી આપી હતી. એમણે રાજસાગરસૂરિજીને આચાર્યપદ આપીને સાગરગચ્છની સ્થાપના કરી હતી અને અમદાવાદના પરા બીબીપુરા (અત્યારના સરસપુર)માં નવ લાખ રૂપિયા ખરચીને શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનું ભવ્ય, કળામય જિનમંદિર બંધાવ્યું હતું અને બે લાખ રૂપિયા ખરચીને એની પ્રતિષ્ઠા કરી હતી. આ પછી થોડાં વર્ષો વિશાળ મંદિરને ખંડિત કરીને એની મસ્જિદ બનાવી દીધી; એનું નામ રાખ્યું 'કૌવત-અલ-ઇસ્લામ' ઈસ્લામની તાકાત ! આ કારણે શહેરમાં મોટું કોમી તોફાન થયું અને શાંતિદાસ શેઠે એની સામે દિલ્હી બાદશાહ શાહજહાં પાસે રાવ ખાધી. શ્રેષ્ઠીનો પ્રભાવ એવો હતો કે બાદશાહે તરત જ એ મંદિર પાછું સોંપવાનું અને જે કંઈ નુકસાન થયું હોય એ ભરપાઈ કરી આપવાનું ફરમાન કર્યું. શાંતિદાસ શેઠે જૈન સંઘ તથા શત્રુંજય તીર્થની કરેલી સેવાના કાયમી સ્મરણરૂપે એમના વંશવારસને શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના વહીવટદાર પ્રતિનિધિઓની કમિટીમાં લેવાનું પેઢીના સ્થાપનાસમયથી જ ઠરાવવામાં આવ્યું છે.

શાંતિદાસ શેઠના ત્રીજા પુત્ર લક્ષ્મીચંદ શેઠે ઈ.સ. ૧૬૫૭માં બાદશાહ શાહજહાંના પુત્ર મુરાદબક્ષને સાડા પાંચ લાખ રૂપિયા જેવી રકમ ધીરી હતી. મુરાદબક્ષે એકાદ વર્ષમાં એ રકમ પાછી આપી હતી. વિ.સં. ૧૭૧૭માં ગુજરાતમાં દુકાળ પડ્યો, એ વખતે શ્રી લક્ષ્મીચંદ શેઠ અને એમના ત્રણ ભાઈઓએ જગડુશાહની માફક લોકોને સહાય કરી હતી.

લક્ષ્મીચંદ શેઠના પુત્ર ખુશાલચંદ ખૂબ ભાવનાશીલ અને વગદાર પુરુષ હતા. ઈ.સ. ૧૭૨૫માં મરાઠાઓએ અમદાવાદ લૂંટવા સુરતથી કૂચ કરી. એને રોકવાની ત્યારે કોઈની તાકાત ન હતી. મરાઠા લશ્કર છેક અમદાવાદના પાદરે કાંકરિયા પાસે આવી પહોંચ્યું. અમદાવાદનો હાકેમ

હમીદખાં શહેરનો બચાવ કરી શકે એમ ન હતો અને પ્રજા તો બિલકુલ અસહાય જ હતી. ખુશાલચંદ શેઠે વખત પારખી લીધો. હિંમત કરીને તેઓ મરાઠા છાવણીમાં પહોંચી ગયા. વાતચીત કરીને પોતાની પાસેથી પાંચ લાખ રૂપિયા આપીને એમણે મરાઠાઓને પાછા વાળ્યા અને શહેરને વિનાશમાંથી ઉગારી લીધું. નગરજનો પણ કંઈ ઉપકાર ભૂલે એવા ન હતા. શેઠના ઓશિંગણ બનેલા શહેરના મહાજનોએ શેઠની ઘણી આનાકાની છતાં શહેરમાંથી થતી વેપારી માલની અવરજવર પર દર સેકંડે ૦। ટકો શેઠને કર તરીકે આપવાનો દસ્તાવેજ કરી આપીને પોતાની કૃતજ્ઞતા દર્શાવી. આજે પણ અમદાવાદના નગરશેઠ આ હક્ક ભોગવે છે. ખુશાલચંદ શેઠે શત્રુંજયનો સંઘ કાઢ્યો હતો અને માતરતીર્થનું દેરાસર બંધાવવાનો સંઘને આદેશ આપ્યો હતો.

ખુશાલચંદના ત્રણ પુત્રોમાં વખતચંદ જાજરમાન પુરુષ હતા. વિ.સં. ૧૮૩૬માં (ઈ.સ. ૧૭૮૦માં) જ્યારે અંગ્રેજ જનરલ ગોડાર્ડે અમદાવાદ શહેરને લૂંટી લેવાનો હુકમ કરેલો તે વખતે વખતચંદ શેઠ અને તેમના મોટા ભાઈ નથ્થુશા શેઠે વચ્ચે પડીને તે પાછો ખેંચાવીને શહેરને ઉગારી લીધેલું. એમનું રાજકર્તાઓમાં અને પ્રજામાં ખૂબ માન હતું. ગાયકવાડ અને પેશ્વા તરફથી એમને પાલખી અને છત્રી રાખવાનો અધિકાર તથા વર્ષાસન મળતાં હતાં. વિ.સં. ૧૮૬૪માં એમણે શત્રુંજય અને ગિરનારનો મોટો સંઘ કાઢ્યો હતો. એમને સાત પુત્રો અને ઉજમબાઈ નામે એક પુત્રી હતાં.

વિ.સં. ૧૮૬૮માં મોટું ઉજમણું કરીને તેઓ કુટુંબ સાથે શત્રુંજયની નવાણું યાત્રા કરવા ગયા હતા. સાથે ઉજમબાઈ પણ હતાં. હજુ તો વીસ યાત્રા પૂરી થઈ અને આખા કુટુંબ પર વજ્રપાત જેવું દુ:ખ આવી પડ્યું : ઉજમબાઈના પતિ એકાએક સ્વર્ગવાસ પામ્યા! બધે હાહાકાર થઈ ગયો! લાડકોડમાં ઉછરેલી સાત ભાઈની બહેનનો જીવનરથ જાણે ભાંગી ગયો! સૌએ વિચાર્યું: આવા ઘેરા શોકમાં હવે યાત્રા કેવી અને પાલિતાણામાં રહેવાનું કેવું! વયોવૃદ્ધ માતા-પિતાનાં શોક અને દુ:ખનો કોઈ પાર ન રહ્યો. સગાંએ સલાહ આપી : અમદાવાદથી કાગળો આવ્યા : વેળાસર અમદાવાદ પાછા આવી જાઓ! પણ ઉજમબાઈએ ભારે

શાણપણ, સમતા અને હિંમત દાખવ્યાં, એમણે ગંભીર બનીને સ્વજનોને કહ્યું : બનવાકાળ બની ગયું ! યાત્રા બંધ કરીને ઘરે પાછા ફરવાથી બગડી બાજી કંઈ સુધરી જવાની નથી ! આ નિમિત્તે ધર્મમાં અંતરાય શા માટે ઊભો કરવો ? લોકનજરે અસહાય બનેલી સન્નારીએ ધર્મનું ખરેખરું તેજ બતાવ્યું: નવાણું યાત્રા પૂર્ણ કરીને જ બધા પાછા આવ્યા ! ઉજમબાઈ હેમાભાઈ શેઠનાં બહેન અને પ્રેમાભાઈ શેઠનાં ફઈ એટલે તેઓ બધે ઉજમફઈ તરીકે પ્રસિદ્ધ થયાં. એમનો ધર્મરંગ પાકો અને દાખલારૂપ હતો. શત્રુંજય તીર્થ ઉપર એમના નામની ટૂક જાણીતી છે. એમણે ધર્મશાળાઓ પણ બંધાવી હતી.

વખતચંદ શેઠ પછી નગરશેઠ એમના પાંચમા પુત્ર હેમાભાઈ અને એમના વંશવારસોને મળવા લાગી. હેમાભાઈ શેઠ અસાધારણ તેજસ્વી અને દાનવીર પુરુષ હતા. એમણે કેળવણી માટે, વિદ્યાવૃદ્ધિ માટે, લોકોપકાર માટે, ધર્મપ્રભાવના માટે મોકળે હાથે દાન આપ્યાં હતાં. એમણે તે કાળે એક કન્યાશાળા પણ સ્થાપી હતી. અમદાવાદની અનેક સંસ્થાઓ આજે પણ એમની કીર્તિગાથા સંભળાવે છે. શત્રુંજયનો પર્વત એમને ત્યાં ગિરો હતો. શત્રુંજય પર એમના નામની પણ ટૂક છે.

હેમાભાઈના પુત્ર પ્રેમાભાઈ નગરશેઠ 'જેવા પિતા તેવા પુત્ર' અથવા 'પિતા કરતાં પુત્ર સવાયા' એ કહેવતને યાદ કરાવે એવા પ્રતાપી અને નામાંકિત પુરુષ થઈ ગયા. એમની સખાવતો પણ દવાખાનાં, નિશાળ, પાંજરાપોળ, પુસ્તકાલય, કૉલેજ, મ્યુઝિયમ, દુષ્કાળનિવારણ, ધર્મશાળાઓ વગેરે સત્કાર્યો પર સતત વરસતી રહી હતી. ૧૮૫૭ના બળવા વખતે અમદાવાદ અને ઇંદોર વચ્ચે એમણે કરેલી ટપાલની આવ-જાની ખાનગી વ્યવસ્થા એમની કાર્યદક્ષતાની સાક્ષી બની રહે એવી હતી. સરકારે એમને રાવબહાદુર ખિતાબ આપ્યો હતો. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીની સ્થાપના એને એનું બંધારણ શ્રી પ્રેમાભાઈ નગરશેઠની રાહબરી નીચે જ સને ૧૮૮૦માં થયાં હતાં.

વખતચંદ શેઠના ત્રીજા પુત્ર મોતીભાઈએ શત્રુંજય મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાનનો હીરાનો મુગટ કરાવ્યો હતો.

# પિતા-માત

મોતીભાઈના સૌથી મોટા પુત્ર ફતેહભાઈ; ફતેહભાઈના ત્રીજા પુત્ર ભગુભાઈ; ભગુભાઈના એકના એક પુત્ર દલપતભાઈ અને દલપતભાઈના ત્રણ પુત્રોમાં સૌથી મોટા પુત્ર લાલભાઈ, તે શ્રી કસ્તુરભાઈના પિતાશ્રી. લાલભાઈ શેઠના નાના બે ભાઈઓ તે શ્રી મણિભાઈ અને શ્રી જગાભાઈ.

દલપતભાઈના વખતમાં પહેલાં જેટલી સમૃદ્ધિ નહોતી રહી; પણ એમનાં ધર્મપત્ની ગંગામા બહુ ઉચ્ચ કોટીનાં ધાર્મિક સન્નારી હતાં. ઘરવ્યવહાર એ ખૂબ કુશળતાથી ચલાવતાં અને ધર્મકાર્યમાં સદા તત્પર રહેતાં. એક પ્રસંગ અહીં નોંધવા જેવો છે. તેઓને વર્ષમાં બે વાર શત્રુંજયની યાત્રા કરવાનો અને જાત્રાએ જાય ત્યારે તીર્થના ભંડારમાં પાંચસો રૂપિયા આપવાનો નિયમ હતો. સને ૧૯૨૬માં પાલિતાણા રાજ્ય સાથે જૈન સંઘને મુંડકાવેરા (યાત્રાવેરા ) અંગે ઝઘડો થયો. તે વખતે શ્રી કસ્તુરભાઈ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના નવા જ પ્રમુખ બન્યા હતા. પેઢીના આદેશ મુજબ સંઘે અસહકારનો શાંત વિરોધનો માર્ગ અપનાવીને શત્રુંજયની યાત્રા બંધ કરી. ગંગામાએ પણ કોઈ પણ જાતના કચવાટ વગર એ વાતને તો વધાવી લીધી, પણ યાત્રાબંધીને કારણે પોતાના હાથે તીર્થના ભંડારને ખોટ ખમવી ન પડે એ માટે સમયસર ભંડારામાં પાંચસો રૂપિયા મોકલી આપવાનુ તેઓ ન ચૂક્યા ! લાલભાઈ શેઠનો જન્મ સને ૧૮૭૩માં થયો હતો.

શ્રી લાલભાઈ શેઠ જેવા વિદ્યાનુરાગી તેવા જ ધર્મપ્રેમી અને કાર્યકુશળ અને કાર્યનિષ્ઠ પણ એવા જ. શિસ્તપાલનનો આગ્રહ તો એમનો જ ! પોતેય પૂરેપૂરી શિસ્ત પાળે અને બીજા પાસે પણ બરાબર પળાવે. અવિનય, અવિવેક કે અવ્યવસ્થા એમને ખપે જ નહીં. પિતાની માંદગીને લીધે એમને બી. એ.નો અભ્યાસ અધૂરો મૂકવો પડ્યો. ભોંયણી તીર્થ એમના જ વખતમાં થયું. શત્રુંજયની એમણે રક્ષા કરી હતી અને પગરખાં પહેરીને ઉપર થતી આશાતના પણ ટાળી હતી.

મયાભાઈ નગરશેઠના સ્વર્ગવાસ પછી તેઓ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખ થયા. આ જવાબદારી તેઓએ ખૂબ બાહોશી અને નિષ્ઠાથી અદા કરી હતી. પેઢીનો હિસાબ જૈન સંઘ સમક્ષ રજૂ કરવાનો એમનો આગ્રહ રહેતો રાણકપુર તથા ગિરનાર તીર્થનો વહીવટ એમના વખતમાં જ પેઢી હસ્તક આવ્યો.

સને ૧૯૦૩થી ૧૯૦૮ સુધી પાંચ વર્ષ માટે તેઓ જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ જનરલ સેક્રેટરી હતા. જ્યારે એમને લાગ્યું કે બીજાં બીજાં કામોના ભારને લીધે આ હોદ્દાની જવાબદારીને પૂરતો ન્યાય આપી શકાતો નથી ત્યારે કૉન્ફરન્સના ભાવનગર અધિવેશન વખતે ભાવનગર રાજ્યના દીવાનની ના છતાં, એમણે એ સ્થાનેથી રાજીનામું આપ્યું : જાહેર જીવનની જવાબદારીને સમજવાનો આ એક ઉમદા દાખલો છે.

સને ૧૯૦૮માં રાજસત્તાએ સમ્મેત શિખર તીર્થ ઉપર બંગલાઓ બાંધવાની પરવાનગી આપ્યાની વાત આવી. સંઘમાં ભારે સંક્ષોભ જાગ્યો. આવે વખતે શેઠ આણંદજી કલ્યાણજીના પ્રમુખ ચૂપ કેમ બેસી રહે? તરત જ લાલભાઈ શેઠ ત્યાં પહોંચ્યા અને બીજાઓનો સાથ મેળવીને એ વાતને રોકવામાં સફળતા મેળવી. અહીં પડી જવાથી એમનો હાથ ભાંગી ગયેલો. સારવાર માટે કલકત્તા ગયા અને બાબુ માધવલાલ દુગડને ત્યાં એક માસ રોકાયા. શેઠશ્રી કસ્તુરભાઈએ પોતાની સ્મરણનોંધમાં આ વાતનો આભારપૂર્વક ઉલ્લેખ કર્યો છે.

કુટુંબની સ્થિતિ સુધારવા શ્રી લાલભાઈ શેઠે ખૂબ જહેમત લીધી અને ખંત, ધીરજ અને સ્વસ્થતાથી કામ કર્યું. પુરુષાર્થી પુરુષને પ્રારબ્ધે યારી આપી. એમણે પહેલાં કાપડની સરસપુર મિલ સ્થાપી અને પછી સને ૧૯૦૩માં સુરતની રાયપુર મિલ સ્થાપી. ત્રણે ભાઈઓ એનો વહીવટ સંભાળવા લાગ્યા.

સંપત્તિ વધતી ગઈ તેમ લાલભાઈ શેઠ એનો સારાં કામોમાં સદુપયોગ કરવા લાગ્યા: લક્ષ્મી તો વહેતી - વપરાતી જ ભલી ! તીર્થયાત્રા, સંઘસેવા, ધર્મકાર્યો અને લોકકલ્યાણ માટે તેઓ છૂટે હાથે ધન વાપરતા, અને જીવનને અને ધનને કૃતાર્થ કરતાં. પિતાના સ્મરણાર્થે એમણે

અમદાવાદમાં રતનપોળમાં ધર્મશાળા બંધાવી હતી અને માતાના સ્મરણ નિમિત્તે ઝવેરીવાડમાં કન્યાશાળા સ્થાપી હતી.

શ્રીમંતાઈની સુંવાળપ એમને સ્પર્શી શકી ન હતી; લીધું કામ પૂરું કરવાની એમની પ્રકૃતિ હતી. રાતના ૧૧-૧૧ વાગતાં સુધી પણ કામ કરતા તેઓ ન થાકતા : એવી અવિરત એમની કાર્યશીલતા હતી !

માતા તરફ એમને અનહદ ભક્તિ હતી. માતાની ચરણવંદના એ એમનો નિત્યક્રમ હતો અને રાત્રે એમના પગ દબાવ્યા પછી જ તેઓ પથારીએ જતા. ધર્મ પર અને ધાર્મિક ક્રિયાઓ પર પણ એમને એવી જ આસ્થા હતી. એક બાજુ માતૃભક્તિ અને બીજી બાજુ ધર્મભક્તિ એ જાણે એમના સંસ્કારી જીવનની સમતુલા હતી.

અને અમદાવાદના અને ગુજરાતના જીવન સાથે તો લાલભાઈ શેઠ ઓતપ્રોત થઈ ગયા હતા. પ્રજાનું કામ હોય કે રાજકર્તાઓનું કામ હોય, તેઓ સદા ખડે પગે હાજર રહેતા. તેથી જ તેઓ સંઘમાં, પ્રજામાં અને શાસકોમાં સમાન આદર અને ચાહના મેળવી શક્યા હતા. એમની શક્તિ, નિષ્ઠા અને સેવાની કદરરૂપે સરકારે એમને સરદારનો ખિતાબ એનાયત કર્યો હતો. સને ૧૯૧૧માં મઝિયારો વહેંચાયો, એમાં પોતાના પુરુષાર્થ અને ભાગ્ય પર ભરોસો રાખીને તેઓ કડવો ઘૂંટડો ગળી ગયા ! એમના ભાગમાં રાયપુર મિલ આવી. સને ૧૯૧૨ના જૂનની પાંચમી તારીખે ૪૯ વર્ષની ઉંમરે હૃદયભંગ (હાર્ટફેલ) થી તેઓનો સ્વર્ગવાસ થયો.

શેઠશ્રી કસ્તુરભાઈનાં માતુશ્રી મોહિનીબા શાણાં, ઠરેલ, સંતોષી, જાજરમાન અને વ્યવહારદક્ષ સન્નારી હતાં. ધર્મ તરફ એમને ખૂબ મમતા હતી. તેઓ જેમ ઘરનો વહીવટ કુશળતાપૂર્વક સંભાળતાં તેમ કુટુંબના વ્યવસાય તરફ પણ બરાબર ધ્યાન આપતાં. દરેક કામ ચીવટપૂર્વક કરવાનો અને પૈસાનો બરાબર હિસાબ રાખવાનો એમનો સ્વભાવ હતો. તેઓ જાતે જ ઘરખર્ચનો હિસાબ નોંધતાં. એમના હાથની હિસાબનોંધો અત્યારે પણ સચવાયેલી છે. કુટુંબનું ગૌરવ જાળવવા તેઓ સદા જાગ્રત રહેતાં અને પોતાનાં સંતાનોના સંસ્કારઘડતર તરફ પૂરતું ધ્યાન આપતાં.

એમને સાત સંતાન હતાં. ચાર પુત્રીઓ અને ત્રણ પુત્રો. એમાં શ્રી કસ્તુરભાઈ ચોથું સંતાન. એમની પહેલાં બે બહેનો અને એક ભાઈ અને એમની પછી પણ એક ભાઈ અને બે બહેનો.

તેઓ શેઠશ્રી ઉમાભાઈ હઠીસિંગનાં પુત્રી હતાં. એમનું મૂળ નામ પોપટબહેન હતું. સને ૧૯૩૨ના ડિસેમ્બરમાં મોહિનાબા સ્વર્ગવાસ થયાં.

આવાં પુણ્યપ્રતાપી, ધર્માનુરાગી, જાજરમાન માતાપિતાનો અને દેશપ્રેમી, ધર્મપરાયણ અને પ્રભાવશાળી પૂર્વજોની યશસ્વી પરંપરાનો વારસો મળવો એ જેમ ગૌરવની વાત છે તેમ એ બહુમૂલા વારસાને શોભાવી અને વધારી જાણવો એ ઘણી મોટી જવાબદારીનું મુશ્કેલ કામ છે. અસાધારણ, બુદ્ધિશક્તિ, પારદર્શી કાર્યસૂઝ અને ઉન્નત ભાવનાનો ત્રિવેણીસંગમ સધાય તો જ થઈ શકે એવું એ કામ! આપણી સામેનો રચાતો ઇતિહાસ કહે છે કે શેઠશ્રી કસ્તુરભાઈએ પોતાની પંચોતેર વર્ષની યશોજ્જવળ કારકિર્દીથી આ વારસાને પૂરેપૂરો દીપાવી જાણ્યો છે અને એનું ગૌરવ ખૂબ ખૂબ વધાર્યું છે.

ત્યારે હવે એમના જીવનની જ ઝાંખી કરીએ.

**હોઠ ને હૈયા વચ્ચે અંતર .....**
**..... તે માયાની સાબિતી છે.**

# શેઠશ્રી કસ્તુરભાઈ

ઉછેર અને અભ્યાસ - વિ.સં. ૧૯૫૧ના માગસર વદિ ૭ બુધવાર, તા.૧૯-૧૨-૧૮૯૪ના રોજ અમદાવાદમાં એમનો જન્મ. એમની જ્ઞાતિ વીસા ઓસવાળ. 'ભૂપાલ' એમ એ જ્ઞાતિ માટે કહેવાય છે. રાજકારણી, બુદ્ધિચાતુરી અને રહેણીકરણીની છાપ એ જ્ઞાતિ પર પડેલી હજી પણ જોવા મળે છે.

તેજસ્વી બુદ્ધિ, કામ કરવાનો ઉત્સાહ અને ખંતથી પ્રયત્ન કરવાની ટેવ અને એમાં માતા-પિતાની પૂરી તકેદારી, એને લીધે કસ્તુરભાઈ પ્રાથમિક શાળામાં તો હંમેશાં પહેલો નંબર રાખતા, પણ માધ્યમિક શાળા અને હાઈ સ્કૂલમાં તેઓ રમતિયાળ થઈ ગયા. એમને તથા એમના નાના ભાઈ નરુભાઈ (નરોત્તમભાઈ)ને પતંગ અને ક્રિકેટનો ઘણો શોખ. એમાં અભ્યાસમાં પાછા પડતા ગયા: શાળામાં પહેલો નંબર હટીને પહેલા દસમાંનો એક થઈ ગયો! પણ મૅટ્રિકમાં આવતાં તેઓ સવેળા ચેતી ગયા; વિચાર્યું : જો આમ જ ચાલતું રહ્યું તો આવી મહત્ત્વની પરીક્ષામાં શા હાલ થાય ? રમતિયાળપણું છોડી ખૂબ ધ્યાન દઈને વાંચવા માંડ્યું ; પહેલા જ પ્રયત્ને મૅટ્રિકની પરીક્ષા બીજા વર્ગમાં ઊંચા નંબરે પાસ કરી.

અભ્યાસકાળ દરમિયાન ક્યારેક ટીખળ કે તોફાન કરવાનું મન થઈ આવે. ગોપાળદાસ માસ્તર ઘરે ભણાવવા આવે. એ અમદાવાદી પાઘડી પહેરતા. એક વાર એમની પાઘડીને ઉકેલીને ઉપલા મજલેથી નીચે સુધી દોરડાની જેમ લટકાવી દીધી ! હાઈ સ્કૂલમાં સાક્ષરવર્ય શ્રી કેશવ હર્ષદ ધ્રુવ ખૂબ ખંતથી ભણાવે. તેઓ એવી તૈયારી કરીને પોતાનો વિષય શીખવે કે છોકરાઓ મંત્રમુગ્ધ થઈને એકચિત્તે સાંભળે. આ સાક્ષરવર્યની વિદ્વત્તા અને અધ્યાપનશક્તિની ઊંડી છાપ કસ્તુરભાઈના મન પર પડેલી છે.

બંગભંગ પછી આખા દેશમાં રાષ્ટ્રભાવનાની ચેતના જાગી ઊઠી હતી ત્યારે કસ્તુરભાઈની ઉંમર તેરેક વર્ષની હતી. ગુજરાતમાં પણ રાષ્ટ્રીયતાનો જુવાળ જાગી ઊઠ્યો હતો અને દીવાન-બલ્લુભાઈની

જાણીતી શિક્ષકબેલડીએ અમદાવાદમાં રાષ્ટ્રીય શાળા સ્થાપી હતી. આ વખતથી જ કસ્તુરભાઈમાં રાજદ્વારી સમજણ પ્રગટી ઊઠી હતી અને રાષ્ટ્રવાદીઓનો પક્ષ લેવાનું વલણ જન્મ્યું હતું.

અભ્યાસની સાથો સાથ ધર્મસંસ્કારનું કામ પણ ચાલતું જ રહેતું. પિતા શ્રી લાલભાઈ શેઠનાં સંતાનો પર જબરો કડપ: એમની સામે જરાય ગરબડ કે અવિનય ન ચાલે ! માતા પણ દેવદર્શન, ધર્મક્રિયા, તીર્થયાત્રા અને ગુરુભક્તિના તેમ જ નીતિ, સદાચાર, પ્રામાણિકતા અને સચ્ચાઈના સંસ્કાર આપતાં જ રહે. ગર્ભશ્રીમંતાઈમાં એશઆરામની વૃત્તિ, આળસુપણું કે વિનય-વિવેકનો અભાવ સંતાનોમાં ઘર કરી ન જાય એની તેઓ પૂરી તકેદારી રાખે. એક માતા સંસ્કારદાનમાં સો શિક્ષકની ગરજ સારે એ નીતિવાક્યને સાચું પાડે એવી એમની જાગૃતિ અને ચીવટ હતી.

દસેક વર્ષની ઉંમરે દાદીમા સાથે ઉત્તર અને પૂર્વભારતમાં તીર્થોની યાત્રાએ જવાનું થયું. કુટુંબ અને સગાંના ચાળીસેક જણા સાથે હતાં. મુસાફરી રેલવેના ત્રીજા વર્ગના ડબામાં કરવાની હતી. ક્યારેક ગાડામાં પણ મુસાફરી કરવાનો વખત આવતો. એવે વખતે કસ્તુરભાઈ સારું ગાડું શોધી કાઢતા અને એને સૌથી આગળ દોડાવતા ! બીજા ગાડાની ધૂળથી તો બચાય ! યાત્રા કરતાં કરતાં બધાં રાજસ્થાનમાં બામણવાડા તીર્થમાં પહોંચ્યાં. ટાઢ કહે મારું કામ ! વરંડાને પડદો બાંધીને બધા ત્યાં સૂતાં અને તાપણું કરીને બળદોને વાડામાં બાંધ્યા. તાપણું હોય તો ટાઢ પણ ઊડે અને હિંસક પ્રાણી પણ નાસી જાય. ત્યાં હિંસક પ્રાણીનો ભય ખરો ! એ ભય તે રાત્રે સાચો પડ્યો: એક ચિત્તો આવીને શેઠનો કૂતરાને ઉઠાવી ગયો !

પૈસો તો હતો, પણ બિનજરૂરી લહેરપાણીમાં પાણી કરવા માટે એ ન હતો. જરૂર પડ્યે હજારો ખરચાય, નકામી એક પાઈ પણ ન વેડફાય: આ કુટુંબની આ શીખ અને આ પ્રણાલી ! તેથી જ તો તીર્થયાત્રાએ દૂર દૂરની મુસાફરી કરવા છતાં કસ્તુરભાઈને સોળ વર્ષની ઉંમર સુધી

અલબેલી મુંબઈ નગરીને જોવાનો લહાવો મળ્યો ન હતો ! છેવટે પંચમ જ્યોર્જના રાજ્યાભિષેકના માનમાં મુંબઈમાં મોટા ઉત્સવ થવાનો હતો, તે જોવા નિમિત્તે તેઓને મુંબઈ જવાનો અવસર મળ્યો !

આમ, માતા-પિતાની વાત્સલ્યભરી હૂંફ અને શિસ્તભરી દેખરેખમાં ૧૭મે વર્ષે કસ્તુરભાઈએ મૅટ્રિકની પરીક્ષા પસાર કરી અને એમનું અંતર વિશેષ અભ્યાસ કરીને વિશેષ કાબેલિયત હાંસલ કરવા ગુજરાત કૉલેજમાં દાખલ થવા તલસી રહ્યું. કૉલેજમાં પ્રવેશ પણ મળી ગયો, પણ ભાગ્યવિધાન કંઈક જૂદું જ હતું !

સને ૧૯૧૨ના જૂનની પાંચમી તારીખે શ્રી લાલભાઈ શેઠ ગુજરી ગયા. એ વખતે રાયપુર મિલની સ્થિતિ જોઈએ તેવી સારી ન હતી અને એને તરતી કરવા માટે તાત્કાલિક પગલાં ભરવાની જરૂર હતી. શેઠાણી મોહિનાબા આ સ્થિતિ પામી ગયાં હતાં અને કસ્તુરભાઈનું હીર પણ તેઓ જાણતાં હતાં. એમણે કસ્તુરભાઈને ભણવાનું છોડીને મિલનો વહીવટ સંભાળવાની આજ્ઞા કરી. ભારે વિમાસણ ઊભી થઈ : એક બાજુ ૧૭-૧૮ વર્ષની તરવરતી ઉંમર, તેજસ્વી બુદ્ધિ અને અભ્યાસ કરીને નિપુણ બનવાની તમન્ના અને બીજી બાજુ માતાની આજ્ઞાં ! જરાક ચૂક્યા કે મળેલી તકનો લાભ જતો રહે ! શું કરવું અને શું ન કરવું ? પણ છેવટે માતાની આજ્ઞાનો વિજય થયો. કસ્તુરભાઈ યૌવાનસહજ બેફિકરીની મોજ અને કૉલેજમાં જવાનું છોડીની મિલના અટપટા વહીવટની જંજાળમાં પરોવાઈ ગયા ! આ પ્રસંગે એમના જીવનના રાહને બદલી નાખ્યો અથવા કહો કે એ રાહને સુનિશ્ચિત કરી આપ્યો ! સતત કર્તવ્યપરાયણતાનો જ એ માર્ગ હતો અને એથી ક્યારેય ચલિત થવાનું કે એશઆરામમાં પડવાનું ન હતું. માતાની એ આકરી આજ્ઞાની પાછળ અંતરના આશીર્વાદનાં અમી ઉભરતાં હતાં. એ આશીર્વાદ વખત જતાં શતદળ કમળની જેમ ખીલ્યા અને તેથી બડભાગી માતા અને કર્તવ્યનિષ્ઠ પુત્ર ધન્ય બન્યાં ! અભ્યાસનો માર્ગ બિડાઈ ગયો; કર્તવ્યના માર્ગની ઉષા સાદ દઈ રહી !

## મિલસંચાલનનો વ્યાપક અનુભવ

રાયપુર મિલનો વહીવટ મોટો હતો અને કસ્તુરભાઈની ઉંમર નાની હતી, પણ ખંત, ધીરજ અને સમજણ ઘણી હતી. વળી, જાતમહેનત કરીને જાતઅનુભવ મેળવવાની પૂરી હોંશ હતી અને કોઈ પણ કામ કરવામાં નાનપ, શરમ કે સંકોચ લાગતાં ન હતાં. તેઓ પોતે જ કહે છે કે 'જાતમહેનત કરવામાં મેં કદી સંકોચ અનુભવ્યો નથી અને કામ કામને શીખવે' એ સૂત્ર અપનાવીને હું જિંદગીમાં કામ કરતાં કરતાં જ ઘણું શીખ્યો છું, કસ્તુરભાઈ મિલના કામમાં ઓતપ્રોત થઈ ગયા.

તેઓ અભ્યાસ છોડીને મિલમાં જોડાયા તે વખતે એમનાં મોટાં બહેન ડાહીબહેને એક શાણી સલાહ આપી: ભણવાનું તો ભલે છોડ્યું, પણ અંગ્રેજીનો અભ્યાસ નહીં હોય તો કામ નહીં ચાલે અને પાછળ રહી જવું પડશે. કસ્તુરભાઈને આ વાત સમજાઈ ગઈ. મહેનતની ચિંતા કર્યા વગર શિક્ષક રાખીને એમણે અંગ્રજીનો અભ્યાસ કરી લીધો. તેઓ મુદ્દાસર, શુદ્ધ અને સચોટ અંગ્રેજી બોલી અને લખી શકે છે. તે મોટાં બહેનની આ સલાહને પ્રતાપે. આને લીધે તેઓને ધંધાદારી ઔદ્યોગિક કામગીરીમાં અને જાહેર જીવનમાં, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ખૂબ સરળતા અને સ્વાધીનતા થઈ ગઈ.

કસ્તુરભાઈના બન્ને કાકાને ભાગે સરસપુર મિલ આવી હતી, એટલે એમને રાયપુર મિલ સાથે સંબંધ ન હતો. આમ છતાં મિલની સ્થિતિમાં સુધારો થાય એ માટે એમની મદદ લેવામાં આવી હતી. એટલે શરૂઆતમાં કસ્તુરભાઈને તો પોતાને મનગમતું નહીં, પણ વડીલોએ ચીંધેલું જ કામ કરવાનું રહેતું. પહેલાં એમને ટાઇમકીપરનું કારકુન જેવું કંટાળો ભરેલું કામ સોંપવામાં આવ્યું ! કેટલાક મહિના તો એ કામ સંભાળ્યું, પણ પછી એમને એથી કંટાળો આવ્યો : તેજસ્વી બુદ્ધિની નવું નવું કામ શીખવાની અને કરવાની ભૂખ આવા યાંત્રિક કામથી કેવી રીતે સંતોષાય ? એમણે સ્ટોર્સ ડિપાર્ટમેન્ટનું કામ સંભાળ્યું અને રૂની પરખ માટે જુદાં જુદાં ગામોમાં ફરવાનું શરૂ કર્યું. કસ્તુરભાઈ શેઠ રૂની પરખમાં

અસાધારણ નિષ્ણાતા બન્યા તે આ અનુભવને લીધે જ.

વડીલોની મદદ લેવા છતાં મિલની કમાણીમાં વધારો ન થયો; ઊલટું મૂડીના રોકાણના પ્રમાણમાં લાગ્યું કે મિલ ખરી રીતે ખોટ કરે છે! આવું જ ચાલતું રહે તો મૂડી અને આબરૂ બન્નેને ધક્કો લાગ્યા વગર ન રહે ! મિલની આવી સ્થિતિ જોઈને ક્યારેક તો એમને એમ પણ થઈ આવતું કે પિતાજી મિલના ત્રણ લાખ રૂપિયાના શૅરો આપી જવાને બદલે એટલી રોકડ મૂકી ગયા હોત તો કેવું સારું ! બીજું નહીં તો છેવટે એના વ્યાજમાંથી જ સુખ-વૈભવથી રહી શકાત !

પણ આ કંઈ લાગણીના વેગમાં ખેંચાવાની નહીં, પણ નક્કર હકીકતનો હિંમતપૂર્વક સામનો કરવાની વાત હતી અને મુસીબત જોઈને મૂંઝાવાનું, નિરાશ થવાનું કે પાછા પડવાનું કસ્તુરભાઈના સ્વભાવમાં જ નથી. આવે વખતે તો ઊલટું એમનું હીર વધુ ખીલી ઊઠે છે. તરત જ એમણે વડીલો પર આધાર રાખવાને બદલે જાતે ત મિલનો વહીવટ સમજવા અને સંભાળવાનું નક્કી કર્યું. નફો કેવી રીતે વધારી શકાય અને નુકસાની રોકવા શું શું કરવું જોઈએ, એની ગણતરી એમની ચકોર દૃષ્ટિ તરત જ કરી શકે છે. વળી, એમની બુદ્ધિ જેવી કુશાગ્ર અને તેજસ્વી છે, એવી જ પરિણામલક્ષી અને વ્યવહારુ છે. એટલે કોઈ પણ આદર્શ વિચાર કે યોજનાનો સફળ અમલ કેવી રીતે કરી શકાય એ નક્કી કરતાં એમને વાર લાગતી નથી.

રાયપુર મિલ માત્ર સૂતરનું જ ઉત્પાદન કરતી હતી, એના બદલે એમાં કાપડ ઉત્પન્ન કરવાનું નક્કી કર્યું. તરત જ એમાં ૩૩૬ શાળોથી શાળ ખાતું શરૂ કરવામાં આવ્યું અને એના સંચાલનની જવાબદારી, એમના બનેવી શ્રી પુરુષોત્તમભાઈ મગનભાઈ હઠીસિંગની સલાહ મુજબ પ્રથમ પંક્તિના વિવિંગ માસ્તરને સોંપવામાં આવી અને ઉત્તમ જાતના કાપડનું ઉત્પાદન શરૂ કરવામાં આવ્યું. નુકસાની કરતી મિલ જાણે કોઈ જાદુ થયો હોય એમ સારો નફો કરવા લાગી ! એ જાદુ હતો ઝડપી નિર્ણયનો, ચીવટભરી પ્રામાણિક કામગીરીનો અને સાહસભર્યા પુરુષાર્થનો.

એમાં સને ૧૯૧૪માં પહેલું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું, તેનો મિલને લાભ

મળ્યો : જેટલું કાપડ તૈયાર થાય તે બધું તરત જ વેચાઈ જાય. રાયપુર મિલનો નફો ઉત્તરોત્તર વધતો જ ગયો અને નફા અને માલની ઉત્તમતાની દૃષ્ટિએ પ્રથમ પંક્તિની ગણાતી ભારતની મિલોમાં એની ગણના થવા લાગી. સને ૧૯૧૩થી ૧૯૩૮ સુધી પચીસ વર્ષ લગી આ મિલે એક જ જાતનો તાણો-વાણો કાંતવાનું અને એ તાણા-વાણામાંથી જ કાપડ બનાવવાનું ચાલુ રાખવા છતાં એના કાપડની ગુણવત્તા અને લોકપ્રિયતામાં જરાય ઘટાડો ન થયો અને એનો નફો વધતો જ રહ્યો એ નવાઈ ઉપજાવે એવી હકીકત છે.

રાયપુર મિલના ગૌરવભર્યા વહીવટની એક વાત અહીં ખાસ નોંધવા જેવી છે : સને ૧૯૩૧માં કસ્તુરભાઈ શેઠે અરવિંદ મિલ શરૂ કરી, પણ એને માટે બહારથી સ્વતંત્ર મૂડી ઊભી કરવાને બદલે રાયપુર મિલના નફામાંથી એ મૂડી મેળવવામાં આવી હતી ! મતલબ કે અરવિંદ રાયપુર મિલના શૅરહોલ્ડરોને નફારૂપે ભેટ આપવામાં આવી ! એક મિલના નફામાંથી બીજી મિલ ઊભી થઈ હોય એ બનાવ પોતેજ વિરલ છે; તેમાંય એ મિલ વહીવટ, માલની જાત અને નફાની દૃષ્ટિએ ભારતની શ્રેષ્ઠ ગણાતી મિલોમાં વિશેષ આગળ પડતું સ્થાન ધરાવે એ તો વળી એથીય વધુ વિરલ પ્રસંગ છે અને એ એના સંચાલકની વહીવટી કુશળતાની કીર્તિકથા બની રહી એવો છે.

કાપડની મિલોમાં કે બીજાં નાનાં-મોટાં કારખાનાંમાં શ્રી કસ્તુરભાઈ શેઠને જે અસાધારણ સફળતા સાંપડી છે એનાં કેટલાંક કારણો આ છે :

સૌથી પહેલી વાત છે સ્વચ્છ, પ્રામાણિક અને કરકસરભર્યા વહીવટનો આગ્રહ. બીજી વાત છે ગમે તે ભોગે માલની ગુણવત્તા ટકાવી રાખવાનો આગ્રહ; વધુ નફો મેળવવાના લોભમાં રૂ કે બીજી કોઈ ઉત્પાદનની કાચી સામગ્રી હલકી જાતની ન વપરાઈ જાય એની સતત જાગૃતિ રાખવામાં આવે છે. માલ સારી જાતનો હોય તો લોકો મોંમાગ્યા દામ ચૂકવવા તૈયાર હોય છે એ કસ્તુરભાઈનો જાતઅનુભવ છે.

દરેક ખાતનું સંચાલન તે તે ખાતાના નિષ્ણાતને સોંપવામાં આવે છે અને એમને પોતાની બુદ્ધિ અને શક્તિનો ઉપયોગ કરવાની પૂરી મોકળાશ

રહે છે. કસ્તુરભાઈ શેઠ જેમ માણસને પારખવામાં નિપુણ છે તેમ એને સાચવવામાં પણ એટલા જ કુશળ છે. કસ્તુરભાઈની કોઈ પણ કંપનીમાં જવાબદારીવાળા સ્થાને કામ કર્યું હોવું એ એ માણસની કાબેલિયતનું પ્રમાણપત્ર બની જાય છે. પણ સાથે સાથે નિષ્ણાત વ્યક્તિઓને રાખવા છતાં કોઈ પણ બાબતમાં એમને પરાધીન બનવું ન પડે અથવા એ મૂર્ખ બનાવી ન જાય એ માટે શ્રી કસ્તુરભાઈ દરેકેદરેક ખાતાની ઝીણામાં ઝીણી કામગીરીથી માહિતગાર રહેવા પ્રયત્નશીલ રહે છે અને કોઈ પણ વાતના મર્મને ઝડપથી પકડી શકનારી એમની બુદ્ધિને માટે આ રીતે માહિતગાર રહેવું એ ક્યારેય મુશ્કેલ કે ભારરૂપ નથી લાગતું. મતલબ કે સંચાલકોની બિનઆવડત કે બદદાનતને લીધે કંપનીને સહન કરવું ન પડે એની તેઓ સતત તકેદારી રાખે છે.

વળી, વહીવટમાં કંઈ ભૂલ થઈ હોય અને એમનું ધ્યાન દોરવામાં આવે તો તેઓ ક્યારેય એને છાવરવાનો કે એનો બચાવ કરવાનો પ્રયત્ન નથી કરતા, પણ એ ભૂલનો ખેલદિલીપૂર્વક સ્વીકાર કરીને વહીવટને સુધારી લેવામાં જ તેઓ માને છે. એમની કંપનીઓની જનરલ મિટિંગોમાં એવા દાખલાઓ પણ બન્યા છે કે જ્યારે તેઓએ આવી ભૂલનો સ્પષ્ટ એકરાર કરતાં કહ્યું હોય કે કંપનીની આ ભૂલ છે અને તે સુધારી લેવામાં આવશે; આટલું જ નહીં, ક્યારેક તો તેઓએ મારા-તારાનો ભેદ ભૂલીને આવી ભૂલ કરનારને ઠપકો આપ્યો હોય એવું પણ બન્યું છે. આ તો કંપનીના વહીવટની વાત થઈ.

આથીય વધારે તકેદારી તેઓ કંપનીના હિસ્સેદારો (શૅરહોલ્ડરો)ના હિતનું જતન કરવામાં રાખે છે. પોતાના શૅરહોલ્ડરોને ક્યારેય નુકસાન વેઠવું ન પડે અને એમને વધુમાં વધુ નફો મળે એવો જ એમનો પ્રયત્ન હોય છે. મૂડી પોતાની હોય કે શૅરહોલ્ડરોની એનું જતન કરવામાં તેઓ સમાન ચીવટ રાખે છે. મૂડીમાત્રનો ઉત્તમમાં ઉત્તમ વિનિયોગ કરીને એમાંથી બને તેટલો વધુ નફો મેળવવો જોઈએ-પછી એ મૂડી પોતાની હોય કે બીજાની - એ એમનો સિદ્ધાંત છે. રાયપુર મિલના એક હજાર રૂપિયાના એક શૅરના બદલામાં એક લાખ રૂપિયા કરતાં પણ વધુ વળતર શૅરહોલ્ડરોને

આપવામાં આવ્યું છે, તે આ વાતનો જીવંત પુરાવો છે. આમાં તેઓની અર્થશાસ્ત્રની વ્યવહારુ, સ્પષ્ટ સમજણનો પણ હિસ્સો બહુ મહત્ત્વનો છે એમ કહેવું જોઈએ.

વળી, જેમની મારફત મિલના ઉત્પાદનનો નિકાલ થઈ શકે છે એ વેપારીઓનું હિત પણ બરાબર સચવાય એની તેઓ પૂરી સંભાળ રાખે છે. એમને સુખી જોઈને તેઓ બહુ રાજી થાય છે.

સને ૧૯૧૭માં કાપડના વેચાણ માટે તેઓ જાતે દેશના જુદા જુદા ભાગોમાં ફર્યા હતા. એક મદદનીશ, પોતે અને એક રસોઈયો એમ ત્રણ જણા એ મુસાફરીમાં હતા. બધાને ઉતારો ધર્મશાળામાં રહેતો. વેપારીઓનો સીધો સંપર્ક, બજારોનો જાતઅનુભવ અને તે તે પ્રદેશ કે શહેરની ખાસિયતને જાણવી એ આ પ્રવાસનો હેતુ હતો. આથી એમને ઘણો લાભ થયો અને ઘણું ઘણું શીખવાનું મળ્યું. જાણે તેઓ શાળા-કૉલેજ વગર જ પોતાનું સર્વાંગીણ ઘડતર કરી રહ્યા હતા!

વ્યવસાયનાં અને જાહેર જીવનનાં અનેક ક્ષેત્રોમાં કસ્તુરભાઈએ જે વિશિષ્ટ સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે એની આવી આવી અનેક ચાવીઓ લેખી શકાય અને તે તેઓને ઊગતી ઉંમરે જ મળી હતી.

યૌવનના ઉંબરે પગ મૂકતાં મૂકતાં જ એવી મોટી જવાબદારી શિરે આવી પડી અને એ જવાબદારી સર્વ રીતે પૂરી કરવાની એવી અદમ્ય તાલાવેલી અંતરમાં જાગી ઊઠી કે પછી એમાં યૌવનસહજ બેફિકરી અને ગર્ભશ્રીમંતાઈને સહજ મોજમજા કે એશઆરામની વૃત્તિને અવકાશ જ ન રહ્યો. સતત કર્મયોગનો માર્ગ જ એમનો જીવનમાર્ગ બની ગયો.

એમ લાગે છે કે રાયપુર મિલની જવાબદારી સ્વીકાર્ય પછી કસ્તુરભાઈની કાર્યશક્તિનો અનેક રૂપે ઝડપી વિકાસ થયો-જાણે અંતરમાં પ્રશાંતપણે સંગ્રહાયેલું ખમીર કોઈક યોગ્ય તકની રાહ જ જોતું હતું! ૧૭-૧૮ વર્ષની નાની વયે શરૂ થયેલી અનેકવિધ પ્રવૃત્તિઓનો પ્રવાહ અનેક ક્ષેત્રોને હરિયાળાં બનાવતો, આજે ૭૬ વર્ષની મોટી વયે પણ અખંડધારાએ આગળ વધી રહ્યો છે.

## લગ્ન

છ-સાત દાયકા પહેલાં નાનપણમાં સગપણ એ ખાનદાનીની નિશાની લેખાતું . એ વખતમાં ઘોડિયાનાં સગપણ એ કોઈ નવાઈની વાત ન હતી. કસ્તુરભાઈનું સગપણ આઠ વર્ષની ઉંમરે થયું હતું. એમનાં પત્ની શારદાબહેનની ઉંમર બે વર્ષની હતી. તેઓ અમદાવાદના ઓસવાળ કુટુંબના શ્રી ચીમનલાલ વાડીલાલ લસણિયાનાં પુત્રી હતાં. સને ૧૯૧૫માં લગ્ન કરવાની વાત આવી. કસ્તુરભાઈની ઉંમર તો ત્યારે ૨૧ વર્ષની હતી; લગ્ન માટે એ ઉંમર કંઈ ઓછી પણ ન ગણાય; છતાં નવું નવું શીખવાની અને નવાં નવાં કામો કરીને વિકાસ સાધવાની ધગશમાં એમને લગ્નનો વિચાર ન રુચ્યો. એમને થયું : અત્યારથી સંસારની અને સંતાનની જવાબદારીમાં ક્યાં પડવું ? એમાં તો જેટલું મોડું થાય તેટલું સારું, પણ માતાના અને સગાંના આગ્રહ આગળ એમને નમતું આપવું પડ્યું. કુટુંબમાં ઘેરો શોક હતો. એમના મોટા બનેવી શ્રી પુરુષોત્તમભાઈનું સને ૧૯૧૪ના ડિસેમ્બરમાં જ અવસાન થયું હતું! છતાં લગ્ન લેવાયાં અને સને ૧૯૧૫માં એ સાદાઈથી પતાવવામાં આવ્યાં. કસ્તુરભાઈનાં પત્ની શારદાબહેન ખૂબ શાંત, સાલસ, શાણાં, કુટુંબપરાયણ અને વ્યવહારદક્ષ સન્નારી હતાં. ધર્માનુરાગ અને સાદાઈ એમના જીવનમાં તાણાવાણાની જેમ વણાયેલાં હતાં. એમને ત્રણ પુત્રો : મોટા સિદ્ધાર્થભાઈ, બીજા શ્રેણિકભાઈ; બન્ને અત્યારે શ્રી કસ્તુરભાઈની જવાબદારી સંભાળી રહ્યા છે. ત્રીજા પુત્રનું સને ૧૯૨૮માં એક વર્ષની ઉંમરે અવસાન થયું હતું.

## ઘડતરના ત્રણ પ્રસંગો

ગુજરાતમાં દુષ્કાળ : ભારતમાં ગાંધીયુગમાં શરૂઆત હતી ગાંધીજીએ અમદાવાદમાં આશ્રમ કર્યો હતો. સરદાર વલ્લભભાઈ પટેલ અને બીજા અનેક તેજસ્વી પુરુષો રાષ્ટ્રસેવાને અર્પિત થયા હતા. એવામાં સને ૧૯૧૮માં ગુજરાતમાં દુષ્કાળ પડ્યો. પ્રજા આફતમાં હોય એવા વખતે ચૂપ કેમ બેસી રહેવાય? ગાંધીજીની પ્રેરણાથી સરદારશ્રીએ રાહતકામની યોજના કરી. એ માટે ફેમિન રિલીફ કમિટી (દુષ્કાળ રાહત સમિતિ) રચવામાં આવી. સરદારશ્રી, શ્રી કસ્તુરભાઈ શેઠ, દાદાસાહેબ શ્રી માવળંકર, શ્રી ઇન્દુલાલ યાજ્ઞિક અને શ્રી કૃષ્ણલાલ દેસાઈ એ પાંચ એના મંત્રીઓ બન્યા. સૌથી પહેલું કામ સારું એવું ફંડ ભેગું કરવાનું હતું. શેઠશ્રી અંબાલાલ સારાભાઈ અને શ્રી કસ્તુરભાઈએ ઘરે ઘરે ફરીને પોણા ત્રણ લાખ રૂપિયા ભેગા કર્યા. માણસો માટે પંજાબથી ઘઉં મેળવવાનું અને પશુઓ માટે વલસાડથી ઘાસ મેળવી આપવાનું કસ્તુરભાઈએ માથે લીધું. એની વહેંચણીની એવી ગોઠવણી કરી કે માણસો અને પશુઓને ઘણી રાહત મળી. આ કામને લીધે ગાંધીજીને કસ્તુરભાઈની કાર્યશક્તિ અને પ્રામાણિકતાનો ખ્યાલ આવ્યો; અને સરદારશ્રી સાથે તો મિત્રતાનો નાતો બંધાઈ ગયો. આ અંગે કસ્તુરભાઈએ પોતે જ કહ્યું છે કે -

''દુષ્કાળમાં રાહતના કામો અંગે હું સરદાર વલ્લભભાઈ પટેલ સાથે દરરોજ જતો અને કામની વિગતો આપતો. તેથી તેમની સાથે મિત્રતા બંધાઈ, જે જિંદગી પર્યંત ટકી રહી. જાહેર જીવનનો આ મારો પ્રથમ અનુભવ હતો અને તેને સફળતા મળે તે માટે મેં મારાથી શક્ય તેટલાં બધાં જ સમય અને શક્તિ ખરચ્યાં. મારી માન્યતા પ્રમાણે આ કાર્યે મારા ભાવિ જીવનઘડતરમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે, કારણકે-ઘણી વાર તમે એવા માણસના સંપર્કમાં આવો છો કે જેઓ જવાબદારી સ્વીકારે પણ અદા કરવા તેમનાથી બનતું કરી છૂટે નહીં અને પરિણામે જ્યારે

બીજી તક ઊભી થાય ત્યારે તમે તેમની મદદ માગો નહીં.''

દાદાસાહેબ ગણેશ વાસુદેવ માવળંકર સાથે ઘનિષ્ઠ દોસ્તી બંધાઈ તેની શરૂઆત પણ આ વખતે જ થઈ.

ગાંધીજીના ઉપવાસ : સને ૧૯૧૭માં અમદાવાદમાં પ્લેગ ફાટી નીકળ્યો તેથી. મોટા ભાગના મજૂરો ગામડે ચાલ્યા ગયા અને મિલો ચલાવવા માટે મજૂરોની તંગી વરતાવા લાગી, પરિણામે પોતાની મિલો ચાલુ રાખવા માટે મિલમાલિકમાં મજૂરોને વધારે પગાર આપવાની જાણે હરીફાઈ શરૂ થઈ : એક મિલ બીજી મિલના કારીગરને વધારે પગાર આપીને ખેંચી જાય! આને લીધે મજૂરોના પગારમાં ૯૦ ટકા જેટલો વધારો થઈ ગયો, જે પોસાય એમ ન હતો. પ્લેગ શમી ગયો અને સ્થિતિ બરોબર થઈ ગઈ એટલે મિલોએ વિચાર કરીન પ્લેગ પહેલાં જે પગાર હતો તેથી ૨૦ ટકા વધુ પગાર આપવાનું નક્કી કર્યું. ગાંધીજીને લાગ્યું કે આમાં મજૂરોને અન્યાય થાય છે. એમણે ૩૫ ટકા પગારવધારો આપવા કહ્યું. માલિકો એ માટે સંમત ન થયા. ગાંધજીએ મજૂરોને હડતાળ પાડવાની હાકલ કરી. હડતાળ એકાદ માસ તો ચાલી, પણ પછી મજૂરો પૈસાની તંગીથી પરેશાન થઈને કામે ચડવા લાગ્યા. હડતાળ તૂટી પડવાના સંજોગો જોઈને ગાંધીજીએ એને ટકાવી રાખવા ઉપવાસ આદર્યા. એ વખતે એની બેસેન્ટ કૉંગ્રેસનાં પ્રમુખ હતાં. અમદાવાદના મિલમાલિકો પર એમનો તાર આવ્યો કે આવા નાના કામ માટે ગાંધીજીની જિંદગી જોખમમાં ન મુકાવી જોઈએ. શેઠ અંબાલાલ સારાભાઈ, શ્રી કસ્તુરભાઈ અને બીજા એક મિલમાલિક-એમ ત્રણ જણાએ ગાંધીજી પાસે જઈને કહ્યું : આમાં અમારી જીત થઈ છે અને મજૂરો કામે ચડી જવા લાગ્યા છે, પણ અમારે આપની જિંદગી હોડમાં મૂકવી નથી માટે આપની માગણી અમે કબૂલ રાખીએ છીએ. ગાંધીજીએ કહ્યું: મારા દબાણથી તમે આ વાત સ્વીકારો એ મને મંજૂર નથી. આમાં તમે આવી બાબતોના નિકાલ માટે લવાદીનો સિદ્ધાંત સ્વીકારો અને એ કહે તે આપણે બન્ને કબૂલ રાખીએ એમ થવું જોઈએ. વિષ્ટિ માટે ગયેલા મિલમાલિકોએ એ

વાત કબૂલ રાખી.

શ્રી આનંદશંકર ધ્રુવને લવાદ નીમવામાં આવ્યા. એમણે ફક્ત ચોવીસ કલાકમાં જ ફેંસલો આપ્યો કે મજૂરોને પહેલા દિવસે ૨૦ ટકાનો પગારવધારો આપવો; બીજે દિવસે ૩૫ ટકાનો; અને ત્રીજા દિવસથી હંમેશને માટે ૨૭.૫ ટકાનો. આ પ્રસંગ નિમિત્તે કસ્તુરભાઈને ગાંધીજીના સંપર્કમાં આવવાનું બન્યું તે તો ખરું જ, પણ સાથે સાથે અર્થતંત્રને સુધારવા માટે ગમે તેમ કરીને ઔદ્યોગિક શાંતિને સાચવી રાખવાની અને મજૂરો સાથેનો સંઘર્ષ ટાળવાની કેટલી જરૂર છે, તેનો એક અમૂલ્ય પદાર્થપાઠ પણ મળ્યો. તેઓ પોતે જ કહે છે કે -

''હડતાળ અને લવાદમાંથી અમે જે એક પદાર્થપાઠ શીખ્યા તે એ કે મિલ બંધ કરવી તે નુકસાન જ છે. મહાત્માજી જોડે સમાધાન કરતી વખતે ઔદ્યોગિક શાંતિના ફળની અમને સંપૂર્ણ કલ્પના હતી.''

મિલમાલિક તરીકે મજૂરો સાથે કેવી રીતે વર્તવું અને ઉદ્યોગમાં કેવી રીતે શાંતિ ટકાવી રાખવી એ અંગે આ પ્રસંગે મળેલ પ્રત્યક્ષ અનુભવને શ્રી કસ્તુરભાઈ આજ દિન સુધી અનુસરતા રહ્યા છે. આ પ્રસંગે શ્રી અંબાલાલ શેઠને શ્રી કસ્તુરભાઈની કાર્યશક્તિનો ખ્યાલ આવવાથી એમણે તેઓની મિલ ઓનર્સ ઍસોસિયેશનની કમિટીમાં નિમણૂક કરી.

સાપમાં મોતનું દર્શન થાય છે
તેમ પાપમાં અનંત મોત નિહાળો.

## અશોક મિલની કહાણી

રાયપુર મિલ તો સારો નફો કરતી થઈ ગઈ હતી અને એની ચિંતા હવે પજવતી ન હતી, એટલે કસ્તુરભાઈની શક્તિ અને બુદ્ધિ નવા સાહસને માટે તલસી રહી. એમને થયું: વડીલોએ શરૂ કરેલી મિલને ચલાવી જાણી એમાં શી શાબાશી? કોઈ સ્વતંત્ર મિલ સ્થાપી અને ચલાવી જાણીએ તો કામ કર્યું કહેવાય ! અને એમણે સને ૧૯૨૦માં બાર લાખની મૂડીથી અશોક મિલ નામે નવી મિલ શરૂ કરવાનો નિર્ણય કર્યો. મૂડી રોકનારાઓમાં કસ્તુરભાઈની શાખ એવી હતી કે લોકો આગ્રહ કરી કરીને પૈસો આપી ગયા; તરત જ બાર લાખને બદલે ચોવીસ લાખ ભરાઈ ગયા ! કસ્તુરભાઈએ નક્કી કર્યું કે વગર માગ્યે આટલી મૂડી મળી છે, તો બમણી ઉત્પાદનશક્તિશાળી મિલ શરૂ કરવી અને એ માટે ચાળીસ હજાર ત્રાકો અને એક હજાર શાળોનો વિલાયત ઑર્ડર આપ્યો, પણ એ જ વખતમાં રૂપિયાનું પાઉન્ડ સાથેનું હૂંડિયામણ એટલું ઘટી ગયું કે ઓર્ડર મૂકેલ યંત્રોના આશરે દોઢા રૂપિયા આપવા પડે ! આટલી બધી મૂડી લાવવી ક્યાંથી ? પરિણામે મૂકેલ ઑર્ડરમાંથી દસ હજાર ત્રાકો અને ચારસો શાળો કમી કરીને જેમ તેમ કરીને મિલ ચાલુ કરી, પણ અણધાર્યા વધુ ખર્ચને કારણે મિલ મોટી આર્થિક ભીંસમાં મુકાઈ ગઈ અને એના ૧૦૦ના શેરના ભાવ ૪૦ જેટલા ઓછા થઈ ગયા. જેઓએ, પરાણે પરાણે માગીને, હોંશે હોંશે શૅરો ખરીદ્યા હતા, તેઓમાં જાણે એક પ્રકારની ચિંતા અને શોકની લાગણી પ્રસરી ગઈ કે હવે આપણી મૂડીનું શું થશે ? અને લોકોમાં તો 'અશોકે શોકમાં નાખ્યા' એવી કહેવત પણ બોલાવા લાગી ! વખત બહુ જ કટોકટીનો અને કસોટીનો હતો. જરાક ઉતાવળ કરી, હતાશ થયા કે હિંમત હાર્યા તો ઊગતી મિલને ફડચામાં જતાં એને ઊગતી કારકિર્દીને કલંક લાગતાં બચાવી શકાય એમ ન હતું,

પણ કસ્તુરભાઈએ ખૂબ ખંત, ધીરજ અને ઝીણવટભરી ગણતરીથી જરાય હિંમત કે આશા ખોયા વગર સ્વસ્થતાથી કામ લીધું. સને ૧૯૨૩માં મિલ શરૂ થઈ. ધીમે ધીમે ઉત્તમ ઉત્પાદન અને ઉત્તમ વહીવટથી એનો નફો એવો વધતો ગયો કે થોડાંક વર્ષમાં એણે શૅરહોલ્ડરોની અડધી મૂડી પાછી આપી દીધી. અત્યારે એની થાપણ સાઠ લાખથી વધુ છે ! અને દેશની એ પ્રથમ પંક્તિની મિલ ગણાય છે. આ અંગે શ્રી કસ્તુરભાઈ શેઠ કહે છે કે -

"મારી કારકિર્દીની શરૂઆતમાં જ મને આ કઠોર પદાર્થપાઠ મળ્યો તે એક રીતે ઘણું જ સારું થયું. અશોક મિલ્સ, જે ઘણા જ કટોકટીના સમયમાંથી પસાર થઈ, તે ન બન્યું હોત તો કદાચ હું ઘણો જ બેદરકાર રહ્યો હોત."

જાણે આ ત્રણ પ્રસંગોથી જીવનભરમાં કામ લાગે એવી મહત્ત્વની સમજણ અને કાર્યપદ્ધતિ તેઓને મળી અને એમના અંગત અને જાહેર કાર્યક્ષેત્રનો સને ૧૯૨૦ પછી ઉત્તરોત્તર વિકાસ થવા લાગ્યો.

કટુતાની બાદબાકી કરે તેનું નામ કુટુંબીજન

## કાર્યક્ષેત્રનો વિસ્તાર

સને ૧૯૨૦માં રાયપુર મિલનો નફો હિંદુસ્તાનની બધી મિલો કરતાં વધારે થયો. એ જ વર્ષમાં મિલમજૂરોના પગારવધારાનો પ્રશ્ન ઊભો થતાં ગાંધીજી સાથે એ અંગે સમાધાન કર્યું અને યુરોપની પહેલવહેલી મુસાફરી પણ આ વર્ષમાં જ કરી. મુસાફરીમાં કસ્તુરભાઈની સાથે એમના નાના ભાઈ શ્રી નરોત્તમભાઈ હતા. મુસાફરી ખર્ચ, ખરીદી અને પરદેશી નાણાંના રોકાણમાં થઈને એકાદ લાખ રૂપિયા ખરચ્યા ! મજાની વાત એ થઈ કે એ વખતે જર્મન અને ફ્રેંચ હૂંડિયામણના દર ઘટી ગયા હતા. આગળ જતાં લાભ થશે એમ સમજીને બન્ને ચલણમાં થઈને પચાસ હજાર રૂપિયા રોક્યા ! વખત જતાં જર્મન ચલણમાં રોકાણ ડૂબી ગયું; ફ્રેંચ ચલણમાં રોકેલી મૂડી પાછી મળી ! પરદેશી ચલણમાં મૂડીના રોકાણ અંગે આ એક નવો અને ઉપયોગી અનુભવ મળ્યો. એની ફી પણ એવી જ સારી ચૂકવી હતી ને !

સને ૧૯૨૧માં સરદારશ્રી મ્યુનિસિપાલિટીના પ્રમુખ હતા. એમણે કસ્તુરભાઈને એક પ્રાથમિક શાળા માટે દાન આપવા કહ્યું. તેઓએ પચાસ હજાર આપ્યા.

૧૯૨૧ના ડિસેમ્બરમાં અમદાવાદમાં કૉંગ્રેસનું અધિવેશન ભરાયું. શ્રી મોતીલાલ નેહરુ કસ્તુરભાઈના મહેમાન બન્યા હતા. આ પરિચય આગળ જતાં ગાઢ થયો અને ઉપયોગી નીવડ્યો. આ કૉંગ્રેસ પછી કસ્તુરભાઈની રાષ્ટ્રભાવના વધારે સબળ બની.

**સમય, શકિત અને સંપત્તિનો સદુપયોગ કરો**

## દિલ્લીની ધારાસભામાં

તે વખતે દિલ્હીની ધારાસભામાં મુંબઈ અને અમદાવાદના મિલમાલિક મંડળના પ્રતિનિધિને વારાફરતી ત્રણ ત્રણ વર્ષ માટે લેવામાં આવતા. આ માટે તે તે માલિક મંડળે પોતાના પ્રતિનિધિની ચૂંટણી કરવાની રહેતી. સને ૧૯૨૩થી ૧૯૨૬ને માટે અમદાવાદ મિલમાલિક મંડળનો વારો હતો. આ માટે સર્વાનુમતે કોઈ એક વ્યક્તિની પસંદગી ન થઈ શકી એટલે ચૂંટણી અનિવાર્ય બની. સરદારશ્રીએ કસ્તુરભાઈને ચૂંટણીમાં ઊભા રહેવા દબાણ કર્યું. કામ નવી જાતનું અને જવાબદારીભરેલું હતું અને અનુભવ હતો નહીં. એમણે ના પાડી, પણ છેવટે સરદારશ્રીની વાત માનવી પડી. કસ્તુરભાઈએ એક નિયમ કર્યો હતો કે સત્તા માટે પ્રયત્ન કરવો નહીં, પણ સત્તા સામે ચાલીને આવે તો એની જવાબદારી લેતાં અચકાવું નહીં અને એને માટે પૂરતો સમય આપવો અને સભામાં વખતસર હાજર રહેવું. તેઓ ચૂંટણીમાં ઊભા રહ્યા. રસાકસી બહુ હતી. બે-ત્રણ મત ફરી જાય તો પરિણામ ફરી જાય એવી સ્થિતિ હતી ! એમાં એક નવી મુશ્કેલી આવી પડી. દિલ્હીની રાજસભાની ચૂંટણી પણ આ જ વખતે હતી અને એમાં ગોરધનદાસ પટેલ અને નરશીદાસ જેકિશનદાસ એ બે વચ્ચે હરીફાઈ હતી. કસ્તુરભાઈએ નરશીદાસને મત ન આપવાનું વચન આપ્યું હતું. સ્થિતિ એવી હતી કે ગોરધનદાસને મત ન આપે તો એની અસર પોતાની ચૂંટણી પર પડે. એમના ઉપર ગોરધનદાસને મત આપવાનું દબાણ આવ્યું. કસ્તુરભાઈએ કહ્યું : વચન આપ્યું તે પાળવું જ જોઈએ, ભલે પછી મારી ચૂંટણીનું પરિણામ ગમે તે આવે ! છેવટે તેઓ પાંચ વધુ મતે ચૂંટાયા. કામ નવું હતું, પણ મહેનત અને અભ્યાસની ટેવ હતી અને ગમે તે વાતના હાર્દ સુધી પહોંચવાની બુદ્ધિ હતી. આ વખતે કૉંગ્રેસની સ્વરાજ્ય પાર્ટીનું ધારાસભા પર વર્ચસ્વ હતું અને શ્રી મોતીલાલ નહેરુ એના મોવડી હતા. સ્વરાજ્ય પાર્ટીને પૈસાની જરૂર હતી તેથી મુંબઈ અને અમદાવાદના મિલમાલિકો

પાસેથી પાંચ લાખ રૂપિયા ભેગા કરી આપ્યા. ધારાસભાને કારણે અનેક નેતાઓ સાથે સંપર્ક થયો. ષણ્મુખમ ચેટી સાથે મિત્રતા થઈ. ધારાસભામાં સૌથી મોટું અને મહત્ત્વનું કામ કસ્તુરભાઈએ કાપડ પરની ૩ાા ટકાની આબકારી જકાત દૂર કરવાનું કાર્ય કર્યું. પોતાના મતદાર વિભાગની આ સેવાથી કસ્તુરભાઈની ખૂબ પ્રશંસા થઈ અને એમને પોતાને પણ કંઈક નક્કર કામ કર્યાનો સંતોષ થયો. મોતીલાલ નહેરુએ પ્રમાણપણ આપ્યું કે અમારી સ્વરાજ્ય પાર્ટીના કૉંગ્રસમૅન કરતાં તમે સારા કૉંગ્રેસમૅન પુરવાર થયા છો !

૧૯૨૩માં અમદાવાદમાં ગાંધીજીનો પ્રસિદ્ધ કેસ ચાલ્યો. એ કેસમાં હાજર રહેવાનું કસ્તુરભાઈને આમંત્રણ મળ્યું. ગાંધીજીને છ વર્ષની સજા થઈ. ગાંધીજીને જેલમાં લઈ ગયા તે અગાઉ એમની સાથે કસ્તુરભાઈની મુલાકાત થઈ. ગાંધીજીએ સરદારશ્રીની પડખે રહેવાની સલાહ આપી. આ જ વર્ષમાં પગારવધારા માટે મજૂર હડતાળનો સામનો કર્યો.

બન્ને કાકાઓના વહીવટના સરસપુર મિલની સ્થિતિ ઉત્તરોત્તર બગડતી જતી હતી. સને ૧૯૨૩-૨૪માં તો એ મિલને ફડચામાં લઈ જવાની વાતો પણ થવા લાગી. કુટુંબની પ્રતિષ્ઠા હોડમાં મુકાઈ ! પણ એક-બે લાખ રૂપિયા આપવાથી પ્રતિષ્ઠા બચે એમ ન હતી. એ માટે તો કંઈક ધરમૂળનો ઉપાય થવો જરૂરી હતો. આ વર્ષો દરમિયાન કસ્તુરભાઈની પ્રામાણિકતા અને વહીવટી કુશળતાની ઘણી નામના થઈ હતી. છેવટે શૅરહોલ્ડરોએ ફડચામાં જતી કાકાઓની મિલને બચાવવાનું કામ અખતરારૂપે, ભત્રીજાને સોંપ્યું ! કંઈક નવાઈ ઊપજાવે એવી આ ઘટના હતી, પણ એ અખતરો કસ્તુરભાઈના બુદ્ધિબળથી સફળ થયો. બે-ત્રણ વર્ષમાં તો મરવા પડેલી મિલ નફો કરતી થઈ ગઈ. કસ્તુરભાઈની પ્રતિષ્ઠામાં આથી ઘણો વધારો થયો: જ્યાં એમનો વહીવટ હોય ત્યાં નુકસાન થાય જ નહીં અને વળતર પૂરેપૂરું મળે એવી લોકોની શ્રદ્ધા વધુ દૃઢ બની.

સને ૧૯૨૪માં ગુરુદેવ ટાગોરને શાંતિનિકેતન માટે અમદાવાદમાંથી

લાખેક રૂપિયા ઉપરાંત ફંડ કરાવી આપ્યું હતું. એ જ રીતે આગળ ઉપર બનારસ હિંદુ યુનિવર્સિટીને પૈસાની જરૂર જણાતાં બજારોમાં મોટી મંદીના વખતમાં પણ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનને સવા લાખથી પણ વધુ ફંડ અમદાવાદમાંથી કરાવી આપ્યું હતું.

શ્રી કસ્તૂરભાઈ શેઠે પોતા તરફથી જેમ મોટી મોટી સખાવતો કરી છે તેમ જનતા પાસેથી પણ કરોડો રૂપિયાનાં દાન જાહેર કામો માટે સહેલાઈથી મેળવ્યાં છે. દાન મેળવવાની જાણે એમને મોટી ફાવટ છે અને એ તેઓની એક આદર્શ મહાજન તરીકે સૌકોઈનું સારું કરવામાં સાથ આપવા-અપાવવાની કલ્યાણબુદ્ધિનું જ પરિણામ છે. તેઓ માને છે કે **कर भला, होगा भला**- બીજાનું ભલું કરો તો તમારું ભલું થયા વગર ન રહે - એ વાત બિલકુલ સાચી છે અને એને અંનુસરવાનો તેઓ હંમેશાં પ્રયત્ન કરે છે. **न हि कल्याणकृत् कश्चिद् दुर्गतिं तात ! गच्छति** એ ગીતવચનનો આ જ સાર છે.

આવી કલ્યાણબુદ્ધિ અને કાર્યશક્તિથી પ્રેરાઈને કસ્તુરભાઈ શેઠે ઔદ્યોગિક અને વિદ્યાપ્રસારના ક્ષેત્રે જે વિશિષ્ટ સેવાઓ આપી છે, તેની વિગતો આપવાનું આગળ ઉપર રાખીને તેઓની જૈન સંઘની ભક્તિ અને દીર્ઘદૃષ્ટિ ભરેલી સેવાઓનું સુભગ દર્શન કરીએ.

બાળક રૂપી બેન્કમાં .....

.... સંસ્કાર રૂપી મૂડીનું રોકાણ કરો

# અશોક મિલની કહાણી

રાયપુર મિલ તો સારો નફો કરતી થઈ ગઈ હતી અને એની ચિંતા હવે પજવતી ન હતી, એટલે કસ્તુરભાઈની શક્તિ અને બુદ્ધિ નવા સાહસને માટે તલસી રહી. એમને થયું: વડીલોએ શરૂ કરેલી મિલને ચલાવી જાણી એમાં શી શાબાશી? કોઈ સ્વતંત્ર મિલ સ્થાપી અને ચલાવી જાણીએ તો કામ કર્યું કહેવાય ! અને એમણે સને ૧૯૨૦માં બાર લાખની મૂડીથી અશોક મિલ નામે નવી મિલ શરૂ કરવાનો નિર્ણય કર્યો. મૂડી રોકનારાઓમાં કસ્તુરભાઈની શાખ એવી હતી કે લોકો આગ્રહ કરી કરીને પૈસો આપી ગયા; તરત જ બાર લાખને બદલે ચોવીસ લાખ ભરાઈ ગયા ! કસ્તુરભાઈએ નક્કી કર્યું કે વગર માગ્યે આટલી મૂડી મળી છે, તો બમણી ઉત્પાદનશક્તિશાળી મિલ શરૂ કરવી અને એ માટે ચાળીસ હજાર ત્રાકો અને એક હજાર શાળોનો વિલાયત ઑર્ડર આપ્યો, પણ એ જ વખતમાં રૂપિયાનું પાઉન્ડ સાથેનું હૂંડિયામણ એટલું ઘટી ગયું કે ઓર્ડર મૂકેલ યંત્રોના આશરે દોઢા રૂપિયા આપવા પડે ! આટલી બધી મૂડી લાવવી ક્યાંથી ? પરિણામે મૂકેલ ઑર્ડરમાંથી દસ હજાર ત્રાકો અને ચારસો શાળો કમી કરીને જેમ તેમ કરીને મિલ ચાલુ કરી, પણ અણધાર્યા વધુ ખર્ચને કારણે મિલ મોટી આર્થિક ભીંસમાં મુકાઈ ગઈ અને એના ૧૦૦ના શેરના ભાવ ૪૦ જેટલા ઓછા થઈ ગયા. જેઓએ, પરાણે પરાણે માગીને, હોંશે હોંશે શૅરો ખરીદ્યા હતા, તેઓમાં જાણે એક પ્રકારની ચિંતા અને શોકની લાગણી પ્રસરી ગઈ કે હવે આપણી મૂડીનું શું થશે ? અને લોકોમાં તો 'અશોકે શોકમાં નાખ્યા' એવી કહેવત પણ બોલાવા લાગી ! વખત બહુ જ કટોકટીનો અને કસોટીનો હતો. જરાક ઉતાવળ કરી, હતાશ થયા કે હિંમત હાર્યા તો ઊગતી મિલને ફડચામાં જતાં એને ઊગતી કારકિર્દીને કલંક લાગતાં બચાવી શકાય એમ ન હતું,

પણ કસ્તુરભાઈએ ખૂબ ખંત, ધીરજ અને ઝીણવટભરી ગણતરીથી જરાય હિંમત કે આશા ખોયા વગર સ્વસ્થતાથી કામ લીધું. સને ૧૯૨૩માં મિલ શરૂ થઈ. ધીમે ધીમે ઉત્તમ ઉત્પાદન અને ઉત્તમ વહીવટથી એનો નફો એવો વધતો ગયો કે થોડાંક વર્ષમાં એણે શૅરહોલ્ડરોની અડધી મૂડી પાછી આપી દીધી. અત્યારે એની થાપણ સાઠ લાખથી વધુ છે ! અને દેશની એ પ્રથમ પંક્તિની મિલ ગણાય છે. આ અંગે શ્રી કસ્તુરભાઈ શેઠ કહે છે કે -

"મારી કારકિર્દીની શરૂઆતમાં જ મને આ કઠોર પદાર્થપાઠ મળ્યો તે એક રીતે ઘણું જ સારું થયું. અશોક મિલ્સ, જે ઘણા જ કટોકટીના સમયમાંથી પસાર થઈ, તે ન બન્યું હોત તો કદાચ હું ઘણો જ બેદરકાર રહ્યો હોત."

જાણે આ ત્રણ પ્રસંગોથી જીવનભરમાં કામ લાગે એવી મહત્ત્વની સમજણ અને કાર્યપદ્ધતિ તેઓને મળી અને એમના અંગત અને જાહેર કાર્યક્ષેત્રનો સને ૧૯૨૦ પછી ઉત્તરોત્તર વિકાસ થવા લાગ્યો.

કટુતાની બાદબાકી કરે તેનું નામ કુટુંબીજન

## જૈન સંઘની સેવાઓ

પેઢીના પ્રમુખ : જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘની પ્રતિનિધિ સંસ્થા તે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી. તીર્થસ્થાનો અને જિનમંદિરોની સાચવણી અને એના અધિકારોની રક્ષા એ એનું કાર્ય. એના પ્રમુખની જવાબદારી પણ મોટી અને શ્રી સંઘમાં એની પ્રતિષ્ઠા પણ મોટી. સને ૧૯૨૬માં પેઢીના વહીવટમાં કેટલીક મુશ્કેલી ઊભી થઈ હતી અને બીજી બાજુ શ્રી શત્રુંજય તીર્થના રખોપા માટે પાલિતાણા રાજ્યને વાર્ષિક પંદર હજાર રૂપિયા આપવામાં આવતા હતા તે કરાર પણ આ વર્ષમાં જ પૂરો થતો હતો. એટલે પાલિતાણા દરબાર સાથે નવી સમજૂતી કરવાનો સવાલ પણ ઠીક ઠીક ઉગ્ર અને અટપટો બન્યો હતો. પરિસ્થિતિ જાણે કોઈ સમર્થ સુકાનીની અપેક્ષા રાખતી હતી, જે શાણપણ, ધીરજ અને દૂરંદેશીથી કામ લઈને સંઘને મૂંઝવતા પ્રશ્નોનો સુખદ ઉકેલ લાવી શકે.

આવા કટોકટી વખતમાં સને ૧૯૨૬માં શેઠ શ્રી કસ્તુરભાઈની પેઢીના પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી. આ અંગે નોંધપાત્ર વાત એ હતી કે તેઓને અત્યાર સુધીમાં પેઢીના વહીવટદાર પ્રતિનિધ તરીકે કામ કરવાની અને એના પ્રશ્નો ઊંડાણથી સમજવવાની કોઈ તક નહોતી મળી અને એકાએક પ્રમુખ તરીકેની જવાબદારી સોંપવામાં આવી હતી પણ અંતરમાં ધર્મની દાઝ હતી ધર્મભાવાનાનો પૂર્વજોનો વારસો હતો અને જવાબદારી પૂરી કરવાની તમન્ના અને સૂઝ હતી. એટલે જેટલા ઉત્સાહથી તેઓ સામે ચાલીને આવેલાં રાષ્ટ્રીય કે બીજાં સત્તાસ્થાનોનો સ્વીકાર કરતા હતા એટલા જ ઉત્સાહથી તેઓએ ધર્મ, સંઘ અને તીર્થની ભક્તિ કરવાના આ ધન્ય અવસરને વધાવી લીધો. કસ્તુરભાઈના વિસ્તરતા જતા કાર્યક્ષેત્રમાં ધમક્ષેત્રનો ઉમેરો થયો. સને ૧૯૨૬થી તે અત્યાર સુધી ૪૪ વર્ષ જેટલા સુદીર્ઘ સમય લગી તેઓએ પોતાની આ જવાબદારી કેટલી ધગશ, નિષ્ઠા અને ભક્તિથી પૂરી કરુ છે અને અત્યારે ૭૬ વર્ષની ઉંમરે પણ કેટલી સ્ફૂર્તિ અને સફળતાથી તેઓ આ

જવાબદારી સંભાળી રહ્યા છે તેનો ગૌરવભર્યો ઇતિહાસ આપણી નજર સામે છે.

પેઢીનો કારોબાર કોઈ રજવાડાના કારોબાર જેવો મોટો છે. એને સારી રીતે ચલાવવા માટે પૂરી તકેદારી રાખવાની, તંદુરસ્ત પ્રણાલિકાઓ સ્થાપવાની અને સમયની જરૂરિયાત મુજબ એમાં ફેરફાર કરતા રહેવાની જરૂર પડે છે. પેઢીના પ્રમુખ બન્યા પછી કસ્તુરભાઈએ સૌથી પહેલું કામ પેઢીનો આંતરિક વહીવટ સુધારવાનું કર્યું. એના વહીવટમાં ક્યાંય અવ્યવસથા ન રહે અને પૈસાની બાબતમાં કોઈને આંગળી ચીંધવાપણું ન રહે એ રીતે વ્યવસ્થા તંત્રમાં ફેરફાર કર્યો. અત્યાર સુધી હિસાબ તપાસણીનું કામ ઓનરરી મેમ્બર કરતા હતા, તેને બદલે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટને એ કામ સોંપવામાં આવ્યું. બજેટ તૈયાર કરવાની અને જીર્ણોદ્ધારના કામોના ખર્ચનો અંદાજ નક્કી કરવાની પ્રથા શરૂ કરી; અને ટ્રસ્ટના વહીવટદાર પ્રતિનિધિઓની સભા નિશ્ચિત સમયને અંતરે નિયમિત મળતી રહે, એવો શિરસ્તો દાખલો કર્યો. આને લીધે પેઢીનો વહીવટ સરળ અને વ્યવસ્થિત બન્યો અને તીર્થોના કે જિનમંદિરોના પ્રશ્નોનો નિકાલ વખતસર થવા લાગ્યો.

શત્રુંજયના પ્રશ્નો : કસ્તુરભાઈ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખ બન્યા ત્યારે સૌથી ઉગ્ર પ્રશ્ન હતો પાલિતાણા રાજ્યને આપવાના યાત્રાવેરાની રકમ નક્કી કરવાનો. સને ૧૮૮૬માં પાલીતાણા રાજ્ય સાથે ૪૦ વર્ષનો કરાર થયો હતો. એ મુજબ એ રાજ્યને તીર્થ અને યાત્રિકોના જાનમાલની સાચવણીના રખોપાના બદલામાં વાર્ષિક પંદર હજાર રૂપિયા આપવામાં આવતા હતા. એ કરાર ૧૯૨૬માં પૂરો થતો હતો અને નવા કરાર માટે પાલિતાણા દરબાર વાર્ષિક દોઢ લાખ રૂપિયા જેવી દસગણી રકમ માગતા હતા ! આથી શ્રી સંઘમાં તીવ્ર અસંતોષ અને રોષની લાગણી જાગી ઊઠી હતી. આપણા દેશની બ્રિટીશ હકુમતને આમાં દરમિયાનગીરી કરવાનું કહેવામાં આવતાં એના પ્રતિનિધિ શ્રી વોટસને એક લાખ રૂપિયાનો ફેંસલો આપ્યો હતો. જૈન સંઘે એનો

અન્યાયી ફેંસલા તરીકે અસ્વીકાર કર્યો. એ સમય અસહકાર અને સત્યાગ્રહના અહિંસક અને શાંત પ્રતિકારનો મહાત્મા ગાંધીજીનો હતો અને વાતાવરણમાં એની અસર સ્પષ્ટ વરતાતી હતી. ગાંધીજીના સંપર્ક અને વિશાળ દૃષ્ટિને કારણે કસ્તુરભાઈ શેઠ અહિંસક પ્રતિકારની શક્તિને પિછાનતા હતા. તેઓએ પોતાના સાથીઓ અને જૈન સંઘના અગ્રણીઓને વિશ્વાસમાં લીધા. અને બધાને મળીને, જ્યાં સુધી પાલિતાણાના દરબાર સંતોષકારક સમાધાન માટે તૈયાર ન થાય ત્યાં સુધી શત્રુંજયની યાત્રા બંધ કરવાની જૈન સંઘને હાકલ કરી. ઘણાંય ભાવિક ભાઈઓ-બહેનોને વસમી લાગે એવી એ હાકલ હતી, પણ એમાં અન્યાયના પ્રતિકારનો અને તીર્થરક્ષાનો ટંકાર હતો. આખા સંઘે એ હાકલને માથે ચડાવી. એકાદ વર્ષ સુધી આ શાંત અસહકાર ચાલતો રહ્યો. છેવટે તે વખતના વાઈસરૉય લોર્ડ રીડિંગની દરમિયાનગીરીથી વાર્ષિક સાઠ હજારથી સુખદ સમાધાન થયું. સમાધાન થયું એટલે રખોપાની સાઠ હજારની રકમ નિયમિત આપી શકાય એવી કાયમી વ્યવસ્થા થવી જરૂરી હતી. તરત જ એ માટે દસેક લાખનું ફંડ ભેગું કરી લેવામાં આવ્યું.

આ સમાધાન પછી શ્રી કસ્તુરભાઈના મનને નિરાંત ન હતી. વળી, પાછો ભવિષ્યમાં આ પ્રશ્ન જૈન સંઘને નહીં પજવે એની શી ખાતરી? એમને તો થતું કે તીર્થસ્થાન પર યાત્રાવેરો કેવો? તીર્થયાત્રા તો કરવેરાથી સદંતર મુક્ત જ હોવી ઘટે. એટલે તેઓ આ અનિષ્ટનો કાયમી નિકાલ થાય એમ ઈચ્છતા હતા, પણ આમાં ઉતાવળ કરવાથી ચાલે એમ ન હતું; ધીરજપૂર્વક યોગ્ય અવસરની રાહ જોયા સિવાય બીજો ઇલાજ ન હતો. બે દાયકા સુધી કસ્તુરભાઈ શેઠ ચૂપચાપ રાહ જોતા રહ્યા અને આવી અનુકૂળતા દેખાઈ કે તરત જ એમણે એ માટે પ્રયત્ન શરૂ કર્યો. સને ૧૯૪૭માં દેશ સ્વતંત્ર થયો. યાત્રાકર જેવા અન્યાયી કરોને દૂર કરવા માટે વાતાવરણ ઘણું અનુકૂળ હતું. વાત વાજબી હતી અને સરકારમાં વગ પણ સારી હતી. વળી, સરદાર વલ્લભભાઈ પટેલ જેવા સમર્થ

રાષ્ટ્રપુરુષની હૂંફ હતી. થોડાક વખતમાં જ શત્રુંજયની યાત્રા કરમુક્ત બની; સાથે સાથે ગિરનાર તીર્થને લગતા કેટલાક મૂંઝવતા પ્રશ્નોનો પણ સંતોષકારક નિકાલ થયો. સંઘમાં આનંદ-આનંદ પ્રવર્તી રહ્યો. શ્રી કસ્તુરભાઈ તરફની સંઘની ચાહના ખૂબ વધી ગઈ. શ્રી સંઘે તેઓને તા. ૩૦-૮-૧૯૪૯ના રોજ સન્માનપત્ર અર્પણ કરીને પોતાની કૃતજ્ઞતા, હર્ષ અને આદરની લાગણી પ્રદર્શિત કરી.

યાત્રિકો આ ગિરિતીર્થની યાત્રા સુખપૂર્વક કરી શકે એ માટે થોડાંક વર્ષ પહેલાં ગિરિરાજ શત્રુંજય ઉપર પગથિયાં કરવામાં આવ્યાં છે, એમાં પણ કસ્તુરભાઈની નજર દેખાઈ આવ્યા વગરે રહેતી નથી.

અને છેલ્લાં ૧૦-૧૨ વર્ષ દરમિયાન મંદિરોના નગર સમા આ તીર્થની શોભામાં, કળાસમૃદ્ધિમાં અને સ્વચ્છતા-સુઘડતામાં જે વધારો થયો છે એ જોઈને તો એના માર્ગદર્શક પ્રત્યેની પ્રશંસાની લાગણીથી અંતર ગદગદ્ બની જાય છે. દાદાના દરબારની પાંચ પોળોના પાંચ જૂનાં પ્રવેશદ્વારોને સ્થાને ઊભા કરવામાં આવેલા ભવ્ય, મનોહર અને કળામય દરવાજા જાણે યાત્રિકોના મનને વશ કરી લે છે. પહેલી પોળમાં પેસતાં જીર્ણ થયેલી નાની નાની ઓરડીઓ અને ડોળીવાળાઓ અને ઊંચકણિયાંના આરામને માટે ઉપયોગમાં લેવામાં આવતા વચલા વિશાળ ચોકમાં અસુઘડતા અને સ્વચ્છતા પ્રસરી રહેતી. આજે ત્યાં અસ્વચ્છતા કરનારને આપમેળે જ શરમ-સંકોચ થાય એવી ચોખ્ખાઈ પ્રવર્તે છે . સુસંસ્કારી નજર અને સૂઝનું જ આ પરિણામ છે.

અને દાદાના મુખ્ય દેરાસરની કળાને ઢાંકી દેતી સંખ્યાબંધ દેરીઓને દૂર કરીને મુખ્ય મંદિરના રૂપકામને જે રીતે પ્રગટ કરવામાં આવ્યું છે અને મંદિરની મનોહરતાનું મન ભરીને નિરીક્ષણ કરવાની જે મોકળાશ કરી આપવામાં આવી છે તે તો જાણે શ્રી કસ્તુરભાઈની અંત:પ્રેરણાનું જ પરિણામ હોય એમ લાગે છે. દેરીઓમાં પધરાવેલાં સેંકડો પ્રતિમાઓનું ઉત્થાપન કરીને દેરીઓને દૂર કરવાનું કામ બહુ જ મુશ્કેલ હતું. એ શરૂ થયું ત્યારે એની સામે નારાજી પણ ઠીક ઠીક પ્રગટી હતી, પણ શ્રી

કસ્તુરભાઈનું દર્શન સ્પષ્ટ હતું; તેઓ વિચલિત ન થતાં દૃઢ રહ્યા; એમના સાથીઓએ પણ એવી જ શાણપણભરેલી શાંત હિંમતથી અને કુનેહથી કામ લીધું. આજે આખું દૃશ્ય બદલાઈને સુરમ્ય બની ગયું છે ! જેઓને આ કામ તરફ કંઈક નારાજી હતી તેઓ પણ આજે એની મુક્ત મને પ્રશંસા કરે છે.

શત્રુંજય તીર્થની શોભાની સાથે સાથે એની આસપાસનું વાતાવરણ પણ શોભાભર્યું રહે એ દૃષ્ટિએ તળેટીમાં જ્યાં જાત્રાળુઓને ભાતું આપવામાં આવે છે એ સ્થાન પણ નવા રૂપ-રંગ પામી રહ્યું છે અને એની સામે મ્યુઝિયમની નાનીસરખી રૂપકડી ઇમારત તૈયાર થઈ છે. પંદરેક વર્ષ પહેલાં ભગવાન ઋષભદેવના જીવનનું દર્શન કરાવતાં છે મોટાં મોટાં સુંદર ચિત્રો શ્રીમતી બહેન ટાગોર પાસે ૩૦-૩૫ હજાર જેટલું ખર્ચ કરીને તૈયાર કરાવવામાં આવ્યાં છે તે પણ
આ તીર્થની શોભા વધારવાની દૃષ્ટિએ જ. આ મ્યુઝિયમ આ ચિત્રો તથા પુરાતત્ત્વની સામગ્રી માટે બનાવવામાં આવ્યું છે.

આ રીતે કસ્તુરભાઈ શેઠના કાર્યકાળમાં શત્રુંજય તીર્થના અને એના હક્કોના રક્ષણની, યાત્રાકરની મુક્તિ અને એના જીર્ણોદ્ધારની જે ઘટનાઓ બની તે યાદગાર અને પ્રેરણારૂપ બની રહે એવી છે અને આ તીર્થમાં જે ફેરફાર થયો એને તો જીર્ણોદ્ધાર નહીં, પણ પ્રાચીનની શોભા વધારે એવું અભિનવ કલાસંવિધાન જ કહેવું જોઈએ. પ્રાચીન તીર્થધામને શોભાયમાન બનાવવાની કળાની દૃષ્ટિએ શત્રુંજય તીર્થનું આ કાર્ય એક ઉત્તમ દાખલારૂપ બની રહે એવું છે. કસ્તુરભાઈ શેઠની કલાસૂઝ અને જીર્ણોદ્ધારની નિપુણતાનાં અહીં પણ દર્શન થાય છે.

અન્ય તીર્થોના જીર્ણોદ્ધાર તેમ જ જૈન સંઘના ઉત્કર્ષ માટેની શ્રી કસ્તુરભાઈની બીજી કાર્યવાહીનો નિર્દેશ કરતાં પહેલાં જૈન સમાજની તેમની સૌથી પહેલી જાહેર સેવાની જે માહિતી મળે છે તેનો ઉલ્લેખ અહીં જ કરી દેવો ઉચિત છે.

## કૉન્ફરન્સ સાથે સંબંધ

વખત જતાં કૉન્ફરન્સ સમાજસેવાના કાર્યમાં ઢીલાશ અને કાર્યવાહકોનાં મનમાં કંઈક ઉદાસીનતા આવી હતી. આમાંથી બહાર નીકળવા માટે વિચારકોનું સમ્મેલન (કન્વેન્શન) બોલાવવાનું અને એનું પ્રમુખપદ શ્રી કસ્તુરભાઈને આપવાનું નક્કી કરવામાં આવ્યું: આ અંગે સ્વ. મારા મિત્ર શ્રી નાગકુમારભાઈ મકાતીએ લખેલ કૉન્ફરન્સના ઈતિહાસ (પૃ. ૩૨-૩૩)માં લખ્યું છે કે-

“આ ચિંતાજનક મામલામાંથી તોડ કાઢવા કાર્યકર્તાઓએ વિચારકોનું એક સમ્મેલન બોલાવવા નિર્ધાર કર્યો. આ કટોકટીના પ્રસંગમાંથી પાર ઉતારે તેવા નાવિકો પણ જોઈએ. શેઠ દેવકરણ મૂળજીને સ્વાગતપ્રમુખ બનાવ્યા. પ્રમુખપદ માટે સૌની નજર જૈન સમાજના સર્વમાન્ય નેતા અને બાહોશ સુકાની શેઠ કસ્તુરભાઈ લાલભાઈ તરફ ગઈ. તેમના પિતા અમદાવાદનિવાસી શેઠ લાલભાઈ દલપતભાઈએ ચીફ સેક્રેટરી તરીકે વર્ષો સુધી જે સંસ્થાની સેવા કરી તેમના સુપુત્ર સંસ્થાની કટોકટીને ટાણે મદદે ન આવે એ બને જ કેમ? તેમના નેતૃત્વ નીચે સં. ૧૯૮૧ના ચૈત્ર વદ ૨-૩, તા. ૧૧-૧૨ એપ્રિલ, ૧૯૨૫ના દિવસોમાં મુંબઈ ખાતે કન્વેન્શન - વિચાર સંમેલન યોજવામાં આવ્યું. સૌએ પરામર્શ કરી નક્કી કર્યું કે કૉન્ફરન્સ જીવવી જ જોઈએ. શેઠ કસ્તુરભાઈએ પ્રમુખસ્થાનેથી બોલતાં ભાર પૂર્વક કહ્યું કે ‘કોમના અભ્યુદયના ઉત્તમ વિચાર આપણી સમક્ષ રજૂ કરી તેને વ્યવહારુ રૂપમાં મૂકવા કૉન્ફરન્સની ખાસ જરૂર છે.’ જાણે કૉન્ફરન્સને આશીર્વાદ આપવા જ ન આવ્યા હોય એમ આ કન્વેન્શનમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીનાં પગલાં પણ થયાં હતાં.

જે કંઈ માહિતી મળી છે તે અનુસાર જૈન સમાજના જાહેર જીવનમાં કસ્તુરભાઈનો આ પહેલો પ્રવેશ હતો.

કૉન્ફરન્સના જુન્નેર અધિવેશન પછી જૂના અને નવા વિચારવાળાઓ

વચ્ચે જે મડાગાંઠ પડી હતી તે દૂર કરવા માટે કેટલીક ભૂમિકા તૈયાર કર્યા પછી આજથી ૨૦ વર્ષ પહેલાં વિ.સં. ૨૦૦૬માં પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયવલ્લભસૂરિશ્વરજીના સાંનિધ્યમાં, શેઠશ્રી કાંતિલાલ ઈશ્વરલાલના પ્રમુખપદે કૉન્ફરન્સનુ ૧૭મું અધિવેશન ફાલનામાં મળ્યું હતું, તેનું ઉદ્‌ઘાટન શેઠ શ્રી કસ્તુરભાઈએ કર્યું હતું. ફાલના અધિવેશનમાં પ્રગટેલ ઉત્સાહનો લાભ લઈ કૉન્ફરન્સને વધુ સક્રિય બનાવવા માટે બીજે જ વર્ષે ૧૮મું અધિવેશન જૂનાગઢમાં શેઠશ્રી કાંતિલાલ ઈશ્વરલાલના જ પ્રમુખપદે મળ્યું તેનું ઉદ્‌ઘાટન પણ શ્રી કસ્તુરભાઈએ જ કર્યું હતું.

આ રીતે કૉન્ફરન્સને કસ્તુરભાઈની સલાહ-સૂચનાનો અવારનવાર પ્રસંગ મળતો રહ્યો છે અને છતાં સમાજઉત્કર્ષના કાર્યમાં કૉન્ફરન્સે વિશેષ સક્રિય થવાનું હજી બાકી જ છે.

હવે જીર્ણોદ્ધારો અને બીજાં સંઘકાર્યોની વાત કરીએ.

ગમે તેટલું મળે તોય ઓછું જ લાગે .......
....... તે લોભની સાબિતી છે.

# રાણકપુરનો જીર્ણોદ્ધાર

રાણકપુર તીર્થ ટેકરીઓથી ઘેરાયેલા વેરાન વગડામાં બિસમાર હાલતમાં હતું. ત્યાં પહોંચવા માટે સરખો માર્ગ પણ ન હતો અને જાત્રાળુઓની અવરજવર પણ ઓછી હતી. કસ્તુરભાઈનું મન વેદના અનુભવી રહ્યું : કળાના મંદિર સમું દેવવિમાન જેવું કેવું ભવ્ય અને જાજરમાન જિનમંદિર ! અને એની કેવી સ્થિતિ ! એનો જીર્ણોદ્ધાર એની ભવ્યતા અને પ્રાચીનતાને અનુરૂપ થવો જોઈએ. આ માટે સને ૧૯૩૩માં કસ્તુરભાઈ રાણકપુર પહોંચ્યા; સાથે ભારતીય પુરાતત્ત્વના અભ્યાસી અંગ્રેજ સદ્‌ગૃહસ્થ શ્રી બેટલીને અને બે મિસ્ત્રીઓને લેતા ગયા. ચાર દિવસ ત્યાં રોકાઈને જીર્ણોદ્ધારની યોજના નક્કી કરી. કામ એવું કરવાનું હતું કે જૂની કોરણીનો જે ભાગ ખંડિત થયો હતો તે જૂનાની સાથે બંધ બેસે એ રીતે પૂરો કરવો; પથ્થર પણ એવો જ પસંદ કરવો. બધી તૈયારી કરીને જીર્ણોદ્ધારનું કામ શરૂ કર્યું. છ મહિના સુધી ચાલેલું કામ સંતોષકારક ન લાગતાં તે રદ કર્યું ! વર્ષોની કામગીરી પછી જીર્ણોદ્ધાર પૂરો થયો ત્યારે એ મંદિર નવાં રૂપ-રંગ ધારણ કરી રહ્યું. એ જોઈને શ્રી બેટલીસે શ્રી કસ્તુરભાઈને લખ્યું કે બીજા કોઈથી આ કામ આવી સારી રીતે થઈ ન શકત. જીર્ણોદ્ધાર પછી ત્યાં ધર્મશાળા, બગીચો વગેરેની સગવડ પણ કરવામાં આવી અને સ્વચ્છતા ઉપર પણ પૂરું ધ્યાન આપવામાં આવ્યું. ત્યાંનું કામ જોઈને મારવાડના એક ભાઈને ત્યાં ધર્મશાળા કરાવવાની ભાવના થઈ; એ માટે એમણે પચાસ હજાર રૂપિયા આપવા કહ્યું . એમની માગણી દેરાસરની સામે ધર્મશાળા કરવાની હતી. કસ્તુરભાઈએ એની સ્પષ્ટ ના કહી. મંદિર અને એની આસપાસની સુંદરતામાં જરાય હરકત આવે એ એમને મંજૂર ન હતું. આ જીર્ણોદ્ધારથી જીર્ણોદ્ધારની નવી દિશા અને સૂઝ પ્રગટી. મંદિરના જીર્ણોદ્ધાર સાથે જાણે યાત્રાનો પણ ઉધ્ધાર થયો! આજે જૈન-જૈનેતર હજારો યાત્રિકો રાણકપુર જાય છે અને મંદિરનો કળાવૈભવ જોઈને પ્રસન્નતા અનુભવે છે.

આબુનાં મંદિરોનો જીર્ણોદ્ધાર : આબુ તીર્થનો વહીવટ સિરોહીની પેઢી કરે છે, પણ આવા વિશ્વવિખ્યાત કળાધામની સાચવણી તો ગમે તે રીતે થવી જ જોઈએ. શ્રી કસ્તુરભાઈ શેઠની ઔદાર્યભરી ભલામણથી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ સને ૧૯૪૬'-૪૭માં એના જીર્ણોદ્ધારનો નિર્ણય કર્યો. આમાં પહેલી જરૂર હતી એ મંદિરમાં વપરાયેલ કુળનો જ આરસ મેળવવાની. એ માટે છ મહિના સુધી નિષ્ણાતો મારફત તપાસ કરાવી. છેવટે દાંતા રાજ્યની અંબાજી-કુંભારિયાજીની ટેકરીમાંથી એ ખાણ મળી આવી, પણ દાંતા રાજ્યે એ પથ્થર લેવાની અનુમતિ ન આપી ! એવામાં સ્વરાજ્ય આવ્યું. કસ્તુરભાઈ શેઠની વગથી એ કામ પત્યું. જીર્ણોદ્ધારના ખર્ચનો અંદાજ તેવીસ લાખનો હતો; થોડુંક કામ કરતાં લાગ્યું કે ખર્ચ ચાર ગણો થશે ! કસ્તુરભાઈએ કામની વિગતો તપાસીને માત્ર જૂના કામમાં જે ભાંગતોડ થઈ હોય તે પૂરું કરવાનો જ આગ્રહ રાખ્યો; નવું કરવાનો સાફસાફ ઇનકાર કર્યો. આબુતીર્થનો નમૂનેદાર જીર્ણોદ્ધોર ચૌદેક વર્ષને અંતે ૧૪ લાખમાં પૂરો થયો !

'હું' બહુ ધર્મ કરું છું ... 'હું' બહુ ધાર્મિક છું ...
'હું'બહુ હોશીયાર છું ... 'હું' કાંઈક છું ...
આવી માન્યતા કે ભ્રમણા માંથી
ક્યારે બહાર આવશુ આપણે ?

# કુંભારિયા, ગિરનાર, તારંગાના જીર્ણોદ્ધાર

કુંભારિયાનાં પાંચે જિનાલયોનો જીર્ણોદ્ધાર પણ એમની કળા અને સુંદરતા સુરક્ષિત બનાવે એવો થયો છે. એ જ રીતે ગિરનારના મુખ્ય મંદિરને સુરક્ષિત બનાવી લેવામાં આવ્યું છે અને તારંગા તીર્થનો જીર્ણોદ્ધાર તો વળી કોઈ અનોખી ઢબનો થયો છે. આમ તો એ મંદિરમાં એવી કોઈ મોટી તોડફોડ નહોતી થઈ કે જેનો મોટા પાયે જીર્ણોદ્ધાર કરવો પડે, પણ સૈકાઓથી થતાં રહેલાં નાનાંમોટાં સમારકામ અને રંગકામને લીધે સાવ ઢંકાઈ ગયેલું મંદિરનું કળામય સમૃદ્ધ રૂપકામ જાણે મૂંઝાઈને પ્રગટ થવા તલસતું હતું ! કસ્તુરભાઈનું ધ્યાન એ તરફ ગયું; અખતરા રૂપે થોડાંક રૂપકામ ઉપરનાં પડ-પોપડાં દૂર કરાવીને જોયું તો અંદર જાણે કળાનો ભંડાર છુપાયો હતો ! તરત જ એ કામ હાથ ધરવાનો અને એ માટે પૂરતું ખર્ચ કરવાનો નિર્ણય થયો. જેમ જેમ કામ આગળ વધતું ગયું તેમ તેમ રૂપકામના નવા નવા કળામય નમૂનાઓ છતા થતા ગયા. અત્યારે પણ એ તીર્થના જીર્ણોદ્ધારનું કામ ચાલી રહ્યું છે. તારંગા તીર્થ અંગે સને ૧૯૨૮માં દિગંબરો સાથે સમાધાન કર્યું હતું.

જ્યાં પણ નવું બાંધકામ થતું હોય કે પ્રાચીન ઇમારતનો જીર્ણોદ્ધાર થતો હોય ત્યાં કસ્તુરભાઈ અવારનવાર જઈને જાતે નિરીક્ષણ કરે છે અને સ્થાપત્ય અંગેની પોતાની વિશિષ્ટ સમજ અને સૂઝથી જરૂરી સૂચનાઓ આપે છે. આ બાબતમાં તેઓએ એવો નિયમ રાખ્યો છે કે સામાન્ય રીતે નવાં જિનમંદિરોમાં જરૂર પૂરતું જ ખર્ચ કરવું અને જીર્ણોદ્ધારના કામમાં જરૂરિયાત મુજબ ખર્ચ કરવામાં સંકોચ ન કરવો.

## સાધર્મિક ભક્તિ

સને ૧૯૩૫ કે '૩૬ ની વાત છે. શત્રુંજય દાદાના દેરાસરની ૪૦૦મી વર્ષગાંઠ હતી. પૂજ્ય આચાર્ય શ્રી વિજયનેમિસૂરશ્વરજી મહારાજે એ નિમિત્તે અમદાવાદમાં નવકારશી કરવાની પ્રેરણા આપી. એ માટે શહેરના શેઠિયાઓ તેઓની પાસે ભેગા થયા. બધાને એ વાત બરાબર લાગી. એ વખતે કસ્તુરભાઈને બોલાવીને એ વાત કરી. કસ્તુરભાઈએ કહ્યું: આ રીતે ૨૫-૩૦ હજાર ખરચી નાખવાને બદલે સાધર્મિકોની ભક્તિમાં, એમને મદદ કરવામાં વાપરવા જોઈએ. હું નવકારશીના બદલે સાધર્મિકોની ભક્તિમાં બે હજાર રૂપિયા ખરચીશ.

તિથિચર્ચા : વિ.સં. ૧૯૯૦ના પ્રથમ મુનિ સમ્મેલન પછી તપગચ્છ સંઘમાં પર્વતિથિની ચર્ચા નિમિત્તે મોટો મતભેદ અને ક્લેશ ઊભો થયો હતો. શેઠશ્રીએ મધ્યસ્થી દ્વારા આ ઝઘડાનો નિકાલ લાવી શ્રી સંઘમાં એખલાસ સ્થાપવા દિલ દઈને પ્રયત્ન કર્યો. શ્રી સંઘ સમ્મેલન વખતે સને ૧૯૩૬માં પણ આ માટે ફરી વાર પ્રયત્ન કરેલો, પણ સંઘમાં પ્રવર્તતી એકાંત આગ્રહની વૃત્તિએ એને સફળ થવા ન દીધો !

**માણસ પૈસાને બચાવે તે જરૂરી છે પણ ....**
**બચાવેલ પૈસાથી ...**
**માણસને બચાવે તે વધારે જરૂરી છે**

## ટ્રસ્ટ ઍક્ટ

ધર્માદા નાણાંની સાચવણી અને વ્યવસ્થા માટે ઘડાયેલ મુંબઈ સરકારના ચૅરિટેબલ ટ્રસ્ટ ઍક્ટને શ્રી કસ્તુરભાઈએ સૌથી પહેલાં વધાવી લીધો હતો ! સ્વચ્છ વહીવટનો એમનો આગ્રહ આમાં પણ પ્રતિબિંબિત થાય છે. ધર્માદા ટ્રસ્ટોની વહીવટની તપાસ માટે સરકારે નીમેલ તેંડુલકર સમિતિ તથા સર સી.પી. રામસ્વામી આયર સમિતિ સમક્ષ જૈન ટ્રસ્ટના વહીવટ અને એનાં નાણાંના ઉપયોગ અંગે તેઓએ ખૂબ ઉપયોગી જુબાની આપી હતી.

## હરિજન મંદિરપ્રવેશ

સ્વરાજ્ય પછી અને તે પહેલાં પણ હરિજનોને મંદિરમાં આવવા દેવા અંગે ઠીક ઠીક હિલચાલ ચાલુ હતી. પછી તો એ અંગેનો ધારો જ ઘડાયો. આ બાબતમાં જૈન સંઘે શું કરવું ઘટે એ અંગે સારી એવી મૂંઝવણ પ્રવર્તતી હતી પણ કસ્તુરભાઈના મનમાં એ અંગે કોઈ દુવિધા ન હતી. તેઓ માને છે કે આવી અટકાયત કરવી બરાબર નથી. એમણે હિંમત અને સમજણપૂર્વક માર્ગદર્શન આપ્યું, પરિણામે શેઠ આણંદજી કલ્યાણજી પેઢીએ જાહેર કર્યું કે જૈન રિવાજ મુજબ સ્વચ્છ થઈને આવનાર હરકોઈ માણસ મંદિરમાં આવી શકે છે. આવી જાહેરાત કરવી-કરાવવી એ કસ્તુરભાઈની હિંમત, શક્તિ અને દીર્ઘદૃષ્ટિનું જ પરિણામ લેખી શકાય.

## સાધ્વીઓના વિકાસની લાગણી

સાધ્વી સંઘના વિકાસ માટે એમના અધ્યયન અંગે તેમ જ તેઓ પાટ પર બેસીને શ્રાવક સમુદાય સમક્ષ વ્યાખ્યાન આપી શકે કે કેમ, એ અંગે સાધ્વી સમુદાયને કેટલી છૂટ આપવી એ સંબંધી આપણા મોટા ભાગના સાધુ સમુદાયમાં આજે પણ ઠીક ઠીક સંકુચિતતા પ્રવર્તે છે. શ્રી કસ્તુરભાઈ આવી વાતો કે ચર્ચાથી દૂર રહીને આમાં અત્યારના યુગમાં શું થવું જોઈએ તે પોતાના વર્તનથી જ સમજાવી દે છે. મુંબઈમાં પૂજ્ય સાધ્વીજી શ્રી મૃગાવતીશ્રીજીના વ્યાખ્યાનમાં અને અમદાવાદમાં જૈન સંઘના નિષ્ઠાવાન, અનાસક્ત અને મૂક અગ્રણી શેઠ શ્રી કેશવલાલ લલ્લુભાઈ ઝવેરી વગેરેની સાથે પૂજ્ય સાધ્વીજી શ્રી નિર્મળાશ્રીજીના વ્યાખ્યાનમાં હાજરી આપીને તેઓએ પોતાના મનનું વલણ વગર બોલ્યે સમજાવી દીધું હતું. એટલું જ નહીં, ત્રણ વર્ષ પહેલાં ભાવનગરમાં ઊજવાયેલ શ્રી જૈન આત્માનંદ સભાના હીરક ઉત્સવ વખતે તેઓએ આ અંગેના પોતાના વિચારો પણ જાહેર કર્યા હતા કે સાધ્વીજીઓને વિકાસની પૂરી મોકળાશ આપવી જોઈએ. સાધ્વીજી શ્રી નિર્મળાશ્રીજીની નિશ્રામાં યોજાતા કન્યાઓના સંસ્કાર-અધ્યયન-સત્રને તેઓનો સક્રિય સાથ મળતો રહે છે.

ધર્મ મેં નો-ટાઈમ કહનેવાલોં કો પૂછના હૈ, ટી.વી., વીડીઓ દેખને કા ટાઈમ કહાઁ સે મિલતા હૈ ? નો-ટાઈમ નહી નો - ઈન્ટરેસ્ટ કહો.

## ભાયખલા ટ્રસ્ટનો નિયમ

૧૦-૧૨ વર્ષથી તેઓ મુંબઈના શ્રી ભાયખલા દેરાસરના ટ્રસ્ટના ટ્રસ્ટી બન્યા હતા. સંઘ શરીરની તંદુરસ્તી સાચવવા માટે આ ટ્રસ્ટે એ મતલબનો ઠરાવ કર્યો છે કે જે કોઈ સાધુ મહારાજે મુંબઈમાં કે એના પરામાં લાગલાગટ ત્રણ ચોમાસાં કર્યાં હોય એમને ભાયખલા ટ્રસ્ટના ઉપાશ્રયમાં ચોમાસું કરવાની વિનંતી ન કરવી. સંઘના ભલા માટે ક્યારે શું કરવાની જરૂર છે એ અંગે કસ્તુરભાઈની દૃષ્ટિ કેટલી સ્પષ્ટ છે તે આ પરથી પણ જોઈ શકાય છે.

શ્રી સંઘ સંમેલન : શ્રી કસ્તુરભાઈના જીવનનાં મોટામાં મોટાં જાહેર કાર્યોમાંનું એક અથવા સૌથી મોટું કાર્ય તે એમણે સને ૧૯૩૬માં તા ૧૩-૧૪ એપ્રિલ અમદાવાદમાં બોલાવેલ શ્રી અખિલ-ભારતીય જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક શ્રવણોપાસક શ્રી સંઘ સંમેલન. જૈન સંઘની એકતા અને શુદ્ધિમાં પ્રવેશી ગયેલ ખામીને દૂર કરવા માટે આ સંમેલન એકતા અને શુદ્ધિમાં પ્રવેશી ગયેલી ખામીને દૂર કરવા માટે આ સંમેલન બોલાવવામાં આવ્યું હતું. સંમેલનનો હેતુ સમજાવતાં તેઓએ પોતાના વક્તવ્યમાં કહ્યું હતું કે ''મારા પોતાના મનમાં તો આ કામના વાજબીપણા, ઉપયોગીપણા અને જરૂરીપણા વિશે જરાય શંકા નથી. જો હું મારા મનની વાત એક વાક્યમાં કહેવા માગું તો મારે કહેવું જોઈએ કે પાઘડીનો વળ હવે છેડે આવી ગયો છે અને જૈન સંઘની શુદ્ધિ અને એકતાની બાબતમાં જરાય ગફલત રાખવા જેવી નથી.'' નજીવી-નમાલી વાતમાં પણ મોટા વિવાદ કે ઝઘડામાં ઊતરી પડવાની જૈન સંઘની નબળાઈ જોતાં આવું સંમેલન કોઈ પણ જાતના સંઘર્ષ વગર શાંતિથી પૂરું થાય એ જ બહુ મુશ્કેલ વાત હતી. જૈન પરંપરાના ઇતિહાસમાં સંઘની શુદ્ધિ અને એકતા માટે શ્રાવક સંઘનું આવું સંમેલન મળ્યું હોય એવો આ પહેલો જ પ્રસંગ હતો તેથી એ એક શકવર્તી

અસાધારણ ઘટના હતી. આ સંમેલન સફળતા અને ઉત્સાહપૂર્વક પૂરું થયું એ શ્રી કસ્તુરભાઈની સંઘ કલ્યાણની ઉત્કટ અને નિર્મળ ભાવના, દૂરંદેશી અને વિરલ કાર્યશક્તિનું પરિણામ કહી શકાય. આવું સંમેલન બોલાવવું અને સફળ કરવું એ એમના જ ગજાની વાત હતી. સંઘના હિતની દૃષ્ટિએ કાર્ય ખૂબ ઉત્તમ અને મહત્ત્વનું થયું હોવા છતાં જ્યારે એમને લાગ્યું કે આનાથી ધાર્યું પરિણામ આવી શકે એમ નથી ત્યારે તેઓએ પ્રતિષ્ઠાના મોટા ખ્યાલમાં અટવાયા વગર ચાર વર્ષ પછી શ્રી સંઘ સમિતિને આટોપી લીધી. આ અંગેના નિવેદનમાં તેઓએ કહ્યું કે ''અમને જણાવતાં ઘણું દુ:ખ થાય છે કે આપણે ત્યાં સ્થિતિ વધુ ને વધુ કથળતી જાય છે. જેમ જેમ અમે ઊંડા ઊતરતા ગયા તેમ તેમ જે બનાવો અમારી જાણમાં આવ્યા તે અતિખેદજનક છે. આમ છતાં સ્થાનિક સંઘો કે પૂજ્ય આચાર્ય મહારાજ આદિ શ્રમણ-સમુદાયનો સહકાર્ય ન મળતાં અમારે નાછૂટકે આ સમિતિને આટોપી લેવાનો નિર્ણય કરવો પડ્યો છે અને તે મુજબ સમિતિને આટોપી લેવામાં આવે છે.''

ધર્મ તો જીવન માં ઘણો કર્યો છે,
પરંતુ અધર્મ ઓછો કર્યો નથી,
માટે જ આપણું ભવભ્રમણ
અનાદિ કાળથી ચાલુ ને ચાલુ જ છે ........

## નિર્વાણ સમિતિના અધ્યક્ષ

ભગવાન મહાવીરના પચીસસોમા નિર્વાણ વર્ષની વ્યાપક અને સમુચિત ઉજવણી માટે જૈન સંઘના ચારે ફિરકાની જે અખિલ ભારતીય સમિતિ રચવામાં આવી છે એનું અધ્યક્ષપદ શેઠ શ્રી કસ્તુરભાઈને આપવામાં આવ્યું હતું એ બિના પણ તેઓ પ્રત્યેની ચાહના અને આદરની સૂચક છે. આ સમિતિનું કાર્યલય મુંબઈમાં છે.

પેઢીની નિયમાવલી - ભવિષ્યમાં પણ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીનો વહીવટ સારી રીતે ચાલતો રહે એ માટે પેઢીની નિયમાવલીમાં જે કંઈ સમુચિત ફેરફાર કરવાની જરૂર હતી તે કરીને એકાદ વર્ષ પહેલાં જ એ કામ તેઓની દોરવણીથી પૂરું કરવામાં આવ્યું, તે પણ એક ઘણું ઉપયોગી કાર્ય થયું.

સ્થપતિની નિપુણતા - બાંધકામ અને જીર્ણોદ્ધાર તરફનો એમનો રસ કેટલો ઊંડો છે ! એમને માટે તો એ ફુરસદનો શોખ નહીં, પણ જીવનનો રસ જ છે. એમાં ખાસ કરીને પ્રાચીન ધર્મસ્થાનોના ઉધ્ધારમાં - એમની ધર્મભક્તિ અને કલાસૂઝનાં દર્શન કરવા મળે છે. એમનો આ રસ એવો જીવંત છે કે એ માટે તેઓ પોતાનાં તન-મન-ધન સહર્ષ અર્પણ કરે છે. પાંચેક વર્ષ પહેલાં ધંધુકામાં બંધાયેલ શ્રી હેમચંદ્રાચાર્ય જ્ઞાનમંદિર આ વાતની સાક્ષી પૂરે છે અને એમની જીર્ણોદ્ધારની વિશિષ્ટ દૃષ્ટિ તો અમદાવાદમાં શાંતિનાથની પોળના શ્રી શાંતિનાથના દેરાસરના તાજેતરમાં થયેલ જીર્ણોદ્ધારમાં પણ જોવા મળે છે. પ્રાચીન લાકડાકામનો અને પથ્થરકામનો ત્યાં કેવો સરસ સુમેળ થયો છે !

## કળા તરફનો અનુરાગ

સાધ્વી સંઘના વિકાસ માટે એમના અધ્યયન અંગે તેમ જ તેઓ પાટ પર બેસીને શ્રાવક સમુદાય સમક્ષ વ્યાખ્યાન આપી શકે કે કેમ, એ અંગે સાધ્વી સમુદાયને કેટલી છૂટ આપવી એ સંબંધી આપણા મોટા ભાગના સાધુ સમુદાયમાં આજે પણ ઠીક ઠીક સંકુચિતતા પ્રવર્તે છે. શ્રી કસ્તુરભાઈ આવી વાતો કે ચર્ચાથી દૂર રહીને આમાં અત્યારના યુગમાં શું થવું જોઈએ તે પોતાના વર્તનથી જ સમજાવી દે છે. મુંબઈમાં પૂજ્ય સાધ્વીજી શ્રી મૃગાવતીશ્રીજીના વ્યાખ્યાનમાં અને અમદાવાદમાં જૈન સંઘના નિષ્ઠાવાન, અનાસક્ત અને મૂક અગ્રણી શેઠ શ્રી કેશવલાલ લલ્લુભાઈ ઝવેરી વગેરેની સાથે પૂજ્ય સાધ્વીજી શ્રી નિર્મળાશ્રીજીના વ્યાખ્યાનમાં હાજરી આપીને તેઓએ પોતાના મનનું વલણ વગર બોલ્યે સમજાવી દીધું હતું. એટલું જ નહીં, ત્રણ વર્ષ પહેલાં ભાવનગરમાં ઊજવાયેલ શ્રી જૈન આત્માનંદ સભાના હીરક ઉત્સવ વખતે તેઓએ આ અંગેના પોતાના વિચારો પણ જાહેર કર્યા હતા કે સાધ્વીજીઓને વિકાસની પૂરી મોકળાશ આપવી જોઈએ. સાધ્વીજી શ્રી નિર્મળાશ્રીજીની નિશ્રામાં યોજાતા કન્યાઓના સંસ્કાર-અધ્યયન-સત્રને તેઓનો સક્રિય સાથ મળતો રહે છે.

આજના માનવી પાસે સુખ સંપત્તિ સાધનો મર્યાદિત કે ઓછા છે ,માટે તે દુ:ખી નથી, પરંતુ પોતાના કરતા બીજા પાસે સુખ સંપત્તિ સાધનો ઘણા અને વધારે છે, તેવી વિચારધારા અને માન્યતા ના કરાણે જ આજનો માનવી દુ:ખી દુ:ખી છે.

## પિતાના નામે ટ્રસ્ટ

શેઠ શ્રી કસ્તુરભાઈ એમના મોટાભાઈ શ્રી ચીમનભાઈ અને નાના ભાઈ શ્રી નરોત્તમભાઈ (નરુભાઈ)એ સને ૧૯૨૬માં પોતાના પિતાશ્રીના સ્મરણ નિમિત્તે છ લાખ રૂપિયાનું ટ્રસ્ટ કર્યું. તે વખતે ટ્રસ્ટ ઍક્ટ ન હતો એટલે ટ્રસ્ટનાં નાણાંના રોકાણ બાબત કોઈ પ્રતિબંધ ન હતો. આ છ લાખનું રોકાણ એવી રીતે કરવામાં આવ્યું કે વખત જતાં એમાંથી સત્તાવીસ લાખ થયા અને આગળ જતાં અમદાવાદની એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજ માટે ત્રીસેક લાખ રૂપિયાનો ફાળો આપી શકાયો અને બીજા પણ અનેક સારાં કામો થઈ શક્યાં !

એન્જિનિયરિંગ કૉલેજની વાત જાણવા જેવી છે. એ વખતે લૉર્ડ બ્રેબોર્ન મુંબઈના ગર્વનર હતા. એન્જિનિયરિંગ કૉલેજ માટે સરકારને એક કરોડ રૂપિયાની જરૂર હતી. કસ્તુરભાઈએ આ માટે પચીસેક લાખનું દાન આપવાની પોતાની ઇચ્છા ગર્વનર લૉર્ડ બ્રેબોર્ન આગળ વ્યક્ત કરી. ગવર્નર ખૂબ રાજી અને પ્રભાવિત થયા. એમને થયું, આવી મોટી સખાવત લાવી આપ્યાનો યશ આમાં પોતાને સહેજે મળે એમ છે ! એમણે આ વાત બીજા કોઈને નહીં કહેવા અને પોતે આ કામ પૂરું કરી આપશે એમ કસ્તુરભાઈને કહ્યું. છેવટે અમદાવાદમાં એન્જિનિયરિંગ કૉલેજ ઊભી થઈ.

મનમાં રોજ મનન કરો,
અતંર્મુખી સદા સુખી, બહિર્મુખી સદા દુ:ખી

## અતુલ પ્રોડક્ટસ

એ શ્રી કસ્તુરભાઈની પ્રામાણિક કાર્યદક્ષ અને સફળ ઉદ્યોગપતિ તરીકેની સિદ્ધિના સુવર્ણકળશ સમું છે. આ કારખાનાની શરૂઆતની એક કરોડની મૂડીમાં દસ લાખ રૂપિયા એક અમેરિકન કંપનીના હતા. આ ભાગીદારીના કરાર કરતી વખતે એક વાંધો આવ્યો. વાંધો નાનો છતાં સૈદ્ધાંતિક હતો. અમેરિકન કંપની એ વાંધો દૂર કરવા તૈયાર ન હતી. કસ્તુરભાઈ સિદ્ધાંતને એકકોરે મૂકીને સમાધાન કરવા તૈયાર ન હતા. વાત એટલી આગળ વધી કે કરાર ભાંગી પડે ! પણ કસ્તુરભાઈએ નમતું ન આપ્યું. છેવટે અમેરિકન કંપનીએ તેમની વાત મંજૂર રાખી. કારખાનું શરૂ કરતાં બીજા એક કરોડની જરૂર પડી. કસ્તુરભાઈની શાખથી એ રકમ પણ મળી ગઈ. થોડાંક વર્ષ પહેલાં એ અમેરિકન કંપની દસ લાખને બદલે સાઠ લાખ લઈને છૂટી થઈ. અત્યારે આ કારખાનાની મૂડી ચાર કરોડની, રોકાણ સોળ કરોડનું અને ઉત્પાદન બાર કરોડનું છે. મુખ્ય કારખાનું, બીજાં પેટાકારખાનાં અને વસવાટોને સમાવતા આ નગરનો વિસ્તાર બારસો એકર જેટલો છે. કિલ્લામાં વસેલ અમદાવાદનું ક્ષેત્રફળ આશરે અગિયારસો એકર છે !

સને ૧૯૨૬ અને ૧૯૩૫માં તેઓએ બે ટેરીફ કમિશનો સમક્ષ સુતરાઉ કાપડને લગતી ઉપયોગી અને માહિતીપૂર્ણ જુબાની આપી હતી.

સને ૧૯૨૮માં મિલમજૂરોના પગાર બાબતમાં ગાંધીજી અને મિલમાલિકો વચ્ચે મતભેદ પડ્યો. આ અંગે વાટાઘાટો કરવા એક મિલમાલિક અને કસ્તુરભાઈ ગાંધીજી પાસે ગયા. જેઓની સાથે તેઓ ગયા હતા તેઓ ગાંધીજીની વાત સ્વીકારવા તૈયાર ન હતા. બધા છૂટા પડ્યા; ગાંધીજીએ કસ્તુરભાઈને બોલાવીને એમને સમજાવવા કહ્યું. કસ્તુરભાઈના પ્રયાસ પણ સફળ ન થયા; એટલે તરત સમાધાન ન થયું. તેથી ઉદ્યોગને સારું એવું નુકસાન વેઠવું પડ્યું. ૧૯૩૩ની લડત પછી કોઈક વખતે ફરી પાછો આવો પ્રસંગ આવ્યો. એમાં મજૂરો વતી ગાંધીજી

અને મિલો વતી કસ્તુરભાઈએ મળીને સમાધાન શોધવાનો પ્રયત્ન કર્યો, પણ સમજૂતી ન થઈ એટલે લવાદી પ્રથા મુજબ એ કામ જસ્ટિસ મડગાંવકરને સોંપવામાં આવ્યું; એમનો ફેંસલો બન્નેએ માન્ય રાખ્યો.

સને ૧૯૨૮માં કસ્તુરભાઈએ રાયપુર મિલમાં બાળઘર અને આદર્શ ઘોડિયાખાનું શરૂ કર્યું અને પહેલી મેના દિવસે એનું ઉદ્‌ઘાટન ગાંધીજીના હાથે કરાવ્યું. આ પ્રસંગે બોલતાં કસ્તુરભાઈએ કહ્યું હતું કે "ગલીચ વાતાવરણમાં જે બાળકો ઉછરે, અગર જે ચોખ્ખી હવા કે સૂર્યનાં કિરણ ભાગ્યે જ જુઓ, જેમને નહાવાનો કે સ્વચ્છ રહેવાનો બિલકુલ વિચાર પણ ન આવે એવા કારીગર વર્ગ પાસેથી આપણે પૂરતા કામની આશા કેવી રીતે રાખી શકીએ ? આપણે આપણો ઉદ્યોગ પરદેશની હરીફાઈ સામે ટકાવી રાખવો હોય તો કારીગર કે દેશનું હિત તો પછી, પણ પોતાના જ હિતની ખાતર મિલમજૂરોને અજ્ઞાનમાંથી મુક્ત કરી નીતિમાન્ અને મૂડીદાર વર્ગ વચ્ચે જે મીઠાશનો સંબંધ છે તેનું મુખ્ય કારણ તો મહાત્માજીનો સદુપદેશ છે, મજૂરોની અનુકૂળતામાં અમારો અંતિમ લાભ સમાયેલો છે એમ અમે જોઈ શક્યા છીએ.

આ વિચારો કસ્તુરભાઈના પ્રગતિશીલ વલણ, સમયને પારખવાની શક્તિ અને કલ્યાણબુદ્ધિનો ખ્યાલ આપે એવા છે.

સને ૧૯૨૭-'૨૮માં ગાંધીજીએ પરદેશી માલનો બહિષ્કાર કરવાની હાકલ કરી. આ બહિષ્કારથી દેશની મિલો પરિસ્થિતિનો લાભ લઈ નફાનું ધોરણ ન વધારી મૂકે એની એમને ચિંતા હતી. આ માટે કસ્તુરભાઈને બોલાવી એમણે વાત કરી. કસ્તુરભાઈએ સૂચવ્યું કે દેશી રૂના ભાવો અમેરિકન રૂના ભાવો પર આધાર રાખતા હોઈ કાપડના ભાવો સ્થિર રહે એ મુશ્કેલ છે. આમાં શું થઈ શકે એનો નિર્ણય તો ન થઈ શક્યો, પણ ધ્યાન આપવાથી એટલું થયું કે દેશી કાપડના ભાવોમાં ટીકાપાત્ર વધારો ન થયો. આ બહિષ્કારને પરિણામે બ્રિટિશ કાપડની આયાત ૭૫ ટકા જેટલી ઘટી ગઈ.

કસ્તુરભાઈએ જોયું કે આ બહિષ્કાર વખતે સો ટકા સ્વદેશી કાપડ

તૈયાર કરવાની પ્રવૃત્તિ કરવામાં આવે તો તેથી ઉદ્યોગને ઘણો નફો થાય. એમણે સને ૧૯૨૯માં સ્વદેશી સભા સ્થાપી. એનો નિયમ એ કે કાપડના ઉત્પાદનમાં જે મિલો બધી જ સામગ્રી દેશી વાપરે એ આ સભાના મેમ્બર બની શકે. જે કોઈ આ નિયમનો ભંગ કરે એને સખત દંડ કરવો. મુંબઈની મિલોમાં કેટલીક પરદેશી હિત ધરાવતી હતી. એટલે માત્ર અમદાવાદની મિલોને જ એનું સભ્યપદ આપવામાં આવ્યું. તે વખતના કોંગ્રેસના પ્રમુખ શ્રી મોતીલાલ નેહરુએ આ સભાને આવકાર આપ્યો. આથી મિલોને ઘણો નફો થયો. ઉદ્યોગને વધુ લાભ ક્યારે કેવી રીતે થઈ શકે એ પારખવાની ચકોર દૃષ્ટિનું જ આ પરિણામ હતું.

આ બહિષ્કારને લીધે લેંકેશાયરના કાપડ ઉત્પાદનને મોટો ફટકો પડ્યો હતો; બીજી તરફ જાપાન હિંદુસ્તાનનું રૂ મોટા પ્રમાણમાં ખરીદીને બદલામાં સુતરાઉ કાપડ પુષ્કળ મોકલતું હતું. આ માટે લેંકેશાયર, ભારત અને જાપાનની ત્રિપક્ષી પરિષદ શિમલામાં સને ૧૯૩૩માં ભરાઈ. આ પરિષદની કામગીરીમાં કસ્તુરભાઈએ નિર્ણાયક ભાગ ભજવ્યો હતો. સને ૧૯૩૭માં ભારત-બ્રિટન અને ભારત-જાપાનના વેપાર અંગેની વાટાઘાટો યોજવામાં આવી, એમાં ભારતીય પક્ષના ચૅરમૅન કસ્તુરભાઈ હતા.

સને ૧૯૩૪માં કસ્તુરભાઈ ફેડરેશન ઑફ ઇન્ડિયન ચેમ્બર ઑફ કૉમર્સ ઍન્ડ ઇન્ડસ્ટ્રીઝ સંસ્થાના તથા અમદાવાદ મિલઓનર્સ ઍસોસિયેશનના પ્રમુખ બન્યા.

ઉદ્યોગો તથા વ્યવહારુ અર્થશાસ્ત્રની નિપુણતાને લીધે બીજી મિલો, વીમા કંપનીઓ, બૅન્કો, વીજળી આદિ સંખ્યાબંધ કંપનીઓના ડિરેક્ટર તરીકે કસ્તુરભાઈની વરણી થતી રહી છે. ઉપરાંત સંખ્યાબંધ રાષ્ટ્રીય કામોની જવાબદારીને પણ તેઓ ખંત, નિષ્ઠા અને અધ્યયનશીલતાથી સાંગોપાંગ પૂરી કરતા રહ્યા છે. હવે એની કેટલીક વિગતો જોઈએ.

# રાષ્ટ્રીય કામોની તવારીખ

રેલસંકટ : સને ૧૯૧૮ના ગુજરાતના દુષ્કાળની વાત આગળ આવી જ ગઈ છે. સને ૧૯૨૭માં ગુજરાત પર ભયંકર રેલસંકટ આવી પડ્યું. અતિવૃષ્ટિએ આખા ગુજરાતમાં વિનાશ વેર્યો હતો. તારાજ થઈ ગયેલાં ગામડાંને ઊભાં કરવાનું કામ ખૂબ મુશ્કેલ હતું. સરદારશ્રીનાં તો એ વખતે ઊંઘ-આરામ હરામ બની ગયાં હતાં, અંબાલાલ શેઠ તથા શ્રી કસ્તુરભાઈએ શ્રી મંગળદાસ શેઠની સૂચના મુજબ અમુક રકમ મદદ તરીકે અને અમુક રકમ વગર વ્યાજે ધિરાણ તરીકે ઊઘરાવીને કામ શરૂ કર્યું. આથી જરૂરી નાણાં મળી ગયાં. સરદારશ્રી પણ કેન્દ્ર સરકારમાંથી ઘણી મોટી સહાય લઈ આવ્યા. લોકોને સમયસર રાહત મળી ગઈ અને બંદોબસ્ત એવો સારો કર્યો કે છેવટે નાણાં ધીરનારાઓને પણ એમનાં નાણાં પાછાં મળી ગયાં.

જીનિવાની મજૂર પરિષદ; માતૃભક્તિ - સને ૧૯૨૯માં જીનિવામાં આંતરરાષ્ટ્રીય મજૂર પરિષદ મળવાની હતી. ભારતના પ્રતિનિધિમંડળના નેતા તરીકે કસ્તુરભાઈની વરણી કરવામાં આવી. ભારતના ભૂતપૂર્વ નાણાપ્રધાન શ્રી ષણમુખન ચેટી સલાહકાર તરીકે જવાના હતા. આ માટે સ્ટીમરમાં રવાના થતાં અગાઉ કસ્તુરભાઈનાં માતા પડી ગયાં અને પગનું હાડકું ભાંગી ગયું. કસ્તુરભાઈનું મન બીમાર માતાને મૂકીને કોઈ રીતે જીનિવા જવા માનતું ન હતું. છેવટે કંઈક ઠીક લાગ્યું અને માતાએ તથા બીજાએ ખૂબ આગ્રહ કર્યો એટલે તેઓ જવા કબૂલ થયા. આ માટે એમ નક્કી થયું કે વચ્ચે વચ્ચે કૅબલથી એમને બાની તબિયતના સમાચાર મળતા રહે. તેઓ એડન પહોંચ્યા. તપાસ કરી તો ન કોઈ કૅબલ અને ન કોઈ બાની તબિયતના ખબર ! તેઓ ચિંતામાં પડી ગયા. છેવટે નક્કી કર્યું કે આવી પરિષદમાં જવાનું તો પાછળથી પણ મળશે, પણ મા ફરીને મળવાની નથી ! પાકા સમાચાર મેળવવા અને જરૂર લાગે તો ભારત પાછા ફરવા તેઓ એડન ઊતરી ગયા અને

સ્ટીમરને જવા દીધી ! પછી કેબલ કરતાં સમાચાર મળ્યા કે બાની તબિયત તો સારી રીતે સુધારા પર છે અને જરાય ચિંતા કરવા જેવું નથી ! અઠવાડિયું એડનમાં રોકાઈને બીજી સ્ટીમર મારફતે તેઓ વખતસર જીનિવા પહોંચી ગયા. એમની કામગીરીથી સંતુષ્ટ થઈને સરકારે ૧૯૩૪માં ફરી વાર એમને પરિષદમાં ભારતના પ્રતિનિધિ તરીકે મોકલ્યા.

ધર્મમાં સંસારના કર્મ ન કરો,
પણ સંસારના કર્મમાં અવશ્ય ધર્મ કરો.

## સ્વતંત્રતાની લડતમાં સાથ

મીઠાનો સત્યાગ્રહ શરૂ થયા પછી ગાંધીજી ગોળમેજી પરિષદમાં ગયા. ત્યાંથી પાછા આવતાં એમને જેલમાં પૂરવામાં આવ્યા. દરમિયાન ૧૯૩૦-'૩૨ની લડતમાં ગિરફતાર થયેલા સેવકોનાં કુટુંબો માટે ટ્રસ્ટના પૈસાનો ઉપયોગ દાદાસાહેબ માવળંકરની સૂચના મુજબ કસ્તુરભાઈએ કર્યો. ગાંધીજી જેલમાંથી છૂટીને અમદાવાદ આવ્યા. તે વખતે કસ્તુરભાઈ દક્ષિણ ભારતનાં બજારોનો અભ્યાસ કરવા એ તરફ ગયા હતા. મુસાફરીમાં એમને ગાંધીજીનો તરત મળવા તાર મળ્યો. તેઓ અમદાવાદ આવીને ગાંધીજીને મળ્યા. ગાંધીજીએ ટ્રસ્ટના પૈસાનો ખુલાસો માગ્યો. કસ્તુરભાઈએ બધી વાત કરી. ખુલાસો તો સાચો હતો, પણ ગાંધીજીએ એમને ટ્રસ્ટના પૈસા ગમે તેમ કરીને પાછા આપવા કહ્યું. ગાંધીજીની આજ્ઞા મુજબ કસ્તુરભાઈ અને દાદાસાહેબે નાણાં પૂરાં કરી આપ્યાં. સને ૧૯૪૨માં ક્વીટ ઇન્ડિયાનો ઠરાવ થયો અને ગાંધીજી વગેરે નેતાઓની ધરપકડ કરવામાં આવી. એ વખતે કસ્તુરભાઈ અને શ્રી ખંડુભાઈ દેસાઈ મુંબઈમાં હતા. તરત જ બન્ને અમદાવાદ પાછા આવ્યા. રસ્તામાં ટ્રેનમાં બન્નેએ નક્કી કર્યું કે અમદાવાદ પહોંચીને મિલોમાં અચોક્કસ મુદત સુધી હડતાળ પાડવી. નેતાઓની ધરપકડને લીધે મિલો બંધ થઈ ત્યારે લોકો માનતા હતા કે હડતાળ ત્રણેક દિવસ ચાલશે, પણ મિલોના પ્રતિનિધિ શ્રી કસ્તુરભાઈ અને મજૂરોના પ્રતિનિધિ શ્રી ખંડુભાઈ બન્ને ગાંધીજીના અને સ્વતંત્રતાના અનુરાગી હતા અને આ લડતને પૂરતું બળ મળે એમ કરવા બન્ને આતુર હતા. જાણે વગર કહ્યે જ એમની વાત મિલમાલિકો અને મજૂરોના મનમાં વસી ગઈ: ત્રણ દિવસની ધારેલી હડતાળ લાગલગટ સાડાત્રણ મહિના સુધી ચાલુ રહી ! વિલાયતમાં અને ખાસ કરીને અમેરિકામાં આની બહુ ભારે અસર થઈ. આથી અકળાઈને

એક વાર તો આવી લડતના એક પ્રેરકબળ તરીકે શ્રી કસ્તુરભાઈની ધરપકડ કરવાનો વિચાર પણ સરકારને આવી ગયો! દિલ્હીથી કસ્તુરભાઈને ખબર મળ્યા કે જેલ જવા માટે તૈયાર રહો ! આટલી લાંબી હડતાળને લીધે મજૂરોને આર્થિક રીતે બહુ સહન કરવું પડ્યું હતું અને હડતાળનો મુખ્ય હેતુ તો પરદેશમાં બ્રિટિશ હકૂમત સામે લોકમત કેળવવાનો હતો અને એ પૂરો થયો હતો. એટલે કસ્તુરભાઈએ હડતાળ પાછી ખેંચીને મિલો ચાલુ કરવા વિચાર્યું; આ માટે જેલમાંથી શ્રી ખંડુભાઈની અનુમતિ મેળવીને હડતાળ પાછી ખેંચી લેવામાં આવી. આ દોરવણીથી આ લડત ખૂબ અસરકારક બની હતી.

સને ૧૯૩૬માં સરકારે ભારત અને ઇંગ્લૅન્ડ વચ્ચેના વેપારની તપાસ કરી ભલામણ કરવા મહંમદ ઝફરૂલ્લા ખાનના અધ્યક્ષપદે કમિટી નીમી. તેમાં કસ્તુરભાઈને પણ લેવામાં આવ્યા હતા.

રિઝર્વ બૅંકના ડિરેક્ટર : સને ૧૯૩૭થી '૪૯ સુધી, સને ૧૯૫૭થી '૬૦ સુધી કસ્તુરભાઈ રિઝર્વ બૅંક ઑફ ઇન્ડિયાના ડિરેક્ટર ચૂંટાયા હતા. પહેલી વખતના કાર્યકાળમાં સને ૧૯૩૯માં બૅંકના અંગ્રેજ ગવર્નર સર જેમ્સ ટેલરનું અવસાન થતાં એ સ્થાને અંગ્રેજના બદલે ભારતીય વ્યક્તિની નિમણૂક થાય એવો આગ્રહ કસ્તુરભાઈએ અને એમના સાથીઓએ રાખ્યો હતો. છેવટે સરકારને એ સ્થાને શ્રી ચિંતામણ દેશમુખની નિમણૂક કરવાની ફરજ પડી. આમાં શ્રી કસ્તુરભાઈનું રાષ્ટ્રવાદી વલણ સ્પષ્ટ દેખાઈ આવે છે.

રૂ અંગે અનેક વાટાઘાટો : સને ૧૯૪૩માં ભારતે ઇજિપ્તમાંથી એક લાખ ગાંસડી રૂ ખરીદેલું. એમાં બ્રિટિશ સરકારે વાંધો લીધો. વાતનું વાજબીપણું સમજીને ભારત સરકારે એક પ્રતિનિધિમંડળ કેરો મોકલ્યું. એમાં કસ્તુરભાઈ પણ હતા. આ જવાબદારીને સફળ બનાવવામાં કસ્તુરભાઈએ નિર્ણાયક કામગીરી બજાવી હતી. સને ૧૯૪૪માં પૂર્વ આફ્રિકાનું રૂ વિલાયતને સસ્તા દરે મળતું અને ભારતને

એ માટે વધારે પૈસા આપવા પડતા. એ માટે દિલ્હીમાં ભારત અને બ્રિટનના પ્રતિનિધિઓની કૉન્ફરન્સ મળી, એમાં કસ્તુરભાઈને પણ આમંત્રણ હતું. એનું પરિણામ સંતોષકારક આવ્યું. સને ૧૯૪૮માં ભારત સરકારે રૂ ખરીદવા માટે કસ્તુરભાઈની રાહબરી નીચે એક પ્રતિનિધિમંડળ ઇજિપ્ત મોકલ્યું. ઈજિપ્તે શસ્ત્રોના બદલામાં જ રૂ આપવાનો આગ્રહ રાખ્યો. મંત્રણાઓ નિષ્ફળ ગઈ ! ૧૯૪૮ના ડિસેમ્બરમાં પૂર્વ આફ્રિકામાંથી ભારત અને બ્રિટન માટે કરેલ ત્રણ લાખ ગાંસડી રૂના સોદામાં પડેલ મડાગાંઠનો ઉકેલ લાવવા ભારત સરકારે કસ્તુરભાઈની નેતાગીરી નીચે એક પ્રતિનિધિમંડળ આફ્રિકા મોકલ્યું હતું કામ બહુ અટપટું હતું, અને મુસાફરી પણ ખૂબ રોમાંચક બની હતી. છેવટે ચોવીસ કલાકમાં જ વીસ કરોડ રૂપિયાની કિંમતનો સોદો પતી ગયો, અને એમાં બ્રિટનનું પણ હિત સચવાયું; તે કસ્તુરભાઈની પ્રશ્નોને સમજીને એનો વ્યવહારુ ઉકેલ સૂચવવાની બુદ્ધિને જ કારણે. કસ્તુરભાઈએ પહેલેથી જ વિચાર્યું હતું કે બ્રિટન સાથે સારા સંબંધો રાખવામાં એકંદરે ભારતને લાભ જ છે.

બીજાના દુઃખે દુઃખી થવાની વાત પછી કરજો,
પહેલા મનને પુછો કે એ
બીજાના સુખે થવા સુખી થવા તૈયાર છે ખરૂં ?
કેવું ઈર્ષ્યાળું મન છે આપણું ?

## બીજાં કામો

સને ૧૯૪૩માં ભારત સરકારે કાઉન્સિલ ઑફ સાઈન્ટિફિક ઍન્ડ ઈન્ડસ્ટ્રિયલ રિસર્ચની રચના કરી. કામનો ભાર વધુ હોવા છતાં કસ્તુરભાઈને રામસ્વામી મુદાલિયરના આગ્રહથી એના સભ્ય તરીકે જોડાવું પડ્યું. અહીં ૧૮ વર્ષ કામ કર્યું, ત્યાં કસ્તુરભાઈની ભલામણથી એક નાણાં કમિટી બની હતી. શ્રી જવાહરલાલ નહેરુના આગ્રહથી વર્ષો સુધી એનું ચૅરમનપદ તેઓએ સંભાળ્યું. ૧૯૪૬માં ભારત સરકારે લંડનમાંથી કાપડમિલની મશીનરી ખરીદવા નિર્ણય કર્યો. એ અંગેની વાતચીત કરવાની જવાબદારી સરકારે કસ્તુરભાઈને સોંપી હતી. એમણે એ વાટાઘાટો સફળ બનાવી. ૧૯૫૦માં કસ્તુરભાઈ અમેરિકા જતા હતા. સરદારશ્રીએ એમને ભારતના વિકાસ માટે કોઈ યોજના ત્યાંથી લાવવા સૂચના કરી. કસ્તુરભાઈએ ત્યાંના પ્રસિદ્ધ ધનપતિ રોકફેલરની સાથે વિચાર કરીને નર્મદા વિકાસ યોજનાની રૂપરેખા તૈયાર કરી, પણ એ સરકારને માન્ય ન રહેવાથી એ કામ આગળ ન વધ્યું. સને ૧૯૫૩, ૧૯૬૩ અને ૧૯૬૪માં એમ ત્રણ વાર સુતરાઉ કાપડ અંગેની વાતચીત માટે કસ્તૂરભાઈને લેંકેશાયર જવાનું થયું.

જીવન નાના બાળક જેવું શું ન બનાવી શકીયે આપણે ? નિખાલસ અને નિષ્પાપ

## વિશેષ કામગીરી

સને ૧૯૪૮માં સરકારે કેન્દ્ર ખાતાના વહીવટમાં કરકસરનાં પગલાં સૂચવવા કસ્તુરભાઈના અધ્યક્ષપદે એક કમિટી રચી હતી. તેઓએ સવા વર્ષ ખૂબ મહેનત લઈને પોતાનો અહેવાલ તૈયાર કર્યો, પણ તેઓ દુ:ખ સાથે કહે છે કે સરકારે અમારી ભલામણોનો ભાગ્યે જ અમલ કર્યો! આથી તેઓએ નક્કી કર્યું છે જેમાં ભલામણોના અમલની ખાતરી ન હોય એવી કોઈ પણ કમિટીના અધ્યક્ષ કે સભ્ય ન બનવું. ૧૯૪૮ ગાંધી સ્મારકનિધિ માટે ઉદ્યોગો પાસેથી પાંચ કરોડ રૂપિયા એકઠા કરવાનું નક્કી કરીને એ માટેની કમિટીના ચૅરમૅન કસ્તુરભાઈને બનાવ્યા. તેઓએ એકાદ વર્ષમાં જ પાંચ કરોડ ઉપરાંતનાં વચનો મેળવીને પોણા પાંચ કરોડનો ચેક શ્રી જવાહરલાલ નહેરુને આપ્યો. તેઓ આ નિધિના ટ્રસ્ટી છે. કરાચી પાકિસ્તાનંમાં જતાં પશ્ચિમ ભારતમાં એની ખોટ પૂરે એવું બંદર થાય એ જરૂરી હતું. આ માટે સરકારે સ્થળ નિર્ણય માટે અને વિકાસ માટે જે કમિટી રચી હતી તેના ચૅરમૅન શ્રી કસ્તુરભાઈ હતા. પશ્ચિમ ભારતમાં કંડલા બંદરનો વિકાસ એ મુખ્યત્વે એમની વિશિષ્ટ નિર્ણયશક્તિ અને દોરાવણીને આભારી છે હૈદરાબાદ, મૈસૂર અને ત્રાવણકોરના ઉદ્યોગોના ધિરાણની મોટી રકમોની તપાસ અંગે સરકારે કસ્તુરભાઈની એક વ્યક્તિની કમિટી રચી હતી. એની ભલામણોનો સરકારે સ્વીકાર કર્યો છે. બાંધકામ બાબતમાં તો કસ્તુરભાઈ જાણે કોઈ પૂર્વસંસ્કાર હોય એમ એક કુશળ સ્થપતિ જેવી નિપુણતા ધરાવે છે. સસ્તાં છતાં સારાં મકાનોની એમની સૂઝ દાખલારૂપ બની રહી એવી છે. આથી કેન્દ્ર સરકારે જાહેર બાંધકામ ખાતા ( p.w.d.)ની કામગીરીની તપાસ માટે સને ૧૯૫૨ કે '૫૩માં જે તપાસ કમિટી રચી હતી એનું ચૅરમૅનપદ કસ્તુરભાઈને સોંપવામાં આવ્યું હતું. ઘણું ખરું આ કમિટીએ જ પોતાના અહેવાલમાં એ વાતની નોંધ લીધી હતી કે કસ્તુરભાઈ હસ્તક બંધાયેલાં મકાનોનું ખર્ચ ૨૦ થી ૨૫ ટકા ઓછું હોય છે ! સને ૧૯૫૪માં ઔદ્યોગિક અને ખેતીવાડીને લગતું જે પ્રતિનિધિમંડળ રશિયા ગયું હતું તેના મોવડી કસ્તુરભાઈ હતા.

## દુષ્કાળ રાહત

સને ૧૯૪૮ તથા ૧૯૫૬માં ગુજરાત-સૌરાષ્ટ્રમાં દુકાળો પડ્યા. આવા સંકટ સમયે પૂજ્ય રવિશંકર મહારાજ તો પ્રજાની મદદમાં હોય જ. રાહત સમિતિના પ્રમુખ કસ્તુરભાઈ હતા. મહારાજ અને તેઓ જીપમાં ગામડે ગામડે ફરે, ગામની સ્થિતિની જાતમાહિતી મેળવે અને રાહતની ગોઠવણ કરે. કેટલાંક ગામની સ્થિતિ તો એવી શોચનીય કે ત્યાં માણસો કરતાં ઢોરોની સંખ્યા વધુ હોય ! મુસાફરીમાં રેતી એવી ઝીણી કે લોકો એને રેશમ રેતી કહે ! શરીરમાં બધાં અંગોમાં એ પેસી જાય. એક પ્રસંગ યાદ કરવા જેવો છે : છએક વર્ષ પહેલાં મારે કામ પ્રસંગે શેઠની પાસે જવાનું થયું. ત્યાં એક કદાવર માલધારી ધા નાખતો આવ્યો: અરે કસ્તુરભાઈ શેઠ, અમુને અને અમારા ઢોરને બચાવે તો તું જ બચાવે ! સરકાર તો કંઈ કરવાની નથી. કસ્તુરભાઈ તરફની લોકશ્રદ્ધા જોઈને સારી આંખો આંસુભીની બની !

ડાંગને બચાવવામાં સાથ : ગુજરાતનીરાજકીય નેતાગીરીએ તો ડાંગને મહારાષ્ટ્રનું જ માની લીધું હતું અને એ મહારાષ્ટ્રમાં ચાલ્યું જાય એની એમને ચિંતાય ન હતી ! પણ પ્રજા વખતસર જાગી ગઈ અને પ્રજાના ભાવનાશીલ કાર્યકરોએ દિલ દઈને પ્રયત્ન કર્યો. એમાં શ્રી કસ્તુરભાઈ શેઠ અને શેઠશ્રી અમૃતલાલ હરગોવનદાસ જેવાએ પૂરો સાથ આપ્યો. કામ કોંગ્રેસ સરકારને પોતાની વિરુદ્ધનું લાગે એવું અને એની ખફગી વહોરવી પડે એવું હતું, પણ જરાક શેહ કે શરમમાં તણાયા કે ડાંગ મહારાષ્ટ્રમાં ચાલ્યું જ જાય એવી સ્થિતિ હતી. કસ્તુરભાઈની હૂંફથી બધાએ નીડર થઈને પ્રયત્નો કર્યા અને ડાંગ ગુજરાતમાં રહી ગયું !

## શિક્ષણ ક્ષેત્રમાં ફાળો

એક ઉદ્યોગપતિ જેમ મૂડીને વાપરી નાખવા કરતાં મૂડીનું રોકાણ કરવામાં વધારે માને એ જ રીતે શ્રી કસ્તૂરભાઈ પોતાના દાનનો વિનિયોગ કરે છે અને એ માટે શિક્ષણનું ક્ષેત્ર ઉત્તમ ગણે છે. શિક્ષણ ક્ષેત્રમાં ધનનું ખર્ચ નહિ, પણ વાવેતર થાય છે. શ્રી કસ્તુરભાઈએ પોતાની વતી, પોતાના કુટુંબીઓની વતી અને પોતાની કંપનીઓ વતી લગભગ બેએક કરોડની સખાવત કરી છે. એમાં આશરે એક કરોડ રૂપિયા તો શિક્ષણ ક્ષેત્રમાં જ આપ્યા છે અને અત્યારે પણ એ પ્રવાહ ચાલુ છે.

અમદાવાદ એજ્યુકેશન સોસાયટીની સ્થાપનામાં શેઠ શ્રી અમૃતલાલ હરગોવનદાસ અને સ્વ. શ્રી ગણેશ વાસુદેવ માવળંકર સાથે એમણે જે જહેમત ઉઠાવી હતી તે અસાધારણ હતી. એને લીધે જ અમદાવાદ આજે આધુનિક વિદ્યાઓની વિવિધ શાખાઓનું કેન્દ્ર બની શક્યું છે. આમાં એજ્યુકેશન સોસાયટીને અપાયેલી સખાવત ઉપરાંત એમણે એલ.ડી. એન્જિનિયરિંગ કૉલેજ વગેરેને આપેલી સીધી સહાયનો હિસ્સો પણ મહત્ત્વનો છે. આને લીધે અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટીની સ્થાપનાનું કામ ઘણું સરળ બની ગયું હતું.

વળી, ચાલુ વિદ્યાશાખાઓ ઉપરાંત અમદાવાદની તેમ જ ગુજરાતની શોભારૂપ અને તેજસ્વી ધ્યેયલક્ષી વિદ્યાર્થીઓને માટે આશીર્વાદરૂપ ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ અને સ્કૂલ ઑફ આર્કિટેક્ચર જેવી વિશિષ્ટ શિક્ષણ સંસ્થાઓ સ્થપાઈ. એમાં તો શ્રી કસ્તુરભાઈ શેઠની જ લાગવગ, લાગણી અને સૂઝનો મોટો ફાળો છે. આ ઉપરાંત લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરના નિર્દેશ આગળ થઈ જ ગયો છે. વિદ્યાવૃદ્ધિ તરફની આવી દૃષ્ટિને કારણે જ તેઓ ઇન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલૉજી જેવી ભારતવ્યાપી સંસ્થાનું અધ્યક્ષપદ શોભાવે છે.

અટીરા : અમદાવાદમાં કાપડ ઉદ્યોગના સંશોધન માટે સ્થપાયેલી 'અટીરા' (અમદાવાદ ટેક્સ્ટાઈલ ઇન્ડસ્ટ્રી રિસર્ચ એસોસિયેશન) સંસ્થા એ એમની દીર્ઘદૃષ્ટિ અને વિકાસપ્રેમની દ્યોતક છે. શ્રી વિક્રમ સારાભાઈના સાથમાં એમણે સહકારી ધોરણે ઊભી કરેલી આ પ્રગતિશીલ અને માતબર સંસ્થા ભારતભરમાં એ દિશામાં પહેલું પગલું હતું.

## શારદાબહેનનો સ્વર્ગવાસ

સને ૧૯૫૦ના ફેબ્રુઆરીની ૧૪મી તારીખે શ્રી કસ્તુરભાઈ શેઠનાં સુશીલ ધર્મપત્ની શારદાબહેન ચારેક દિવસની ટૂંકી માંદગીમાં સ્વર્ગવાસી થયાં ! વધતી ઉંમરે જીવનમાં ક્યારેય પૂરી ન થઈ શકે એવી ખોટ આવી ગઈ ! પણ એ બધી વેદનાને અંતરમાં સમાવીને કસ્તુરભાઈ કર્તવ્યની કેડીની મજલ એ જ નિષ્ઠા અને સ્ફૂર્તિથી કાપતા રહ્યા. આ દુ:ખદ ઘટના પછી તેઓ દિવાળી-બેસતા વર્ષના પર્વદિવસો અમદાવાદને બદલે કોઈ શાંત-એકાંત સ્થાનમાં કે તીર્થધામમાં જ વિતાવે છે.

# કુટુંબ ભાવના

ઉદ્યોગો અને જાહેર જીવનને લગતી આટલી બધી પ્રવૃત્તિઓમાં સતત ગૂંથાયેલા રહેવા છતાં કસ્તુરભાઈએ કુટુંબભાવનાને પોતાના જીવનમાં જે ઊંચું સ્થાન આપ્યું છે અને એને ટકાવી રાખી છે તે વિરલ અને એમની ખમી ખાવાની વૃત્તિ, ખેલદિલી અને કુટુંબવત્સલતાની સૂચક છે. આને લીધે તેઓ ધન-વૈભવના સુખ કરતાં પણ વધુ આંતરિક સુખ અનુભવી શકે છે. સને ૧૯૩૨માં મજિયારો વહેંચવાની વાત આવી ત્યારે એમનાં માતુશ્રી હયાત હતાં અને બીમાર હતાં. પહેલાં તો એમણે માતાના સ્વર્ગવાસ પછી મજિયારો વહેંચવાનું સૂચવ્યું, પણ એ કામ પતાવવાનો આગ્રહ થયો ત્યારે જાણે આંખના ઇશારામાં જ પતાવ્યું હોય એમ એ કામ અતિઅલ્પ સમયમાં પૂર્ણ સમાધાનથી પતાવ્યું. પહેલાં બધી મિલકતની ત્રણ યાદીઓ બનાવી. પછી પહેલી પસંદગી નાના ભાઈ નરોત્તમભાઈની, બીજી મોટા ભાઈ ચીમનભાઈ અને બાકી બચી તે પોતાની : આ રીતે બહોળી મિલકતનો મજિયારો વહેંચવાનું કામ પૂરું કર્યું. કુટુંબભાવના અંગે શ્રી કસ્તુરભાઈએ પોતે જ કહ્યું છે કે -

''ઈશ્વરકૃપાથી મારું કુટુંબજીવન ઘણું સુખદાયી છે. કુટુંબ બહોળું હોવા છતાં એકબીજામાં ભ્રાતૃભાવ અને પ્રેમ છે. ભાઈએ ભાઈની મિલકતો છૂટી કરી તે પણ કલાક-બે કલાકમાં અને સૌએ પૂરા સમાધાનથી અમે સ્વીકારી પણ લીધી. અમે સાત ભાઈ-બહેનો હોવા છતાં તેઓ વચ્ચે ઉગ્ર વિવાદનો પ્રશ્ન કોઈ દિવસ ઉપસ્થિતિ થયો નથી. તેનું મુખ્ય કારણ એકબીજા પ્રત્યે વિશ્વાસ અને પ્રેમ છે.

અકસ્માતમાં બચાવ : સને ૧૯૨૮માં કસ્તુરભાઈ શેઠ એમનાં સાસુને જોવા નાસિક ગયા. સાથે એમના સાળા હતા. સ્ટેશનથી ટૅક્સી કરી. રાતનું અંધારું થતું આવતું હતું. રસ્તો ખરાબ હતો અને બત્તીઓ ઝાંખી હતી. સામેથી મોટરસાઈકલ આવીને જોરથી ટૅક્સી સાથે અથડાઈ. મોટરસાઈકલ પર પતિ, પત્ની અને બાળક હતાં; એ ત્રણે દૂર ફેંકાઈ

ગયાં ! ટેક્સી આખી ઊંધી વળી ગઈ. પળવાર તો લાગ્યું કે ખેલ ખતમ પણ કસ્તુરભાઈ અને એમના સાળા મોટરના હૂડ નીચે આવી ગયા તેથી બચી ગયા. આવો જ બીજો પ્રસંગ બન્યો વિ.સં. ૨૦૧૮માં. ભોરોલ તીર્થના શિલારોપણ માટે કસ્તુરભાઈ થરાદ ગયા હતા. લોકોએ ખૂબ ઉત્સાહથી એમનું સ્વાગત કર્યું. બીજે દિવસે (તા. ૧૯-૫-'૬૨ના રોજ) અમદાવાદ પાછા ફરતા હતા; એમની મોટર મહેસાણા પાસે થાંબલા સાથે જોરથી અથડાઈ ગઈ પણ એ વખતે તેઓને કુદરતે બચાવી લીધા !

ખરાબ કરવા જતાં
સારા માણસની સલાહ લેજો ... બચી જશો

## થોડાક પ્રસંગો

સને ૧૯૨૭ કે '૨૮માં અમદાવાદના કલેક્ટરે શેઠ શ્રી કસ્તુરભાઈ અને શેઠ શ્રી અંબાલાલ સારાભાઈની મ્યુનિસિપાલિટીમાં સરકારી સભ્યો તરીકે નિમણૂક કરી. ત્યારે મ્યુનિસિપાલિટીના પ્રમુખ સરદારશ્રી હતા. એ વખતે ચીફ ઑફિસરની નિમણૂક કરવાની હતી. સરદારની પસંદગી અમુક વ્યક્તિ પર હતી; શ્રી અંબાલાલ શેઠ બીજાને લાવવા માગતા હતા. આ બન્ને પોતાના સ્વજન અને મુરબ્બી હતા. આમાં કોનો પક્ષ કરવો ? કસ્તુરભાઈએ એ સ્થાનેથી તરત જ રાજીનામું આપ્યું ! નિરર્થક વાદાવાદમાં વખત અને શક્તિ બરબાદ કરવા કરતાં સારાં કામ કરવાનાં ક્યાં ઓછાં છે ?

સને ૧૯૩૬-'૩૭માં શ્રી કસ્તુરભાઈ શેઠ વર્ધા ગયા હતા. ત્યાંથી તેઓ ગાંધીજીને મળવા સેવાગ્રામ ગયા. ગાંધીજીએ એમને સાબરમતી આશ્રમને નદીના ઘસારાથી બચાવી લેવાની વાત કરી. કસ્તુરભાઈએ એ અંગે ચિંતા ન કરવા કહ્યું. ગાંધીએ એમને આશ્રમમાં જ જમવા કહ્યું. એમણે વર્ધામાં શ્રી જમનાલાલજીને ત્યાં જમવાનું છે, એમ કહીને ના પાડી. શેઠ કહે છે કે મેં ગાંધીજીને ના પાડી એનો મને પસ્તાવો રહી ગયો છે.

સરદારશ્રી અમદાવાદમાં હોય કે બહારગામથી અમદાવાદ આવે ત્યારે તેઓ શ્રી કસ્તુરભાઈને ત્યાં આવે જ અને ક્યારેક તો સાથે જમે પણ ખરા. એક વાર કસ્તુરભાઈએ સાંજે જમવા આવવા કહ્યું. વચ્ચે બેએક દિવસનો ગાળો હતો. કસ્તુરભાઈ એ વાત ભૂલી ગયા અને નિયમ મુજબ સુર્યાસ્ત પહેલાં એમણે જમી લીધું. મોડેથી સરદારશ્રી જમવા આવ્યા. એ તરત સમજી ગયા કે સાથે જમવાની વાત ભુલાઈ ગઈ છે ! તેઓ કશું ન બોલ્યા. કસ્તુરભાઈને પણ યાદ ન આવ્યું. થોડી વાર વાતો કરીને સરદારશ્રી રવાના થયા. પછી જ્યારે મળવાનું થયું ત્યારે સરદારશ્રીએ હસતાં હસતાં કસ્તુરભાઈને ટકોર કરી: તમે વાણિયા બહુ પાકા !

જમવાનું નોતરું આપીને મીઠી મીઠી વાતોથી પેટ ભરીને જમાડ્યા વગર જ મને રવાના કરી દીધો !

કસ્તુરભાઈ પરદેશ ગયેલા એટલે કેટલાક મહિના સુધી ગાંધીજીને મળી શકેલ નહીં. પરદેશથી આવીને ૧૯૪૭ના ડિસેમ્બરમાં તેઓ દિલ્હીમાં ગાંધીજીને મળ્યા. ગાંધીજીએ કહ્યું : હમણાં બહુ મોંઘા થઈ ગયા છો તે મળતા જ નથી ! સરદારશ્રી અને ગાંધીજી કસ્તુરભાઈ પર આવો ભાવ રાખતા હતા.

સને ૧૯૫૮ કે'૫૯ ની વાત છે. મુંબઈના એક ઝવેરી લંડન ગયેલા. એમનો ઉતારો એરવેઝ મેન્શન હોટલમાં રહેતો. ત્યાં જઈને એમણે જોયું કે આવનાર પ્રવાસીઓમાં કસ્તુરભાઈ લાલભાઈનું નામ લખેલું ! એમને નવાઈ લાગી : આવા મોટા ઉદ્યોગપતિ આવી સાધારણ (દિવસની દોઢ પાઉંડ એટલે કે વીસેક રૂપિયા ભાડાંની ) હોટલમાં ઊતરે ! એમને થયું એકસરખા નામની આ કોઈ બીજી વ્યક્તિ હોવી જોઈએ. મૅનેજરને પૂછ્યું તો એમણે કસ્તૂરભાઈની ઓળખ આપતાં કહ્યું ! **Grant Vizard of India's Manchester** ! તેઓ હંમેશા અહીં જ ઊતરે છે. જેમને તેડવા માટે લૅંકેશાયરના મોટા ઉદ્યોગપતિઓની રોલ્સરૉય મોટરો આવે. એમની આ કેવી સાદાઈ ! એ ઝવેરી મિત્રે કહ્યું : શેઠ કંપનીના ખર્ચે બહાર જાય કે પોતાના ખર્ચે, નકામો ખર્ચ એક પાઈનો નહીં કરવાના ! કરકસર એમનો ગુણ છે.

સંઘ સમિતિના કામ અંગે શેઠને ત્યાં જમવાનું થયું. જમ્યા પછી પાનનાં બીડાં તૈયાર હતાં. બીડામાં લવિંગ દબાવેલ. ત્યારે લવિંગનો ભાવ પોણોસો રૂપિયે કિલોનો હતો. ભૈયાને કસ્તુરભાઈ શેઠે ટકોર કરી: બીડામાં આવા મોંઘા ભાવનાં લવિંગ નાખવાની શી જરૂર છે ? પાન ખાતાં બધા એને કાઢી નાખે છે.

આની સામે એક પ્રસંગ જૂઓ. સંઘ સંમેલન મળવાનું હતું. સેંકડો મહેમાનોને શેઠ તરફથી જમવાનું હતું. જેમને જમણની વ્યવસ્થા સોંપી હતી એમને શેઠે કહ્યું: જો જો જમણમાં જરાય ખામી ન રહી જાય !

આવો જ બીજો પ્રસંગ : સન ૧૯૫૩માં ઑલ ઇન્ડિયા ઓરિયેન્ટલ કૉન્ફરન્સનું અધિવેશન અમદાવાદમાં મળવાનું હતું. એમાં આખા દેશમાંથી નામાંકિત વિદ્વાનો આવે છે. તેઓને જમવા માટે અમુક પૈસા આપવાના રહે છે. કસ્તુરભાઈએ જોયું કે અમદાવાદ અને ગુજરાતનું ગૌરવ વધારવાનો આવો પ્રસંગ ફરી ક્યાં મળાવાનો છે? એમણે અમદાવાદના શ્રીમાનોનો સાથ લઈને મેહમાનો પાસેથી એક પાઈ પણ લીધા વગર જમવા-રહેવાની ઉત્તમ સગવડ કરાવી આપી. વિદ્વાનો આજે પણ ગુજરાતના એ આતિથ્યને આનંદપૂર્વક સંભારે છે.

ચારેક વર્ષ પહેલાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયના સુવર્ણ મહોત્સવની તૈયારી ચાલતી હતી. સુવર્ણ મહોત્સવનિધિમાં ફાળો આપવાની વિનંતી કરવા વિદ્યાલયના સંચાલકો મુંબઈમાં શ્રી કસ્તુરભાઈ શેઠને મળ્યા. શેઠે ફાળો આપવાની ઇચ્છા દર્શાવી. થોડા વખત પછી વિદ્યાલયના સંચાલકોએ આ માટે અમદાવાદ ક્યારે આવવું એ પુછાવ્યું, શેઠે જવાબ આપ્યો : આ માટે અહીં આવવાની જરૂર નથી. પચીસ હજાર રૂપિયા લખી લેજો ! પોતાની જેમ બીજાનાં સમય, શક્તિ અને પૈસા નકામાં ન વપરાય એની તેઓ પૂરી ચીવટ રાખે છે.

ત્રણેક વર્ષ પહેલાં કસ્તુરભાઈ શેઠ શ્રી જૈન આત્માનંદ સભાના હીરક મહોત્સવ નિમિત્તે ભાવનગર ગયા હતા. વાતોમાં મેં સહજ કહ્યું શેઠ, મુસાફરીમાં સાથે માણસ રાખતા હો તો ? તેઓએ કહ્યું : જ્યારે પણ મુસાફરીમાં માણસ રાખવાની જરૂર લાગશે ત્યારે હું મુસાફરી બંધ કરીશ. સ્વાશ્રયી ને ખડતલ રહેણીકરણીનું સૂચન કરતો આ જવાબ યાદ રહી ગયો.

## વિમળ જીવન અને ઉન્નત વ્યક્તિત્વ

આટઆટલી પ્રવૃત્તિઓ ચલાવવા છતાં કસ્તુરભાઈ શેઠ ન ક્યારેય એનો અહંકાર સેવે છે કે ન ક્યારેય અકળામણ અનુભવે છે. સ્વસ્થ, શાંત અને સમતાભર્યું એમનું જીવન વિમળ સરિતાની જેમ એકધાર્યું વહ્યું જાય છે. ગમે તેવા સારા કે માઠા પ્રસંગે તેઓ ન ક્યારેક અતિહરખાઈ જાય છે કે ન હતાશ થઈ જાય છે. ન કોઈની ઇર્ષ્યા, ન કોઈનો દ્વેષ, ન કોઈ પ્રત્યે કડવાશ. સારું લાગે એની સલાહ સહજપણે આપીને તેઓ સાવ અળગા-અલિપ્ત રહે છે : કોઈએ પોતાની સલાહ ન માની એનું દુ:ખ એમને લાગતું નથી. હિતબુદ્ધિથી કહી દીધું એટલે પત્યું ! હઠાગ્રહથી દૂર રહીને તેઓ સારી વાતનો સદા સ્વીકાર કરે છે.

ઓછામાં ઓછું બોલવું, વધુમાં વધુ કામ કરવું અને નકામી વાતોથી દૂર રહેવું એ એમનો સહજ સ્વભાવ છે, લાંબા લાંબા કાગળોનો જવાબ તમારો કાગળ મળ્યો, તમારું મંતવ્ય જાણ્યું એવો કે તમારો કાગળ મળ્યો. તમારા સૂચન માટે આભાર, એ માટે ઘટતું કરવામાં આવશે. એવો અલ્પાક્ષરી અને મુદ્દાસર જ તેઓ આપે છે.

ખાન-પાન, ઊંઘ-આરામ અને કામકાજ બધી જ બાબતોમાં તેઓ ખૂબ નિયમિત રહે છે. એમના શરીરની તંદુરસ્તી અને મનની સ્ફૂર્તિનું આ પણ એક કારણ છે. એમને મળવાનું બહુ સહેલું છે. જૂની પેઢીના મહાજનોની જેમ એમનાં દ્વાર સદા સૌને માટે ખુલ્લાં છે, પણ વાત કરવા જનારે પૂરી તૈયાર કરીને જવું જોઈએ અને મુદ્દાસર વાતો કરવી જોઈએ, નહીં તો ભોંઠા પડવા જેવું થાય.

કાયદા અને નિયમની મર્યાદાઓનું હમેશાં પાલન કરવું; ગમે તેવું દબાણ હોય તોપણ ગેરવાજબી વાતને તાબે ન થવું અને નાના-મોટાનો ભેદ ભૂલીને વાજબી વાતનો સ્વીકાર કરવા તૈયાર રહેવું; કામથી નામના કે મોટાઈ મળવાની હોય તે ભલે મળે, નામના-કીર્તિ માટે ક્યારેય આડંબર રચવા નહીં; આવા કેટલાક નિયમો એમના જીવનમાં

એકરસ બની ગયા છે અને એમના જીવનને નિર્મળ અને વ્યક્તિત્વને ઉન્નત બનાવે છે.

કરકસર, સાદાઈ અને શીલ એ શ્રી કસ્તુરભાઈ શેઠના આંતરિક બળનું ઉદ્‌ગમ સ્થાન છે. અંગે તેઓએ પોતે જ કહ્યું છે કે ચીવટથી કામ કરવાની ટેવ પ્રામાણિકતા અને સંતોષથી જીવનઘટતર થાય છે. જીવનમાં સાદાઈ કેળવી, અંગત જરૂરતો ઘટાડી મહેનત કરીએ તો આગળ વધી શકાય.

આવી બધી ગુણસંપત્તિ અને શક્તિઓને લીધે શ્રી કસ્તૂરભાઈ શેઠનું જીવન ધર્મભાવનાથી સુરભિત, સુસંસ્કારિતાથી સમૃદ્ધ અને સેવાપરાયણતાથી શોભાયમાન બન્યું છે. અંતરની સાચી શ્રીમંતાઈને જાણે એમણે પોતાની બનાવી હતી.

પેઢીના કોઈપણ કામમાં દ્વિધા ઊભી થઈ કોઈ પણ પ્રશ્ન મુંજવે તો તુંરત શ્રી કસ્તૂરભાઈ શેઠ શાસન સમ્રાટ વિજયનેમિસૂરીશ્વરજી પાસે પહોંચી જતા. રાણકપુર તીર્થના ઉધ્ધારનું કામ શાસન સમ્રાટશ્રીએ કસ્તુરભાઈ શેઠ ને સોંપેલ અને તે કાર્ય શેઠશ્રીએ સાંગોપાંગ પાર પાડેલ.

રાણકપુર તીર્થના ઉધ્ધારનું કામ હાથમાં લીધેલ પછી એક મુંજવણ ઉભી થયેલી.મંદિરમાં ચામાચીડીયા ખૂબજ હતા. ઘણાં પ્રયત્નો કર્યા પણ ગયા નહી, શેઠ શાસન સમ્રાટ શ્રી પાસે આવીને વાત કરવી. ચામાચીડીયાને દૂર કરવાનો ઉપાય શું કરવો, મહારાજશ્રી કહે દિવસે દેરાસરમાં ખૂબજ ઢોલ વગાડો, છ મહિનામાં ચામાચીડીયા સ્થાન છોડી ચાલ્યા ગયા.

શ્રી કસ્તૂરભાઈ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીમાં ૫૦ વર્ષ સેવા અનન્યભાવે કરી છે. શાસનના દરેક કાર્યોમાં અગ્રેસર રહ્યા છે. દીર્ઘાયુ જીવન જીવીને શાસન, સમાજ, રાષ્ટ્ર સેવા કરી જીવનને સફળ બનાવેલ છે.

# ૨૧મી સદીના જગડુશા



## શેઠ શ્રી હર્ષદભાઈ પુનમચંદ દોશી

# ૨૧મી સદીના જગડુશા



શેઠ શ્રી હર્ષદભાઈ પુનમચંદ દોશી

## એકવીસમી સદીના વીર ભામાશા
## શ્રી હર્ષદભાઈ પુનમચંદ દોશી
## તારક અને ઉધ્ધારક - વલ્લભીપુર તીર્થ

૧૨ ગાઉ એટલે ૩૦ ચો.કિ. વિસ્તારમાં ફેલાયેલું પ્રાચીન નગર વલભીપુર એક જમાનામાં જાહોજલાલીવાળું બંદર હતું. ઉચ્ચ કક્ષાના શિક્ષણ માટે અહીંની વલભી વિદ્યાલય પુરા ભારતમાં પંકાયેલી હતી. ઇતિહાસ બોલે છે કે અહીં જિનાલયો ઘણા હતા. એક સમયે આ ક્ષેત્રમાં ૯૯૯ જીનમંદિરો હતા. મહાવીર સ્વામીના નિર્વાણ બાદ ૯૮૦ વર્ષે આગમ ગ્રંથો લખવાની સ્થિતિ ઊભી થઈ ત્યારે શ્રી દેવર્ધિગણી ક્ષમા ક્ષમણ સૂરીશ્વરજી મહારાજ આદી ૫૦૦ આચાર્ય ભગવંતો ભેગા થયા હતા. આ ૫૦૦ આચાર્યઓએ ૧૩ વર્ષ લાગલગાટ ચતુર્માસ કર્યા. આના પરથી માલુમ થાય છે કે વલભીપુરની જાહોજલાલી કેવી હશે ! તે બાબત જૈન ધર્મ અનુયાયીઓની સંખ્યા પણ મોટી હોવાનો નિર્દેશ બતાવે છે. ૧૨૫૪ વર્ષ પહેલાની આ વાત છે.

એક કાળે જ્યારે શ્રી શત્રુંજય ગિરીરાજની વિશાળતા હતી ત્યારે તેની યાત્રાની શરૂઆત વલભીપુરથી થતી હતી, વલભીપુરને પાદરે થાપો અને ઇસાવળો નામના સામ સામે બે પહાડ છે. ત્યાં કલીકાલ સર્વજ્ઞ હેમચંદ્રચાર્ય મ.સા.ની નિશ્રામાં કુમારપાળ મહારાજ પાટણથી પદયાત્રા સંઘ લઈને પધારેલા એક સવારે કલીકાલ સર્વજ્ઞશ્રીને ધ્યાનમાં સ્થિર જોઈને કુમારપાળ રાજાને ભાવ થયો. અને તેઓ એ બન્ને પહાડ ઉપર શ્રી શત્રુંજય અને ગિરનારની સ્મૃતિ નિમિત્તે શ્રી ઋશભદેવ ભગવાન અને નેમીનાથ પ્રભુના દેરાસર બનાવ્યા. કાળના પ્રવાહમાં અહીં અનેક આચાર્ય ભગવંતો અને સંયમધર જ્ઞાની મુનિવરો એ સ્થિરતા કરી વિચરણ કર્યુ છે. એટલે જ્ઞાનના ધબકતા અણુ-પરમાણુઓ અહીં વિશાળ રીતે પથરાયેલા છે.

ધર્મગ્રંથ કલ્પસૂત્ર વલભીપુરમાં લખાયેલા છે શાસન સમ્રાટ પ.પૂ.

વિજયનેમીસૂરી મહારાજને ગણી તથા પન્યાસ પદવી વલભીપુરમાં આપવામાં આવી હતી. આજ પાવન ભૂમિ ઉપર શાસન સમ્રાટ પ.પૂ. વિજય નેમીસૂરીશ્વરજી મ.સા. ના ઉપદેશથી વલભીપુરના ઠાકોર સાહેબે ટોકન મૂલ્ય લઈને હાઈવે રોડ ઉપર આવેલી જમીન ઉપર ત્રણ માળના ઊંચા સુંદર ચૈત્યનું નિર્માણ થયું છે જે શ્રી આદીશ્વર જિનાલય તરીકે સુવિખ્યાત છે એક સમયમાં વલભી પ્રદેશમાં જૈન ધર્મ તેમજ બૌધ્ધ ધર્મ બન્નેનો પ્રસાર એક સરખો હતો. એક પ્રસંગે બૌધ્ધોએ જૈન આચાર્યોને હટાવીને પ્રદેશમાંથી કાઢી મૂકાવી રાજાને બૌધ ધર્મ બનાવેલ એટલુંજ નહિ શત્રુંજય તીર્થપર પોતાનું આધિપત્ય સ્થાપિત કર્યાના ઐતિહાસિક ઉલ્લેખ પણ પ્રાપ્ત છે. એ પછી ના ટૂંકા ગાળામાં વલ્લભીપુરના જ જૈન મુનિવર મલ્લવાદી એ બૌધોને અહ્વાન આપી પુનઃશાસ્ત્રાર્થ કરી પૂર્વજોના પરાજયને ઐતિહાસિક વિજયમાં પલટાવી નાંખેલો એ વખતે રાજા એ બૌધોને દેશ નિકાલનો આદેશ આપ્યો. પરંતુ મલ્લવાદીએ તેમના પ્રત્યે કરૂણા રખાવી રાજાને અનુરોધ કરી રદ કરાવ્યો.

ઇતિહાસના ઉલ્લેખ પ્રમાણે વલ્લીપુરમાં પરાપૂર્વથી શ્રી આદિનાથ ભગવાનનું જિનાલય હતું કાળાંતર શિખર બંધી દેરાસર નષ્ટ થયાનું મનાય છે. વિ.સં. ૧૯૩૬ અને ૧૯૩૭ના બે ચોમાસા દરમ્યાન શ્રી વૃદ્ધિચંદ્રજી મ.સાહેબે સંઘને શિખરબદ્ધ જીનાલયની પ્રેરણા કરી પરંતુ દેરાસર થતા પહેલાં મ.સા. કાળધર્મ પામ્યા તેઓશ્રીના પટ શિષ્યો પ.પૂ. ગંભીર વિજયજી તથા. પૂ. મુનિ નેમિવિજયજી કાર્યને અપનાવી લીધું નૂતન શિખરબંધ જિનાલય ની વિશાળતા પ્રમાણમાં આદીશ્વર પ્રભુની પ્રતિમા નાની હતી.

પૂ. વૃધ્ધિચંદ્ર દાદાના નાના ગુરૂભાઈ પૂ. વિજયાનન્દસૂરી (આત્મારામજી) મ.સા.ના પ્રશિષ્ય મુનિ શ્રી હંસવિજયજીના ધ્યાનપર આ વાત આવતા તેમણે બુરાનપુરના સંઘને પ્રેરણા આપી અને સંઘે

પોતાના ગામમાંથી શ્રી ચિંતામણી પાર્શ્વનાથ પ્રભુનું ભવ્ય પ્રાચીન જિનબિંબ સંઘને અર્પણ કર્યું. જે નૂતન મંદિરમાં મૂળનાયકજી તરીકે સ્થાપિત કરવામાં આવ્યા.

જૈન ધર્મના ૨૩માં તીર્થંકર ભગવાન પાર્શ્વનાથ નો સમય ઇસવીસન પૂર્વેની દશમી શતાબ્દિ માનવામાં આવે છે. ભગવાન મહાવીરના ૨૫૦ વર્ષ પૂર્વે ભગવાન પાર્શ્વનાથ ધર્મ તીર્થનું પ્રવર્તન કર્યુ બૌધપિટકોમાં અનેક સ્થળે ભગવાન પાર્શ્વનાથના ચાતુર્માસ ધર્મની ચર્ચા આવે છે. ધ્યાન અને યોગ ઉપર વિશેષ પ્રભુત્વ હતું. ભગવાન પાર્શ્વનાથનું નામ સ્મરણ કરતા જ મનોવાંછિત કાર્ય સંપન્ન કરવામાં ચિંતામણી રત્ન સમાન ફળ પ્રાપ્ત થતું હોવાનું મનાય છે.

હાલ આ દેરાસર હવે એક તીર્થ બની ગયું છે. તેનુ આપણે સહુએ ગૌરવ અનુભવવું જોઈએ અને એથી વિશેષ તે કાળના પ્રવાહમાં એકસો વર્ષ પછી પણ અડીખમ ઉભેલા દેરાસરની શતાબ્દિ મહોત્સવના આયોજનની ઉજવણી માં સહભાગી બનવાનું સદ્ભાગ્ય આપણને સાંપડ્યું તે ભૂલવું ન જોઈએ. ભૂતકાળમાં આપણા વડવાઓ એ રોપેલ ધર્મ ચેતનાના બીજ આપણી આગળની પેઢીમાં વિસ્તરતા રહે તે જોવાનું કામ આપણું છે.

કઠોર ભૂમિમાં બીજનું વાવેતર ન થાય, ...
... તેમ કઠોર હૈયામાં ધર્મનું વાવેતર ન થાય

# કલ્પવૃક્ષ પરમાત્મા

અમારા એ દાદા વિપુલ વડનાં ઝુંડ સરખા
વિશાળ છાંયાએ સકલ અમ સંતાપ હરતા;
હજારો બાહુઓ પ્રણયમય વિસ્તારિત કરી
લઈ હૈયે ઉંડે ભરત હૃદયે ટાઢક ભલી હતું એ હૈયું
તો ગહનરસ ગંભીર દરિયો અન નયનો ઉંડા
અમરતણાં રૂપ સરખા હતા
માના મીઠા અધર નવલા જીર્ણ વદને
જહીં રેખે જનક અમ અંકાયલ હતા.

વલ્લભિપુરના સુશ્રાવક રત્ન શેઠ શ્રી વિઠ્ઠલદાસભાઈ પરમાત્માની અપૂર્વ ભક્તિ કરતા, સાથે સાધર્મિક ભક્તિ પણ એવી જ કરતા. અમોએ તેમની પરમાત્મા ભક્તિ નજરે નિહાળી છે માણી છે, અનુભવી છે.

કલ્પવૃક્ષ કરતા અધિક પરમાત્માની ભક્તિ છે. કલ્પવૃક્ષ માંગો તે આપે. પરમાત્મા રૂપી કલ્પવૃક્ષ વગર માંગે આપે છે.

પરમાત્માની ભક્તિએ રાવણને તીર્થંકર પદ આપ્યું કલ્પવૃક્ષ માત્ર ભૌતિક સામગ્રી આપે જ્યારે આ કલ્પવૃક્ષ ભૌતિક સાથે આત્મિક લક્ષ્મી આપે.

વિઠ્ઠલદાદા આવી પરમાત્માની ભક્તિ કરતા સાથે તેમના ધર્મપત્નિ સાંકળીબેન પણ સંપૂર્ણ સાથે સહકાર આપતા. તે દ્વારા અપૂર્વ પૂણ્ય ઉપાર્જન કર્યું, તેનું ફળ સુપુત્ર પુનમચંદભાઈએ પ્રાપ્ત કર્યું. તેમણે તે વારસો બરાબર જાળવ્યો તેમના ધર્મપત્ની વિમળાબેને વારસાને દીપાવ્યો.

પુનમચંદભાઈ ટાંચા સાધનો વચ્ચેય સ્વમાન ભેર ધર્માનુસારી જીવન જીવતા હતા. કાપડનો વ્યવસાય પ્રામાણિકતા પૂર્વક કરતા હતા. બીજી બાજુ વિમળાબેન પ્રભુ ભક્તિ,સાધાર્મિક ભક્તિ અને આરાધના દ્વારા પુણ્ય ઉપાર્જન કરી રહ્યા હતા.

અમો વલ્લભીપુર જતા ત્યારે રસ્તામાંજ તેમની દુકાન પહેલી આવે. સામે વનમાળીદાસ દીપચંદ ભાઈની દુકાન. બન્નેની નજર પડે. સાધાર્મિક ભક્તિ માટેનો બન્નેનો મીઠો ઝઘડો માણવા જેવો હતો. બન્ને આગ્રહ કરે અમને લાભ આપી ને જજો. બન્ને સમજણ પૂર્વક ઘેર લઈ જાય. અનેરી ભક્તિ કરે.

શ્રીસંઘ સેવા, સંઘ ભક્તિ, ગંભીરતા, સૌમ્યતા, કુટુંબ વત્સલતા, ધર્મસંસ્કાર વિ.ની અપૂર્વ મૂડીના તે સ્વામી હતા.

વિમળાબેન એટલે ધરતીનો ખોળો ને માતાનો ખોળો બન્ને પલ્લા સમતોલ છે. પૃથ્વીને માતાના પેટાળમાં સામર્થ્ય, સહનશીલતા, વાત્સલ્ય ને શ્રમનો ભંડાર ભર્યા હોય છે. માટે લોકવાણીમાં ધારિણીનાં શુભનામે બન્નેનો ઉલ્લેખ થાય છે.

માતાના પાલવમાં પુત્રોની દુનિયા સમાઈ જાય છે. પુત્રોના દુઃખોના જંગલમાં માતા એક શીતળ છાયા હોય છે.

જનનીની જોડ સખી નહી જડે રે લોલ.
મીઠા મધુને મીઠા મહેલા રે લોલ
એવી મીઠી તે મોરી માત રે
જનનીની જોડ સખી નહી જડે રે લોલ
ભગિની–પત્ની – માતારૂપે, કર્મઠ હતા એ નારી,
સ્નેહના અમી સીંચીને, ખીલવી કુટુંબવાડી;
દેહ બંધન છોડીને ચાલ્યા, તલસે આંખ અમારી,
સ્નેહ બંધન છે શાશ્વત રહેશે, સદા સ્મૃતિ તમારી.

કર્મ યોગમાં કર્મ યોગિની હતા. સ્નેહ યોગમાં સદાયે સ્નેહ વર્ષાવનારા હતા, ધર્મ તેમજ ધૈર્યની પાંખો પ્રસારી બન્યા હતા સમ્યક ધર્મધારિણી, પુત્રોના હૃદયમાં વરસાવી સદા ભાવ સરિતા.

વ્યક્તિ માત્રના અંતરંગ સંબંધોની યાદીમાં સૌથી પહેલું નામ પોતાની માતાનું આવે છે. વ્યક્તિ પોતાના જીવન પર નજર માંડે અને તેના જીવન

પૂર્ણ ચિત્રમાંથી માતાએ ઘૂંટેલા રેખા અને રંગ બાદ કરે તો તે પછી જે બચે તેને ચિત્ર કહેવાય કેમ ? એ પ્રશ્ન થાય. માતાના પ્રદાનનું આટલું મહત્ત્વનું છે.

સંતાનનો પિંડજ માતાના પિંડમાંથી ઘડાયો હોય છે. જન્મતાવેંત સૌ પહેલા હરખભરી નજરનો અભિષેક માતાનો થયો હોય છે. તો બાળકનું જીભનું પહેલું ઉચ્ચારણ 'મા' જ હોય છે માતા પોતાના સંતાનને પોતાનાજ એક ભાગ એક અંગ ગણે છે. સંતાનના સુખ દુ:ખમાં પોતાના સુખ દુ:ખ નિહાળે છે. આમ દીકરો માતાના સંસ્કારનો રખેવાળ પણ બનતો હોય છે. સંતાનના જીવનમાં માતાનું મહત્વ કેન્દ્રસ્થાને હોય છે. કોઈપણ મુંજવણ નિરાશાજનક પરિસ્થિતિમાં અને મુશ્કેલીમાં માતાનું સમતુલિત વલણ સંતાનને તેમાંથી બહાર કાઢી મુક્ત કરે છે. અને સફળતાની સીડી ચઢાવે છે ગમે તેવા માનસિકતાણમાંથી પુત્ર ને માતા જ બહાર કાઢે છે જગતના વિશારદો એ માતાનું મુલ્યાકન આ રીતે એકજ વાક્યમાં સમાવિષ્ટ કરવાનો પ્રયત્ન કરેલ છે. **A Father is a head of the house but a mother is a heart of the house.** એક બાપ કુટુંબનો મોભી કે મોવડી હોઈ શકે પરંતુ મા તો સમગ્ર કુટુંબનું હૃદય છે.

વાત્સલ્ય સાથે ત્રણે પુત્રોમાં ધર્મ, સંસ્કાર, વ્યવહારિક જ્ઞાન, ધાર્મિક જ્ઞાનનું સિંચન કરવામાં સદાયે તત્પર રહેતા હતા.

ત્રણે બાલુડાઓ અરસ પરસ સ્નેહ સભર વાતાવરણમાં ઉછરી રહ્યા હતા. આનંદ કિલ્લોલ કરતા હતા. જીતેન્દ્ર, શરદ અને હર્ષદ, સ્કૂલનો થોડો અભ્યાસ કરી જીતેન્દ્ર - શરદ મુંબઈ આવ્યા હર્ષદ બાપુજીની સાથે કાપડની દુકાને બેઠો. વ્યવસાયમાં કાબેલ દુકાન જમાવી બુદ્ધિ ચાતુર્ય ઘણું તેથી કાપડ સાથે હીરાની લેવેચ દલાલી પણ કરતા.

તા. ૧૫-૧૧-૧૯૫૪ થી ૧૯૮૨ સુધી વળા રહ્યા ૧૯૮૨માં મુંબઈ આવ્યા.

# મક્કમ મનોબળના મહારથી શ્રી હર્ષદભાઈ

જીવનમાં કોઈક સ્થાન મુકરર કરી શકેલી સફળ વ્યક્તિઓનું બંધારણ બીજાઓ કરતા જુદુ હોય છે એવા શ્રી હર્ષદભાઈની સફળતાના ટર્ન ઓવારનાં આંકડામાં માપવી એના કરતા અધિક એમના મક્કમ મનોબળથી માપવા જેવી છે. પ્રસ્તુત છે એમની ધગશ, એમની કાર્યનિષ્ઠા, એમની લાગણી અને એમની સફળતાની દાસ્તાન

રાજેન્દ્રવ્યાસ, તારાનાથ શેનોય અને હર્ષદભાઈ દોશી આ ત્રણ નામ સાથે કોઈ તમને પુછે કે આ ત્રણેયમાં શું સામ્યતા છે ? તો જવાબ દેવામાં થોડીવાર વિચાર કરવો પડે ને ?

આ ત્રણેય અલગ વ્યક્તિમાં એક જબરદસ્ત સામ્યતા છે, અને તે છે મનોબળની હવે, વાત વિસ્તાર થી જાણવામાં રસ પડશે.

પહેલા લઈએ રાજેન્દ્ર વ્યાસ 'રોયલ કોમનવેલ્થ સોસાયટી ફોર ધ બ્લાઈન્ડ' નામની એક સંસ્થા દુનિયાભરમાં અંધત્વ નિવારણ માટે અને અંધજનોના ઉત્કર્ષ માટે કામ કરે છે. આ સંસ્થાના ભારત સહિત અનેક દેશના એક વિભાગ એશિયા ડિરેક્ટર તરીકે તેમણે કામગીરી બજાવી છે. ભારતમાં જેની ૧૮ શાખા છે એ નેશનલ એસોસીએશન ફોર ધ બ્લાઈન્ડના તેઓ ઓનરરી સેક્રેટરી જનરલ છે.

તમે પૂછશોઃ આમાં નવિન કે અદ્‌ભુત શું છે ? નવીન કે અદ્‌ભુત એ છે કે રાજેન્દ્ર વ્યાસ ખુદ દૃષ્ટિવિહીન છે.

તારાનાથ શેનોઈ મહારાષ્ટ્રીયન છે. આ માણસે ઈંગ્લીશ ચેનલ તરવાની હામ ભિડી ત્યારે કેટલાકે એને હસી કાઢ્યો. પણ તારાનાથ શેનોઈ એ વિશ્વમાં કોઈએ ન કર્યું હોય તેવું પરાક્રમ કરી બતાવ્યું ત્યારે હંસનારા ભોંઠા પડ્યા.

ફરી તમે પૂછશો આમા નવિન કે અદ્‌ભુત શું છે ? નવિન કે અદ્‌ભૂત એ છે કે તારાનાથ શિનોઈ મૂક બધીર છે.

હવે આવે છે આપણો હીરો હર્ષદભાઈએ ખોબા જેવડા વલ્લભીપુર

ગામનું પાણીદાર પાણી પી ને ઉછરેલા. હર્ષદભાઈ એ મુંબઈના મીરારોડ પરામાં બિલ્ડીંગ વ્યવસાયનું સામ્રાજ્ય ખડું કરી દીધુ છે. જેટલી સહેલાઈથી રૂપિયા કમાઈ જાણે છે. એટલી સહેલાઈથી દાન ધર્મમાં રૂપિયા વાપરી જાણે છે.

ફરી પાછા તમે પૂછશો આમા નવીન કે અદ્‌ભૂત શું છે ? નવિન કે અદ્‌ભૂત એ છે કે હર્ષદભાઈ શારિરીક વિકલાંગ છે.

દષ્ટિવિહીન રાજેન્દ્ર વ્યાસ, કે મુકબધીર તારાનાથ શેનોઈ અને આપણા હર્ષદભાઈ દોશી જેવા લોકોને જગ નિયતાએ અંચાઈ કરીને શરીરની ખામી ભલે આપી પણ એ ખામી આપનારે જ મનોબળની મક્કમતાની એવી બક્ષીશ આપી છે કે આ સહુએ પોતાનું જીવન ઉજાળી જાણ્યું છે. માણસનું તન ભલે નબળુ હોય પણ સબળુ મન કેવું સુંદર પરિણામ દાયક બની શકે છે. એ જાણવું હોય તો આવા મક્કમ મનોબળીયા લોકોને જ મળવું પડે. આવો , આપણે હર્ષદભાઈના મક્કમ મનોબળની દાસ્તાન જાણીએ.

હર્ષદભાઈના પિતાશ્રી પુનમચંદભાઈ સાથે રહેતા હતા. કાપડની નાની દુકાન પણ જીવનમાં સંતોષ ભરપૂર હતો. ધંધાની સાથે વલભિપુરના બાલમંદિરમાં સેવા આપતા, બીજાના ઉપયોગમાં આવવું એજ એમનો ધ્યેય મંત્ર હતો. હું સુખી થાઉં, હું દુ:ખમાંથી મુક્ત થાઉં આ સ્વાર્થ છે. ત્યાં ધર્મ નથી સહુ સુખી થાઓ, સહુ દુ:ખમાંથી મુક્ત થાઓ આ પરમાર્થ છે. આ ભાવનું નામજ ધર્મ છે.

માણસના જીવનમાં એવા અનેક આરોહ અવરોહ આવતા હોય છે કે જેમાંથી જાતેજ બુદ્ધિબળ અને કુનેહપૂર્વક એ બધા ઓળંગી જાય છે. વિકાસ માટે મક્કમ મનોબળ વડે પ્રલોભનો અને પ્રપંચની મહાજાળમાંથી નિકળી શકાય છે. એની સાબિતી એક જ વ્યક્તિમાં અવલોકવી હોય તો હર્ષદભાઈની સમગ્ર કારકીર્દિ ઉપર દષ્ટિ કરવી જરૂરી છે.

હર્ષદભાઈ પુરુષાર્થને ખીલવવા ૧૯૮૨માં મુંબઈ આવ્યા. દેવ ગુરુ ધર્મકૃપાથી સંયોગો પણ સારા મળે છે. હેપીહોમ બિલ્ડરવાળા શ્રી

નલીનભાઈ શેઠ મળી ગયા. શ્રી નલીનભાઈ શેઠે હાથ પકડ્યો. પોતાને ત્યાં સુપરવાઈઝર તરીકે રાખી લીધા.

શેઠ એ સાચા શેઠ તેજ કહેવાય કે જે નોકરને શેઠ બનાવે. નોકર સદાય શેઠના ઋણી રહે. નલીનભાઈએ હર્ષદભાઈને ખરેખર શેઠ બનાવ્યા શાસ્ત્રીય વાતને નલીનભાઈએ ચરિતાર્થ કરી.

આજે હર્ષદભાઈ, નલીનભાઈ શેઠને દરેક મંગલકાર્યમાં સદાય યાદ કરે છે.

જેમ એકજ સારો નાવિક જેને માર્ગદર્શન આપે છે, તેને મંજિલ સુધી પહોંચાડે છે. તેમ સારા મિત્રમાં આ ગુણ હોય છે. સાચો મિત્ર તમારી ઉંડી લાગણીઓને પૂરેપૂરી સાંભળે છે,અને સમજે છે. તમે જ્યારે સંઘર્ષરત હો ત્યારે તે તમને મદદ કરે છે, તમે ભૂલ કરો ત્યારે તે નરમાશથી અને પ્રેમપૂર્વક તેને સુધારે છે. સાચો મિત્ર તમને વ્યક્તિગત વિકાસ માટે પ્રેરે છે. તમારામાં રહેલી સર્વશ્રેષ્ઠાતાને પ્રગટાવે છે.

તમે જો આ કથનને તમારો ઉદેશ બનાવીને ચાલશો તો તમે ઘણા બધા લોકોને મદદ કરી શકશો લોકો એકવાર સમસ્યાને સારી રીતે ઉકેલતા શીખી જાય છે પછી તેનામાં સકારત્મક પરિવર્તન આવે છે. તે જિંદગીની વિકટ પરિસ્થિતિમાં પણ નબળાઈ અનુભવતો નથી. સમસ્યાઓના સમુદ્રમાં નાવ ચલાવવા અને અંતરાયોને પાર કરવાની યોગ્યતા એક એવી કુશળતા છે જે કોઈ પણ શીખી શકે તેમાં અભ્યાસની જરૂર હોય છે, પછી તે બીજાની જિંદગીમાં નાવિક બની શકે છે.

આમ હર્ષદભાઈએ શેઠની (શ્રી નલીનભાઈ) સાથે વફાદારી પૂર્વક ચાર વર્ષ કામ કર્યુ.

**તનની માંદગી કરતા .......**
**મનની માંદગી વધુ નુકસાન કારક છે.**

# હીરાને હીરા તરીકે પારખ્યાં

પછીના સમયમાં દહીંસર મીરારોડમાં એસ્ટેટ એજન્ટ તરીકે કામ કર્યું. છ એક વર્ષની મહેનત કામ લાગી. સચ્ચાઈ અને ઈમાનદારીની વિચારસરણીમાં માનતા હર્ષદભાઈને ખબર નહોતી કે તેઓ જે વિશ્વસનિયતાનું વાવેતર કરી રહ્યા હતા તેના મીઠાફળ ટૂક સમયમાં મળવાના છે.

એજન્ટ તરીકે ક્યારેક પોતે નાના નાના સોદામાં હાથનાંખી વેપાર કરી લેતા. વેપારી જીવડો રહ્યોને ! સ્વભાવ પહેલેથીજ મળતાવડો એટલે સર્કલ પણ સારૂં એવું ઉભું થઈ ગયેલું અને કામ સફળ થઈ જતું. એક દિવસ મોટા સોદામાં હાથ નાંખ્યો, કુદરતનું કરવું ને સોદો સફળ થયો.

બી. વિજયકુમારવાળા શ્રી ભરતભાઈ હીરા બજારમાં મહર્ષિ ગણાય. મોટા ફાઈનાન્સ દ્વારા ફિલ્મલાઈન અને જમીન લે-વેચ વ્યવસાયમાં સારી નામના ધરાવે છે. તેઓની સાથે હર્ષદભાઈએ એક મોટો સોદો કર્યો હતો. ફિલ્મના સસ્પેન્સની જેમ સોદાની વાતનો સસ્પેન્સ હવે આવે છે. સોદો નક્કી થયા પછી જે મુદત મળી હતી. એના આઠ દિવસ અગાઉ સોદાની રકમ લઈ હર્ષદભાઈ ભરતભાઈ પાસે અગાઉ સોદાની રકમ લઈ ગયા, ત્યારે ભરતભાઈ આશ્ચર્યચકિત થઈ ગયા.

કારણકે અગાઉ એજ જગ્યાના જે સોદા થયેલા તેને કોઈ ફળીભૂત કરી શક્યું નહોતું, ભરતભાઈએ હીરાના તેજને પારખી લીધું. સાચા હીરાની કિમંત કરી, બસ તે દિ ની ઘડી ને આજ નો દિ, હર્ષદભાઈને આ ધંધામાં પાછું વળીને જોવાની ફૂરસદ મળી નથી.

હર્ષદભાઈ કહે છે 'શ્રી ભરતભાઈએ મને તક આપી હતી. જે મે ઝડપી લીધી. શ્રી ભરતભાઈએ મારામાં વિશ્વાસ મૂક્યો. એનાથી મારી હિંમત વધુ ખુલી ગઈ. એમના સહકારથી જ નવા નવા સોદા પાર પડતા ગયા.

વેપારમાં આગળ વધતા ગયો' તેમ તેમ તેમના હાથ પહોળા થતા ગયા.

તમને સોંપાયેલું કામ પૂરૂ કરવાનો એ અર્થ નથી કે તમે તમારૂં કર્તવ્ય પૂરેપુરુ નિભાવી દીધું. કોઈ વ્યક્તિ જો એટલું કરીને બેસી રહે તો જિંદગીમાં તે ક્યારેય પ્રગતિ કરી શકે નહી. વિશેષ અને વિશિષ્ટ કાર્ય કરનાર જ જિંદગીમાં આગળ વધી શકે છે. હર્ષદભાઈ બેસી ન રહ્યા એકજ ધ્યેય કે બસ આગળ વધવું છે. વેપાર સાથે જિનશાસનનાં અનેક શાસન પ્રભાવનાના કાર્યોમાં માણસ જ્યારે લગની શ્રધ્ધાથી પ્રયત્નો કરે છે. ત્યારે એનો પ્રત્યેક પ્રયત્ન સિધ્ધિની સીડીનું સોપાન બની રહે છે.

માનવીનાં જીવનમાં એક એવી પળ આવે છે કે જે આખું જીવન વહેણ બદલી નાંખે છે.

વાલિયાના જીવનમાં એવી પળ આવી કે એ જગતના મહાન વાલ્મીકી ઋષિ બની ગયા.

ગાંધીજીના જીવનમા એક એવી પળ આવી કે બેરિસ્ટર અને પછી મહાત્મા બની ગયા.

પારસમણી સમ આ તારક પળ માનવ જીવનમાં માત્ર એકજવાર આવે છે ને ઝવેરી બની જાય છે, તળેટીમાંથી ટોચે પહોંચી જાય છે.

શ્રી હર્ષદભાઈએ આ તારક પળને જીવનમાં આત્મસાત કરી લીધી. અને જિન શાસનના મહાન ઝવેરી બની ગયા. અનેકના જીવન દાતા બની ગયા.

હર્ષદભાઈનો કર્મયોગ ભલાઈથી રંગાઈ ગયો. જીવનમા સાદાઈ, સદાચાર, સખાવત, વૃત્તિ અને સૌજન્યશીલતાના ગુણો જીવનમાં પચાવી જાણ્યા છે. અને એ બધા જીવન સત્વો ઉપર ઓઢેલા આવરણ સમા ન રહેતા ભીતરથી પાંગરેલી જીવનકળાના ઉન્મેષ રૂપ બની રહ્યા છે. હર્ષદભાઈએ મન લગાડી કમાઈ કરી છે. તો સામે એટલાજ ઉમંગ સાથે કુટુંબ - સમાજ - ગામ - દેશ કે જિનશાસન માટે હાથ ટૂંકો નથી કર્યો.

## લક્ષ્મી પુણ્યની દાસી છે

તમારી પાસે કંઈક છે ? મનગમતું કાંઈક છે ? તો બીજાને આપો. આંખો મીંચીને આપો દિલ ખોલીને આપો. આપવાનો આનંદ જ અલગ છે. દેવાની મજા માણવા જેવી છે પછી જૂઓ લક્ષ્મી કેવી દાસી બની જાય છે. તમે ક્યારેય ગુલાબની પાંખડી જોઈ છે ? જો તેને તમે હથેળીમાં બંધ કરી દેશો તો કરમાઈ જશે. પણ જો તેને ખુલ્લી હથેળીમાં રાખશો તો એની ફોરમની સુવાસ તમને અને તમારી આસપાસ બધાને તરબતર કરી દેશે.

હર્ષદભાઈએ લક્ષ્મીને દાસી બનાવી દીધી ચારે બાજુ સર્વત્ર સમગ્ર રાજ્યમાં તેની સુવાસ કેવી ફેલાવી દીધી છે ? મન મૂકી ને વરસતા વાદળ જેવા બની ગયા છે. એક કવિએ કહ્યું છે કે

'ગમતું મળે તો અલ્યા ગૂંજે ન ભરીએ
ને ગમતાનો કરીએ ગુલાલ.'

લાકડાની હોળીને પાણી ઠારે,
કાળજાની હોળીને જિનવાણી ઠારે.

# સેવા ધર્મ

સેવા કરવી જોઈએ એમ કહેવું સહેલું છે, તેટલું કરી બતાવવું તે સહેલું નથી. સેવક બન્યા સિવાય કોઈ સેવક બની શકે નહી. સ્વામી બનવા સહુ તૈયાર હોય છે. સેવક બનવા કોઈ તૈયાર થતું નથી.

જેણે કામ,ક્રોધ,લોભ,માયા અને મિથ્યાભિમાન છોડી દીધા છે. તે જ સેવાનો પૂજારી બની શકે, સેવક એટલે પ્રાણી માત્રનો દાસ. તે ગમે તે ભોગે અવસર આવતાજ ઉચિત સેવા કરવા તૈયાર જ હોય છે.

લૌકિક અને લોકોત્તર બે પ્રકારની સેવા છે. લૌકિક સેવા એટલે આપત્તિમાં પડેલ પ્રાણીઓને સુખી કરવા તન મન અને ધનથી નિસ્વાર્થપણે પ્રયત્ન કરવો, કાળજી પૂર્વક સંભાળ લેવી તેમના જીવન ઉગારવા પોતાનાથી બધું કરી છુટવુ.

મુંબઈ - સૂરતના પૂરની હોનારતમાં હર્ષદભાઈ જાતેજ સેવા કરવા દોડીગયા હતા. શરીરની પરવા કર્યા વિના એમણે જે ભોગ આપ્યો છે તેના અમો સાક્ષી છીએ. જીવન જરૂરિયાતની દરેક વસ્તુ પોતાના હાથે આપી છે.

લોકોત્તર સેવા-અનાથ લોકોને ધર્મમાર્ગે જોડવા ધર્મમાં વધારે જોડાય તે રીતે સહાય કરવી તેનાં આત્મકલ્યાણ માટે ધર્મના સ્થાનો ઉભા કરી દેવા. આ બન્ને સેવા કરનાર સાચો સેવક હર્ષદભાઈ બીજા જીવોનું દુઃખ, પોતાનું સુખ આપીને ખરીદી લે છે. પોતાના શરીરની અવગણના કરીને બીજા જીવોને સુખી કરવા, તેવા પ્રયાસની સફળતાથી હર્ષદભાઈ બહુજ આનંદ પામતા હતા અને પામે છે.

પ્રભુ મહાવીર પ્રાણી માત્રના લોકોત્તર સેવક હતા. પ્રભુએ જીવનમાત્રની રક્ષારૂપ લોકોત્તર સેવા કરી. એટલા માટેજ પ્રભુ સંસારમાં

સ્વામી બન્યા અને પૂજાયા છે. જે સમગ્ર સંસારનો સેવક છે તેજ સમગ્ર પ્રાણીનો સ્વામી બની શકે છે. હર્ષદભાઈએ જ્યાં જ્યાં સેવા કરી ત્યાં ત્યાં દરેક લોકો બોલેજ છે કે 'હર્ષદભાઈ અમારા ઉધ્ધારક છે. અમારા સ્વામી છે.'

કોઈપણ ધર્મવાળા હર્ષદભાઈ પાસે આવે ને વાત કરે કે અમારે મંદિર બંધાવવું છે, અમારે સ્થાનક બનાવવું છે, અમારે ઉપાશ્રય બનાવવો છે તો તુરત હર્ષદભાઈ તેનો સ્વીકાર કરે છે બંધાવી આપે છે, આ લોકોત્તર સેવા કોઈપણ પ્રકારે જીવ ધર્મ પામે છે ને ? આવી ઉદારતા બીજે ઓછી જોવા મળશે.

માનવ જ્યારે લગની ભરી શ્રધ્ધાથી પ્રયત્નો કરે છે, ત્યારે એનો પ્રત્યેક પ્રયત્ન સિધ્ધની સીડીનું સોપાન બની રહે છે.

હે જીવ ! તું પ્રમાદમાંથી જાગી જા,
પાપથી ભાગી જા અને આરાધનામાં લાગી જા.

## વિદ્યા દાન

બે માણસો બહાર ગામ જતા હતા રસ્તામાં નદી આવી. એક માણસ નદીના સામે કિનારે પહોંચી ગયો આમ કેમ બન્યું ? જેને તરવાનું શિક્ષણ લીધું હતું તે તરી ગયો. તરતા નહોતુ આવડતું તે રહી ગયો.

બસ પ્રશ્ન છે શિક્ષણનો નદી કરતા પણ ભયંકર એવી ઘણી ઘણી સમસ્યાઓ જીવનમાં આવે છે. નદી પાર જવું સરળ છે, પણ જીવનની સમસ્યાઓનો પાર પામવો બહુ મુશ્કેલ છે.

પરંતુ શિક્ષિત - જ્ઞાની આત્મા એ બધીજ સમસ્યાઓની પાર ઉતરી જાય છે. મસ્તક અને હૃદય કેળવાયેલા ન હોય એવો માણસ નદી કિનારે જ ઊભો રહી જાય છે પાર પામી શકતો નથી. જીવનમાં શિક્ષણ - જ્ઞાન અત્યંત મહત્ત્વપૂર્ણ છે. સામાન્ય માણસો જે કામ ન કરી શકે તે જ્ઞાની કરી શકે.

શિક્ષણના ત્રણ મહત્ત્વના ઘટકો છે ? ૧. આસ્થાનું નિર્માણ, ૨. ઉપાય - બોધ, ૩. અભ્યાસ સફળતાની પહેલી શરત છે આસ્થા. જે કાર્ય પ્રત્યે આસ્થા જન્મે તેમાં આપણે સફળ થઈએ છીએ. નિષ્ફળતાનું પહેલું ચિન્હ છે આસ્થાનો અભાવ.

સફળતાનું બીજું તત્ત્વ છે ઉપાય - બોધ જે જીવનમાં અનિવાર્ય તત્ત્વ છે. આસ્થા હોય પણ જો ઉપાય ન હોય રસ્તો ન હોય, જ્ઞાન ન હોય, યુક્તિ નો બોધ ન હોય તો કાર્ય સફળ ન થાય જો ઉપાય ન હોય તો દૂધનું દહીં ન થાય આસ્થા દૃઢ બની, ઉપાય પણ જાણી લીધો. પરંતુ અભ્યાસ ન કર્યો હોય તો વાત અધૂરી રહી જશે.

માટે ત્રીજો ઉપાય છે અભ્યાસ. ઉપાયને અભ્યાસમાં લાવવો. અભ્યાસ દ્વારા તેન પુષ્ટ કરવો તે શિક્ષણને માટે અતિ જરૂરી છે. અભ્યાસ દ્વારા જીવનમાં સમતા પ્રગટે છે. ચેતનાની આ જાગૃતિ છે.

આસ્થા-ઉપાય ને અભ્યાસ આ ત્રણની એકધાર બની જાય ત્યારે

ઉકેલી ન શકાય એવી કોઈ સમસ્યા ઉભી રહેતી નથી, કોઈ એવી દુષ્કર નથી રહેતી જે તરી ન શકાય.

આ વિદ્યાનું મહત્ત્વ શ્રી હર્ષદભાઈ બરાબર સમજ્યા છે. તેથી પોતે તો જીવનમાં ઉતાર્યું પણ સાથે બીજા દરેક વિદ્યાલયોમાં - જ્ઞાનમંદિરોમાં હર્ષદભાઈને દાનનો પ્રવાહ વહાવ્યો પોતે પણ મીરારોડમાં એક મોટી વિદ્યાલય બંધાવી જેનો સેંકડો વિદ્યાર્થીઓ લાભ લઈ રહ્યા છે.

**સંસાર, પરિવાર, વહેવાર માટે**
**આખી જીંદગી ઘસાવા તૈયાર આપણે**
**પ્રભુ પૂજા માટે ફકત એક વાટકી**
**કેસર ઘસવા તૈયાર ખરા**

# કુટુંબ સંપ

પૂજાનું ફળ ચિત્ત પ્રસન્નતા છે. તેનું મૂળ કુટુંબમાં સંપ છે. જેમ દિલ એક મંદિર છે તેમ ઘર પણ એક મંદિર છે. વિશ્વાસ, ત્યાગ અને સમર્પણ એ સુખી પરિવારના વૈભવ અને સુખનું પ્રવેશ દ્વાર છે.

ઘરમાં મધુર બંસરી સાંભળવા દરેક સભ્યો મંદિરની પવિત્રતા જાળવવી પડે છે. ચાલશે ફાવશે, ગમશે અને ભાવશે એ ઘર મંદિરની ચાર દિવાલ છે.

આ ઘર મંદિરમાં બે ત્રણ ઈંટ-પત્થર ઓછા હશે તો ચાલશે. પણ પરસ્પર વિશ્વાસ અને પ્રેમની ઈંટો ઓછી હશે તો ગમે તેવી કૌટુંબિક ઈમારત પણ જોતજોતામાં કડડભૂસ થઈ જશે.

ઘરડા માં બાપ, દાદા-દાદી,નાના મોટા સૌ કોઈ એકજ ડાળનાં પંખીની જેમ મળેલા જીવથી જીવતા હોય તે પરિવારની સુવાસથી સમગ્ર સમાજ આનંદે છે. સંસાર યાત્રામાં સફળ થવાનો મંત્ર છે. બહેકો નહી પણ મહેંકો કુટુંબનો દરેક સભ્ય કુટુંબરથ ખેંચવામાં સહભાગી રહેવો જોઈએ. કુટુંબ એટલેજ સુખ દુઃખના સાથી.

કુટુંબે સંપ એ અનેક દોષોથી મુક્તિ આપીને અનેક ગુણોની વૃદ્ધિ કરવામાં અત્યંત સહાયક જે કુટુંબ વ્યવસ્થા છે તે બહુજ આદરણીય વ્યવસ્થા છે. સહુ હળી મળીને સ્નેહભાવથી રેલમછેલ ઉછાળીને રહે એટલે કુટુંબમાં સ્વર્ગ ઉતરી આવે. પછી ચિત્ત પ્રસન્નતા સામેથી આવી મળે.

હર્ષદભાઈના રોમરોમમાં આ ભાવ દેખાય આવે છે. સમગ્ર કુટુંબને સાથે રાખીને આગળ લાવ્યા છે. ભાતૃભાવતો અનહદ છે. આવો ઉંચો આદર્શ હર્ષદભાઈમાં જે છે તે જગત નરી આંખે નિહાળી રહેલ છે. તેના કૌટુંબિકભાવની લોકો ખૂબ અનુમોદના કરે છે.

# હર્ષદભાઈનો પરિવાર

| | |
|---|---|
| દાદા | વીઠ્ઠલદાસ ભાઈચંદ દોશી |
| દા | સાંકળીબેન વીઠ્ઠલદાસ દોશી |
| સુ | વ્રજલાલ, જગજીવનદાસ, પુનમચંદ, કાંતીલાલ |
| પુ | લીલાવતીબેન, પ્રભાબેન, વિમળાબેન, વસંતબેન |
| પુ | હંસાબેન છોટાલાલ નાનચંદ શાહ (રંઘોળાવાળા - બેંગલોર) |
| પૌ | જીતેન્દ્રભાઈ, શરદભાઈ, હર્ષદભાઈ |
| પૌ | અ.સૌ. આશાબેન જીતુભાઈ, અ.સૌ.ભારતીબેન શરદભાઈ, અ.સૌ. મધુબેન હર્ષદભાઈ. |
| પૌ | અરૂણાબેન કિર્તીભાઈ ગીરધરલાલ શાહ - જસપરાવાળા (હાલ મુંબઈ) |
| | ભારતીબેન જયેન્દ્રકુમાર નગીનદાસ શાહ - મોટાસુરકાવાળા (હાલ બેંગલોર) |
| | પારૂલબેન રાજેશકુમાર ગીરધરલાલ દોશી - ભાદ્રોડવાળા (હાલ મલાડ) |
| | જયશ્રીબેન વિજયકુમાર જયંતીલાલ શાહ - દાઠાવાળા (હાલ પાર્લા) |
| પ | હેમલ જીતેન્દ્ર દોશી |
| | કુણાલ શરદચંદ્ર દોશી |
| પ | રાજુલ પરાગકુમાર વાડીલાલ શાહ - ચોગઠવાળા (હાલ મલાડ) |
| | જીનલ પ્રતિકકુમાર બીપીનભાઈ શાહ - તળાજાવાળા (હાલ મુલુન્ડ) |
| | કીંજલ શરદચંદ્ર પુનમચંદ દોશી |
| પ | અમી હેમલ જીતેન્દ્ર દોશી |



પૂજય દાદા શ્રી
વિઠ્ઠલદાસ ભાયચંદ દોશી



પૂજય મા શ્રીમતી
સાંકળીબેન વિઠ્ઠલદાસ દોશી



શ્રી જીતેન્દ્રભાઈ પુનમચંદ દોશી
અ.સૌ. આશાબેન જીતેન્દ્રભાઈ દોશી



શેઠ શ્રી હર્ષદભાઈ પુનમચંદ દોશી



શ્રી કીર્તીકુમાર ગીરધરલાલ શાહ
અ.સૌ.અરૂણાબેન કીર્તીકુમાર શાહ
જસપરાવાળા - મુંબઇ



શ્રી જયેન્દ્રકુમાર નગીનદાસ શાહ
અ.સૌ. ભારતીબેન જયેન્દ્રકુમાર શાહ
મોરાસુરકાવાળા - બેંગ્લોર

ુરવાળા

શી
વાર
ર્ન



પૂજ્ય પિતાશ્રી
પુનમચંદ વિઠ્ઠલદાસ દોશી



પૂજ્ય માતુશ્રી
વિમળાબેન પુનમચંદ દોશી

અ.સૌ.મધુબેન હર્ષદભાઈ દોશી





શ્રી શરદભાઈ પુનમચંદ દોશી
અ.સૌ. ભારતીબેન શરદભાઈ દોશી



શ્રી રાજેશકુમાર ગીરધરલાલ દોશી
અ.સૌ. પારૂલબેન રાજેશકુમાર દોશી
ભાદ્રોડવાળા - મલાડ



શ્રી વિજયકુમાર જયંતિલાલ શાહ
અ.સૌ. જય શ્રીબેન વિજયકુમાર શાહ
દાઠાવાળા - પાર્લા

હર્ષદભાઈ ! સરળવાણી સ્પષ્ટ રજૂઆત, અવર્ણવાદરહિત વાતચીત શબ્દોમાં છલકાતું માધુર્ય અને પ્રસન્ન વદન હર્ષદભાઈ આ છે તમારૂં વ્યક્તિત્વ.

હર્ષદભાઈ !
કોઈને કલ્પના પણ ન આવે કે તમે જિનશાસનના લગભગ પ્રત્યેક અંગની સેવા ઉપાસના રક્ષા કરવામાં સદાય અગ્રેસર જ રહો છો.

હર્ષદભાઈ !
તમારા હસ્તક નૂતન જિનમંદિરનાં નિર્માણ થયા છે જિન મંદિરોના જીર્ણોધ્ધારમાં પણ તમારૂં યોગદાન ગજબનાક રહ્યું છે. સાધુ-સાધ્વીજી ભગવંતોની વૈયાવચ્ચમાં તમે કમાલ કરીજ છે. પણ શ્રાવક શ્રાવિકાઓની ભક્તિ કરવામાં ય પાછી પાની કરી નથી. સમ્યક્જ્ઞાન આપતી પાઠશાળાઓને પ્રાણવાન બનાવવા તમે ભારે જહેમત ઉઠાવી છે, તો જીવદયા અને અનુકંપાના કાર્યો તમારા હસ્તક જેટલા થયાં છે.એ અગણિત છે.

હર્ષદભાઈ
પ્રશંસનીય કાર્યો કર્યા પછી પણ પ્રશંસાને ના પાડવાની હિંમત ધરાવતી તમારી ૩૬ ની છાતીને ભલભલા અંતરથી જૂમી ઉઠે છે. અને બીજાઓના માર્ગિક બન્યા છો.:

હર્ષદભાઈ !
શુભ પુણ્યબંધના ક્ષેત્રે આટ આટલી સેન્ચ્યુરીઓ લગાવી દઈને પણ જીવનના મેદાન પર અત્યારે તમે શુભ ભાવનાઓનું બેટ લઈને નોટ આઉટ ઊભા છો.

હર્ષદભાઈ !
તમારાં વર્તમાનના સત્કાર્યો જોયા પછી હું એટલું જ કહી શકુ કે નિષ્પાપ એવું સંયમજીવન તમારા હાથમાં આવવામાં કદાચ એકાદ ભવ જ હવે બાકી છે.

હર્ષદભાઈ ! એક સેકન્ડ નો પણ પ્રમાદ ન કરવાની પ્રભુ વીરની વાણીને ગૃહસ્થજીવનમાં રહીને ચરિતાર્થ કરી લેવાની તમારી આ મંગળવૃત્તિને અંતરના આશીષ.

હર્ષદભાઈ ! તમે જેની સાથે પ્રેમનો સંબંધ બાંધો છો એને અહોભાવથી, માણતા રહો છો પણ માલિકી ભાવથી તાણતા નથી. રહેતાં. એ તમારા હૃદયની ગજબનાક ઉંચાઈ છે.

હર્ષદભાઈ ! દીવાલ ક્યાંય પણ ઊભી કરવી નહી અને પુલ ઊભા કરવાની તકને સામે ચડીને ઉભા કરતાં રહેવું તમારા જીવનમંત્ર કેટ કેટલા સ્થળોએ પ્રસન્નતાની મહેંક ફેલાવી દીધી છે. એની કદાચ તમને પણ ખબર નહિ હોય.

હર્ષદભાઈ ! એક વાત કરૂં તમારી શક્તિની તમે મર્યાદા નક્કી નહોતી કરી; એટલેજ આજે કદાચ તમારા માં અમાર્યદ શક્તિઓના પ્રાદુર્ભાવ થઈ ગયો હોય એવું મને લાગે છે.

હર્ષદભાઈ ! તમારી પાસે આવી ગયેલા એ બગાસુ ખાધું નથી અને એનાં મોઢામાં તમે પતાસુ મુકી દીધુ નથી. તમારી પાસે આખરે પતાસાઓ છે કેટલા ?

હર્ષદભાઈ ! બાપનો અવાજ સાંભળવા છતાં દીકરો બાપ પાસે ન આવે એવા આ કાળમાં તમારી ભાવના અબોલ પ્રાણીનો અવાજ સાંભળ્યો એમ પ્રેમથી તમારા હૃદયમાં પ્રતિષ્ઠિત થયેલ આ પ્રેમભાવનાની ખૂબ ખૂબ અનુમોદના.

હર્ષદભાઈ ! તમારી નિષ્ઠાની ઉંચાઈ સામે એવરેસ્ટની ઉંચાઈની સરખામણી પણ શી રીતે કરવી ?

હર્ષદભાઈ ! સમય પાલન અને વચન પાલન એ બન્નેમાં તમે ક્યા ક્ષેત્રે આગળ નથી વધ્યા એ આટલા વર્ષો પછી પણ હું સમજ્યો નથી.

હર્ષદભાઈ ! પૈસો પેસાને ખેંચે છે કે નહિ એની તો મને ખબર નથી પણ પુણ્ય પુણ્યને કેવું ખેંચતું રહે છે. એની પ્રતિતી તો તમને જોયા પછી એવી જબરજસ્ત થઈ ગઈ છે કે પ્રતિતીની ઈમારતની કાંકરી પણ કાંઈ ખોરવી શકે તેમ નથી.

હર્ષદભાઈ ! વિચારો ને રુંધી નાખે એવી વ્યવસ્થા તમે ગોઠવતા નથી. તો કારણ વગર વ્યવસ્થાને છિન્નભિન્ન કરી નાખે એવા વિચારને તમે જીવનમાં સ્થાન આપતા નથી. આ અનુભવ મને સતત થતોજ રહે છે. તમારી આ કુનેહ સાચે જ દાદ માંગી લે તેવી છે.

હર્ષદભાઈ ! મીઠી શેરડીમાં પણ ક્યાંક તો ગાંઠ હોય છે. તમારા હૈયામાં કઠોરતાનો નાનકડો એક અંશ પણ નથી? ક્યાંથી ખરીદી લાવ્યા છો આવું કોમળ હૈયું ?

હર્ષદભાઈ ! ફરિયાદ માટે પોસ્ટકાર્ડ પણ મોટું પડે અને ધન્યવાદ આપવા માટે કોમ્પ્યુટર પણ નાનુ પડે આવી કાર્યપદ્ધતીના સ્વામી બની બેઠેલા તમે કઈ કોલેજમાં ભણ્યા છો કયાં સુધી ભણેલાં છો.

હર્ષદભાઈ ! ગર્ભવતી સ્ત્રી બહારથી બધીજ પ્રવૃત્તિઓ કરે પણ પેટમાં રહેલ બાળકને જેમ ભુલેજ નહિં તેમ બહારથી આટ આટલી સદ્પ્રવૃત્તિઓ ચાલુ રાખીને પણ તમે આત્માને સતત સ્મૃતિપથમાં રાખી રહ્યા છો એ જાણી આશ્ચર્યચકિત થઈ જવાય છે.

હર્ષદભાઈ ! તમામ સદ્ગુણોનું વાવેતર હૈયાની જે ભૂમિ પર થાય છે એ ભૂમિને તમે કઈ હદે કોમળ બનાવી દીધી હશે કે જેના બળે તમે પીડિતોની સેવામાં આટલા બધાં ખૂંપી ગયા હશો.

હર્ષદભાઈ ! વિવેક જળથી
ધોવાયેલા સ્વચ્છ મગજ
કલ્પવૃક્ષની ગરજ સારે છે
એ વાત તમારા સંદર્ભમાં
કેટલી સાચી
લાગે
છે.

હર્ષદભાઈ ! તમારા હૃદયની
સતેજ સંવેદનશીલતા તમે જ કહે
હદે સક્રિય બનાવી છે. એનુ વર્ણન
કરવા શબ્દો તો ઓછા પડે જ છે.
આંખોના આંસુ પણ
ઓછા જ પડે
છે.

હર્ષદભાઈ !
સાધુ સાધ્વીજી ભગવંતોની
પ્રચંડ બહુમાન ભાવ સાથે તમારા દ્વારા અને
તમારા સાથીઓ દ્વારા થઈ રહેલ આ ભક્તિથી ઊભુ થઈ રહેલ પુણ્ય
તમે કઈ રીતે ભોગવશો એનું આયોજન અત્યારથીજ તમે વિચારી
રાખશો.

હર્ષદભાઈ ! સત્કાર્યની તમારી ભૂખ એટલી
બધી પ્રબળ છે કે જ્યાં ક્યાંય પણ સત્કાર્ય થાય છે
તમારી આંખો
એને શોધીજ
લે છે.

હર્ષદભાઈ !
કૃપા કરૂણા -
આશીર્વાદ અને મંગળ
કામનાઓ આ બધાયની
કેટલી પ્રચંડ મુડી છે તમારી
પાસે એ જણાવશો ખરા ?

હર્ષદભાઈ !
કંટકો વચ્ચે
પર્વતની જેમ અડગ
ઉભા રહી જતાં તમે
પરોપકારના પ્રસંગે નદીની જેમ
જે પ્રસન્નતાથી ખળખળ વહી
જાણો છો એને બિરદાવવા માટે
મારા શબ્દકોષમાં તો કોઈ
શબ્દો હોય એવું મને
લાગતું નથી.

હર્ષદભાઈ !
ચા પહોળા વાસણમાં
ગરમ રહી શક્તી નથી. તમારા
વિશાળ હૃદયમાં ક્રોધની ગરમી પણ
ક્યાં રહી શકે છે ?

હર્ષદભાઈ ! સાગરમાં પડેલ
મોતી પણ કમ સે કમ તળિયે
તો જોવા મળે જ છે. તમારા
કેટલાક સત્કાર્યો કોઈને
ક્યારેય જોવા મળ્યા
નથી અને મળવાના
નથી. કોઈ ઉપાય
.....

હર્ષદભાઈ ! પૈસો પેસાને ખેંચે છે કે
નહિ એની તો મને ખબર નથી પણ
પુણ્ય પુણ્યને કેવું ખેંચતું રહે છે. એની
પ્રતિતી તો તમને જોયા પછી એવી
જબરજસ્ત થઈ ગઈ છે કે પ્રતિતીની
ઈમારતની કાંકરી પણ કાંઈ
ખોરવી શકે તેમ નથી.

હર્ષદભાઈ ! પોતાની
સંપત્તિનો પૈસો પૈસાનો હિસાબ
રાખનારા તો ઘણા જોયા પણ પરોપકાર
માટે મળેલી સંપત્તિના પૈસા-પૈસાનો સદ્વ્યય જ થતો રહે
એ માટે આવી ચીવટ રાખનારો તમારા જેવો જાગ્રત
કાર્યકર મેં તો
ક્યાંય જોયા નથી.

હર્ષદભાઈ !
સંયમ જીવન
પ્રત્યેયનો તમારો આ
અનુરાગ અને સંયંમીઓ
પ્રત્યેયનો તમારો આ અનુરાગ. અને
સંયંમીઓ પ્રત્યેયનો તમારો આ અનુરાગ
જોયા જાણ્યા અનુભવ્યા પછી
તમને પુદ્ગલનો સગ
સતાવતો
નથી.

હર્ષદભાઈ !
કર્ણ અને
ભામાશાની આ ધરતીમાં
ફરી કર્ણ ભામાશા થશે નહિ
એવા ભવિષ્યવેતાના કથન ને
ખોટુ સાબિત કરવા જાણે કે કર્ણ
અને ભામાશાના અવતારી
મહાપુરુષ એટલે કે જાણે હર્ષદભાઈ,
આર્વાચીન યુગના મહાન દાનેશ્વરી
હર્ષદભાઈ.

હર્ષદભાઈ !
આત્મિવિકાસની
ઈમારતનો પાયો તમે
કેટલો બધો મજબૂત
બનાવી દીધાં છે કે ક્યાંય
તમે તમારા અંત:કરણ
સાથે ગલત સમાધાન
કરી દેતા
જ નથી.

હર્ષદભાઈ !
મન ક્ષેત્રે કમલ જેવી
અલિપ્તતા અને વ્યવહાર ક્ષેત્રે દર્પણ
જેવી નિર્મળતા આ બન્ને સદ્ગુણોને તમે
કઈ હદે વિકસિત કર્યા હશે ત્યારેજ આ
વિશ્વાસનું ભાજન બની શક્યા હશો ને !

હર્ષદભાઈ ! પ્રભુપાસે
તમારૂં આ વિશુદ્ધ પુણ્ય માગતા
મને કોઈજ શરમ આવતી
નથી. કારણકે આવું પુણ્ય
તો પ્રભુ સાથે આત્માને
જોડેલું રાખે છે ને !

હર્ષદભાઈ !
સફળતાની સીડી ચડતી
વખતે એ સીડી જેણે પકડી
રાખી છે. એને ન જ ભુલી
જવાની તમારી ઉદાત્તવૃત્તિથી
કોણ પરિચિત નથી.
એ પ્રશ્ન છે. .

હર્ષદભાઈ !
શુભનિષ્ઠાથી ઉતપન્ન કરેલ
તમારા આ મસ્ત આદેય નામકર્મનો
અનુભવ હિન્દુસ્તાનના સંખ્યાબંધ સંઘોને પણ
થયો છે. તો અનેક સંસ્થાઓને પણ થયો છે.
મનની પવિત્રતા અને હૃદયની નિર્દોષતા
બન્નેને તમે કઈ હદે અપનાવી લીધા હશે
કે જેના બળે તમારૂં નામ આજે
આ પરિણામ લાવાનારૂં બની રહ્યું છે.

હર્ષદભાઈ !
જીવનના પ્રત્યેક
સામાન્ય પ્રસંગને
અસામાન્ય બનાવી દેતી
તમારી સંમ્યક દૃષ્ટિ સાથેજ
સર્વત્ર ચમત્કારો જ સર્જતી રહેતી
હોય તો એમાં કોઈ નવાઈ જેવું હવે
નથી

હર્ષદભાઈ !
અન્યના દુ:ખનો
પોતાના બનાવતા રહેવુ
અને સફળતાનો યશ
સાથીઓને આપતા રહેવુ પોતાના
બનાવતાં રહેવું અને પોતાની
સફળતાનો યશ સાથીઓને આપતા
રહેવું. હર્ષદભાઈ તમારા આ
મનોવલણો મને પણ
જીવનમાં સારા એવા
બોધ પાઠ મળ્યા છે.

હર્ષદભાઈ !
સાચા મોતીની જેને તરસ
અને પરખ હોય છે એને
માનસરોવર ના હંસનો યોગ થઈ જ જાય
છે. એ બાબતમાં તમને જોયા પછી મને કંઈજ
શંકા રહી નથી.

## હર્ષદભાઈનું મોસાળ

| | |
|---|---|
| નાના | પોપટલાલ સોમચંદ મહેતા (સાવરકુંડલાવાળા) |
| નાની | પ્રેમકુંવરબેન પોપટલાલ મહેતા |
| મામા | શ્રી હિંમતભાઈ, શ્રી નગીનભાઈ, શ્રી શશીભાઈ |
| માસી | પ્રવિણાબેન, મંજૂલાબેન, ચન્દ્રિકાબેન |
| મામી | કંચનમાસી, પુષ્પામાસી, ઈન્દુમાસી, માલતીમાસી. |

## ધર્મપત્ની

પતિના સુખે સુખી, પતિના દુ:ખે દુ:ખી આ છે ધર્મપત્નીના લક્ષણ પતિને સંપૂર્ણ સમર્પણ. સમર્પણના દિવ્ય દીપકની જ્યોતિ છે, સહજતા સ્વાભાવિક્તા કોઈ તાણ નહી, કોઈ દબાણ નહી, સહજતાથી ખળ ખળ વહેતા ઝરણા જેવું જીવન. અસ્ખલિત ગતિએ મંઝિલ ભણી વહેતું રહે. પતિદેવને જીવન સમર્પણ કરવાથી સહજતા આવે છે. પોતાનો કોઈ અંગત આગ્રહ નહી પોતાનો ખુદનો કોઈ અધિકાર નહી.

કેટલી સહજતાથી સીતાજી શ્રી રામ સાથે વનવાસની વાટે ચાલી નીકળેલા. સીતાજીએ ત્યારે કોઈ પોતાનો અભિપ્રાય આપ્યો નહોતોં કે આપ વનમાં ન જાવ, રાજ્યનો આપનો અધિકાર છોડશો નહી.

હૈયું જ્યારે કોઈને સમર્પિત થઈ જાય છે. ત્યાં નથી રહેતો કોઈ પોતાનો આગ્રહ કે અધિકાર, નથી હોતો કોઈ અભિપ્રાય કે આદેશ. તેમ તેમા કોઈ ફરિયાદને સ્થાન નથી હોતું. ફરિયાદ અશાંતિની કૂંખેજ જન્મે છે. સ્વીકારમાં તો અપૂર્વ શાંતિનાજ સૂર ગૂંજતા હોય છે. આમ સહજતાથી સમાધિ પૂર્વક જીંદગી પસાર થઈ જાય છે.

એ ધર્મપત્નીનું નામ છે મધુબેન, સંપૂર્ણ સમર્પિત છે. હર્ષદભાઈને શું

અનુકૂળ છે, તેમની શું ઈચ્છા છે તે પૂરી કરવી એજ એમનો સ્વભાવ આટલા પૈસા વાપરે છે, ક્યાંય કદી પણ રૂકાવટ નહી. પ્રસન્નતા પૂર્વક એમને સહકાર એજ લક્ષ એમના કાર્યમાંજ આનંદ.

મધુબેન સમજે છે કે ઉત્સવ ઉમંગભર્યા વાતાવરણમાં જિંદગી જીવવાની છે. જીંદગી ઉત્સવ છે, મેળો છે . ઉત્સવમાં નૃત્ય હોય ઉમંગ હોય, આનંદ હોય ક્યારે પણ ઉદાસી નહી, ગમગીની નહી. જિંદગીને મહોત્સવ બનાવી ને ઉજવવાની છે ,મેળામાં કોઈની ઠોકર પણ વાગે, ધક્કા લાગે, તેમાં જે સહન કરે તેજ મેળાની મઝા માણી શકે.

ઉત્સવ અમૂક સમય માટે નિયત હોય છે. એમ જિંદગીનો તહેવાર પણ આખરે મેળાની માફક વિખરાઈ જવાનો છે. એમાં આનંદ પ્રમોદની ક્ષણો માણી લેવાની છે. ઉત્સવમાં ઉદાસીનો ઉભરો ન શોભે તેમાં તો ઉલ્લાસ જ જોઈએ. ખેલદીલ જોઈએ એકબીજા માટે કરી છુટવાની ભાવના જોઈએ. કુટુંબ પ્રત્યે પ્રેમ વાત્સલ્ય જોઈએ તેજ સાથે આવશે બાકી બધી માયા પડી રહેવાની છે.

જિંદગી ત્રણ અક્ષરોનો શબ્દ છે. ત્રણ શબ્દોથી તેને જીવાય છે. આઈ લવ યુ આઈ અને યુ વચ્ચેના શબ્દનું સૌથી વધુ મહત્ત્વ છે. એક શબ્દ આઈ અને યુ ને જોડે છે અને બીજો શબ્દ બન્નેને તોડે છે. બે વ્યક્તિ છૂટી પડે ત્યારે ત્રણ જીવન વેડફાય છે. બે જીવન બે વ્યક્તિનાં પોતાની અને ત્રીજું જીવન એટલે બન્નેનું સહિયારૂં જીવન દામપત્ય જીવન એક એક વ્યક્તિનું ન હોય. તેમ પ્રેમ પણ એક વ્યક્તિનો ન હોય પ્રેમ એક એવો સરવાળો કે જે સાર્થક કરવા બાદબાકીઓ કરવી પડે. પ્રેમ - વાત્સલ્યનું ગણિત જુદું છે. ત્યાં બાદબાકી કરો તો સરવાળો ઘટતો નથી પણ વધે છે, જેટલું જતું કરો તેટલું મેળવો.

એક બીજાને પામવાં માટે એક બીજામાં ખોવાઈ જવું પડે. મતલબ કે ખોવાય તો પામો લુપ્ત થઈને તૃપ્ત થવાની કળા એટલે પ્રેમ.

મધુબેન પતિમાં સંપૂર્ણ ખોવાઈ ગયા છે. એકમેવ બની ગયા છે

પતિના આનંદમાંજ આનંદ પતિની કેવી સેવા કરે છે તે તો જોનારા જ તેનું મૂલ્ય કરી શકે. જે શબ્દમાં લખી શકાતી નથી.

કોઈ એક દંપતિ ફરવા નિકળ્યા છે. અચાનક વરસાદ તૂટી પડ્યો છત્રી એકજ હતી. પત્નીએ પતિને કહ્યું, 'તમે છત્રી ઓઢી લો. બન્ને છત્રી ઓઢવા જઈશું તો બન્ને થોડા થોડા પલળી જઈશું.' પતિએ છત્રી ખોલી પત્નીને નજીક બોલાવીને કહ્યું, 'બન્ને છત્રી ઓઢીશું તો બન્ને થોડા થોડા કોરા રહીશું.' પોતાની વ્યક્તિને કોરા રાખવા થોડાક ભીના થવું પડે. પ્રેમ એટલેજ થોડાક કોરા થોડાક ભીના.

એક સાવ ભીના રહે, બીજો સાવ કોરો રહે તો સરવાળે બન્ને અધૂરા રહે. જ્યાં અધૂરાશ હોય ત્યાં મધુરાશ ન હોય. સાથે ભીના થાય ને સાથે કોરા રહે તો જ જિંદગી જીવવા જેવી લાગે. હોડી એક હલેસા વાળી ન હોય જીંદગી બે હલેસા વાળી હોય છે. સાથે એકમેક થઈ હલેસા મારો તો જિંદગીની વૈતરણી પાર ઊતરી જવાય.

હલેસા પાછા એકજ દિશામાં હોવા જોઈએ બન્ને હલેસા ઉંધી દિશામાં વિંઝાય તો હોડી માત્ર અટકી જતી નથી પણ ડૂબી જાય છે. પ્રેમ બધાને કરવો હોય છે. પ્રેમ બધાને જોઈતો પણ હોય છે. પણ સૌથી મોટો પ્રોબલેમ એ હોય છે કે બધાને પ્રેમ પોતાની શરતે કરવો હોય છે. તમારી શરતે કદાચ પ્રેમ કરી શકો, પણ તમારી શરતે પ્રેમ પામી ન શકો.

બન્નેની ઈચ્છા જ્યારે એક બને ત્યારે સાચા પ્રેમનું સર્જન થાય છે. પ્રેમમાં હારવાનું કે જીતવાનું હોતું નથી. પ્રેમમાંતો માત્ર પામવાનું જ હોય છે. પ્રેમમાં એક બીજાની ખુબીઓ જ  દેખાય, પ્રેમનો આધાર એ છે કે તમે તમારી વ્યક્તિને જેવી છે તેવી સ્વીકારી શકો છો કે કેમ ? ખૂબીઓ જ નહી, ખામીઓને પણ સ્વીકારવાની સમજણ એટલે પ્રેમ - વાત્સલ્ય.

આજ ભાવ - આજ સમર્પણ હર્ષદભાઈ અને મધુબહેનમાં પ્રત્યક્ષ દેખાય છે. પ્રેમ નિભાવવો પડે છે. પ્રેમમાં માત્ર ચાહવાનું નથી હોતું પણ

સાથે સ્વીકારવાનું હોય છે. પ્રેમ એટલે સંપૂર્ણ સ્વીકાર, ખૂબીઓનો અને ખામીઓનો દરેક રંગનો સ્વીકાર દરેક જંગનો સ્વીકાર, તારીમારી લડત પણ એક છે. તારીમારી શરત પણ એક છે. તેનું કારણ એજ છે કે આપણે બન્ને બે નહી પણ એક છીએ પ્રેમનાં ગણિતમાં તો એવું જ છે. કે એક વત્તા એક = એક.

રૂમાલ આંખના આંસુ લૂંછે છે,
જ્યારે પ્રેમ આસુંના કારણ ભૂંસે છે.

આ દંપત્તિ માટે જેટલું લખીએ તેટલું ઓછું છે જગતને એક અદ્‌ભૂત આદર્શ આપી રહ્યા છે.

શ્રી હર્ષદભાઈના ધર્મપત્નિ મધુબેનના જીવનને યાદ કરીએ ત્યારે મહાન દાનવીર ભામાશા ના પત્નિ નારાયણી દેવી યાદ આવે છે.

મેવાડના રણ સંગ્રામમાં મહારાણા પ્રતાપ બધી રીતે સંકટમાં ઘેરાઈ નાસીપાસ થઈ અરવલ્લીના ડુંગરમાં ભમતા હોય છે ત્યારે ભામાશાને આ વાતની જાણ થાય છે. અને પોતાનું કર્તવ્ય યાદ આવ્યું અને સોના મહોરોનું ચરૂ લઈને ઘરની બહાર નીકળે છે. આજ મા ભોમ અને મારા માલિકને યાદ ન કરૂ તો ક્યારે કરીશ એમ વિચારી જે સંપત્તિ પોતાના પાસે હતી તે લઈને નીકળે છે. ત્યારે એમની પત્નિ નારાયણી દેવી પતિ દેવને પૂછે છે પતિ દેવ ઉભા રહો થોભો. દાનવીર ભામાશા વિચાર કરે છે કે કંઈક વધારે તો નથી આપી દેતાને ? સોનાના ચરૂમાંથી થોડી સોના મહોર પોતાને જોતા હશે એટલે થોભવાનું કહ્યું કે 'શું ? અગર શું કામ હશે ? ચિંતા અનુભવે છે.' અનેક વિચારોનો સમૂહ ભામાશાને આવી રહ્યા છે ત્યાં ધર્મપત્નિ નારાયણી દેવી બોલ્યા 'મારા પિયરમાંથી વાર તહેવારે આવેલા દાગીના પણ લો, સાથે લઈ જાવ અને આ જ મારૂં મોટું ઘરેણું છે.'

આમ સમગ્ર પોતાના પિયરના જે કંઈ દર દાગીના સોનામહોર હતા તે ભામાશાને આપ્યા.

ફરી જેવા પગ ભામાશા બહાર કાઢે છે ત્યારે નારાયણી બોલે છે ઊભા રહો. થોભો. દાનવીર ભામાશા વિચારે છે શું હશે હવે, ત્યારે નારાયણી દેવી એટલુંજ બોલે છે કે 'રાજાને કહેજો આ ઋણ મુક્ત થવાનો પ્રયત્ન માત્ર છે દાન નથી.' એમ કહી પત્ની સમર્પણનો ધરાઈને ઓડકાર કરી આવજો કહે છે. ધન્ય છે નારાયણી દેવીને ......

આ ધરતીની સોડમમાં ઉછર્યા અને અમારે અમારા માદરે વતનનું ઋણ કંઈ રીતે ઓછા વધતાં પ્રમાણમાં ઓછું કરૂં ! અને આ ઋણ માત્ર આંશિક સ્વરૂપે મુક્ત થવાનો માત્ર પ્રયત્ન જ છે. આ પૂજ્ય નારાયણીદેવી અને આપણા મધુબેનની તુલના કરશું તો જરાય અતિશયુક્તિ નહિ ગણાય, ધન્ય મધુબેન આ કાળ અને સતત બીજાને માટેની કાયા કે સ્વરૂપે ઘસાવું તે અનુપમ ઔદાર્ય નહિ ? ખરેખર નામ તેવા ગુણ છે. પતિની પ્રતિષ્ઠામાં ચારચાંદ લગાવનારા મધુબેન ધન્ય હો ધન્ય હો.

હર્ષદભાઈનું ચરિત્ર લખી રહ્યો છું ત્યારે શ્રી ગીતાંજલિ સંઘમાં બોરીવલી, મુંબઈ મધ્યે ઐતિહાસિક (સમસ્ત બોરીવલીના ૨૭ શ્રી સંઘના) ૯૫૪ વર્ષીતપનો માહોલ જામી રહ્યો છે. તેમનાજ કારણે ભારતભરમાં સૌ પ્રથમ આટલા વર્ષીતપ થઈ રહ્યા છે.

સાથે નવપદજી ની શાશ્વતી ઓળી કરવા વલ્લભીપુરમાં ૬૦૦૦, (છ હજાર) પુણ્યાત્માઓ ગામે ગામથી ઉતરી પડ્યા છે. દેવર્દ્ધિ ગણિના સમયની યાદ અપાવે છે હર્ષદભાઈના કારણે.

## શ્રી હર્ષદભાઈની પ્રકૃષ્ટ ભાવના

✳ હાલમાંજ ગચ્છાધિપતિ પં.પૂ.આ.ભ. શ્રી પ્રેમ સૂરીશ્વરજી મ.સા. આચાર્યશ્રી જિનચંદ્રસાગર સૂરીશ્વરજી મ.સા., પ.પૂ. આચાર્યશ્રી હેમચંદ્રસાગર સૂરીશ્વરજી મ.સા., આદિ વલભીપુર પધાર્યા હતા. શ્રી હર્ષદભાઈએ તેમને વિનંતિ કરી કે સાહેબ ! એક મોટું મુનિ સંમેલનનું આયોજન કરો.

પૂજ્ય ગચ્છાધિપતિને ખૂબજ આનંદ થયો. અને પૂ. આ.શ્રી હેમચંદ્રસાગર સૂરીશ્વરજીને કહ્યું કે 'તમે આ કામ હાથમાં લો આપણે હર્ષદભાઈની ભાવના પુરી કરીએ.'

✳ પ.પૂ. આચાર્યશ્રી અશોકચંદ્ર સૂરીશ્વરજી મ.સા. ઘાટકોપર બિરાજમાન હતા. તબિયત સીરીયસ હતી સંથારામાં સૂતા હતા ત્યારે પૂ.આ.શ્રી સોમચંદ્રસૂરિમહારાજે સમાચાર આપ્યા કે હર્ષદભાઈ આવ્યા છે. તે સાંભળતાજ પૂજ્યશ્રી ઉભા થઈ ગયા, હર્ષદભાઈએ સુખશાતા પૂછી અને ભાવના વ્યક્ત કરી કે 'શાસન સમ્રાટશ્રીના સમુદાયનું મુનિ સંમેલન બોલાવો' હર્ષદભાઈએ કહે 'ક્યાં બોલાવીશું ?' કદંબગિરિ, મહુવા, પાલીતાણા ? તો મહારાજ સાહેબે કહ્યુ. 'તમારા વલભીપુરમાં જ બોલાવો.'

✳ હર્ષદભાઈની એક ભાવના મનમાં રહી ગઈ. પ.પૂ. આચાર્યશ્રી ચંદ્રોદયસૂરીશ્વરજી મ.સા., પ.પૂ. આચાર્ય શ્રી અશોકચંદ્રસૂરીશ્વરજી મ.સા. ની નિશ્રામાં પાલીતાણામાં દાદાની છત્રછાયામાં ચાતુર્માસ કરાવવાની વાલ્કેશ્વરમાં જય બોલાવી હતી. પરંતુ તે વિધાતા ને મંજૂર નહી હોય.

સ્વનામધન્ય શ્રેષ્ઠીવર્ય અમારા
કુળદીપક ભાઈશ્રી

# શ્રી હર્ષદભાઈ પૂનમચંદ દોશી



જીવનમાં કરેલ સત્કાર્યોની

# સુવાસ

☆ વિજાપુર શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિ જૈન સમાધિ મંદિરમાં પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવેશ શ્રી સુબોધસાગરસૂરિશ્વરજી મહારાજની શુભપ્રેરણાથી શ્રી પુનમચંદ વિઠ્ઠલદાસ અતિથિગૃહ માટે મોટી રકમના અનુદાનનો લાભ લીધો.

❋ મહારાષ્ટ્રમાં-લાતુરમાં ધરતીકંપ વખતે મુખ્ય પ્રધાન શ્રી શરદ પવારના હસ્તે રૂા. ૧૧ લાખનો ચેક તેમજ કચ્છ-ભૂજના ધરતીકંપ સમયે જોડિયા તાલુકામાં ટેનામેન્ટ તૈયાર કરી આપવાના લાભો લીધાં.

❋ બોરીવલી-યોગીનગર ઉપાશ્રય માટે ફાળો, દેવકીનગર ઉપાશ્રય માટે ફાળો, રોયલ કોમ્પલેક્ષમાં પાઠશાળા, આરાધના ભવન, શ્રી શાંતિનાથ જિનાલયની પ્રતિષ્ઠા - જિનમંદિર નિર્માણમાં ફાળો, શંખપુર-મહેસાણા જિલ્લામાં દેરાસર પાસે ગેટ બનાવવાના લાભો લીધાં.

☆ મીરા-રોડ - પ.પૂ.આ.ભ. શ્રીમદ્ યશોવર્મસૂરીશ્વરજી મ.સા.ની શુભનિશ્રામાં શ્રી ૧૦૮ પાર્શ્વનાથ તપ, અત્તરવાયણાં, એકાસણાં, પારણાં સાથેનો આદેશ, જૈન વિદ્યાર્થીઓને ધોરણ ૧૨ પછીના ઉચ્ચ અભ્યાસ માટેની સુવિધા યુક્ત હોસ્ટેલ, પૂનમ વિદ્યાલય બનાવી સમાજને અર્પણ, પી.વી. દોશી હોસ્પિટલ, પોલીયો કેમ્પનું આયોજન.

❋ કાંદિવલી-દહાણુકરવાડી -ઉપાશ્રયમાં માતુશ્રી વિમળાબેન પુનમચંદ દોશી વ્યાખ્યાન હૉલનો લાભ લીધો.

❋ શ્રી મહાવીરધામ (સીરસાડ) માં કાર્તિક પૂનમે ભાતાનો કાયમી આદેશ લીધો.

☆ શ્રી ઉવ્વસગ્ગહરં તીર્થમાં શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ, શ્રી ચક્રેશ્વરી દેવી, શ્રી પાર્શ્વજિન યક્ષ-યક્ષિણી તથા અન્ય પ્રતિમાજીની પ્રતિષ્ઠાનો લાભ લીધો.

❋ શ્રી કુલપાકજી તીર્થ (હૈદ્રાબાદ) માં શ્રી અભિનંદનસ્વામી ભ. તથા શ્રી ગૌતમસ્વામીજીની પ્રતિષ્ઠા અને અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવમાં ભગવાનના માતા-પિતા બનવાના લાભો લીધાં

☆ ડોંબીવલી-પાંડુરંગ વાડીમાં ઉપાશ્રયના ભૂમિદાતા તથા મદ્રાસ મુકાને જૈન ફેરના સ્પોન્સરરના લાભો લીધાં

✲ મૂળનાયક શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જિનાલયના શતાબ્દિ મહોત્વસની ઉજવણીમાં મોટું યોગદાન આપીને ૯ દિવસીય મહોત્સવમાં શ્રી સંઘ સ્વામીવાત્સલ્ય, જૈન-જૈનેતરના હજાર ઘરોમાં મીઠાઈનું બોક્ષ તથા પાકીટ, શાળાના બાળકોને સ્કૂલબેગ, મિષ્ટ ભોજન અને વિવિધ જ્ઞાતિઓમાં ઉદાર સખાવતના લાભો લીધાં.

✲ વલભીપુરમાં શેઠશ્રી પુનમચંદ વિઠ્ઠલદાસ દોશી ચેરીટેબલ ટ્રસ્ટની સ્થાપના કરવા સાથે શ્રી ગિજુભાઈ બધેકા સ્મારક બાલમંદિરની સ્થાપના કરાવવાનો લાભ લીધો.

✲ વલભીપુર સાધુ-સાધ્વી વૈયાવચ્ચ, સાધાર્મિક ભક્તિ તેમજ કાયમી શ્રી સંઘ - સ્વામીવાત્સલ્યના લાભો લીધાં.

✲ શ્રી વલભીપુર શ્વે.મૂ.પૂ.જૈન સંઘ સંચાલિત શેઠ શ્રી પુનમચંદ વિઠ્ઠલદાસ દોશી પાંજરાપોળ નિર્માણ કરીને અર્પણ કરવાનો લાભ લીધો.

✲ વલભીપુરમાં ભવ્ય પ્રવેશદ્વાર બનાવીને ત્યાંની જનતાને અર્પણ કરવાનો લાભ લીધો.

☆ વલભીપુરની કેન્દ્રવર્તી શાળા નં. ૧માં વોટરકૂલર, માનસ કન્યા - વિદ્યાલયમાં એક રૂમનું દાન, મોક્ષમંદિરના કાર્યમાં સખાવત, સાર્વજનિક તબીબી સહાય, છાશ કેન્દ્ર, નિવાસસ્થાન પાસે ચબૂતરો, તેમજ ફુલવાડી વિસ્તાર-વૈજનાથ મંદિર માર્ગ પર ચબૂતરો, એમ્બ્યુલન્સ વાન, ઠક્કર બાપા, કુમાર છાત્રાલયમાં પલંગ-વિતરણ, જરૂરિયાતમંદ ૧૦૦ પરિવારોને દર માસે જીવનોપયોગી ચીજોનું વિતરણ, રામદેવ મંદિર નિર્માણકાર્યમાં સખાવત, બહુચરાજી મંદિર, પાટીવાડામાં ઉદાર સખાવત, શ્રી મોરા દવે ગર્લ્સ સ્કૂલમાં ૨ રૂમ બાંધકામની સખાવત, દુષ્કાળ સમયે વતનમાં આવી મૂંગા પશુઓ માટે ઘાસચારા, પાણીની સગવડ માટે સંપૂર્ણ સહાય, રક્તદાન કેમ્પોનું આયોજન, મુસ્લિમ સમાજને દરગાહ બનાવવા આર્થિક સહાય, ઠેકઠેકાણે ચબૂતરા - પક્ષીગણ ઘર બનાવવાના અલભ્ય લાભો લીધાં.

✲ બોટાદ પાંજરોપોળના દેરાસર ઉપર નામ, શ્રી વાસુપૂજ્યસ્વામી જિનાલય, સુરેન્દ્રનગરના પટાંગણમાં પૂનમ પક્ષી ચણ ગૃહ, નું નિર્માણ શ્રી મણીભદ્રવીર તીર્થસ્થાન આગલોડમાં અતિથિગૃહમાં સખાવત, ગોધરા ખાતે શ્રી ઘંટાકર્ણવીરની પ્રતિષ્ઠા તથા પ્રતિષ્ઠાદિનનો કાયમી સ્વામીવાત્સલ્યનો આદેશ, ભાવનગર - આનંદનગરમાં શ્રી ઘંટાકર્ણવીરની પ્રતિષ્ઠા, અમદાવાદમાં - નિર્મળનગરમાં શ્રી ઘંટાકર્ણવીરની પ્રતિષ્ઠાના લાભો લીધાં.



દિગમ્બર જૈન સાધુ ભગવંત માટે
આરાધના હોલ માટે ભૂમિદાન
મીરારોડ.

બોરીવલી સંભવનાથ ફાઉન્ડેશન
ડેન્ટલ ક્લીનીક માટે યોગદાન.



સિહોર જૈન સંઘ સંચાલિત
પાંજરાપોળ માટે યોગદાન.

લીંબડી પાંજરાપોળમાં
યોગદાન - લીંબડી.



પાલીતાણામાં સંભવનાથજી જૈન
દેરાસર પેઢી તથા ધર્મશાળા
માટે યોગદાન પ્રેરણાદાતા
પ.પૂ. આચાર્ય શ્રી યશોવર્મસૂરિ
મહારાજ સાહેબ.

ભાવનગર ૬૫૦ તપસ્વીઓનાં
વર્ષીતપનાં મુખ્ય લાભાર્થી.

ભાવનગર આનંદનગરમાં
શ્રી ઘંટાકર્ણ મહાવીર દાદાની
પ્રતિષ્ઠા, પ્રેરણાદાતા પ.પૂ.
આચાર્ય શ્રી ચંદ્રોદયસૂરિ
મહારાજ સાહેબ.





અમદાવાદ નિર્ણયનગર શ્રી
ઘંટાકર્ણ મહાવીર દાદાની પ્રતિષ્ઠા,
પ્રેરણાદાતા પ.પૂ. આચાર્ય શ્રી
ચંદ્રોદયસૂરિ મહારાજ સાહેબ
તથા પ.પૂ. આચાર્ય શ્રી
અશોકચંદ્રસૂરિ મહારાજ સાહેબ.

## સ્ટોપ પ્રેસ.... સ્ટોપ પ્રેસ.... સ્ટોપ પ્રેસ....

બોરીવલીના ગિતાંજલિ
સંઘ મધ્યે ચાલતા
સમસ્ત ૨૭ શ્રી સંઘના
૯૫૪ સામુહીક વર્ષીતપ
આરાધકોના લાભાર્થી


ઐતિહાસિક
૯૫૪
વર્ષીતપના પારણા મહોત્સવે

વલભીપુર વતનીઓની વલભી એક્સપ્રેસ-સ્પેશ્યલ ટ્રેન દ્વારા શ્રી સમેતશિખરજી પાવાપૂરી તીર્થ યાત્રા.




રાધાકૃષ્ણ મંદિર (હવેલી) ભૂમિદાન

મીરારોડ અયપ્પા ટેમ્પલ ભૂમિદાન મીરારોડ.



માતુશ્રી કમળાબેન દીપચંદ શાહ હાઈસ્કૂલ માટે યોગદાન - લીંબડી



ગોરેગાંવ નમિનાથ ફાઉન્ડેશન ડેન્ટલ ક્લીનીક માટે યોગદાન.

ગુરૂદ્વારા માટે યોગદાન - મીરારોડ

ભાયંદર પ્રાયમરી સ્કૂલ ભાયંદર ખાતે યોગદાન.

મુંબઈ દોલતનગર શ્વે.મૂ.પૂ. જૈન સંઘ
સંચાલીત આંખનું દવાખાનામાં યોગદાન
પ્રેરણાદાતા પ.પૂ. આચાર્ય
શ્રી હેમચન્દ્રસૂરિ મ.સા.



દેવલાલી ખાતે ઘોઘારી વિશા શ્રીમાળી
જ્ઞાતિ સંચાલિત સેનેટોરીયમ માટે યોગદાન.



રાજગૃહી વિરાયતનમાં ૧૦૦૦
મોતીયાનાં દર્દીઓનાં ઓપરેશનનો
સંપૂર્ણ લાભ.

સુરેન્દ્ર પ્રજ્ઞાચક્ષુ કેન્દ્રમાં યોગદાન.



બજાણા જૈન સંઘ સંચાલિત
શ્રી હર્ષદરાય પુનમચંદ દોશી પાંજરાપોળ.

પ.પૂ. રામસૂરિ મહારાજ સાહેબની સ્મૃતિ
માટે ભાયંદરમાં ૯૦૦૦/- (નવ હજાર)
આયંબીલ કરાવેલ નિશ્રાદાતા - પ્રેરણાદાતા
પ.પૂ. અભયદેવસૂરિ મહારાજ સાહેબ.




નવકાર હાઈસ્કૂલ માટે યોગદાન
પ્રેરણાદાતા આચાર્ય શ્રી સૂર્યોદયસૂરિ
મહારાજ સાહેબ - ડભોઈ (ગુજરાત).

ઓરવલીનાં સમસ્ત સત્તાવીશ સંઘનાં એ
વખત રથયાત્રાનાન વરઘોડામાં સંઘ
સ્વામિવાત્સલ્ય.




ગોધરા શ્રી ઘંટાકર્ણ મહાવીર દાદાની
પ્રતિષ્ઠા પ્રેરણાદાતા પ.પૂ. આચાર્ય
શ્રી ચંદ્રોદયસૂરિ મહારાજ સાહેબ તથા
પ.પૂ. આચાર્ય શ્રી અશોકચંદ્રસૂરિ
મહારાજ સાહેબ.



સોજીત્રા (ગુજરાત) ઉપાશ્રય જીર્ણોદ્ધાર માટે
યોગદાન પ્રેરણાદાતા પ.પૂ. આચાર્ય
શ્રી ચંદ્રોદયસૂરિ મહારાજ સાહેબ તથા
પ.પૂ. આચાર્ય શ્રી અશોકચંદ્રસૂરિ
મહારાજ સાહેબ.

## સફળતાની અનુમોદનામાં

૧. પ.પૂ. આચાર્યશ્રી પ્રબોધચંદ્રસૂરીશ્વરજી મ.સા.ના જન્મદિવસે શ્રી હર્ષદભાઈએ તેમને ચાંદીથી તોળ્યા હતા. તે ચાંદી શાસનના કાર્યો માટે અર્પણ કરી.

૨. ગચ્છાધિપતિ પ.પૂ. આચાર્યશ્રી સુબોધ સાગર સૂરીશ્વરજી મ.સા. વલભીપુર પધાર્યા તે વખતે પૂજ્યશ્રીએ હર્ષદભાઈને વાત કરી કે તું કોઈ મહાત્માને ચાંદીથી તોળે છે તો કોઈ મહાત્માને સોનાથી તોળે છે. તો મારું શું ? હર્ષદભાઈ કહે આપ કહો તે કરવા તૈયાર છું. પૂજ્યશ્રી એ પોતાની ઈચ્છા વ્યક્ત કરી વીજાપુરમંડણ સ્ફૂલિંગ પાર્શ્વનાથ 'ભગવાનને સોનાનો મુગટ ચડાવ' હર્ષદભાઈ બોલ્યા 'તહત્તિ' અને હર્ષદભાઈએ મહા મૂલ્યવાન રત્ન જડિત સોનાનો મુગટ ચડાવ્યો.

'' શ્રી પુનમચંદ વિઠ્ઠલદાસ દોશી પરિવાર ''

**યશ કલગીઓ**

।। શ્રી ચિંતામણી પાર્શ્વનાથાય નમઃ ।।

વલભીપુર પનોતા પુત્ર, સ્નેહ - સ્નિગ્ધ હૃદયી, સર્વધર્મ સમભાવી, અનુકંપાદાની, જીવદયા પ્રતિપાલક, દાનધર્મના અનુરાગી

**ધન્ય છે એકવીસમી સદીના વીર ભામાશા શ્રી હર્ષદભાઈને !**



## શાસનરત્ન શ્રી હર્ષદરાય પુનમચંદ દોશીના ઈન્દ્રધનુષી સત્કાર્યોની આછેરી ઝલક

☆ મૂળનાયક શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જિનાલયના શતાબ્દિ મહોત્સવની ઉજવણીમાં મોટું યોગદાન આપીને ૯ દિવસીય મહોત્સવમાં શ્રી સંઘ સ્વામીવાત્સલ્ય, જૈન-જૈનેતરના હજાર ઘરોમાં મીઠાઈનું બોક્ષ તથા પાકીટ, શાળાના બાળકોને સ્કૂલબેગ, મિષ્ટ ભોજન અને વિવિધ જ્ઞાતિઓમાં ઉદાર સખાવતના લાભો લીધાં.

* વલભીપુરમાં શેઠશ્રી પુનમચંદ વિઠ્ઠલદાસ દોશી ચેરીટેબલ ટ્રસ્ટની સ્થાપના કરવા સાથે શ્રી ગિજુભાઈ બધેકા સ્મારક બાલમંદિરની સ્થાપના કરાવવાનો લાભ લીધો.
* વલભીપુર સાધુ-સાધ્વી વૈયાવચ્ચ, સાધાર્મિક ભક્તિ તેમજ કાયમી શ્રી સંઘ - સ્વામીવાત્સલ્યના લાભો લીધાં.
* શ્રી વલભીપુર શ્વે.મૂ.પૂ.જૈન સંઘ સંચાલિત શેઠ શ્રી પુનમચંદ વિઠ્ઠલદાસ દોશી પાંજરાપોળ નિર્માણ કરીને અર્પણ કરવાનો લાભ લીધો.
* વલભીપુરમાં ભવ્ય પ્રવેશદ્વાર બનાવીને ત્યાંની જનતાને અર્પણ કરવાનો લાભ લીધો.
* વલભીપુરની કેન્દ્રવર્તી શાળા નં. ૧માં વોટરકૂલર, માનસ કન્યા - વિદ્યાલયમાં એક રૂમનું દાન, મોક્ષમંદિરના કાર્યમાં સખાવત, સાર્વજનિક તબીબી સહાય, છાશ કેન્દ્ર, નિવાસસ્થાન પાસે ચબૂતરો, તેમજ ફુલવાડી વિસ્તાર-વૈજનાથ મંદિર માર્ગ પર

ચબૂતરો, એમ્બ્યુલન્સ વાન, ઠક્કર બાપા, કુમાર છાત્રાલયમાં પલંગ-વિતરણ, જરૂરિયાતમંદ ૧૦૦ પરિવારોને દર માસે જીવનોપયોગી ચીજોનું વિતરણ, રામદેવ મંદિર નિર્માણકાર્યમાં સખાવત, બહુચરાજી મંદિર, પાટીવાડામાં ઉદાર સખાવત, શ્રી મોરા દવે ગર્લ્સ સ્કૂલમાં ૨ રૂમ બાંધકામની સખાવત, દુષ્કાળ સમયે વતનમાં આવી મૂંગા પશુઓ માટે ઘાસચારા, પાણીની સગવડ માટે સંપૂર્ણ સહાય, રક્તદાન કેમ્પોનું આયોજન, મુસ્લિમ સમાજને દરગાહ બનાવવા આર્થિક સહાય, ઠેકઠેકાણે ચબૂતરા - પક્ષીચણ ઘર બનાવવાના અલભ્ય લાભો લીધાં.

☆ બોટાદ પાંજરોપોળ દેરાસર ઉપર નામ, શ્રી વાસુપૂજ્યસ્વામી જિનાલય, સુરેન્દ્રનગરના પટાંગણમાં પૂનમ પક્ષીચણ ગૃહ નું નિર્માણ, શ્રી મણીભદ્રવીર તીર્થસ્થાન આગલોડમાં અતિથિગૃહમાં સખાવત, ગોધરા ખાતે શ્રી ઘંટાકર્ણવીરની પ્રતિષ્ઠા તથા પ્રતિષ્ઠાદિનનો કાયમી સ્વામીવાત્સલ્યનો આદેશ, ભાવનગર - આનંદનગરમાં શ્રી ઘંટાકર્ણવીરની પ્રતિષ્ઠા, અમદાવાદમાં - નિર્મળનગરમાં શ્રી ઘંટાકર્ણવીરની પ્રતિષ્ઠાના લાભો લીધાં.

* વિજાપુર શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિ જૈન સમાધિ મંદિરમાં પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવેશ શ્રી સુબોધસાગરસૂરિશ્વરજી મહારાજની શુભપ્રેરણાથી શ્રી પુનમચંદ વિઠ્ઠલદાસ અતિથિગૃહ માટે મોટી રકમના અનુદાનનો લાભ લીધો. પ્રેરણા બેન મહારાજ સાહેબ.

* મહારાષ્ટ્રમાં-લાતુરમાં ધરતીકંપ વખતે મુખ્ય પ્રધાન શ્રી શરદ પવારના હસ્તે રૂા. ૧૧ લાખનો ચેક તેમજ કચ્છ-ભૂજના ધરતીકંપ

સમયે જોડિયા તાલુકામાં ટેનામેન્ટ તૈયાર કરી આપવાના લાભો લીધાં.

* બોરીવલી-યોગીનગર ઉપાશ્રય માટે ફાળો, દેવકીનગર ઉપાશ્રય માટે ફળો, રોયલ કોમ્પલેક્ષમાં પાઠશાળા, આરાધના ભવન, શ્રી શાંતિનાથ જિનાલયની પ્રતિષ્ઠા - જિનમંદિર નિર્માણમાં ફાળો, શંખપુર-મહેસાણા જિલ્લામાં દેરાસર પાસે ગેટ બનાવવાના લાભો લીધાં.
* મીરા-રોડ - પ.પૂ.આ.ભ. શ્રીમદ્ યશોવર્મસૂરીશ્વરજી મ.સા.ની શુભનિશ્રામાં શ્રી ૧૦૮ પાર્શ્વનાથ તપ, અત્તરવાયણાં, એકાસણાં, પારણાં સાથેનો આદેશ, જૈન વિદ્યાર્થીઓને ધો.૧૨ પછીના ઉચ્ચ અભ્યાસ માટેની સુવિધા યુક્ત હોસ્ટેલ, પૂનમ વિદ્યાલય બનાવી. સમાજને અર્પણ, પી.વી. દોશી હોસ્પિટલ, પોલીયો કેમ્પનું આયોજન.
* કાંદિવલી-દહાણુકરવાડી -ઉપાશ્રયમાં માતુશ્રી વિમળાબેન પુનમચંદ દોશી વ્યાખ્યાન હૉલનો લાભ લીધો પ્રેરણાદાતા પ.પૂ. મેઘવલ્લભ વિજયજી મ.સા.
* શ્રી મહાવીરધામ (સીરસાડ) માં કાર્તિક પૂનમે ભાતાનો કાયમી આદેશ લીધો પ્રેરણા પ.પૂ. આ.ભ. સુબોધસાગરસૂરી મ.સા.
* શ્રી ઉવ્વસગ્ગહંર તીર્થમાં શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ, શ્રી ચક્કેશ્વરી દેવી, શ્રી પાર્શ્વજિન યક્ષ-યક્ષિણી તથા અન્ય પ્રતિમાજીની પ્રતિષ્ઠાનો લાભ લીધો પ્રેરણા બેન મહારાજ સાહેબ.
* શ્રી કુલપાકજી તીર્થ (હૈદ્રાબાદ) માં શ્રી અભિનંદનસ્વામી ભ. તથા શ્રી ગૌતમસ્વામીજીની પ્રતિષ્ઠા અને અંજનશલાકા-પ્રતિષ્ઠા

મહોત્સવમાં ભગવાનના માતા-પિતા બનવાના લાભો લીધાં પ્રેરણા બેન મ.સા.

* ડોંબીવલી-પાંડુરંગ વાડીમાં ઉપાશ્રયના ભૂમિદાતા પ્રેરણાદાતા પ.પૂ.આ.ભ. રાજેન્દ્રસૂરી મ.સા. તથા મદ્રાસ મુકાને જૈન ફેરના સ્પોન્સરરના લાભો લીધાં પ્રેરણા બેનમહારાજસાહેબ.
* બોરીવલી સાઈબાબા નગર સામૂહિક વર્ષીતપ કરાવવામાં મુખ્ય લાભાર્થી પ્રેરણાદાતા પ. પૂ. પં. પુંડરીક વિજયજી.
* ડોમ્બીવલી સમસ્ત તપનાં મુખ્ય લાભાર્થી વિશ્વવિક્રમી ૧૧૬૧ તપસ્વીઓનાં તપનાં મુખ્ય લાભાર્થી પ્રેરણાદાતા પ.પૂ. આચાર્યશ્રી જગવલ્લભસૂરિ મ.સા.
* ડોમ્બવલી સમસ્ત જૈન સંઘના ધર્મચક્ર તપનો તપસ્વીઓની તેમના પ્રભુજીની રથયાત્રા પ્રસંગે સંઘ સ્વામીવાત્સલ્યનાં સંપૂર્ણ લાભાર્થી.
* પ.પૂ.ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત ગુરુદેવ શ્રી સુબોધસાગરસૂરિ મ.સા. મીરારોડ નગરે પધારતા શ્રી સિધ્ધચક્ર મહાપૂજા સાથે સમસ્ત મીરારોડ નગરનું ફુલે ચુંદડી (સ્વામીવાત્સલ્ય).
* પાવડ નગરે (બનારકાંઠા જીલ્લો) માં ઉપાશ્રય ઉપર મુખ્ય લાભાર્થી પ્રેરણાદાતા પ.પૂ.આચાર્યભગવંત ગુરુદેવશ્રી સોમસુંદરસૂરિ મ.સા.
* કેસરીયાજી જૈન તીર્થમાં નવનિર્મિત જિનાલયમાં શ્રી સીમંધરસ્વામી જિનાલય બનાવવાનો સંપૂર્ણ લાભ.
* નાસિકજીલ્લામાં લોણીમાં જૈન ભોજનશાળા બનાવવાનાં મુખ્ય લાભાર્થી
* સાઈબાબાનગર - વર્ષીતપ નાં મુખ્ય લાભાર્થી - સં. ૨૦૬૧
* મહુવાબંદર - વર્ષીતપ નાં મુખ્ય લાભાર્થી - સં. ૨૦૬૪

* ડોમ્બીવલી ધર્મચક્રતપનાં મુખ્ય લાભાર્થી - સં. ૨૦૬૪
* મીરારોડ તપસ્વીઓનું સંપૂર્ણ લાભ રથયાત્રા તથા સ્વામીવાત્સલ્યનો સંપૂર્ણ લાભ અત્તવ વાયણા- પારણા સાથે - ૨૦૬૪.
* વલભીપુર હાઈવે ઉપર આવેલ પ્લૉટ દેરાસરજી શ્રી જીનદાસ ધર્મદાસ પેઢી સંચાલિત સંકુલમાં શત્રુંજય ગિરીરાજ ની તળેટી ની આબેહુબ તળેટી નું નિર્માણ કરી શત્રુંજય દાદાને બીરાજમાન કરાવી પ્રતિષ્ઠા કરી - સંપૂર્ણ લાભાર્થી જીનદાસ ધર્મદાસ પેઢી - વલભીપુર આવેલ પ્લોટ દેરાસરજી માં સાધુ ભગવંત માટે ઉપાશ્રય, સાધ્વીજી ભગવંત માટે ઉપાશ્રય, ભોજનશાળા, ધર્મશાળા, પેઢી સ્ટાફ ક્વાટર્સ રૂમો, સંપૂર્ણ નિર્માણ કરી પેઢીને સોંપેલ છે.
* મહુવા વર્ષીતપનાં તપસ્વીઓને હસ્તીનાપુરમાં પારણા કરવાનો લાભ - સં. ૨૦૬૪
* ડોમ્બવલીનાં વર્ષીતપનાં તપસ્વીઓને પાલીતાણા યાત્રા પ્રવાસના મુખ્ય લાભાર્થી -સં.૨૦૬૪
* બોરીવલી દોલતનગર પ.પૂ. આચાર્ય ભગવંત ગુરુદેવ શ્રી રાજહંસસૂરિ મ.સા. ની આચાર્યપદવી નિમિત્તે સંઘસ્વામીવાત્સલ્ય.
* ભાયંદર નગરે સ્કૂલ માટે યોગદાન.
* બોરાદ નગરે સ્કૂલ માટે યોગદાન.
* સુરેન્દ્રનગર પ્રજ્ઞા ચક્ષુ સંસ્થા માટે યોગદાન.
* બોરીવલી શ્રી ઘોઘારી વિશાશ્રીમાળી જૈન સમાજનાં વાર્ષિક સ્નેહ સંમેલન માં સંઘજમણનાં મુખ્ય લાભાર્થી.
* સંભવ ફાઉન્ડેશન બોરવલી માં યોગદાન.

* મુંબઈ ઘોઘારી વિશાશ્રીમાળી જૈન સમાજ આયોજિત દેવલાલી ખાતે ઘોઘારી સેનોટેરીયમમાં મુખ્ય લાભાર્થી.
* દિગમ્બર જૈન સાધુ ભગવંત માટે આરાધના હોલ માટે ભૂમિદાન મીરારોડ.
* રાધાકૃષ્ણ મંદિર (હવેલી) ભૂમિદાન મીરારોડ અયપ્પા ટેમ્પલ ભૂમિદાન મીરારોડ.
* માતુશ્રી કમળાબેન દીપચંદ શાહ હાઈસ્કૂલ માટે યોગદાન લીંબડી
* નવકાર હાઈસ્કૂલ માટે યોગદાન પ્રેરણાદાતા આચાર્ય શ્રી સૂર્યોદયસૂરિ મહારાજ સાહેબ - ડભોઈ (ગુજરાત).
* સિહોર જૈન સંઘ સંચાલિત પાંજરાપોળ માટે યોગદાન.
* પાલીતાણામાં સંભવનાથજી જૈન દેરાસર પેઢી તથા ધર્મશાળા માટે યોગદાન પ્રેરણાદાતા પ.પૂ. આચાર્ય શ્રી યશોવર્મસૂરિ મહારાજ સાહેબ.
* ગોરેગાંવ નેમિનાથ ફાઉન્ડેશન ડેન્ટલ ક્લીનીક માટે યોગદાન.
* ગુરૂદ્વારા માટે યોગદાન - મીરારોડ, ભાયંદર પ્રાયમરી સ્કૂલ ભાયંદર ખાતે યોગદાન.
* વલભીપુર વતનીઓની વલભી એક્સપ્રેસ-સ્પેશ્યલ ટ્રેન દ્વારા શ્રી સમેતશિખરજી પાવાપૂરી તીર્થ યાત્રા (૮૦૦ યાત્રીકો).
* લીંબડી પાંજરાપોળમાં યોગદાન - લીંબડી.

☆ ભાવનગર ૬૫૦ તપસ્વીઓનાં વર્ષીતપનાં મુખ્ય લાભાર્થી પ્રેરણા પ.પૂ. નિર્મળચંદ્ર વિ.મ.સા.

* ગોધરા શ્રી ઘંટાકર્ણ મહાવીર દાદાની પ્રતિષ્ઠા પ્રેરણાદાતા પ.પૂ. આચાર્ય શ્રી ચંદ્રોદયસૂરિ મહારાજ સાહેબ તથા પ.પૂ. આચાર્ય શ્રી

અશોકચંદ્રસૂરિ મહારાજ સાહેબ.

* સોજીત્રા (ગુજરાત) ઉપાશ્રય જીર્ણોદ્ધાર માટે યોગદાન પ્રેરણાદાતા પ.પૂ. આચાર્ય શ્રી ચંદ્રોદયસૂરિ મહારાજ સાહેબ તથા પ.પૂ. આચાર્ય શ્રી અશોકચંદ્રસૂરિ મહારાજ સાહેબ.

☆ બોરીવલીનાં સમસ્ત સત્તાવીશ સંઘનાં બે વખત રથયાત્રાના વરઘોડામાં સંઘ સ્વામિવાત્સલ્ય.

* મુંબઈ દોલતનગર શ્વે.મૂ.પૂ. જૈન સંઘ સંચાલીત આંખનું દવાખાનામાં યોગદાન પ્રેરણાદાતા પ.પૂ. આચાર્ય શ્રી હેમચન્દ્રસૂરિ મ.સા.

* રાજગૃહી વિરાયતનમાં ૧૦૦૦ મોતીયાનાં દર્દીઓનાં ઓપરેશનનો સંપૂર્ણ લાભ.

* સુરેન્દ્ર પ્રજ્ઞાચક્ષુ કેન્દ્રમાં યોગદાન.

* દેવલાલી ખાતે ઘોઘારી વિશા શ્રીમાળી જ્ઞાતિ સંચાલિત સેનેટોરીયમ માટે યોગદાન.

* બજાણા જૈન સંઘ સંચાલિત શ્રી હર્ષદરાય પુનમચંદ દોશી પાંજરાપોળ.

* ભાવનગર આનંદનગરમાં શ્રી ઘંટાકર્ણ મહાવીર દાદાની પ્રતિષ્ઠા, પ્રેરણાદાતા પ.પૂ. આચાર્ય શ્રી ચંદ્રોદયસૂરિ મહારાજ સાહેબ.

પ.પૂ. રામસૂરિ મહારાજ સાહેબની સ્મૃતિ માટે ભાયંદરમાં ૯૦૦૦/- (નવ હજાર) આયંબીલ કરાવેલ નિશ્રાદાતા - પ્રેરણાદાતા પ.પૂ. અભયદેવસૂરિ મહારાજ સાહેબ.

* અમદાવાદ નિર્ણયનગર શ્રી ઘંટાકર્ણ મહાવીર દાદાની પ્રતિષ્ઠા, પ્રેરણાદાતા પ.પૂ. આચાર્ય શ્રી ચંદ્રોદયસૂરિ મહારાજ સાહેબ તથા

પ.પૂ. આચાર્ય શ્રી આશોકચંદ્રસૂરિ મહારાજ સાહેબ.

* વીજાપૂર ખાતે મધુબેન યાત્રિક ભુવન માટે યોગદાન. પ્રેરણાદાતા પ.પૂ.આ.ભગવંત શ્રી સુબોધસાગરસૂરીશ્વરજી.
* વલ્લભીપૂર શ્રી સંઘ સંચાલીત ધર્મશાળા નું નવનિર્માણ.
* સુરત હાઈવેપર શ્રમણીવિહાર પ્રેરણા પ.પૂ.આ.ભ. રાજયશસૂરી મ.સા.
* વલ્લભીપૂરખાતે છાસકેન્દ્ર.
* સં. ૨૦૬૫ પશુમાટે ૬૦૦ મણ લીલુ ઘાસ ઉનાળામાં ત્રણ માસ માટે.
* વલ્લભીપુરમાં બે પક્ષીઓ માટે ચબુતરા. લાખણકા તથા કલ્યાણપુરમાં.
* મીરારોડમાં સ્વામી નારાયણ મંદિરમાટે ભૂમિદાન.
* પ.પૂ. આચાર્ય શ્રી હેમરત્નસૂરિ મહારાજની પ્રેરણા થી શાહપુર ખાતે મોટુ યોગદાન.
* વીજાપૂર ખાતે પ.પૂ.આ.ભ. શ્રી સુબોધસાગર સૂરિ મ.સા. નાં જન્મ નિમિત્તે ૧૪૦૦ અઠ્ઠમ તપ.
* વીજાપૂર ખાતે પ.પૂ. આ.ભ. ગુરૂદેવ શ્રી સુબોધસાગસુરિજી મ.સા. ને વજન પ્રમાણે ચાંદીથી તોળેલ છે.
* વાપી GIDC દેરાસરજીમાં યોગદાન પ્રેરણા પ.પૂ.આ.ભ. અશોકચંદ્રસૂરિ મ.સા.
* નાગપૂર ખાતે અત્તરવાયણા - પારણા સાથે સંપૂર્ણ સિધ્ધીતપનાં લાભાર્થી
* અમરેલી પાસે લીલીયા ગામે ઉપાશ્રયનાં મુખ્ય લાભાર્થી.

☆ ભાવનગર ખાતે શ્રેયસ્કર મિત્ર મંડળ ના નેજા હેઠળ દરેક સ્કોલર વિદ્યાર્થીનું બહુમાન.

* સં. ૨૦૬૫ નાં પાલીતાણા જતાં ૧૮ નાના મોટા સંઘોના યાત્રિકો તથા સંઘપતિઓનુ બહુમાન.

☆ સં. ૨૦૬૨ નાં ચૈત્ર માસ ની શાશ્વતી ચૈત્ર માસની સામુહિક ૧૮૦૦ આરાધકોની ઓળીની આરાધના પ્રેરણા નિશ્રા પ.પૂ. મુક્તિવલ્લભ મહરાજ સાહેબ.

☆ દહીસર ખાતે વર્ષીતપ કરાવવાનાં મુખ્ય લાભાર્થી સં. ૨૦૬૫.

* મહુવા ખાતે વર્ષીતપ કરાવવાનાં મુખ્ય લાભાર્થી સં. ૨૦૬૫.

* ડોમ્બીવલી ખાતે વર્ષીતપ કરાવવાનાં મુખ્ય લાભાર્થી સં. ૨૦૬૫.

ક્રિયાથી પુણ્યબંધ થાય .....
જ્યારે 'ભાવથી' કર્મની નિર્જરા થાય

આસામના ભક્તકવિ સંત મુરારિ એકવાર જંગલમાં આવેલી પોતાની ઝૂંપડીમાં સત્સંગ કરી રહ્યા હતા. ત્યાં એમના કાને વાઘના કણસવાનો એક અવાજ આવ્યો. એ તરત ઉભા થયા એક સત્સંગી કહે આ તો પેલો ઘવાએલો વાઘ લાગે છે. નદીના ઘાટ ઉપર કણસતો લાગે છે. સંત કહે મારે ત્યાં જવું પડશે. શિષ્ય કહે અરે ઘવાએલો વાઘ છે. મારી નાંખે તો ! એ ઘવાએલો છે, એટલા માટેજ મારે ત્યાં જવું પડશે. આપણે એને પાટા-પીંડી ન કરીએ તે કેમ ચાલે ?

વાઘનેય ભગવાનનું બાળક માનનારા સંત મુરારિ એને પાટાપીંડી કરી આવ્યા, સાતા આપી. ઉંચા આદર્શોનું જીવનમાં ગજબનું મૂલ્ય હોય છે. એક સમયે એ માણસને ગમે તેવું સાહસ કરવા પ્રેરી નાંખે છે. સમય આવ્યે સાચો માણસ આદર્શ ને માટે પોતાની જિંદગી હોડમાં મૂકતા પણ નહી અચકાય એને મન પોતાનું જીવવા કરતા આદર્શનું મૂલ્ય વધારે હોય છે.

પોતાની તમામ ઈચ્છાઓને પ્રભુની ઈચ્છામાં ઓગાળી દેવી એ સાચા સંતનું મોટું લક્ષણ ગણાય છે. એમાં સ્વાર્થ માટે બહુ ઓછો અવકાશ રહેતો હોય છે. પોતે પરમાત્માના મહાન નિયમને અનુસરી રહ્યા છે. એની જ સર્જેલી સતત જરૂરિયાત પૂરી કરી રહ્યા છે. એવી સતત સજાગતા ભક્ત આત્માને એવી પ્રબળ શ્રદ્ધાથી ભરી દે છે.

હૈયામાં જ્યારે પરમ પ્રેમ જાગે ત્યારે આખું જીવન બદલાઈ જાય છે. અંદર જાણે અમૃતની ધારાઓ વહેલા લાગે છે. આખું જગત પ્રેમ નગરી બની ગયું હોય એવા દર્શન થાય છે.

અબ્રાહમ લિંકન સચ્ચાઈના ઉપાસક હોવાથી શરૂઆતમાં તેની વકિલાત સારી રીતે ચાલતી નહોતી. એટલે અન્યાયીઓને બચાવવા માટેના ખોટા કેસ લેવાને બદલે એ એમજ બેસી રહેવાનું પસંદ કરતાં.

પણ અમેરિકાના ભવિષ્યના આ પ્રમુખ અને વિશ્વનાગરિક બની રહેવાને સર્જાયેલા મહામાનવ લિંકન પોતાનો સમય વેડફી નાંખવાને બદલે સતત વાંચ્યા કરતાં.

કેમ ભાઈ ! પૈસા કમાવવાનો ધંધો ચાલતો નથી એટલે વાંચી વાંચીને પૈસાદાર થવા માંગો છો ? વકીલ મિત્રે ટોણો માર્યો, 'ના', સમૃદ્ધિ મેળવવા માટે નહીં, પણ ભવિષ્યમાં કદાચ મને સમૃદ્ધિ મળી જાય તો એનો યોગ્યરીતે ઉપયોગ કરવાના સત્-સંસ્કાર મારામાં જાગે એટલા માટે વાંચુ છું. વકીલ મિત્રે ભાવભર્યા પ્રણામ કર્યા

T RTH : 98211 66125